
વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/-

વર્ષ : ૪૪મું
મે - ૨૦૧૯
અંક : ૪૯૨

મંગલ મંદિર ● મે-૨૦૧૯ ● ૧
(કુલ પાના : ૮૮)

# મંગલ મંદિર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર



: મુખ્ય કાર્યાલય :

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન** (કોડાય-સુથરીવાળા)

**શ્રી કચ્છી જૈન ભવન**

૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬

ફોન : (079) 2657 8892, 2658 1501, 2657 9469 ફેક્સ : (079) 2658 2060

Email : kjssmangalmandir@gmail.com • website : www.kuthijainahd.org


gala
INSPIRED BY PERFECTION
UNMATCHED LOCATION. ULTRA-MODERN AMENITIES. UNBEATABLE PRICE.
3 BHK apartments at Drive-in Road, ₹80 lakhs* onwards.
Book yours now
Actual site image
NO GST
READY TO MOVE IN LIFESTYLE
Site Address: Gala Eternia, Opp. Doordarshan Tower, Drive-in Road, Thaltej, Ahmedabad - 380052.
Email: perfection@galainfra.com | www.galainfra.com
Call: +91 81416 70000 / 95860 70000
gala ETERNIA
HAPPINESS FOREVER
Reg. No. PR/GJ/AHMEDABAD/AHMEDABAD CITY/AUDA/RAA00144/140917 | gujrera.gujarat.gov.in
*Conditions apply | Government levies extra

**DEEP Industries Limited**

**Oil & Gas Exploration Production & Services**





- **EXPLORATION AND PRODUCTION OF OIL AND GAS BLOCKS**
- **EXPLORATION AND PRODUCTION OF COAL BED METHANE**
- **NATURAL GAS COMPRESSION SERVICES**
- **OIL & GAS PROCESSING EQUIPMENT**
- **WORK OVER AND DRILLING RIGS**
- **HIGH PRESSURE MOBILE AIR COMPRESSION**
- **NATURAL GAS BASED POWER GENERATION**
- **GAS DEHYDRATION UNIT**

**• CONTACT DETAILS •**

**Deep Industries Limited**

**Address :** 12A & 14, Abhi Shree Corporate Park,
Ambli Bopal Road, Ambli, Ahmedabad-380 058, Gujarat, INDIA.
**Phone # :** +91-2717-298510 **Fax # :** +91-2717-298520
**Website :** www.deepindustries.com **E-mail :** info@deepindustries.com


In Touche
Pleasure
Comfort within
ALL KIND OF
LADIES PREMIUM
NIGHT WEAR
AUTHO. : ARIHANT ENTERPRISE
G - 6 / 1 3 - 15, NAVRANG COMPLEX, SWASTIK CHAR RASTA,
NAVRANGPURA, AHMEDABAD - 9 PH : 079 - 48951613, 2640 16 12

છેલ્લા ૪૩ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું મુખપત્ર

**"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**

**શ્રી કચ્છી જૈન ભવન,**
૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
પાલડી, એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૮૧૫૦૧
ફેક્સ : (૦૭૯) ૨૬૫૮૨૦૬૦
ઈ-મેઈલ : kutchijainamd@gmail.com
વેબ-સાઈટ : www.kutchijainahd.org

**તંત્રી**
પ્રતાપ નારાણજી દંડ

*અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.*

## લેખકોને નમ્ર વિનંતી

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

*– મુખ્યતંત્રી*

# અનુક્રમણિકા

**તંત્રી લેખ :**

- લગ્નોત્સુક યુવાવર્ગ – પાત્રની પહેચાન ....... ૭
- અગત્યના દિન : રાષ્ટ્રીય અને વિશ્વ ....... ૮
- આગામી કાર્યક્રમોની એક ઝલક ....... ૯

**દીપશીખા**

- શ્રેષ્ઠ કામ ● પ્રાર્થના ....... **પ્રાસાદિકા : ભાર્ગવી દોશી** ....... ૯
- સારા માણસોની અછત જ રહેવાની ....... **સંગ્રાહક : ડૉ. ગૌરાંગ ગાંધી** .... ૧૦

**YOUTH CLUB**

- **Some Golden Rays** ....... ૧૦

**લેખ વિભાગ**

**સાંપ્રત**

- ગુજરાત : એક ઝલક ....... **પ્રેષક : દિનેશ આર. મહેતા** .... ૧૧
- તવારીખે ગુજરાત ....... **પ્રેષક : હીરાલાલ વી. ઊનડોઠવાલા** .... ૧૪

**કચ્છ**

- 'લીલી ક્રાંતિ' ....... ૧૫

**જીવન રસ**

- દુનિયાની યુનિવર્સિટીમાં જીવનથી ચડિયાતો કોઈ અભ્યાસક્રમ નથી ....... **દિનેશ પાંચાલ, જર્નાલિસ્ટ** ..... ૧૬

**વિચાર મંચ**

- પુરુષાર્થ ભૂલીને બધું પ્રારબ્ધ ઉપર છોડવું નહીં જોઈએ ....... **ડૉ. યાસીન દલાલ** .... ૧૮
- શાસન વ્યવસ્થા ક્ષેત્ર ....... **મુરજી ગડા** .... ૨૦

**પ્રજાતંત્ર**

- દેશદ્રોહ કે રાજદ્રોહ – કોણ નક્કી કરશે? ....... **મિતેષ સોલંકી, એન્કર, જર્નાલિસ્ટ** .... ૨૨

**સાયન્સ એન્ડ ટેકનોલોજી**

- જ્યાં વર્ચ્યુઅલ લાઈકની સંખ્યા તમારું વાસ્તવિક સ્ટેટસ નક્કી કરશે ....... **પાર્થ દવે, ફ્રીલાન્સ પત્રકાર** ..... ૨૫
- ઈ.સ. પૂર્વે ૨૭૦૦માં કોટનમાંથી કાપડ બનાવવાની ટેકનોલોજી હતી ....... ૨૭

**સ્વમાન**

- ઓટિઝમ એ રોગ નથી... ઓટિસ્ટિક બાળકો જે કામ કરી શકે – એ બીજું કોઈ ન કરી શકે ....... ૨૮

**આરોગ્ય**

- "મારો સ્વજન થોડા સમયથી બહુ જ બોલે છે, ના પાડવા છતાં અટકતો જ નથી" ..... **ડૉ. મણિલાલ ગડા, મનોચિકિત્સક** .... ૩૦
  **ડૉ. દિપ્તી શાહ (ગડા), મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક**

**વાર્તા**

- આત્મ વંચના, આત્મ સંતોષ કે ગ્લાનિ? ....... **ડૉ. ઊર્મિલા શાહ** .... ૩૧
- વિષનો અંત ....... **અરુણા અરુણ ઠક્કર** .... ૩૩

**સચેત**

- હવે વક્તાઓ સામે એક મોટું ઘડિયાળ હોવું જરૂરી છે ....... **ભીમજી નાકરાણી** .... ૩૮
  **તંત્રીશ્રી : 'સરદાર જ્યોત'**

**એકરાર**

- પ્રેમની પરિભાષા ....... **સુનિતા એ. શાહ** .... ૨૯

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના
**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
ઘર : ૦૭૯- ૨૬૪૦૫૦૪૭ મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**ઉપપ્રમુખ-૧**
શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ
ઘર : ૨૬૪૪ ૬૪૧૩, ઓ. ૨૬૪૦ ૧૧૫૦
મો. ૯૮૨૫૦ ૩૧૫૨૮

**ઉપપ્રમુખ-૨**
શ્રી શાંતિલાલ મુળજી સાવલા
ઘર : (૦૨૭૧૭) ૨૩૪૪૫૫ મો. ૯૮૨૫૦ ૪૮૬૪૫

**માનદ્ મંત્રી**
શ્રી હસમુખ બાબુભાઈ શાહ (ખાંડવાલા)
ઘર : ૨૬૬૦૩૪૫૮, ઓ. : ૨૬૬૦૫૪૫૩
મો. ૯૮૨૫૦ ૪૦૬૬૬

**સહમંત્રી**
શ્રી પ્રદીપ સૂરજલાલ મહેતા
ઘર : ૨૬૬૧૨૦૮૯
મો. ૯૮૨૫૦ ૬૧૧૬૦

**ખજાનચી**
શ્રી ચંદ્રકાંત દામજી શાહ
ઘર : ૨૬૬૦૫૨૨૫

**સહ ખજાનચી**
શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર
ઘર : ૨૬૬૫૦૨૯૯, મો. ૯૪૨૮૩ ૫૧૩૭૦

**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪.
ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે,
સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા,
અમદાવાદ-૩૮૦ ૦૨૨. ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦

**'મંગલ મંદિર'ના અંકો સમાજની વેબસાઈટ**
**www.kutchijainahd.org**
**ઉપર... *ઉપરાંત*....**
**www.hellokutchis.com**
**ઉપર વાંચી શકાય છે.**

**લઘુકથા**
- ફિફ્ટી - ફિફ્ટી ........ **નવીન ત્રિપાઠી 'અલ્પ'** .... ૪૧
- ને... વિચારમાં ઘુમ્યા કરે ........ **દિલીપ આચાર્ય 'દિલકશ'** .... ૪૨

**હાસ્ય દરબાર**
- હાસ્યના પ્રયોગો ........ **ચિત્રસેન શાહ,** નિવૃત્ત કાર્યપાલક ઇજનેર (જી.ઈ.બી.) ..... ૪૩

**સાચો ધર્મ**
- કલકત્તાની વિઝિટ ........ **ડૉ. સુધીર ચી. મોદી** .... ૪૫

**ખાનદાની**
- નેકદિલ ઈસ્માઈલ ........ **એમ.ડી. સોલંકી** .... ૪૭

**મહિલા ઉત્કૃષ્ટ**
- ભારતમાં મહિલાઓના વિકાસાર્થે અવનવા આયોજનો ........ **પ્રા. સૂર્યકાંત ભટ્ટ** .... ૪૯

**ધારાવાહિક નવલકથા**
- છોરાંવછોઇ – ૩૦
  ● મા-દીકરીએ ધાર્યું કર્યું ● જ્યોતિને રતનમાની યાદ ........ **હંસરાજ સાંખલા** .... ૫૧

**સદા બહાર**
- સુખપાવની (ખીચડી) ........ **ગુલાબચંદ ડી. સાવલા** .... ૫૫

**વાણી**
- ભાષા ........ **દામજી માણેક ગડા** ..... ૫૬

**વૈવિધ્ય**
- અન્ય સંસ્થાઓના સમાચાર ........ ૫૭
- આંજો કાગર ........ ૫૮
- શબ્દોની સંતાકૂકડી ........ **ભાવના એ. ઝવેરી** .... ૫૯
- જ્ઞાન ગમ્મત ........ **શ્રીમતી કિરણબેન પી. ઠક્કર** ..... ૬૦
- આ પણ એક દૃષ્ટિકોણ છે ........ **જાદવજી કાનજી વોરા** ..... ૬૨

**મનોરમ્ય**
- કૃષ્ણ દિવાની : **સુનિતા એ. શાહ** ● યાદ કરો તોય શું? ન કરો તોય શું? : **'આરસી' શાહ** .... ૬૩
- દીકરી : **રમીલા પી. મહેતા** ● ગઝલ : **રણછોડ વી. પરમાર** ........ ૬૪
- અબ્ધિ : **બિંદીયા જાની 'તેજબિંદુ'** ● ચૂંટણી બોમ્બ : **કૃષ્ણ દવે** ........ ૬૪

**નિયમિત વિભાગો**
- બાલુડેં જ્યું ગાલિયું ........ **સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા** ..... ૬૫
- જાણવા જેવું ........ **સંકલન : રજનીકાંત પારેખ** ...... ૬૬
- *Nano Nine* શબ્દ રમત-૧૫૨ ● *Nano Nine Sudoko* (ક્રમાંક : ૧૧૦૯) **સંકલન : રજનીકાંત પારેખ** ...... ૬૭
- વલોવતન ........ **સંકલન : દિનેશચંદ્ર જગજીવન શાહ** ..... ૭૧
- સમાજ દર્પણ ........ ૭૩
- સંસ્થા સમાચાર ........ ૭૩
- ઊડતી નજરે ........ ૮૦

Printed & Published by : **Mr. Pratap Dand,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**. Printed at **Vinayak Offset,** Dudheshwar, Ahmedabad. Published at **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. Editor : **Mr. Pratap Dand ● Yearly Subscription : Rs.150/-**

તંત્રી લેખ

# લગ્નોત્સુક યુવાવર્ગ – પાત્રની પહેચાન

નિલસેન ઇન્ડિયા નામક એક સંસ્થાએ થોડા સમય અગાઉ કરેલા રાષ્ટ્રવ્યાપી સર્વેક્ષણમાં પુરુષોના મનની ભાવનાઓ સંબંધી કેટલીક રસપ્રદ હકીકતો બહાર આવી છે, જે વર્તમાન યુવાવર્ગના પરસ્પર સંબંધ પર નવા વિચારો દર્શાવે છે. આ સર્વેક્ષણમાં ૭૩ ટકા સ્ત્રીવર્ગે જણાવ્યું હતું કે, અમારા બાહ્ય રૂપરંગથી જ અમારું વ્યક્તિત્વ સમજી લેવામાં આવે છે, જે બરાબર નથી. વાસ્તવમાં અમારા ગુણ, રીતભાત, કળા, લાક્ષણિકતા વગેરે તરફ જોવાતું નથી. બાહ્ય દેખાવથી તેનું સાચું મૂલ્યાંકન શક્ય જ નથી. આ પ્રથા અયોગ્ય કહી શકાય. બીજી તરફ ૬૬ ટકા પુરુષોએ જ કબૂલ્યું હતું કે અમે સ્ત્રીના બહારના દેખાવ અને રૂપરંગથી જ અભિપ્રાય મેળવી લઈએ છીએ. આની સામે મહિલાઓએ સ્પષ્ટ કર્યું હતું કે માત્ર રૂપ કે બહારના દેખાવ પરથી અમારી ક્ષમતા અથવા લાયકાત અંગે પ્રતિભાવ બાંધી લેવો જોઇએ નહીં. આ રીતે અવળુ પરિણામ આવી શકે છે. આ પ્રકારનું સમગ્ર સર્વે અત્યારના માહોલમાં ભારતના યુવાવર્ગના માનસનું પરસ્પરના સંબંધોના મૂલ્યાંકનનું છે. તેમાં એક વસ્તુ સ્પષ્ટ ઉપસી આવેલ છે કે, મહિલાઓના બાહ્ય દેખાવ પરથી તેનું મૂલ્યાંકન કરવામાં આવે છે, તે તદ્દન અયોગ્ય પધ્ધતિ છે. મોટાભાગની મહિલાઓએ પણ પોતાની પ્રતિક્રિયામાં તે પ્રત્યે નારાજગી વ્યક્ત કરી છે અને સાચું મૂલ્યાંકન કરવાની પધ્ધતિ અખત્યાર કરવા તરફ સમાજનું ધ્યાન કેન્દ્રિત કર્યું છે. આ દિશામાં સમાજે આમૂલ પરિવર્તન કરવું આવશ્યક છે. તેમણે જણાવ્યું છે કે અમારી અંદરની ક્ષમતાઓને પ્રથમ જાણો, ઓળખો અને ત્યારબાદ જ યોગ્ય નિર્ણય પર આવો. અગર આ પ્રકારની પધ્ધતિ અખત્યાર કરવામાં નહીં આવે તો પરસ્પરના સંબંધો શક્ય છે કે લાંબો વખત ટકશે નહીં. કન્યા અથવા પુત્રવધૂમાં અંદર રહેલી ક્ષમતા, વ્યક્તિત્વને જાણીને યોગ્ય નિર્ણય પર આવવું જરૂરી છે. હાલની સામાજિક સ્થિતિમાં આ મુદ્દા પ્રત્યે લોક જાગૃતિ કેળવવી પડશે. આ તબક્કે એક અન્ય મુદ્દા તરફ પણ નજર કરવી જોઈએ. અગર સામેનું પાત્ર વિદેશમાં હોય, તો તેની સર્વાંગી ઓળખ, તપાસ જરૂરી બને છે. માત્ર પેપર ઉપરની વિગતને મહત્ત્વ આપીને મૂલ્યાંકન કરવું અયોગ્ય થશે. ખુલ્લા દિલથી બંને પાત્રોએ અથવા તો તેમના પરિવારજનોએ જરૂરી તમામ સવાલ-જવાબની પ્રક્રિયા કરીને ભીતરમાં રહેલી ક્ષમતા, લાગણી, વ્યક્તિત્વ અને લાક્ષણિકતા જેવા મુદ્દાઓમાં ઊંડા ઉતર્યા બાદ જ મૂલ્યાંકન કરવું પરસ્પરના હિતમાં રહેશે. અત્યારે 'ઓનલાઈન' અને 'નેટ'નો જમાનો છે, તે સંજોગોમાં ઉપરની પ્રક્રિયામાં જવાનું આસાન નથી. તેમ છતાં વાસ્તવિકતાના આધાર પર જ યુવક - યુવતીઓના સહસંબંધનો નિર્ણય લેવાશે તો તેમનું દાંપત્યજીવન કોઈ તકલીફ વિના સફળતાની મંઝિલ તરફ આગળ વધતું જોઈ શકાશે. ■

## આપની તસવીર સાથે મૌલિક લેખ / કૃતિ આવકારપાત્ર

*'મંગલ મંદિર'ને અનુરુપ તથા તેના નીતિ-નિયમોને આધીન મૌલિક લેખ / કૃતિ વગેરે પ્રકાશિત કરવા અર્થે મોકલાવવા તજજ્ઞ લેખકશ્રીઓ તથા સમાજના પરિવારજનોને આહ્વાન આપીએ છીએ. આપશ્રીની કોઈપણ પ્રકારની કૃતિ મોકલાવો ત્યારે તેની સાથે આપની એક તસવીર જરૂર મોકલાવશો.*

## ભારત : અગત્યના રાષ્ટ્રીય દિન

**માસ : મે**

૦૧ ગુજરાત દિન, મહારાષ્ટ્ર દિન
૦૭ રવીન્દ્રનાથ ટાગોર જયંતી
૧૧ રાષ્ટ્રીય ટેક્નોલોજી દિન
૧૨ ઈતિહાસ દિન, મધર્સ ડે (માસનો બીજો રવિવાર)
૧૬ રાષ્ટ્રીય ગૌરવ દિન
૨૧ ત્રાસવાદ વિરોધી દિન
૨૭ જવાહરલાલ નેહરુ પુણ્યતિથિ

**માસ : જૂન**

૧૮ ગોવા ક્રાંતિ દિન
૨૬ માદક પદાર્થ વિરોધ દિન

*ફૂલ ખીલે વનમાં, ખૂલે મનમાં,*
*પતંગિયાની પાંખે ઝૂલી*
*ફોરમ ફોરે કુંજ કુંજ મધુવનમાં,*
*ઝાકળ ઝીલી મટુકી ભરાયે*
*ગોપીના ચિત્તવનમાં.*

## વિશ્વ : અગત્યના દિન

**માસ : મે**

૦૧ વિશ્વ શ્રમદિન
૦૩ વિશ્વ પ્રેસ સ્વાતંત્ર્ય દિન, વિશ્વ ઊર્જા દિન
૦૫ વિશ્વ એથ્લેટિક્સ દિન, વિશ્વ સૂર્ય દિન
૦૮ વિશ્વ રેડક્રોસ દિન
૧૨ ઈતિહાસ દિન, મધર્સ ડે (માસનો બીજો રવિવાર)
૧૫ વિશ્વ પરિવાર દિન
૧૭ વિશ્વ ટેલિકોમ્યુનિકેશન દિન
૨૧ ત્રાસવાદ વિરોધી દિન
૨૪ કોમનવેલ્થ દિન
૩૧ વિશ્વ તમાકુ નિષેધ દિન

**માસ : જૂન**

૦૫ વિશ્વ પર્યાવરણ દિન
૧૨ વિશ્વ બાળમજૂરી વિરોધ દિન
૧૪ વિશ્વ સ્વૈચ્છિક રક્તદાન દિન
૧૬ ફાધર્સ ડે (માસનો ત્રીજો રવિવાર)
૨૧ વિશ્વ યોગ દિન
૨૩ વિશ્વ ઓલિમ્પિક દિન
૨૬ માદક પદાર્થ વિરોધ દિન

*આપણી નિશાળના આચાર્યોને પોતાની સત્તા કેટલી વિશાળ છે એની ખબર નથી. કોઈ પણ દેશના વડાપ્રધાન કરતાં એમની સત્તા વધારે અસરકારક હોય છે.* *– બ્રિટનના વડાપ્રધાન ચર્ચિલ*

## દેશના પ્રથમ દસ રેલવે સ્ટેશનમાં ભુજ સામેલ

કચ્છ - ભુજના રેલવે સ્ટેશને ત્રણેય પ્લેટફોર્મના વિસ્તૃતીકરણનો શિલાન્યાસ અને જરૂરી સુવિધાઓનું લોકાર્પણ કરતાં કચ્છના સાંસદે જણાવ્યું હતું કે, આવનારા દિવસોમાં હવે અહીંના સ્ટેશને ૨૪ કોચની ટ્રેન આવી શકશે.

રૂા. ૧.૮૦ કરોડના ખર્ચે મળેલી સગવડો જેમાં ટ્રેનના અદ્યતન ઈન્ડિકેટર, અન્ય ઇલેક્ટ્રોનિક સુવિધાઓ તેમજ ત્રણ પ્લેટફોર્મની લંબાઇ ૪૦ મીટર વધારવાના કામનો સાંસદ શ્રી ચાવડાએ પ્રારંભ કરાવ્યો હતો. પ્રવચનમાં તેમણે જણાવ્યું કે ભૂકંપ વખતની સ્થિતિ અને આજની સ્થિતિએ ભુજના રેલવે સ્ટેશનનો માહોલ બદલી ગયો છે. વૈષ્ણોદેવીની ટ્રેન શરૂ થઈ ગઈ છે તેવી પણ તેમણે માહિતી આપી હતી.

ભુજ નગર અધ્યક્ષા લતાબેન સોલંકીએ જણાવ્યું કે, ભુજના સ્ટેશનનો સતત વિકાસ થઈ રહ્યો છે. હવે પ્લેટફોર્મની ૫૦ મીટર લંબાઈ વધી જવાની છે. દેશના તમામ રેલવે સ્ટેશનની વ્યાખ્યામાં સ્ટેશન ૧ થી ૧૦ નંબરમાં આવે છે એમ પણ જણાવવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં ભુજ તાલુકા પંચાયતના પ્રમુખ હરીશ ભંડેરી, ડી.આર.યુ.સી.સી.ના સભ્યો, શહેર ભાજપ પ્રમુખ નવીનભાઈ લાલન, સલાહકાર સમિતિના સભ્યો ગિરીશ જોષી, અશોક હાથી, રજની પટવા, પ્રબોધ મુનવર, જગદીશગિરિ ગોસ્વામી, મહેન્દ્ર જોષી, જેમલ રબારી, ડૉ. શૈલેષ જોષી, ભરત સંઘવી, ઘનશ્યામ ઠક્કર, રેશ્માબેન ઝવેરી, જયંત ઠક્કર વગેરે હાજર રહ્યા હતા.

## આગામી કાર્યક્રમોની એક ઝલક....

| તારીખ – સમય | સ્થળ | કાર્યક્રમ - આયોજનકર્તા | કાર્યક્રમની વિગત |
|---|---|---|---|
| ● મંગળવાર, તા. ૭-૫-૨૦૧૯ | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી (બેઝમેન્ટ હોલ) | તબીબી સેવા સમિતિ | "World Asthma Day" નિમિત્તે "અસ્થમા જાગૃતિ કાર્યક્રમ." વક્તા : ડૉ. વૈશલ શેઠ (Pulmonologist) |
| ● બુધવાર, તા. ૧૫-૫-૨૦૧૯ સુધીમાં | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી કાર્યાલયમાં જરૂરી રકમ અને ફોર્મ આપવાના. (ફોર્મ ગતાંકમાં છાપેલ છે.) | યુવા વિકાસ સમિતિ | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સભ્ય પરિવારજનોના બાળકોને રાહત દરે નોટબુક - ચોપડા વિતરણ. વિતરણ : તા. ૦૧-૦૬-૨૦૧૯ બપોરે ૨.૦૦થી ૫.૦૦ કલાકે તા. ૦૨-૦૬-૨૦૧૯ : સવારે ૧૦.૦૦થી બપોરે ૨.૦૦ કલાકે |
| ● રવિવાર, તા. ૨૬-૫-૨૦૧૯ સવારે ૦૭.૦૦ કલાકે | શ્રી કચ્છી જૈન ભવન - પાલડીથી પ્રસ્થાન | યુવા વિકાસ સમિતિ | આણંદ જિલ્લાના બોરસદ તાલુકાના વાલવોડ ગામે આવેલ "Enjoy City Water Park"ની મજા માણવાનો કાર્યક્રમ. |
| ● રવિવાર, તા. ૧૫-૦૯-૨૦૧૯ સવારે ૦૯.૦૦થી ૧૦.૩૦ | ઠાકોરભાઈ દેસાઈ હૉલ લૉ ગાર્ડન, અમદાવાદ. | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો સરસ્વતી સન્માન વિદ્યાર્થી પુરસ્કાર સમિતિ | બાળ વર્ગથી પોસ્ટ ગ્રેજ્યુએશન સુધીના વિદ્યાર્થીઓનું સન્માન તથા વિશિષ્ટ સિધ્ધિઓ પ્રાપ્ત કરનારનું સન્માન |
| ● રવિવાર, તા. ૧૫-૦૯-૨૦૧૯ સવારે ૧૦.૩૦થી શરૂ | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ | સ્નેહ મિલન સમારંભ અને સ્વામિવાત્સલ્ય જમણવાર. |

*નોંધ : ઉપરોક્ત કાર્યક્રમોની વિગતવાર માહિતી સંસ્થા સમાચાર વિભાગમાં જે તે સમિતિના અહેવાલમાં ઉપલબ્ધ છે.*

## શ્રેષ્ઠ કામ

જીવનમાં આપણા ભાગે જે કામ આવ્યું છે તે અવિરતપણે શક્ય એટલી ઉત્તમ રીતે આપણે કરવાનું છે. દરેક માણસ પાસે વ્યવસાયિક નિપુણતા ન હોઈ શકે. પ્રખર બુદ્ધિમાન વિજ્ઞાની અથવા પૂર્ણ કલાકાર તો વળી એનાથીય ઓછા હોય. મોટાભાગના તો કારખાનામાં, ખેતરમાં કે શેરીમાં કામ કરતા કામદાર જ હોય. **પણ કોઈ જ કામ નાનું કે નગણ્ય નથી. માનવજાત માટે ઉપયોગી હોય તે દરેક કામ ગૌરવપૂર્ણ છે. તેને પૂરેપૂરી ચીવટથી કરવું જોઈએ.** જો કોઈ સફાઈ કામદાર શેરીની સફાઈ કરે તો એ કામ એણે એ રીતે કરવું જોઈએ જે રીતે માઈકેલ એન્જેલો ચિત્રકામ કરતો કે બીથોવન સંગીતની તર્જ બનાવતો કે શેક્સપિયર નાટક - કવિતા રચતો. તેણે સફાઈ કામ એ રીતે કરવું જોઈએ કે પૃથ્વી ઉપર માનવો અને સ્વર્ગમાંથી દેવો એનું અભિવાદન કરતાં કહે, "અહીં એક મહાન સફાઈ કામદાર વસે છે, જે પોતાનું કામ શ્રેષ્ઠ રીતે કરે છે."

*માર્ટિન લ્યૂથર કિંગ, જુનિયર*

## પ્રાર્થના

કામકાજનો સમય પ્રાર્થનાના
સમય કરતાં અલગ છે જ નહીં.

રસોડામાં વાસણોના ખખડાટ વચ્ચે,
કારખાનામાં મશીનોના ઘોંઘાટ વચ્ચે,
એન્જિનોની તીણી ચીસો વચ્ચે,

દર્દીઓના ઉંહકારા વચ્ચે,
અસીલોની ફરિયાદો અને
વકીલોની દલીલો વચ્ચે,

ઓજારોની અથડામણ વચ્ચે,
પૈડાંઓની કિચૂડાટ વચ્ચે

બાળકોના રૂદન વચ્ચે અને
પ્રેક્ષકોના ઉન્માદભર્યા ચિત્કારો વચ્ચે પણ
જે અંતર્યામી સંવાદ સાધી શકે છે,
તેનું સમગ્ર જીવન એક પ્રાર્થના જ છે.

## સારા માણસોની અછત જ રહેવાની?

**આજે સમાજનો સર્વે કાઢીશું તો જણાશે કે સારા માણસોને શોધવા પડે છે. સારા કહેવડાવવું બધાને ગમે છે, પરંતુ સારા થવું એ ભાગ્યે જ કોઈને ગમે છે.** કારણકે સારા થવું એટલે જીવન વ્યવહારને સંયમી રાખી ઈશ્વરાભિમુખ થવું.

જ્યારે સભાઓ થતી હોય છે ત્યારે ઉદ્‌બોધન કરતાં વક્તા બોલે છે, **'સજ્જનો અને સન્નારીઓ.' પરંતુ એકત્રિત થયેલાઓમાં સજ્જન કોણ, સન્નારી કોણ,** એ કહેવું મુશ્કેલ છે. જેમ ઝવેરાતનું પારખું ઝવેરી જ કરી શકે તેમ સારા-સાચા માણસોનું પારખું ભગવાનના દરબારમાં થવાનું છે. મર્યા પછી જ શા માટે? તેમનો જીવન વ્યવહાર તપાસશો તો ભગવાન તો અંદર જ બેઠેલો છે. ગીતામાં જણાવ્યા મુજબ હૃદિ સંનિવિષ્ઠઃ છે અને તે જ આવા સાચા માણસોનો વ્યવહાર જોઈને ભગવાન તૃપ્તિનો ઓડકાર વ્યક્ત કરે છે. અને એ આત્મસમાધાન માનવીની મોટામાં મોટી મૂડી છે કે જે દંભી અને પાખંડીના જીવનમાં કદી હોતી નથી.

જીવનના રોજિંદા વ્યવહારમાં તલવાર ભલે એક ઘાએ બે કટકા કરવા શક્તિશાળી હોય, **પરંતુ ખરી મહત્તા તો ફૂલની છે.** સંભવ છે, યુદ્ધમાં તલવારથી માણસ વિજેતા થયો હોય, પરંતુ વિજેતાને ફૂલની માળા જ અર્પણ કરવામાં આવે છે અને તલવારથી માણસ મર્યો હોય તો તેના ગળામાં ફૂલની માળા જ ચડાવાય છે.

ફૂલમાં જે સુવાસ અને મહેક હોય છે તે નકલી ફૂલોમાં નથી હોતી. દંભી, પાખંડી લોકો તો નકલી પૂજા જેવા છે. ભગવાનની સેવા-પૂજામાં ખીલેલાં ફૂલો વપરાય છે, નકલી ફૂલો નહીં.

આખરે દંભી સમાજમાં પણ સારા લોકોનું મહત્ત્વ હોય છે. તેમની એક વિશેષ શાખ હોય છે. આટલા બધા સ્વાર્થી રાજકારણીઓ કે જેમને ગાંધીજીના જીવન સાથે કોઈ સંબંધ નથી, તે બધા તેમના વક્તવ્યોમાં બોલે જ છે કે, **"અમે તો ગાંધી ચીંધ્યા માર્ગે ચાલીએ છીએ." પરંતુ એવું નથી લાગતું કે, સારા માણસોની સંખ્યા દિન-પ્રતિદિન ઘટતી જાય છે,** કારણકે સારા થવું સહેલું નથી જ. પરંતુ અર્થશાસ્ત્રીની દૃષ્ટિએ ઉત્પાદન ઘટે એટલે વસ્તુની કિંમત વધે તેમ આવા માણસોનું મૂલ્ય સમાજમાં અદકેરું હોય છે અને આવા સારા માણસ થવું એટલું સહેલું હોય તો બહુમતી તેમની જ હોત ને, પરંતુ એ રખે ભૂલાય કે, **ગુલાબનું ફૂલ તો એક જ હોય છે પરંતુ તેમાં બહુમતી કાંટાની છે.**

*સંગ્રાહક : ડૉ. ગૌરાંગ ગાંધી*
*ગાંધી યુરો કેર, અમદાવાદ.*
*ફોન : (૦૭૯) ૨૬૫૮૦૪૩૮*

# YOUTH CLUB

***Two things to remember in life...***

"Take care of your thoughts when you are alone" and

"Take care of your words when you are with people."

*Never be ashamed of yourself.*
*Be proud of what you are*
*and don't worry about*
*how others see you.*

Positive thinkers have a solution for every problem.

Negative thinkers have a problem for every solution.

**Stay POSITIVE!**

*The Past is your lesson*
*The Present is you gift*
*The Future is you motivation.*

Life is a fingerprint
that can not be duplicated.
So make the best impression with it &
Don't waste a single moment in your life
Because time has no holiday,
dreams have no expiry date and
Life has no pause button.

Smile is Sugar-free and also tax free.
It reduces blood pressure,
helps relieve pain,
require no batteries
absolutely free of cost.
**So keep SMILING....**
Live! Love! Laugh!

# ગુજરાત : એક ઝલક

*નોંધ : ગુજરાત રાજ્યની રચના તા. ૧ મે, ૧૯૬૦ના રોજ થઈ હતી. તેને અનુલક્ષીને ગુજરાત રાજ્યની વિગતની એક ઝલક અત્રે પ્રસ્તુત છે.* **– સંપાદક મંડળ**

★ સ્થાપના : ૧ મે, ૧૯૬૦
★ પંચાયતી રાજનો અમલ : ૧ એપ્રિલ, ૧૯૬૩
★ પ્રથમ રાજ્યપાલ : શ્રી મહેંદી નવાઝજંગ
★ પ્રથમ મુખ્યમંત્રી : ડૉ. જીવરાજ મહેતા
★ પ્રથમ પાટનગર : અમદાવાદ
★ વર્તમાન પાટનગર : ગાંધીનગર
★ વિધાનસભાની બેઠકો : ૧૮૨
★ લોકસભાની બેઠકો : ૨૬
★ રાજ્યસભાની બેઠકો : ૧૧
★ જિલ્લાઓ : ૩૩
★ તાલુકાઓ : ૨૫૦
★ ટાઉન : ૨૬૪
★ ગામડાંઓ : ૧૮,૨૨૫
★ મહાનગરપાલિકાઓ : ૮ (અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર, જામનગર, જૂનાગઢ અને ગાંધીનગર)
★ નગરપાલિકાઓ : ૧૫૯
★ જિલ્લા પંચાયતો : ૩૩
★ તાલુકા પંચાયતો : ૨૫૦
★ ગ્રામ પંચાયતો : ૧૩,૬૮૫
★ વર્તમાન રાજ્યપાલ : શ્રી ઓ.પી. કોહલી
★ વર્તમાન મુખ્યમંત્રી : શ્રી વિજયભાઈ રૂપાણી
★ ક્ષેત્રફળ : ૧,૯૬,૦૨૪ ચો.કિ.મી.
★ વસ્તી : ૬,૦૩,૮૩,૬૨૮ (ઇ.સ. ૨૦૧૧ મુજબ)
★ વસ્તી ગીચતા : ૨૫૮ (પ્રતિ ચોરસ કિ.મી.)
★ વસ્તી : પુરુષ : ૩,૧૪,૮૨,૨૮૨
સ્ત્રી : ૨,૮૯,૦૧,૩૪૬
★ ધર્મ પ્રમાણે વસ્તી (ઇ.સ. ૨૦૧૧ મુજબ) :

| | |
|---|---|
| હિન્દુ | : ૫,૩૫,૩૩,૯૮૮ |
| મુસ્લિમ | : ૫૮,૪૬,૭૬૧ |
| જૈન | : ૫,૭૯,૬૫૪ |
| ખ્રિસ્તી | : ૩,૧૬,૧૭૮ |
| શીખ | : ૫૮,૨૪૬ |
| બૌદ્ધ | : ૩૦,૪૮૩ |
| અન્ય | : ૭૪,૩૮૨ |

★ વસ્તી પ્રમાણે ભારતના રાજ્યોમાં ગુજરાતનો ક્રમ : નવમો
★ શહેરી વસ્તી : ૪૨.૦૬ ટકા
★ સાક્ષરતા : ૭૯.૩૧ ટકા.
પુરુષો : ૮૭.૨૩ ટકા,
સ્ત્રી : ૭૦.૭૩ ટકા
★ સૌથી વધુ સાક્ષરતા : અમદાવાદ અને સુરત જિલ્લા (૮૬.૬૫ ટકા)
★ સૌથી ઓછી સાક્ષરતા : દાહોદ જિલ્લો (૬૦.૬૦ ટકા)
★ સૌથી વધુ વસ્તી ગીચતા : સુરત જિલ્લો (૧,૩૭૬)
★ સૌથી ઓછી વસ્તી ગીચતા : કચ્છ જિલ્લો (૪૬)
★ સૌથી વધુ વસ્તી ધરાવતો જિલ્લો : અમદાવાદ (વસ્તી : ૭૦,૪૫,૩૧૪)
★ સૌથી ઓછી વસ્તી ધરાવતો જિલ્લો : ડાંગ (વસ્તી : ૨,૨૬,૭૬૯)
★ વિસ્તારની દૃષ્ટિએ સૌથી મોટો જિલ્લો : કચ્છ (ક્ષેત્રફળ : ૪૫,૬૫૨ ચો.કિ.મી.)
★ વિસ્તારની દૃષ્ટિએ સૌથી નાનો જિલ્લો : ડાંગ (ક્ષેત્રફળ : ૧,૭૬૪ ચો.કિ.મી.)
★ વિસ્તારની દૃષ્ટિએ ભારતના રાજ્યોમાં ગુજરાતનું સ્થાન : છઠ્ઠું
★ મૂળ વતનીઓ : આદિવાસીઓ (બરડા, બાવચા, ભીલ, ચૌધરી, ધાનકા, તડવી, તેજરિયા, ભીલ, ગરાસિયા, મેલી, ઢોડિયા, હળપતિ, દુબળા, તલાળિયા, ગામીત, ગામટા, ગાવિત, માવચી, ગોંડ, કાથોડી, કોકના, કોલીઢોર, કોલધા, ટોકરે, કુનલી, નાયક, પઢાર, પોમલા, રાઠવા, સીદી, વારલી, પટેલિયા, કોટવાળિયા, પારધી, કુંકણી વગેરે પેટાજાતિઓ)
★ આદિવાસીઓની સૌથી વધુ વસ્તી : ડાંગ જિલ્લામાં (૯૦ ટકાથી વધુ)
★ મુખ્ય ભાષા : ગુજરાતી (ગુજરાતી ભાષી પ્રજા : ૮૯.૩૬ ટકા)
★ અન્ય ભાષી પ્રજા : કચ્છી : ૧.૫૭ ટકા, ઉર્દૂ : ૨.૧૭ ટકા, હિંદી : ૧.૨૬ ટકા, મરાઠી : ૦.૭૯ ટકા, સિંધી : ૦.૭૬ ટકા, અન્ય : ૪.૦૯ ટકા
★ પ્રાથમિક શાળાઓ : ૨૧,૫૦૦
★ માધ્યમિક શાળાઓ : ૫,૬૧૧
★ કૉલેજો : ૪૦૨
★ આશ્રમ શાળાઓ : ૪૦૦
★ ટેકનિકલ શિક્ષણ સંસ્થાઓ : ડિગ્રી કક્ષાની : ૧૪, ડિપ્લોમા કક્ષાની : ૩૪
★ યુનિવર્સિટીઓ : ૧૧

★ ગ્રામ વિદ્યાપીઠો : ૨૨
★ ઑપન યુનિવર્સિટીઓ : ૦૨
★ પોસ્ટ ઑફિસો : ૬,૨૭૬
★ તાર ઑફિસો : ૧,૪૬૭
★ રાષ્ટ્રીય ઉદ્યાનો : ૪
★ અભયારણ્યો : ૨૨
★ મુખ્ય ધર્મો : હિન્દુ, ઇસ્લામ, જૈન
★ પાકા રસ્તા : ૭૨,૧૬૫ કિ.મી.
★ કાચા રસ્તા : ૬,૬૩૭ કિ.મી.
★ જંગલ વિસ્તાર : ૧૮,૮૪,૬૦૦ હેક્ટર
★ વેરાન જમીન : ૨૬,૦૮,૫૦૦ હેક્ટર
★ ખેડાતી જમીન : ૧,૦૫,૫૭,૭૦૦ હેક્ટર
★ રેલવે : ૫,૬૫૬ કિ.મી.
★ રાજ્યના કુલ મતદારો : ૩,૩૨,૩૮,૧૯૫
★ પુરુષ મતદારો : ૧,૭૦,૬૬,૪૦૭
★ સ્ત્રી મતદારો : ૧,૬૧,૭૧,૭૮૮
★ માથાદીઠ આવક : રૂા. ૧૨,૯૭૫ (૨૦૦૦ - ૨૦૦૧)
★ વસ્તી વૃદ્ધિ દર :
ઈ.સ. ૧૯૭૧-૮૧ : ૨૭.૬૭ ટકા
ઈ.સ. ૧૯૮૧-૯૧ : ૨૧.૧૯ ટકા
ઈ.સ. ૧૯૯૧-૨૦૦૧ : ૨૨.૪૮ ટકા
★ સૌથી વધુ વસ્તી વધારાનો દર :
સુરત જિલ્લો (૪૭.૦૪ ટકા)
★ સ્ત્રી-પુરુષ પ્રમાણ (દર ૧૦૦૦ પુરુષોએ સ્ત્રીઓની સંખ્યા) : ૯૨૧
★ સૌથી વધુ સ્ત્રી-પુરુષ પ્રમાણ :
૯૮૬ સ્ત્રીઓ (અમરેલી જિલ્લો)
★ સૌથી ઓછું સ્ત્રી-પુરુષ પ્રમાણ :
૮૩૫ સ્ત્રીઓ (સુરત જિલ્લો)

## ગુજરાતનો રાજકીય નકશો



# અમદાવાદ શહેર અને જિલ્લો

● **અમદાવાદ :** જિલ્લાનું મુખ્ય મથક છે. સાબરમતી નદીના કિનારે આશાવલ અને કર્ણાવતી નગરો હતા. સુલતાન અહેમદશાહે ઇ.સ. ૧૪૧૧માં અમદાવાદની સ્થાપના કરી અને ભવ્ય ઇમારતોથી શહેરની શોભા વધારી. એક જમાનામાં ભારતનું માન્ચેસ્ટર ગણાતું આ શહેર પ્રગતિશીલ વેપાર, ધંધા અને કુનેહ માટે જાણીતું છે. ભદ્રનો કિલ્લો, ભદ્રકાળી માતાનું મંદિર, સીદી સૈયદની જાળી, ત્રણ દરવાજા, જામા મસ્જિદ, ઝુલતા મિનારા, દરિયાખાનનો ઘુમ્મટ, સ્વામિનારાયણનું મંદિર, કાંકરિયા તળાવ, ચંડોળા તળાવ, ગીતા મંદિર, સરદાર પટેલ મ્યુઝિયમ, કાંકરિયા પ્રાણી સંગ્રહાલય, પતંગ મ્યુઝિયમ, હઠીસિંગનાં દહેરાં, સાબરમતી આશ્રમ, શાહ આલમનો રોજો, સુંદર વન, સાયન્સ સીટી આઈ-મેક્સ થિયેટર, મલ્ટીપ્લેક્સ થિયેટરો વગેરે અમદાવાદમાં જોવાલાયક સ્થળો છે. અન્ય સ્થાપત્યોમાં અહમદશાહની મસ્જિદ, રાણી રૂપમતીની મસ્જિદ, રાણી સીપ્રીની મસ્જિદ અને ઝકરિયા મસ્જિદ મુખ્ય છે. આ ઉપરાંત દાદા હરિની વાવ, માનવ મંદિર, કામનાથ મહાદેવ, સારંગપુરનું વૈષ્ણવ મંદિર, ભાવનિર્ઝરનું યોગેશ્વર મંદિર, ચિન્મય મિશન, ઇસ્કોન મંદિર અને ભાગવત વિદ્યાપીઠ જોવાલાયક છે. લૉ ગાર્ડન, તિલકબાગ, સરદાર બાગ, સૌરભ ગાર્ડન, પરિમલ ગાર્ડન વગેરે અમદાવાદનાં જાહેર ઉદ્યાનો છે. ધી સ્પેસ એપ્લિકેશન સેન્ટર, અટીરા, ધી ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી, નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ડિઝાઇન, નિરમા એજ્યુકેશન એન્ડ રિસર્ચ ફાઉન્ડેશન વગેરે મહત્ત્વનાં સંશોધન કેન્દ્રો અમદાવાદને ગૌરવ બક્ષે છે.

## જોવાલાયક અન્ય સ્થળો

● **સરખેજ :** અમદાવાદથી નજીક સરખેજ ગામમાં મહમદ બેગડા અને તેના શાહજાદાઓની મઝાર છે. નજીકમાં મહમદ બેગડાની બેગમનો રોજો તેમજ સુલતાન અહમદશાહના ગુરુ અહમદશાહ ખટુગંજબક્ષનો રોજો તથા મસ્જિદ છે. અહીં મોટું તળાવ પણ છે.

● **લાંભા :** અહીં બળિયાદેવનું ભવ્ય મંદિર છે.

● **ધોળકા :** મીનળદેવીએ બંધાવેલું મલાવ તળાવ અહીં છે. પાંડવોની શાળા, ભીમનું રસોડું, સિદ્ધનાથ મહાદેવ વગેરે પુરાણી જગાઓ છે.

● **ગણેશપુરા :** ભગવાન શ્રી ગણેશનું ભવ્ય મંદિર છે.

● **સાળંગપુર :** હનુમાનજીનું મોટું અને પ્રખ્યાત મંદિર છે. અહીંનું સ્વામિનારાયણ મંદિર ભવ્ય અને જોવાલાયક છે.

● **ભીમનાથ :** નીલકા નદીના કાંઠે મહાદેવનું મોટું અને પ્રખ્યાત દેવાલય છે.

● **માંડલ :** રાવલ કુટુંબના કુળદેવી ખંભલાવ માતાનું ભવ્ય મંદિર છે.

● **વીરમગામ :** મીનળદેવીએ બંધાવેલ મુનસર અને ગંગુ વણઝારાએ બંધાવેલું ગંગાસર તળાવ અહીં આવેલાં છે.

***તમારા હાથમાં પૈસા હોય તો માત્ર તમે ભૂલી જશો કે તમે કોણ છો;***
***પરંતુ જો તમારા હાથમાં પૈસા નહીં હોય તો સમગ્ર વિશ્વ ભૂલી જશે કે તમે કોણ છો.***

## ગુજરાતના ઉદ્યોગોમાં બહારથી આવેલ લોકોનું યોગદાન

જે ચમત્કાર યુરોપમાં જોવા મળ્યો, જેનો લાભ અમેરિકા વર્ષોથી ઉઠાવી રહ્યું છે એ જ ભૂમિકા પર ગુજરાતના ઉદ્યોગો ધમધમી રહ્યા છે. ગુજરાત ભારતનું ઉત્પાદક રાજ્ય છે તો તેમાં બહારથી કામ કરવા આવેલા લોકોનું યોગદાન છે.

બિહાર, ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ, ઓરિસ્સાથી આવેલા લોકો ગુજરાતમાં અડધા ભાવે ડબલ મજૂરી કરે છે. તેના કારણે ઔદ્યોગિક ઉત્પાદનોની પડતર કિંમત નીચી આવે છે અને ગળાબુડ હરીફાઈના જમાનામાં પણ ગુજરાતના ઉદ્યોગો ટકી જાય છે.

ગુજરાતના એકાધિક ઉદ્યોગોને ચીન સ્પર્ધા પૂરી પાડે છે અને હંફાવે પણ છે. કારણકે ચીનમાં લેબર સસ્તી હોવાથી પડતર કિંમત ખૂબ જ નીચી જાય છે. ગુજરાતના જે ઉદ્યોગો ચીન સામે ટકી શક્યા છે તેમાં આંતરરાષ્ટ્રીય વસાહતીઓનું બહુ મોટું પ્રદાન છે. એક મિનિટ માટે ધારી લઈએ કે ગુજરાતમાં વસતા તમામ, વીસ લાખથી પચ્ચીસ લાખ પરપ્રાંતિયો તેમના દેશમાં જતા રહે તો આપણે જે ઉત્પાદનો બનાવીએ છીએ તેનું કોસ્ટિંગ કેટલું ઊંચું જાય? પછી તે ઉત્પાદનો રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય બજારમાં ટકી શકે ખરા? આજે આપણી ખેતી પણ મહદ્ અંશે પરપ્રાંતિયો પર નિર્ભર થઈ ગઈ છે.

સાંપ્રત

# તવારીખે ગુજરાત

પ્રેષક : હીરાલાલ
વી. ઊનડોઠવાલા

★ સુરતમાં પંદરમી સદીથી સત્તરમી સદીમાં થયેલા નવાબોના સમયમાં નવાબના મહેલથી ઊંચી હવેલી કોઈ બાંધી શકતું નહોતું. જેમાંથી અવાજ નીકળે એવા જોડા પહેરવાની મનાઇ હતી. દરજ્જા સિવાય કે નવાબી પરવાના સિવાય ઘોડાગાડીમાં બેસવું ગુનો ગણાતો હતો. પનિહારી પણ એકલી પાણી ભરવા જતી નહોતી. ટોળામાં જ પાણી ભરવા જવું પડતું હતું.

★ ઈ.સ. ૧૮૦૦માં ગુજરાતમાં ખાદ્ય પદાર્થોના એક મણના ભાવ આ પ્રમાણે હતા : ઘઉં ચાર આને મણ, જુવાર-બાજરી ૩ આના, તુવેર દાળ ૪ આના, ઘી ૪ રૂા. મણ, ખાંડ ૨ રૂા. મરી ૪ રૂા., દૂધી, કોળા અન્ય શાકભાજી ૨ આને મણ હતા. ઝીણું કાપડ આઠ આને ગજ જાડું કપડું ત્રણ આને ગજ, બાવળના લાકડા એક આને મણ હતા. ઈમારતી લાકડા ત્રણ આને ગજ હતા.

★ ઈ.સ. ૧૯૦૫માં ગુજરાતી વાણિયા મૂળજી ભવાનીદાસ તથા ડૉ. રણછોડભાઈ વોરા ઇંગ્લેન્ડ જઇને હિંદ પાછા ફર્યા ત્યારે જ્ઞાતિના લોકોએ પ્રાયશ્ચિત કરવા કહ્યું. આ બંને સાહસિકોએ ‘ના’ કહી એટલે જ્ઞાતિ બહાર મૂક્યા. પણ જરાય મચક ના આપી. આખરે જૂના વિચારના લોકો સમજી ગયા.

★ મુંબઈમાં સૌપ્રથમ આગગાડી મુંબઈથી થાણા - કલ્યાણ સુધી શરૂ થઇ. ઇ.સ. ૧૮૫૨માં ચાલાક અંગ્રેજોએ વિચાર્યું ‘પ્રથમ રેલવે ગુજરાત તરફ જ હોવી જોઈએ કારણકે વેપાર-ધંધા ગુજરાતમાં છે, મહારાષ્ટ્રમાં નથી. વળી મોટા મોટા પર્વતો હોઇ રેલવેનું કામ મહારાષ્ટ્રમાં સ્થગિત કરીને ગુજરાત બાજુ જ લક્ષ રાખવું.’ આ કારણે મુંબઈથી સુરત, બાદ ઉતરાણથી વડોદરા અને વડોદરાથી અમદાવાદ રેલવે શરૂ કરી.

★ વિઠ્ઠલભાઈ પટેલ ઇ.સ. ૧૯૨૫માં વડી ધારાસભાના હિંદમાં પ્રથમ પ્રમુખ બન્યા ત્યારે ચોપદારે પ્રેસિડેન્ટ વિઠ્ઠલભાઈ પટેલના આગમનની છડી પોકારી. સૌ કોઈ માનતા હતા કે તેઓ ‘અંગ્રેજી પોશાકમાં આવશે.’ પણ સભાગૃહ સમક્ષ વિઠ્ઠલભાઈ પટેલ આવ્યા તો એ જ પોશાક હતો – કફની ને ધોતિયું.

★ ગુજરાતી ભાષી - ગુજરાતની રંગભૂમિની શરૂઆત ઈ.સ. ૧૮૫૩માં પારસીઓએ કરી. જેમાં દેશભક્ત દાદાભાઈ નવરોજજીનો પણ ફાળો હતો.

★ મુંબઇથી શિલાછાપ યંત્ર મંગાવીને સુરતમાં પ્રથમ ગુજરાતી છાપખાનું કાઢનારા સુરતના પાંચ દાદાઓની ટોળીમાં દુર્ગારામ મંછારામ દવે પણ હતા.

★ વડોદરામાં દામાજીરાવ ગાયકવાડના રાજયકાળમાં હિંદુઓને તુલસીના છોડ પર હાથ મૂકીને સત્યતા માટે સોગંદ લેવા આગ્રહ રખાતો હતો.

★ “હાથમાં દંડો ને બગલમાં મોઇ, હવેલી લેતા ગુજરાત ખોઈ” – આ કહેવત અમદાવાદ પાટનગરમાં સર્જાઈ. કારણકે પૂનાના પેશ્વા સાહેબના નેજા હેઠળ અમદાવાદ આવ્યું. અહીં મોકલેલા અધિકારી નાચગાનમાં ગુલતાન થયા અને એક કુશળ મુત્સદ્દીની હવેલી પર નિગાહ જતાં સુરત જઇ બ્રિટીશ (કંપની સરકાર) લશ્કરને આમંત્રણ આપ્યું અને ૨૫ જૂન, ૧૯૮૭ના રોજ પાટનગર અમદાવાદ અંગ્રેજોના હાથમાં ગયું. પાટનગર મળવાથી અંગ્રેજોએ મોટો ઉત્સવ મનાવ્યો હતો.

★ ઈ.સ. ૧૬૧૦માં મોગલ શહેનશાહ ધનાઢ્યોથી વસેલું સુરત પાસેનું રાંદેર નગર જોવા ગયા. નવાયતા સોદાગર માટે સમ્રાટને ખબર મળેલી કે, “છપ્પર પર ભૂંગળ વાગે – એટલી લક્ષ્મી એની પાસે છે.” આ પ્રશ્ન સમ્રાટ જહાંગીરે નવાયતા સોદાગરને કર્યો ત્યારે કહ્યું, ‘૫૬ કરોડ, ૫૬ લાખ, ૫૬ હજાર અને ૫૬ સો ૫૬ રૂપિયા અથવા એટલી અઢળક સંપત્તિ હોય ત્યાં આ વાક્ય વપરાય છે.’ સમ્રાટ જહાંગીર જે ગામમાં રહ્યા તેનું નામ ‘જહાંગીરાબાદ’ રખાયું. જે આજે પણ એ જ નામે ઓળખાય છે.

★ ઈ.સ. ૧૮૫૮માં ઈસ્ટ ઈન્ડિયા કંપની પાસેથી હિંદુસ્તાનનો રાજ કારભાર મહારાણી વિક્ટોરિયાએ પોતાના હસ્તક લીધો ત્યારે અમદાવાદ, સુરત, મુંબઈ અને કલકત્તામાં દરબાર ભરવામાં આવ્યો હતો. આ જ વર્ષની શરૂઆતમાં

(અનુસંધાન : જુઓ પાના નં.-૨૪ ઉપર)

કચ્છ

# લીલી ક્રાંતિ

કમળો થયો હોય તો પણ ચોમેર બધું જ લીલુંછમ દેખાય તેવી હરિત ઝુંબેશ માત્ર કચ્છ જ નહીં, પરંતુ સમગ્ર ગુજરાત તેમજ દેશભરમાં છેડાઈ છે. આ અભિયાન કોઈ કિસાન કે કોઈ સ્વૈચ્છિક સંસ્થા દ્વારા નહીં, પરંતુ દેશના પ્રતિષ્ઠિત ઉદ્યોગગૃહ અદાણી જૂથ દ્વારા છેડાયું છે. સમગ્ર ભારતમાં ૧૫૦૦ હેક્ટરથી વધુ ભૂમિ વિસ્તારમાં ૨૫ લાખથી વધુ વિવિધ વૃક્ષોનું વાવેતર કરી ચૂકેલું અદાણી ગ્રુપ એક કરોડથી વધુ વૃક્ષો વાવી 'હરિત ભારત'નું સ્વપ્ન સાકાર કરવાના લક્ષ્ય સાથે આગળ વધી રહ્યું છે.

કચ્છ પ્રદેશની વાત કરીએ તો 'રણમાં ઝરણ' જેવી હરિયાળી ક્રાંતિ લાવવાની દિશામાં નક્કર પ્રવૃત્તિ રૂપે **ચેરિયા સંવર્ધન** દ્વારા પર્યાવરણની સુરક્ષાથી માંડીને કચ્છી કિસાનોએ કદી સાંભળ્યું કે જાણ્યું પણ નહીં હોય તેવા અવનવા ફળો ઉગાડીને કિસાનોનાં સશક્તિકરણની પ્રેરક પહેલ અદાણી ગ્રુપ દ્વારા હાથ ધરાઈ છે.

સંયુક્ત રાષ્ટ્ર (યુનો) તેમજ નાસા જેવી સંસ્થાઓને હાઈટેક એગ્રીકલ્ચર એટલે કે અત્યાધુનિક કૃષિ માટે તાંત્રિક સલાહ આપતા અદાણી ગ્રુપના બાગાયત વિભાગના ઉપાધ્યક્ષ ડૉ. અમોલ જૈને તાજેતરમાં 'કચ્છમિત્ર' સાથે વાત કરતા જણાવ્યું હતું કે, **'ઇનોવેશનથી રિવોલ્યુશન' એટલે કે નવતર, સંશોધનાત્મક પ્રયોગોથી ક્રાંતિ લાવી શકાય.**

કાપો તો અંદરથી માખણ નીકળે તેવા ફળ વિશે કદી સાંભળ્યું છે? સાંભળતા જ નવાઈ લાગે તેવા 'બટર ફ્રૂટ' તરીકે ઓળખાતા એકોહેડો, લાલ ડ્રેગન ફ્રૂટ, લાલ કોબી, સ્ટ્રોબેરી જેવા નવતર ફળો ઇઝરાયલ પછી સમગ્ર વિશ્વમાં સૌથી વધુ ટી.ડી.એસ. ધરાવતી કચ્છની જમીનમાં ઉગાડવાના પ્રયોગો ડૉ. જૈનના માર્ગદર્શન તળે થઈ રહ્યા છે.

કિસાનોની આવક બમણી કરવાના નક્કર લક્ષ્ય સાથે ખારાશવાળી ભૂમિમાં સફળ વાવેતર, ખારા પાણીનો સિંચાઈ માટે ઉપયોગ, રાસાયણિકને સજીવ ખેતીમાં રૂપાંતરિત કરવા સહિતની નવતર પહેલ અદાણી જૂથ સંશોધનાત્મક અભિગમ સાથે કરી રહ્યું છે.

ઓછા સમયમાં, ઓછી જગ્યામાં, ઓછા ખર્ચે વધુ ઉત્પાદન આપતી કૃષિથી કચ્છમાં પડતર ભૂમિ અને સ્ત્રોતોનો ઉપયોગ, સ્થાનિકોને રોજગારીનું નિર્માણ, લાંબાગાળાની ટકાઉ અર્થવ્યવસ્થાનું સર્જન, કિસાનોમાં હાઈટેક, ઉપજાઉ ખેતી પ્રત્યે જાગૃતિ લાવવા જેવા લાભપ્રદ પરિણામો મેળવવાનાં લક્ષ્ય સાથે અદાણી જૂથ સતત સક્રિય છે તેવું તેમણે ઉમેર્યું હતું.

કંઈક એવું નવતર કરીએ જેનાથી પ્રકૃતિ, પર્યાવરણની સાથોસાથ કિસાનોને પણ લાભ થાય તેવા વિચારબીજમાંથી કોઈ ચોક્કસ સંસ્થા માત્ર કે કોઈ કિસાન સમુદાય જ નહીં, પરંતુ સામાન્યજનને પણ સહભાગી બનાવીને આ હરિયાળી પ્રવૃત્તિ કરવાની પ્રેરણા મળી.

કચ્છમાં **નાળિયેરી**નું વાવેતર કરી શકાય જ નહીં તેવી ગેરમાન્યતાને દૂર કરતા ડૉ. જૈનના નેતૃત્વ તળે આ રણ પ્રદેશના કાંઠાળ વિસ્તારોમાં પાંચ વરસના ગાળામાં એક લાખથી વધુ નાળિયેર વાવેતરમાં અદાણી જૂથના **બાગાયત વિભાગે નેત્રદીપક સફળતા મેળવી છે.**

કચ્છ જિલ્લામાં **દાડમ**ના ત્રણ કરોડથી વધુ છોડ હશે. અત્યારે સરેરાશ ખેડૂતને ૮થી ૧૦ રૂપિયા પ્રતિકિલો જેટલું નહિવત વળતર મળે છે.

અદાણી જૂથની ભાવિ દૃષ્ટિ અંગે વાત કરતાં ડૉ. અમોલ જૈને 'કચ્છમિત્ર'ને જણાવ્યું હતું કે, કિસાનોના સશક્તિકરણના આશય સાથે કચ્છમાં ખાસ દાડમ માટે પ્રોસેસિંગ યુનિટ ઊભું કરવાની યોજના છે. જેથી ખેડૂત અને બજાર વચ્ચેના તત્ત્વો બહાર નીકળી જાય અને કિસાનોને વધુ સારું વળતર મળી શકે.

આવા પ્રયાસો સાતત્યપૂર્વક કરતા રહેવાથી કિસાનોની આવક બમણી કરવાનું લક્ષ્ય સિદ્ધ કરવામાં સફળતા મળશે તેવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો. **પૂનાની તુલનાએ કચ્છમાં દાડમ રૂપ, રંગ, સ્વાદમાં શ્રેષ્ઠ છે** તેવું ડૉ. જૈન કહે છે.

હાઈડ્રોપોનિક્સ અંગે વાત કરતાં ડૉ. જૈન કહે છે કે, ઓછી જગ્યામાં ઓછા ખર્ચે ઓછા સમયમાં વધુ ઉત્પાદન શક્ય છે. એક ઉદાહરણ આપતાં તેમણે જણાવ્યું હતું કે, સામાન્ય રીતે **પરંપરાગત ખેતી કરતા હો ત્યારે કોબીને વાવીને ઉગાડવા, વિકસાવવા માટે કમસે કમ ૧૨૦ દિવસનો ગાળો જોઈએ જ્યારે હાઇડ્રોપોનિક્સમાં માત્ર ૪૦ દિવસમાં વિકસી શકે.**

(અનુસંધાન : જુઓ પાના નં.-૨૪ ઉપર)

જીવનરસ

# દુનિયાની યુનિવર્સિટીમાં જીવનથી ચડિયાતો કોઈ અભ્યાસક્રમ નથી



દિનેશ પાંચાલ, જર્નાલિસ્ટ

એક ફંકશનમાં થોડા શિક્ષકો જોડે આજના કથળેલા શિક્ષણ અંગે ચર્ચા થઈ રહી હતી ત્યાં એક રત્ન કલાકારે વચ્ચે ફરિયાદ કરતાં કહ્યું : 'શિક્ષણ પાછળ આપણો દેશ લાખો રૂપિયા ખર્ચે છે, તોય તમને શિક્ષણ વિશે કેમ આટલી ફરિયાદો રહે છે?' અમારા મિત્ર બચુભાઈ ત્યાં હાજર હતા. તેમણે એ માણસને તેમનું વ્યવસાયિક ઉદાહરણ આપતાં કહ્યું : 'મિત્ર, કેવળ ખર્ચ કરવાથી શું વળે? ખર્ચ ઊગવો જોઈએ... તમે કાચા હીરાની ખરીદી પાછળ લાખો રૂપિયા ખર્ચો છો, પણ જ્યાં સુધી તમારા કારીગરો તેના પર પહેલ પાડે નહીં ત્યાં સુધી તેમાંથી કિમતી હીરા તૈયાર થઈ શકતા નથી. **વિદ્યાર્થીઓ કાચા હીરા જેવા છે.** આપણું શિક્ષણ એના પર સુસંસ્કારની પહેલ પાડી શકે તો જ શિક્ષણનો ખર્ચ લેખે લાગે.'

આજે શિક્ષણ નિષ્ફળ ગયાની બુમરાણ મચી છે ત્યારે એક વાત યાદ રાખવી પડશે. શિક્ષણખાતું એવો દાવો કરતું નથી કે તેમણે શિક્ષણ સંસ્થાઓને એવો અભ્યાસક્રમ તૈયાર કરી આપ્યો છે જે વડે વિદ્યાર્થી બુદ્ધિશાળી અને માનવતાથી ભર્યોભર્યો આદર્શ નાગરિક બની શકશે. નવાં યંત્રો બજારમાં મૂકતાં પહેલાં તેની ક્વૉલિટી કન્ટ્રોલ બોર્ડ દ્વારા ચકાસણી કરવામાં આવે છે. ત્યારબાદ તેના પર 'ટેસ્ટેડ એન્ડ ઑકે' એવો સિક્કો મારવામાં આવે છે. આજના વિદ્યાર્થીના સર્ટિફિકેટમાં તેવો કોઈ સિક્કો મારવામાં આવતો નથી. એથી આજના રેઢિયાળ શિક્ષણ અંગે શિક્ષકોનો વાંક ઓછો છે. કેમકે અભ્યાસક્રમ તેઓ તૈયાર કરતા નથી. રીંગણ બટેટાનું શાક ખાવાની ઝંખના રાખતા માણસની થાળીમાં દૂધી ચણાનું શાક પીરસવામાં આવે તો એમાં પીરસનારનો વાંક કેટલો? એની પાસે તો રસોડામાં જે રંધાયું હોય તે જ એના કમંડળમાં આવે છે. અર્થાત્ **શિક્ષણના પાકશાસ્ત્રીઓ જે રસોઇ (અભ્યાસક્રમ) નક્કી કરે તે જ એમણે (શિક્ષકોએ) પીરસવું પડે છે.**

સત્ય એ છે કે શિક્ષણ એને સ્થાને સ્પષ્ટ છે. તે વિદ્યાર્થીને સંસ્કારી માણસ બનાવવા પરસેવો પાડતું નથી. શિક્ષણવિદોએ શિક્ષણને એવી કામગીરી સોંપી જ નથી. **શિક્ષણ પાસે તેના સ્પષ્ટ લક્ષ્યાંકો છે.** જેમ કે કૉમર્સનો વિદ્યાર્થી વાણિજ્યવિષયક જ્ઞાનમાં નિપુણ બને. એન્જિનિયરિંગનો વિદ્યાર્થી યંત્ર વિષયક જ્ઞાનથી માહિતગાર બને અને સાયન્સનો વિદ્યાર્થી વિજ્ઞાન વિષયક જાણકારી મેળવે. શિક્ષણ આજે એ રીતે જ કામ કરી રહ્યું છે. પરંતુ એમ થવાથી સ્થિતિ એ ઉદ્ભવી છે કે વિજ્ઞાનમાં નિપુણ થયેલો વિદ્યાર્થી લાઇફની લેબોરેટરીમાં વારંવાર નિષ્ફળ જાય છે. વાણિજ્યનો વિદ્યાર્થી જીવનના વેપલામાં ખોટ કરતો રહે છે. ઘણાં એવાં ઉદાહરણો છે કે બિઝનેસ મેનેજમેન્ટમાં ગોલ્ડ મેડલ મેળવ્યો હોય એવા વિદ્યાર્થીઓ લાઇફ મેનેજમેન્ટમાં સાવ ડફોળ પુરવાર થયા છે. (બગડી ગયેલા રાક્ષસીકદના મશીનને બે જ મિનિટમાં ધમધમતું કરી દેતો કોઈ બાહોશ એન્જિનિયર પાંચ દિવસથી રીસાયેલી પ્રેમિકાની નારાજગીનો ફોલ્ટ શોધી શકતો નથી. પૃથ્વીના પેટાળમાં શું પડ્યું છે તે પળમાં કહી આપતો ભૂસ્તરશાસ્ત્રી પડખે સૂતેલી પત્નીના દિલમાં શું પડ્યું છે તે જાણી શકતો નથી.) આ બધાં ઉદાહરણો શિક્ષણની નિષ્ફળતાનાં નહીં, તેની અધૂરપનાં છે. આપણે જાણીએ છીએ કે ઉપર્યુક્ત બાબતો શિક્ષણના સિલેબસમાં નથી આવતી. પરંતુ એ જ તો આપણા ખાટલાની મોટી ખોડ છે. **આજનું શિક્ષણ કેવળ ક્ષુલ્લક માહિતીલક્ષી બની રહ્યું છે.** તેમાં આમૂલ પરિવર્તન લાવી કંઈક એવું આયોજન થવું ઘટે જેમાં વિદ્યાર્થીઓને કેવળ માહિતીલક્ષી નહીં પણ જીવનલક્ષી ભણાવવામાં આવે. કેમ કે ભણીગણીને અંતે તેણે સમાજ વચ્ચે જીવવાનું છે. એથી એકલી થિયરીથી દહાડો નહીં વળે... લાઇફની લેબોરેટરીમાં અનુભવોના પ્રેક્ટિકલો પણ જરૂરી છે. **આ દેશના નાગરિકોને કેવળ અક્ષરજ્ઞાનની નહીં, આંતરજ્ઞાનની પણ જરૂર છે.** આજના વિદ્યાર્થીના દિમાગમાં કેવળ પુસ્તકિયું જ્ઞાન ઠોંસવામાં આવે છે. પરિણામે થાય છે એવું કે પહેલે નંબરે પાસ થતો હોંશિયાર વિદ્યાર્થી પણ ઘણી બાબતોમાં ડફોળ રહી જાય છે. ગણિતમાં ૧૦૦માંથી ૧૦૦ માર્કસ લાવનાર વિદ્યાર્થી જીવન વ્યવહારના ગણિતમાં ફુલ્લી નાપાસ થાય છે.

**યાદ રહે, દુનિયાની યુનિવર્સિટીમાં જીવનથી ચડિયાતો કોઈ અભ્યાસક્રમ નથી.** શિક્ષણમાં જીવનની ધરાર અવગણના કરવામાં આવી છે. પરિણામે વિદ્યાર્થીને ગોખણપટ્ટીના પાટે ચડાવી દેવાયો છે. જેની ગોખણપટ્ટી વિશેષ તેનો પહેલો નંબર... વિદ્યાર્થીઓમાં સ્વતંત્ર વિચારશક્તિનો સમૂળગો

અભાવ વર્તાય છે. તેઓ બહુધા નિર્ણયો દેખાદેખીથી પ્રેરાઈને લેતા હોય છે.

બેંકમાં પટાવાળાની એક પોસ્ટ માટે દસ હજાર ગ્રેજ્યુએટોની અરજી આવે છે એ જોયા પછી પ્રશ્ન થાય છે કે આજના યુવાનોનો ટાર્ગેટ આટલો નીચો શા માટે? **કંઈક કરવાની ધગશ હશે તો આજીવિકાના હજાર માર્ગો ખુલ્લા છે.** કાંઈ નહીં તો બેકાર ગ્રેજ્યુએટો પોતાના ઘરમાં પ્રાઈવેટ ટ્યુશન ક્લાસ શરૂ કરી શકે. આજે શાળા - મહાશાળાઓમાં પ્રવર્તતી લાલિયાવાડીને કારણે દેશમાં ટ્યુશન ઉદ્યોગ માટે વિપુલ તકો ઉદ્‌ભવી છે. **(સિટી બસોની સર્વિસ સારી ન હોય તો રિક્ષાવાળાને તડાકો પડે તેવો ઘાટ છે.) દિવસભરમાં દસ દસ પાળીમાં ટ્યુશનોની ફેક્ટરીઓ ધમધમે છે.** કેટલાક શિક્ષકો તો શાળાની વર્ષો જૂની નોકરી છોડી દઈ ફુલ ટાઈમ ટ્યુશનના ગલ્લા પર બેસી ગયા છે. એકવાર એક ઇંગ્લિશ મિડિયમનો વિદ્યાર્થી ભરચક ટ્રાફિકમાં મોટેથી ગાળ બોલ્યો. એ વિશે અખબારમાં લખ્યું ત્યારે તે શાળાના શિક્ષકો નિરર્થકપણે એવી દલીલબાજીમાં ઉતર્યા કે બધી જ શાળાનાં બાળકો ગાળ બોલે છે.

**સ્વામી સચ્ચિદાનંદજીએ કહ્યું છે, 'ઘણું બધું શિક્ષણ અભ્યાસક્રમોમાં હોતું નથી. શિક્ષકે પોતાના તરફથી એ શીખવવાનું હોય છે. અને તે છે સારા સંસ્કારનું શિક્ષણ... શિસ્ત અને સૌજન્યપૂર્ણ વ્યવહારનું શિક્ષણ...** બાકી આજે વાલીઓ કેબલ ટી.વી.માં ગુલતાન છે અને શિક્ષકો વિદ્યાર્થીને રાષ્ટ્રપતિ કે વડાપ્રધાન બનવા માટે શી લાયકાત હોવી જોઈએ તે શીખવે છે, પણ એક સારા માણસ બનવા માટે શી લાયકાત હોવી જોઈએ તે કોઈ શીખવતું નથી. **માણસની ખોપરીની રચના વિશે શીખવવામાં આવે છે, પણ એ ખોપરીમાં કેવા વિચારો હોવા જોઈએ તેની કોઇને ચિંતા નથી.** જીભની રચના વિશે માહિતી આપવામાં આવે છે, પરંતુ એ જીભ વડે શું બોલવું જોઈએ, શું ન બોલવું જોઈએ તે વિશે કોઈ શિક્ષક શીખવતો નથી. સાવ ક્ષુલ્લકપણે ઇતિહાસ ભૂગોળ ને ગણિત ભણાવાય છે. કોઈ શિક્ષક આજે સિલેબસ છોડીને એ ભણાવતો નથી કે ગુટકા ન ખાવ... વડીલોને આદર આપો... મહાન માણસોનાં જીવનચરિત્ર વાંચો... અંધશ્રદ્ધા છોડી વિવેકબુદ્ધિથી જીવો!

આપણી ખરી ચિંતા એ છે કે રોડ પર વાહનો કેમ ચલાવવાં એ ન વાલીઓ શીખવતા હોય કે ન શિક્ષકો શીખવતા હોય તો વિદ્યાર્થી એ ક્યાંથી શીખશે? રોડ પર અકસ્માત થાય ત્યારે કેમ વર્તવું તેની સમજ વિદ્યાર્થીને અભ્યાસક્રમમાં ન આપવામાં આવતી હોય તો અભદ્ર ભાષામાં ગાળાગાળી કરતાં વિદ્યાર્થીની એ કુટેવ બદલ દોષ કોને દઈશું? ઘરમાં મા-બાપ કે ભાઈભાંડુ જોડે સારો વ્યવહાર ન કરતા વિદ્યાર્થીની જવાબદારીય શિક્ષકોની નથી. કેમકે **આપણી શાળાઓમાં હ્યુમન રિલેશનના પાઠો શીખવવામાં જ નથી આવતા.**

જીવનમાં ડગલે ને પગલે આખો સમાજ જે અણઘડ રીતે વર્તે છે તેના મૂળમાં એ જ વાત પડી છે કે **આપણા શિક્ષણમાં આદર્શ જીવન વ્યવહારના પાઠો સામેલ નથી. નવી શિક્ષણ નીતિમાં તે વહેલી તકે સામેલ કરવા જોઈએ.** અમેરિકામાં બે વાહનોનો એક્સિડન્ટ થાય ત્યારે બંને ડ્રાઈવરો ધૂળ ખંખેરીને ઊભા થઈને પહેલું કામ સામેવાળાની ખબર પૂછવાનું કરે છે. આપને બહુ વાગ્યું તો નથી ને? આપણે ત્યાં અકસ્માત થયો નથી કે લોકો બાઝ્યાં નથી. જેની ભૂલ હોય તેનો અવાજ વધુ બુલંદ હોય. અકસ્માતમાં નથી થતું એટલું નુકસાન ત્યાર પછીની મારામારીમાં થાય છે. **વર્ષો સુધી ભલામણ કરીને ઊંચી ડિગ્રી હાંસલ કરનાર માટે પણ એક સજ્જન અને આદર્શ નાગરિક બનવાનું બાકી રહી જાય છે.** દુર્ભાગ્યે શિક્ષણના અભ્યાસક્રમોમાં સજ્જનતાનો સબ્જેક્ટ કમ્પલસરી નથી. સમાજ આખો એટીકેટી લઈને આગળ વધી રહ્યો છે. એથી તે વિષય એણે નોકરી-ધંધો કરતાં કરતાં અનુકૂળતાએ શીખવો પડે છે. (પરંતુ નોકરીમાં પગાર કરતાં ટેબલ નીચેની આવક ચાર ગણી હોય ત્યારે પ્રામાણિકતાનો વિષય પાસ કરવાની કડાકૂટમાં કોણ પડે?)

તાત્પર્ય એટલું જ, જીવનના દરિયામાં પુસ્તકનું શિક્ષણ હિમશિલાની ટોચ જેવું છે. બાકીનો મોટો હિસ્સો દરિયામાં ડૂબેલો હોય છે. તે રીતે શાળાના પાઠ બહુ ઓછા કારગત નીવડે છે. ઘણાબધા પાઠ જીવનના દરિયામાં પડ્યા પછી અનુભવે શીખવા મળે છે. એથી માછલી પાણીમાં કેવી રીતે જીવે છે તેની જાણકારીની સાથોસાથ **સમાજમાં માણસે કેવી રીતે જીવવું જોઈએ તેનું જ્ઞાન જરૂરી છે.** ત્રિકોણના ત્રણ ખૂણાનો સરવાળો ૧૮૦ અંશ થાય છે એવી માહિતી ધરાવતા વિદ્યાર્થીને ઘરના ચાર ખૂણા વચ્ચે રહેતા માણસોના મનના ખૂણાનું ગણિત પણ આવડવું જોઈએ. બે ભાગ હાઈડ્રોજન અને એક ભાગ ઑક્સિજન મેળવવાથી પાણી તૈયાર થાય એટલું ન જાણીએ તો કશું ખાટુંમોળું થઈ જવાનું નથી. પણ **બે ભાગ બુદ્ધિ અને એક ભાગ માનવતાના મિશ્રણ વિના સંસારમાં પ્રેમનું રસાયણ તૈયાર કરી શકાતું નથી.** એટલી સમજ ન હોય તો જીવનની ગાડીમાં વારંવાર પંક્ચર પડે છે. યુવાનીના ઉંબરે ઊભેલ વિદ્યાર્થીને રાષ્ટ્રપતિ બનવાની લાયકાત ન આવડે તો ચાલે પણ આદર્શ પતિ બનવાની લાયકાતથી તે માહિતગાર હોવો જોઈએ.

*સી-૧૨, મજૂર મહાજન સોસાયટી,*
*ગણદેવી રોડ, જમાલપોર,*
*નવસારી-૩૯૬ ૪૨૭ (ગુજરાત).*
*મો. ૯૪૨૮૧ ૬૦૫૦૮*

વિચારમંચ

# પુરુષાર્થ ભૂલીને બધું પ્રારબ્ધ ઉપર છોડવું નહીં જોઈએ



ડૉ. યાસીન દલાલ

પશ્ચિમની પ્રજા જ્યારે ટોફલર, સુમાકર, ઈવાન અને પીટર ડ્રકર જેવા વિચારકોની પ્રખર બુદ્ધિયુક્ત વિચારધારાઓનો આસ્વાદ માણી રહી છે અને વૈજ્ઞાનિક શોધખોળો તેમજ ટેકનોલોજીના ઉપયોગ વડે માનવ જીવનને વધુ ને વધુ સમૃદ્ધ બનાવી રહી છે, ત્યારે આપણે હજી મંત્રતંત્ર, ચમત્કાર, દેવીશક્તિ, અનુષ્ઠાન, યજ્ઞ અને ક્રિયાકાંડોમાં રચ્યાપચ્યા રહીએ છીએ.

તમે તાળી પાડો અને આપોઆપ ચાલવા માંડે એવાં રમકડાં હવે બજારમાં મળે છે અને છતાં વિજ્ઞાનના એ ચમત્કારને નજરે જોયા પછી પણ આપણે હવામાં હાથ હલાવીને મંગળસૂત્ર કાઢી આપે તેવા ઢોંગ અને છેતરપિંડીને સાચાં માનીએ છીએ અને એવા ઢોંગી બાબાઓને પગે લાગીએ છીએ. તમે આરામ ખુરશીમાં બેઠાં બેઠાં બટન દબાવો અને રિમોટ કન્ટ્રોલથી ટી.વી.ની ચેનલો બદલાઈ જાય, એ ચમત્કારને સ્વીકારવાને બદલે, ફૂંક મારીને રોગ મટાડી દે એવા હવાઈ તુક્કાને સ્વીકારીએ છીએ.

આપણી આ મનોદશાએ આપણને પરાધીન બનાવ્યા છે અને **આપણી બુદ્ધિ, મહેનત કે પુરૂષાર્થમાં વિશ્વાસ રાખવાને બદલે ગ્રહો, કુંડળીઓ, મંત્રતંત્ર અને ચમત્કારોમાં વિશ્વાસ રાખતા કરી મૂક્યા છે.** આવો માણસ કામ ન કરે અને "મારા ગ્રહ સુધરશે, ત્યારે આપોઆપ મારો ઉધ્ધાર થઈ જશે" એમ માનીને આળસુ બનીને બેઠો રહે એમાં શી નવાઈ!

આપણે સ્વતંત્ર થયા હોવાના દાવા ગમે તેટલા કરીએ તો પણ એ પોકળ છે. આપણી માનસિક ગુલામી યથાવત છે, હજી પણ આપણને કહેવામાં આવે છે કે ફલાણા ગુરૂમાં શ્રદ્ધા રાખો, ફલાણા ગ્રંથના ઉપદેશને જ સર્વોપરી ગણો. સંશય નહીં કરો!

આપણે એમને એટલું જ પૂછીએ કે ગેલેલિયો, કોપરનિકસ, ન્યૂટન, સ્ટીવન્સન એ બધા જો ધર્મગ્રંથોમાં શ્રદ્ધા રાખીને, હાથ જોડીને બેસી રહ્યા હોત તો આગગાડી કે વિમાન, રોકેટ, ટેલિફોન, મોટરકાર, સ્કૂટર, સાઈકલ, રેડિયો, ટેલિવિઝન – આ બધાંની શોધ થઈ હોત ખરી? મિલ્ટન, ન્યૂટન, આદમ સ્મિથ અને સાહિત્યકારો, અર્થશાસ્ત્રીઓ અને વૈજ્ઞાનિકોએ પ્રથમવાર કહ્યું કે મનુષ્યનું દિમાગ, એની બુદ્ધિ, એની વિચારધારાઓ, એની વિવેક શક્તિઓ અપ્રતિમ, અદ્‌ભુત અને ગજબનાક શક્તિ ધરાવનારી છે અને આથી એને પૂરી વિકસવા દેવી જોઈએ.

બીજી બાજુ મઠાધીશોનો એક વર્ગ હજી આપણને એમ કહે છે કે બુદ્ધિના દરવાજા બંધ કરો અને અમે કહીએ છીએ એને જ સાચું માનો! અધ્યાત્મના નામે લોકોમાં ભાગલા પડાવાય છે, વેરઝેરનું વાવેતર થાય છે અને મનુષ્યવૃત્તિનો ઉપયોગ પુરૂષાર્થ વડે વિકાસમાં કરવાને બદલે વિનાશકારી ક્રિયાકાંડોમાં થાય છે.

ધર્મના પણ બે મુખ્ય પ્રવાહ હોય છે : **એક પ્રવાહ પાયાનાં માનવીય મૂલ્યો શીખવે છે,** જેમાં નાગરિક ધર્મ, કરૂણા, દયા, પ્રેમ વગેરે પર ભાર મુકાય છે. જૂઠું બોલવું નહી, ચોરી કરવી નહીં, કોઈનો અધિકાર છીનવી લેવો નહી, ગુંડાગીરી કરવી નહીં. આ બધા સિદ્ધાંતો એવા છે જે શાશ્વત છે. દુનિયાના બધા ધર્મો, બધી પ્રજાએ સ્વીકારેલા છે, તેની સામે કોઈને કશો વાંધો ન હોય. પણ ધર્મનું એક **બીજું પાસું વિધિવિધાનો, રૂઢિઓ, ક્રિયાકાંડો છે.** જેમાં વ્રત કરવા, પૂજાપાઠ કરવા, ધાર્મિક વિધિઓ કરવી, ધર્મસ્થાનો ઊભાં કરવાં, મૂર્તિઓ સ્થાપવી, એ બધાંનો સમાવેશ થાય છે. એના એક ફાંટા રૂપે મનુષ્યમાં ચમત્કારો, વહેમો વગેરેનું ચલણ શરૂ થયું છે.

ત્યાર પછી આજ સુધીમાં જબરદસ્ત શોધખોળ અને ટેકનોલોજીની પરંપરા ચાલી. આ બધામાં વહેમો રૂઢિઓ, ક્રિયાકાંડો, પરંપરાઓ નકામા બની ગયાં. હવે માત્ર પાયાનાં નૈતિક મૂલ્યોનું જ મહત્ત્વ રહ્યું છે. આ પૃથ્વી પર મનુષ્યો તો લાખો વરસોથી જીવે છે, પણ જેને આપણે માનવ સભ્યતા અને માનવ સંસ્કૃતિ કહીએ છીએ, એ તો માંડ છેલ્લા પાંચેક હજાર વર્ષથી ઉદ્‌ભવી છે.

માણસે ભાષા વિકસાવી અને એ લખતો થયો, ત્યારથી જ વિકાસની ખરી યાત્રા શરૂ થઈ અને ધર્મોનો વિકાસ પણ ત્યારથી જ થયો. ભાષા ન હોય, મુદ્રણના સાધનો ન હોય, છાપકામ ન હોય તો ધર્મના સિદ્ધાંતો પણ ક્યાંથી પ્રસરે? ભાષા ન હોય તો ધર્મ શું છે એ કોણ અને કેવી રીતે સમજાવે?

એમાં મુદ્રણની ટેકનોલોજી આવ્યા પછી તો જ્ઞાનવિજ્ઞાનનો આખો ધોરી માર્ગ ખુલ્લો થયો, અને ત્યાર પછી કોમ્યુનિકેશનમાં જે નવાં નવાં માધ્યમો આવ્યા એની મદદથી જ આપણે એસ.ટી.ડી.થી માંડીને ફેક્સ, કેબલ ટી.વી. અને ત્યારબાદ અનેક સુવિધાઓ સુધી પહોંચ્યા છીએ. મતલબ કે **મનુષ્યજીવનમાં કોઈ ચીજ સર્વોપરી હોય તો તે વિજ્ઞાન અને ટેકનોલોજી છે, નહીં કે અધ્યાત્મ અને સદીઓ જૂના ધાર્મિક ઉપદેશો.**

માણસ ઈશ્વરમાં માને કે એને સદ્‌બુદ્ધિ મળે એ ખાતર પ્રાર્થના કરે, એમાં કોઈ વાંધો ન હોય, પણ પ્રાર્થના કે પૂજાપાઠ

કરીને પછી માણસ બેઠો રહે અને ચમત્કારની આશા રાખે તો એનો ઉદ્ધાર થવાનો નથી.

એ પોતાની બુદ્ધિ અને પોતાની શારીરિક, માનસિક તાકાતનો પૂરો ઉપયોગ ન કરે અને પુરૂષાર્થ ન કરે તો કોઈ દૈવીશક્તિ એનો ઉધ્ધાર કરી દેવાની નથી. આપણે ત્યાં કોઈ પ્રદેશમાં વરસાદ ન પડે તો એનો ઉકેલ વરસાદ માટે પ્રાર્થના કરવામાં છે, પણ અમેરિકાની જેમ વરસાદના પાણીના એક એક ટીપાનો સંગ્રહ અને સદ્‌પયોગ થાય, એવી વ્યવસ્થા ઊભી કરતા નથી.

અમેરિકામાં છ ટકા લોકો ખેતીના વ્યવસાયમાં છે, છતાં ત્યાં ફેંકી દેવું પડે એટલું અનાજ થાય છે અને આપણે ત્યાં સિત્તેર ટકા લોકો ખેતીમાં હોવા છતાં હજી વિદેશથી તેલીબિયાં અને કઠોળની આયાત કરવી પડે છે. જો યજ્ઞો અને ક્રિયાકાંડોથી સમૃદ્ધિ આવતી હોત તો આપણે ત્યાં હજુ પણ ઓરિસ્સા, બિહારમાં ભૂખમરાથી લોકોએ મરવું ન પડત.

આપણે ચમત્કારરૂપ ભૂતપ્રેત, પુનર્જન્મ, આત્મા પરમાત્મા અને મંત્રતંત્ર જેવાં અર્થહીન ક્રિયાકાંડોમાંથી બહાર નીકળીને આધુનિક ટેકનોલોજી અપનાવીશું નહીં અને જીવનના પાયાના વ્યવહારોમાં વિવેકબુદ્ધિનો ઉપયોગ કરવાનું બુદ્ધિવાદી વલણ નહીં અપનાવીએ ત્યાં સુધી આપણી પ્રજા પ્રારબ્ધવાદી, અકર્મણ્યવાદી, આકાશ તરફ મીટ માંડનારી અને પ્રમાદી જ બની રહેવાની. આ જગત મિથ્યા નથી, પણ સત્ય છે એમ સ્વીકારીને **આપણા જીવનને બુદ્ધિપૂર્વકના આયોજનથી સુખી અને સમૃદ્ધ બનાવવાના કામમાં લાગી જવું જોઈએ.**

"આપણે હવે આકાશ તરફ મીટ માંડવાની કશી જરૂર નથી, એને બદલે આપણો પોતાનો જ પુરૂષાર્થ એ વસ્તુ સિદ્ધ કરી શકે તેમ છે."

આજના બધા વિધિ ધર્મો, સંગઠિત ધર્મો, જ્યારે ઉદ્‌ભવ્યા ત્યારે એમના મોટા ભાગના નિયમો અને આદેશો પાછળ શુભ ભાવના હતી. આ બધા જ ધર્મો પોતપોતાના સમય અને સ્થળના સંજોગોમાંથી જન્મેલા હતા. એ સંજોગો બદલાય એટલે કેટલાક નિયમો આપોઆપ જ 'આઉટ ઓફ ડેટ' થઈ જાય. બજારમાંથી મળતી બધી જ દવાઓ ઉપર 'એક્સપાયરી ડેટ' લખવાની જરૂર હતી પણ આવી તારીખ છાપેલી ન હોય એટલે એ આપોઆપ શાશ્વત બની જતા નથી. આપણે આ મહાન ભૂલ કરી અને પરિણામે મહાન ગૂંચવાડાઓના ચક્રવ્યૂહમાં સરી પડ્યા. જે વૈજ્ઞાનિકોએ પહેલી વાર જાહેર કર્યું, કે પૃથ્વી ગોળ છે અને સૂર્યની આસપાસ ફરે છે, એને એ સમયના ધર્મચક્ર પરિવર્તકોએ આકરી સજા કરી હતી. પોપ પોલે સદીઓ પછી એ વાતનો સ્વીકાર કર્યો કે વૈજ્ઞાનિકોને એ સમયના ધર્મચાર્યોએ કરેલી સજા એ મોટી ભૂલ હતી! પણ ક્યારેક ચા કરતાં કીટલી વધુ ગરમ હોય છે. પોપ પોલના હજારો અનુયાયીઓને હજુ આમાં ભૂલ નહીં દેખાતી હોય! ગાંધી ખુલ્લા મનનો હોય, પણ ગાંધીવાદી તો જડ જ હોય. **વૈચારિક જડતા જેવો અસાધ્ય કોઈ રોગ નથી અને માનસિક ગુલામી જેવી બૂરી કોઈ ગુલામી નથી.** એસ્પ્રો ખાવાથી માથું ઊતરી જાય, પણ મિથ્યા આદર્શોની આધાશીશી ઉતારવા માટેની કોઈ ગોળી બજારમાં મળતી નથી.

ડગલે ને પગલે આપણી આસપાસ પુરૂષાર્થ ભૂલીને બધુ પ્રારબ્ધ ઉપર છોડી દેવાની મનોવૃત્તિ હવે મહાવ્યાધિનું સ્વરૂપ લઈ રહી છે. આપણા ગામડાનો ખેડૂત દુકાળ પડે કે વરસાદ ઓછો પડે ત્યારે માથે હાથ દઈને નિસાસો નાખીને કહેશે, "આપણે કંઈક પાપ કર્યા છે, એની કુદરત સજા આપે છે." આમ બોલે ત્યારે એની નજર આકાશ તરફ હોય છે. આકાશ તરફ આપણી આંખો હોય ત્યારે આપણી બુદ્ધિ જાણે થીજી જાય છે. વિચારશક્તિ બુઠ્ઠી થઈ જાય છે. આકાશમાં ખોડાઈ ગયેલી આપણી આંખ આપણને કહે છે, બધું ઉપરથી જ નક્કી થાય છે. આપણા હાથમાં કંઈ જ નથી. આપણે ગમે તેટલા પ્રયત્નો કરીએ, પણ ઉપરવાળાની મંજૂરી વિના બધું જ વ્યર્થ છે.


આપણા હાથમાં શું ખરેખર જ કંઈ નથી? અને, ઉપરવાળો શું માણસને પાણી કે અનાજ મળે એવી સીધીસાદી, અસ્તિત્વ ટકાવનારી વાતમાં પણ પોતાની મંજૂરી આપવામાં હિચકિચાટ કરશે? શા માટે? માણસને ભૂખે મારવામાં ઉપરવાળાને શો રસ હોય?

આપણે ભૂલવું ન જોઈએ કે અત્યારે આપણે જે સુખવગવડો ભોગવીએ છીએ અને જે વૈજ્ઞાનિક શોધખોળોનો આનંદ માણીએ છીએ એ બધું પશ્ચિમી પ્રજાના પ્રચંડ પુરૂષાર્થનું પરિણામ છે. આપણે માત્ર અવારનવાર કોઈને કોઈ નિમિત્તે શોભાયાત્રા કાઢીએ છીએ. શોભાયાત્રા કાઢવામાં વાંધો નહીં પણ જો પુરૂષાર્થના ભોગે અને વૈજ્ઞાનિક શોધખોળોના ભોગે આમ કરીએ તો માથે હાથ દેવાનો વારો જ આવે. આપણે ૨૧મી સદીના નાગરિક છીએ. પણ વાસ્તવિકતા જોતા એવું લાગે છે કે હજી આપણે અણુયુગને બદલે છાણયુગમાં જ જીવીએ છીએ. આટલી હદે પ્રારબ્ધવાદ સારો નહીં, **પુરૂષાર્થ હંમેશાં પ્રારબ્ધથી આગળ રહેવો જોઈએ.** આપણે ત્યાં હજી ૨૫ થી ૩૦% જમીનમાં જ સિંચાઈ થાય છે. મહદઅંશે આપણે આકાશી ખેતી ઉપર નભીએ છીએ એને બદલે વૈજ્ઞાનિકતા તરફ વળશું તો ખેતી અને ઉદ્યોગ બંનેને લાભ થશે. ક્યારેક વરસાદ ઓછો પડે એટલે આપણે નિરાશ થઈ જઈએ છીએ. અનાજ અને કઠોળના ભાવ વધી જાય છે એને બદલે સિંચાઈ આધારિત ખેતી હોય તો આવું ન બને. આપણે હજી ઘઉં અને ચોખાની બાબતમાં જ સ્વાવલંબી છીએ. કઠોળ અને તેલીબિયાની હજી આપણે ત્યાં મોટી ખાધ રહે છે. પરિણામે આ વસ્તુ આયાત કરવી પડે છે. સ્વાવલંબન બધી બાબતમાં કરવું જોઈએ. હજી સુધી આપણે ચા અને મસાલાની નિકાસ કરીએ છીએ, પણ બાકીની બાબતોમાં આપણું અર્થતંત્ર આયાત કેન્દ્રિત છે એ બદલી અને સમતુલા લાવવી પડશે.

*સૌજન્ય પબ્લિકેશન્સ,*
*૫, સૌરાષ્ટ્ર કલાકેન્દ્ર સોસાયટી, રાજકોટ-૩૬૦ ૦૦૧.*
*ફોન : (૦૨૮૧) ૨૫૭૫૩૨૭*

વિચારમંચ

# શાસનવ્યવસ્થા ક્ષેત્ર



મુરજી ગડા

અત્યાર સુધી રાજાશાહી અથવા તો સરમુખત્યારી શાસનવ્યવસ્થા સર્વવ્યાપી હતી. રાજા અને એના નજીકના લોકો અમર્યાદ સત્તા અને સગવડો ભોગવતા હતા. એના પ્રમાણમાં સમાજની સુખાકારીમાં એમનો ફાળો નગણ્ય હતો. જૂજ અપવાદ બાદ કરતાં, મોટાભાગના રાજાઓ એશઆરામ કરતા. એમના ખુશામતિયા, પ્રજાનું દરેક પ્રકારે શક્ય એટલું શોષણ કરતા. એમનાથી બચવું અસંભવ હતું.

આટલું પૂરતું ન હોય તેમ ઘણા રાજા પોતાને ઈશ્વરના પ્રતિનિધિ હોવાનું ગણાવતા અને અજ્ઞાની લોકો તે અહોભાવથી સ્વીકારી લેતા. પ્રજાનુ ંમાનસ પરિવર્તન એટલી હદ સુધી કરી શકાતું કે રાજાને ક્યારે પણ જોયો ન હોય એવા લોકો પણ રાજાને કે એના વંશજોને બચાવવા પોતાના પ્રાણ આપી દેતા અચકાતા નહીં. પરાકાષ્ટા તો એ છે કે આજના માહિતીયુગ ગણાતા સમયમાં પણ કોઈ રાજકીય હસ્તીનું અવસાન થતાં એમના ચાહકોએ આત્મહત્યા કરી હોય એવા બનાવ બને છે. વ્યક્તિપૂજાની આનાથી વધુ અંતિમ હદ શું હોઈ શકે?

જાગીરદારી અને જમીનદારી પ્રથા પણ વિશ્વવ્યાપી હતી. આ જાગીરદારો / જમીનદારો રાજાની નાની પ્રતિકૃતિ જેવા હતા. એમની સત્તા અને પહોંચ મર્યાદિત હોવા છતાં એમની શોષણખોરી અમર્યાદ થઈ શકતી. રાજવંશ ચાલતો હોય ત્યાં સુધી એમની સત્તા પણ ચાલુ રહેતી. આ વ્યવસ્થા એટલી સજ્જડ હતી કે સદીઓ સુધી તે ટકી રહી.

અમેરિકામાં બ્રિટિશ હકુમત સામે તેમજ ફ્રાંસમાં રાજાશાહી સામે બળવો કરી લોકશાહી સ્થાપવાની શરૂઆત આશરે અઢીસો વર્ષ પહેલાં થઈ છે. એની પહેલાના લોકશાહીના જે દાવા કરવામાં આવે છે, તે લોકશાહી નહીં પણ અમીરશાહી (એરિસ્ટોક્રેસી) હતી. અમીરશાહીમાં સમાજનો ઉપલો વર્ગ રાજાની સત્તા થોડી ઓછી કરી પોતા માટે ખાસ સત્તા અને સવલતો મેળવવામાં સફળ થાય છે. જો કે આમપ્રજાને એમાં કોઈ અધિકાર નથી મળતા કે ફરક નથી પડતો. આમ પ્રજાને મતાધિકાર હોઈ શકે એવું તો કોઈની કલ્પનામાં પણ નહોતું. આપણું પ્રાચીન વૈશાલી કે રોમન સામ્રાજ્યની 'સેનેટ' કે તેરમી સદીનો ઇંગ્લેન્ડનો 'મેગ્નાકાર્ટા' આનાં ઉદાહરણ છે.

વીસમી સદીના મધ્યભાગથી લોકશાહી ઝડપથી ફેલાવા લાગી છે. બીજા વિશ્વયુદ્ધ પહેલાં ૨૫ જેટલા જ દેશોમાં લોકશાહી હતી, **આજે આશરે ૧૨૫ દેશોમાં લોકશાહી છે. ક્યાંક તે સહેલાઈથી સ્વીકારાઈ છે તો ક્યાંક પ્રજાને લોહિયાળ ક્રાંતિ કરવી પડી છે. હવેના સત્તાપલટામાં મીડિયા અને ટેક્નોલોજી અગત્યનો ભાગ ભજવી રહ્યા છે.** હજી બાકી રહેલા દેશોમાં ઘણા પ્રકારની ઉથલપાથલ પછી આવતા દાયકાઓમાં સત્તાપલટો લાવી લોકશાહી સ્થપાવાની પૂરી શક્યતા છે. હાલ આરબ દેશોમાં થઈ રહેલા આંતરવિગ્રહો એનું તાજેતરનું દૃષ્ટાંત છે.

**લોકશાહીની સૌથી મોટી ખાસિયત એ છે કે એમાં સત્તાનું વિકેન્દ્રીકરણ કરવામાં આવે છે.** દરેક સત્તાકેંદ્ર અન્ય કેન્દ્ર પ્રત્યે જવાબદાર હોય છે કે પછી સીધું પ્રજા પ્રત્યે જવાબદાર હોય છે. વળી દરેક સત્તાધીશોનો શાસનકાળ પણ મર્યાદિત સમય માટે હોય છે. **દરેક શાસક વર્ગને ફરીથી ચૂંટાઈ આવવા નિયત સમયે પ્રજા પાસે જવું પડે છે.** કમનસીબે, આ જ એની મોટી મર્યાદા અને નબળાઈ પણ બની જાય છે. ચૂંટણી ટાણે દરેક પક્ષ પોતાની જીત માટે દેશના લાંબાગાળાના હિતને બાજુએ રાખી મતદારોને ગેરવાજબી વચનો આપે છે અને સવલતોની છૂટથી લહાણી પણ કરે છે. લાંબેગાળે દેશને તે ખૂબ મોંઘું પડે છે.

બધા દેશોની લોકશાહી હજી ઉત્ક્રાંતિકાળમાંથી પસાર થઈ રહી છે. વિવિધ લોકશાહી દેશોની શાસનપદ્ધતિ વચ્ચે પણ ઘણો ફરક છે. સમય જતાં નબળાઈઓનો ઉકેલ લાવી લોકશાહી પરિપક્વ થવી જરૂરી છે. લોકશાહીની વ્યાખ્યા પ્રમાણે એ જ્યારે પણ **ખરા અર્થમાં લોકોની, લોકો માટે અને લોકો દ્વારા ચાલતી શાસનવ્યવસ્થા થશે ત્યારે આ ક્ષેત્રના માળખાકીય શોષણનો અંત નજીક દેખાશે.**

ભારતના સંદર્ભમાં વાત કરીએ તો પરિસ્થિતિ એટલી આશાસ્પદ નથી. **ભારત લોકશાહી દેશ ખરો પણ આપણી લોકશાહી અધકચરી છે.** એ લોકશાહી અને અમીરશાહીનું મિશ્રણ છે. રાજકારણમાં વંશવાદ મોટો ભાગ ભજવે છે. ઉપરાંત એમાં અસામાજિક તત્ત્વો ઘૂસી આવ્યા છે. વસતિની વિપુલતા ઉપરાંત જ્ઞાતિ, વર્ણ, ભાષા, ધર્મ વગેરેની વિવિધતાને લીધે બધા પ્રશ્નો જટીલ બની જાય છે. ચૂંટણી ટાણે એનો ભરપૂર દુરુપયોગ કરાય છે. અન્યાય અને શોષણના જન્મદાતા એવા

કાયદા વ્યવસ્થામાં ઢીલ, વ્યાપક ભ્રષ્ટાચાર, ધાર્મિક ઘેલછા, ઊંચનીચના ભેદભાવ વગેરે અન્યાય ઘટાડવામાં બાધક બને છે.

આ સમય દરમિયાન પરંપરાગત શોષકોને દૂર કરવાની સાથે નવા સત્તાધીશો પોતે શોષક ન બની જાય એનો ખ્યાલ રાખવો ઘણો જરૂરી છે. અફસોસની વાત એ છે કે જ્યારે જનસામાન્યને એનો ખ્યાલ આવે છે ત્યારે ઘણું મોડું થઈ ગયું હોય છે. એના દાખલા મોજુદ છે. **આપણી લોકશાહીમાં રાજાઓ અને જમીનદારોની જગ્યાએ હવે રાજકારણીઓ, અમલદારો, પોલીસતંત્ર, ઉદ્યોગપતિઓ વગેરેએ પ્રજાનું શોષણ ચાલુ રાખ્યું છે.** દેશમાં અવારનવાર ચાલતી ભ્રષ્ટાચાર વિરોધી ચળવળ તેમજ માહિતીનો અધિકાર (આર.ટી.આઈ.) લોકશાહીને પરિપક્વ બનાવવાની દિશામાં એક અગત્યનું પગલું છે, પણ એ પૂરતું નથી. વ્યાપક સ્તરે જનજાગૃતિની જરૂર છે.

ભારતની ભાષાઓ, જ્ઞાતિઓ, ધાર્મિક સંગઠનો વગેરેની વિવિધતાને "દેશની શક્તિ" કહેનારનો માત્ર રાજકીય હેતુ હોય છે. હકીકતમાં આટલી બધી વિવિધતા, જટીલતા બની જાય છે. **આ વિવિધતાને લીધે ઊભા થતા પ્રશ્નો ઉકેલવામાં જ આપણા અઢળક સમય, શક્તિ અને સંપત્તિ વપરાઈ જાય છે. પરિણામે દરેક ક્ષેત્રની પ્રગતિ રૂંધાય છે.**

આવી બધી નબળાઈઓ છતાં લોકશાહી એ અત્યાર સુધીની ઓછી અન્યાયી અને ન્યૂનતમ શોષણવાળી શાસનવ્યવસ્થા સાબિત થઈ છે. એ દિશામાં આગળ વધવા માટે પૂરી દુનિયાના લોકો ઉત્સુક છે, એ એના ઉમદાપણાનો પુરાવો છે. આગળ વધવાની દિશા નક્કી થવા સાથે રસ્તો પણ સ્પષ્ટ દેખાય છે. સવાલ માત્ર એના માટે આપવા પડતા ભોગ અને જરૂરી સમયનો છે. વૈશ્વિકીકરણ અને માહિતીયુગને લીધે હવે રાજાશાહી કે નવી સરમુખત્યારી તરફ પાછા જવાની શક્યતા નહિવત્ છે. જો કે સમાજનો એક વર્ગ એવું પણ માને છે કે લોકશાહી વધુ પડતી ઉદાર થાય અથવા તો ભ્રષ્ટાચાર હદ બહાર વધી જાય તો સરમુખત્યારી ફરી પાછી આવી શકે છે. ભવિષ્ય કોઈ જાણી નથી શકતું **છતાં એટલું જરૂર કહી શકાય કે લોકશાહી સામે બાહ્ય ઓછો પણ આંતરિક ખતરો વધુ છે.**

કહેવાયું છે કે સત્તા સાથે જવાબદારી પણ આવે છે. અશિક્ષિત અને બેજવાબદાર પ્રજા જ્યારે એમના મતાધિકારનો યોગ્ય ઉપયોગ નથી કરતી ત્યારે તે એના માટે શાપ બની જાય છે. પછીનાં પાંચ વરસ માટે દેશને એની આકરી કિંમત ચૂકવવી પડે છે. આટલી મર્યાદા છતાં જે પણ સ્વરૂપે આપણી લોકશાહી છે તે ભૂતકાળની અન્ય શાસન વ્યવસ્થાઓ કરતાં વધુ સારી છે. એને પરિપક્વ કરવામાં બધાએ બને તેટલો ફાળો આપવાનો છે. બીજો કોઈ વધુ સારો વિકલ્પ હાલ તો કોઈની પાસે નથી.

*૧, શ્યામ વાટિકા સોસાયટી, વાસણા રોડ, વડોદરા-૩૯૦ ૦૦૭. મો. ૯૭૨૬૭ ૯૯૦૦૯*

## કચ્છ જિલ્લામાં છ દસકામાં જૈન સમાજની વસતિમાં ૬૦ ટકાનો ઘટાડો

જૈન સમાજ કચ્છની આગવી ઓળખ છે. કચ્છના લગભગ તમામ વિસ્તારોમાં જૈન સમાજના લોકો વસવાટ કરે છે પરંતુ કચ્છમાં તેની વસ્તીમાં મોટો ઘટાડો થઈ રહ્યો છે. હકીકત એવી છે કે, ધંધા - રોજગાર, શિક્ષણ જેવી મુળભુત જરૂરિયાતો વગેરેના કારણે મહાજન ગણાતી વણિક અને લોહાણા જ્ઞાતિના અનેક પરિવારો કચ્છ છોડીને અન્ય સ્થળોએ જઇને ત્યાં સ્થિર થયા છે. રેકર્ડ પર નોંધાયેલા આંકડા અનુસાર કચ્છમાં છ દાયકામાં માત્ર જૈન સમાજની વસ્તીમાં ૬૦ ટકાનો ઘટાડો થયો છે. વસતી ગણતરીમાં નોંધાયેલા આંકડા અનુસાર વર્ષ ૧૯૬૧માં કચ્છમાં ૬૩ હજારથી વધુ જૈનો વસવાટ કરતા હતા. તેની સામે છેલ્લે ૨૦૧૧માં થયેલી ગણતરીમાં આ વસ્તી ઘટીને ફક્ત ૨૫ હજાર જેટલી જ રહી છે. ટકાવારીની દૃષ્ટિએ ૧૦ દાયકા અગાઉના પ્રમાણમાં હાલ ફક્ત ૪૦ ટકા જૈનો જ કચ્છમાં વસવાટ કરે છે.

**તાલુકા મુજબ વસતી**

| તાલુકો | વસ્તી |
|---|---|
| અબડાસા | ૯૧૦ |
| અંજાર | ૧,૬૫૫ |
| ભચાઉ | ૨,૫૯૩ |
| ભુજ | ૮,૨૬૨ |
| ગાંધીધામ | ૩,૧૮૫ |
| લખપત | ૩૩ |
| માંડવી | ૩,૭૭૩ |
| મુંદ્રા | ૨,૧૫૮ |
| નખત્રાણા | ૪૧૫ |
| રાપર | ૨,૩૨૮ |

**કચ્છમાં જૈન સમાજની વસતી**

| વર્ષ | વસતી |
|---|---|
| ૧૯૬૧ | ૬૩,૬૧૫ |
| ૧૯૭૧ | ૫૨,૬૯૧ |
| ૧૯૮૧ | ૫૭,૪૫૪ |
| ૧૯૯૧ | ૫૭,૮૦૦ |
| ૨૦૦૧ | ૨૩,૮૯૪ |
| ૨૦૧૧ | ૨૫,૩૧૨ |

***નોંધ :*** વર્ષ ૨૦૧૧ની સત્તાવાર વસતી ગણતરીના આધારે

સૂત્રોના જણાવ્યા અનુસાર જૈન સમાજ ખૂબ જ હોંશિયાર અને મહાજન વ્યવસ્થા ગણાય છે. આવી જ્ઞાતિઓ કચ્છ છોડીને અન્યત્ર જતી રહેતી હોય, તે બાબત ચિંતાજનક કહી શકાય. કચ્છમાંથી લગભગ જૈનો મુંબઈ જેવા મેટ્રો શહેરોમાં જઈને વસવાટ કરવા લાગ્યા છે. આ સિવાય, અમદાવાદ - ગાંધીનગર જેવા સ્થળોએ પણ કચ્છના જૈનોએ વસવાટ કર્યો છે. કચ્છના સંખ્યાબંધ ગામોમાં અગાઉ જૈન વેપારીઓની દુકાનો ધમધમતી હતી. ભુજ શહેરમાં આખો વિસ્તાર વાણિયાવાડ તરીકે ઓળખાય છે. કચ્છના ગામડાઓમાં આવી દુકાનો આજે ખંડેર હાલતમાં તેના ભવ્ય ભૂતકાળની સાક્ષી પૂરી રહી છે. અલબત્ત, કચ્છ છોડીને ગયેલા જૈનો કાયમી વતન સાથે સંકળાયેલા રહે છે. વેકેશન, પર્યુષણ, અન્ય ધાર્મિક પ્રસંગો, દેવ-દેવીઓ, દેવસ્થાન, કુળદેવી તથા મેળાઓ જેવા સામાજિક - ધાર્મિક પ્રસંગોએ તેઓ વતનની મુલાકાત લેવાનું ચૂકતા નથી.

પ્રજાતંત્ર

# દેશદ્રોહ કે રાજદ્રોહ – કોણ નક્કી કરશે?



મિતેષ સોલંકી, જર્નાલિસ્ટ
M.Sc., M.Phil., MBA

*આ દેશમાં દેશદ્રોહ અને રાજદ્રોહ સંબંધી કાનૂન અંતર્ગત જે જોગવાઈઓ છે તે ખૂબ જ સૂક્ષ્મ સ્વરૂપની છે. તેની વ્યાખ્યા ખરા અર્થમાં સમજવી જોઈએ. બીજી તરફ, લોકશાહીના પાયારૂપ સિધ્ધાંત – અભિવ્યક્તિની સ્વતંત્રતા પર નિયંત્રણ મૂકાતો હોય તેવો ભાવ પણ ઉત્પન્ન થતો રહે છે. હકીકતમાં જોઈએ તો અમુક કાયદાકીય જોગવાઈઓ સ્પષ્ટ છે એટલે તેનો અર્થ ભિન્ન ભિન્ન સ્વરૂપે થઈ શકે છે. આ બધી પ્રક્રિયાની આંટીઘૂંટી પ્રસ્તુત લેખમાં તજજ્ઞ લેખકશ્રીએ ખૂબ જ વિસ્તૃત રીતે સમજાવવાનો એક ઉમદા પ્રયાસ કર્યો છે. વાચકવર્ગને આ બધી વિગતની જાણકારી થાય તથા ઉપયોગી થાય તે રીતે રજૂ કરી છે. આશા છે કે વાચકવર્ગ તેનો પ્રતિસાદ આપશે.*

*– તંત્રી મંડળ*

ચૂંટણીનો માહોલ છે અને વિવિધ રાજકીય પક્ષો વચનોની લહાણી કરતા જોવા મળે છે. તાજેતરમાં રાજકીય પક્ષના ઢંઢેરામાં દર્શાવેલી એક બાબત ચર્ચાના ચકડોળે ચડી ગઈ છે. મેનિફેસ્ટો મુજબ જો કોંગ્રેસની સરકાર બનશે તો ભારતીય દંડ સંહિતા (IPC) ૧૨૪-A માં સંશોધન કરીને યોગ્ય રીતે નાબૂદ કરવામાં આવશે.

થોડા વર્ષોથી દેશમાં બે શબ્દો પ્રચલિત બન્યા છે : **દેશદ્રોહ** અને **રાજદ્રોહ**. આજના લેખમાં આગળ વધતા પહેલા આપણે આ બંને શબ્દોને થોડો સમજવાનો પ્રયત્ન કરી લઈએ.

**દેશદ્રોહ એટલે ભારત દેશનો નાગરિક જો દેશ સાથે વિશ્વાસઘાત કરે, દેશને નુકસાન પહોંચાડવાનું કૃત્ય કરે, તો દેશદ્રોહ કહેવાય.** જે ખૂબ ગંભીર બાબત કહેવાય.

**રાજદ્રોહ એટલે સ્થાપિત સરકાર સામે ધિક્કાર / તિરસ્કાર / અનાદર કરવો.** કલમ-૧૨૪એ રાજદ્રોહને વ્યાખ્યાયિત કરે છે. જો કોઈ વ્યક્તિ બોલેલા, લખેલા શબ્દો કે ચિહ્નો વડે અથવા જોઈ શકે તેવી નિશાનીઓ દ્વારા ભારતમાં કાયદાથી સ્થપાયેલી સરકાર પ્રત્યે ધિક્કાર અથવા તિરસ્કાર કે અનાદર પેદા કરે અથવા તેમ કરવાનો પ્રયત્ન કરે તો તે રાજદ્રોહ કહેવાય છે.

કલમ-૧૨૪A, લોકશાહીના પાયારૂપ સિધ્ધાંત – અભિવ્યક્તિની સ્વતંત્રતા (આર્ટિકલ-૧૯(૧)) પર નિયંત્રણ મૂકતી હોય તેવો ભાવ ઉત્પન્ન થાય છે. લોકશાહીમાં વ્યક્તિને પોતાની અસહમતિ પ્રદર્શિત કરવાનો મુળભૂત અધિકાર છે. આ કલમની અસ્પષ્ટ જોગવાઈના કારણે જ ગયા વર્ષે સર્વોચ્ચ અદાલતે ઈન્ફોર્મેશન એક્ટની કલમ-૬૬A ને પણ રદ કરવાનો આદેશ આપ્યો. તે સમયે ઘણા લોકોએ કલમ-૧૨૪A ને પણ રદ કરવાની માંગ કરી હતી.

આ કલમના આધારે વ્યક્તિને જન્મટીપ અને દંડ અથવા ત્રણ વર્ષ સુધીની કેદ અને દંડ થઈ શકે છે. ૧૨૪-A પોલીસ અધિકારનો ગુનો બને છે જે બિનજામીનપાત્ર ગુનો છે.

આ કલમ અંતર્ગત પોલીસને કેટલાક અબાધિત અધિકાર મળી જાય છે. તેમજ સરકાર સાથે અસહમતિ ધરાવતા / દર્શાવતા લોકોને કાયદાકીય રીતે હેરાન કરવાના દૃષ્ટાંત પણ જોવા મળે છે. આ કલમ અંગે કેટલાક સ્પષ્ટીકરણ અહીં જાણી લેવા જરૂરી છે. નીચે દર્શાવેલ સ્પષ્ટીકરણ સામાન્ય લોકો નથી જાણતા અને તેથી કલમનો દુરુપયોગ થાય તો પણ સમજી શકતા નથી.

૧. સ્થાપિત સરકાર સામેની બિનવફાદારી અને દુશ્મનાવટની દરેક લાગણીનો આ કલમમાં સમાવેશ થાય છે.

૨. સરકારના પગલામાં ધિક્કાર, તિરસ્કાર અને બિનવફાદારી ફેલાવ્યા વગર નાપસંદવાળી ટીકા કલમમાં ગુનો બનતી નથી.

૩. સરકારના વહીવટી અથવા બીજા કાર્યો પ્રત્યે ધિક્કાર, તિરસ્કાર કે બિનવફાદારી ફેલાવ્યા વગર નાપસંદ કરતી ટીકા ગુનો બનતી નથી.

વાસ્તવમાં આ કલમની જોગવાઈઓ સ્પષ્ટ ન હોવાથી શબ્દોનો અર્થ ઘણી રીતે કરી શકાય છે અને તેની આડમાં કલમનો ઉપયોગ / દુરુપયોગ કરવો સરળ છે.

સ્વતંત્રતા મળી તે પહેલાથી લઈને આજ સુધીમાં ઘણા

લોકોની આ કલમની આડમાં ધરપકડ કરવામાં આવી છે. જેમાં સામાજિક સેવક, નેતા, આંદોલનકર્તા, પત્રકાર, શિક્ષક તેમજ વિદ્યાર્થીનો પણ સમાવેશ થાય છે. હાલમાં ઉપરોક્ત આરોપ (દેશદ્રોહ) અંતર્ગત જવાહરલાલ નહેરુ વિશ્વ વિદ્યાલયના કેમ્પસમાં **કનૈયાકુમાર અને ઉમરખાલીદ દ્વારા** દેશ વિરોધી સૂત્રો ઉચ્ચારવા બદલ દેશદ્રોહનો કેસ ચાલી રહ્યો છે.

● **કલમ-૧૨૪A નો ઇતિહાસ અને ઉદ્‌ભવ :**

ઉપરોક્ત કલમ વર્ષ ૧૮૭૦માં બ્રિટીશ સરકાર દ્વારા ભારતમાં લાગુ કરવામાં આવી. પરંતુ તે ચર્ચાનો મુદ્દો ત્યારે બની જ્યારે વર્ષ ૧૯૦૮માં બાળ ગંગાધર તિલકને પોતાના સમાચારપત્ર કેસરીમાં એક લેખ લખવાના કારણે છ વર્ષની સજા આપવામાં આવી. આ લેખનું શિર્ષક હતું – "દેશનું દુર્ભાગ્ય."

આ ઉપરાંત વર્ષ ૧૯૬૨માં મહાત્મા ગાંધીને પણ કલમ-૧૨૪A અંતર્ગત આરોપી બનાવવામાં આવ્યા હતા કારણકે તેમણે અંગ્રેજ સરકારના વિરોધમાં ત્રણ લેખ લખ્યા હતા. ત્યારે ગાંધીજીએ પણ આ કલમની આલોચના કરી હતી અને કહ્યું હતું કે કલમ-૧૨૪A ભારતીય લોકો માટે દમનકારી છે.

સ્વતંત્રતા પછી વડાપ્રધાન જવાહરલાલ નહેરુએ પણ કહેલું કે જો તેમનું ચાલે તો તેઓ કલમ-૧૨૪A ને રદ કરી દે.

● **શા માટે આ કલમ રદ કરવી જરૂરી છે?**

૧. આગળ જણાવ્યું તેમ બંધારણ દ્વારા મળેલ અભિવ્યક્તિની સ્વતંત્રતાનું દમન કરે છે. તજજ્ઞોની દલીલ એવી છે કે બંધારણના આર્ટિકલ-૧૯(૧)-અ માં પહેલાથી જ અભિવ્યક્તિની સ્વતંત્રતા પર વ્યાજબી નિયંત્રણ મૂકવામાં આવેલ છે. તો પછી કલમ-૧૨૪A ની જરૂર દેખાતી નથી.

૨. ધાર્મિક ઉન્માદ ફેલાવવા માટે, સામાજિક દ્વેષ ફેલાવવા માટે, શાંતિ અને વ્યવસ્થાને નુકસાન પહોંચાડવાની બાબત માટે તેમજ કોઈની પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડવા જેવા ગુના માટે ભારતીય દંડ સંહિતા (IPC)માં અલગ અલગ કલમની જોગવાઈઓ આપેલી જ છે. તેથી કલમ-૧૨૪A ની જરૂર જણાતી નથી.

**એવો એક તર્ક પણ પ્રચલિત છે કે કલમ-૧૨૪A રાખવામાં સરકારને રસ છે કારણકે આ કલમની આડમાં એવા લોકોને નિયંત્રણમાં રાખી શકાય છે, જે સરકાર વિરુદ્ધ પોતાની ભાવનાઓ વ્યક્ત કરતા હોય.** ઉદાહરણ તરીકે જાણીતા કાર્ટુનિસ્ટ **અસીમ ત્રિવેદી**એ સંસદ ભવનનું એક કાર્ટુન બનાવતા વર્ષ ૨૦૧૨માં મહારાષ્ટ્રની સરકારે દેશદ્રોહ (?)નો આરોપ લગાવી તેમની ધરપકડ કરી હતી. તે સમયે સર્વોચ્ચ અદાલતે તેમજ પ્રેસ કાઉન્સિલના તત્કાલીન **અધ્યક્ષ માર્કંડેય કાત્જુ**એ આ ધરપકડને ગેરકાયદેસર ઠેરવી હતી. તેમણે જણાવ્યું હતું કે જો અસીમ ત્રિવેદી સામે ગુનો જ દાખલ કરવો હતો તો "રાષ્ટ્રીય સન્માનના અપમાન બાબતના કાયદા" (Insulting of National Honour Act) અંતર્ગત કાર્યવાહી કરવી જોઈતી હતી. ચારેબાજુથી જ્યારે સરકાર પર દબાણ વધ્યું ત્યારે મહારાષ્ટ્ર સરકારે તેમ કરવું પડ્યું હતું.

આ કલમનો વિરોધ કરનાર વર્ગ એક એવો તર્ક પણ આપે છે કે **કોઈપણ લોકશાહીમાં નાગરિકોને મળતા બધા અધિકારોમાં સૌથી મોટો અધિકાર અસહમતિ પ્રદર્શિત કરવાનો છે.** જો દેશના કોઈ નાગરિકને લાગે કે દેશની વ્યવસ્થામાં કોઈ ખામી છે તો તેનો વિરોધ કરી શકે છે. પરંતુ આ વિરોધને દેશપ્રેમની એરણ પર ચડાવીને રાજદ્રોહના ગુનાને દેશદ્રોહનો ગુનો સાબિત કરવાનો પ્રયત્ન કરવામાં આવે છે.

જાણીતા સમાજશાસ્ત્રી **આશિષ નંદી**નું ઉદાહરણ જોઈએ. ગુજરાતના હુલ્લડો ઉપર ગુજરાત સરકારની ટીકા કરતો એક લેખ તેમણે લખ્યો હતો ત્યારે તત્કાલીન સરકારે વર્ષ ૨૦૦૮માં આશિષ નંદી ઉપર દેશદ્રોહનો ગુનો નોંધ્યો હતો. ત્યારબાદ સર્વોચ્ચ અદાલતે આ બાબતે સરકારને કડક ઠપકો આપ્યો હતો અને ચુકાદાને હાસ્યાસ્પદ ગણાવ્યો હતો. આ પ્રકારના તો ઘણા ઉદાહરણ મળી રહે જેમકે છત્તીસગઢના સામાજિક કાર્યકર **વિનાયક સેન**, ઉત્તર પ્રદેશમાં પત્રકાર **સીમા આઝાદ**, હરિયાણાના હિસ્સાર વિસ્તારમાં કેટલાક દલિતો પર દેશદ્રોહના ગુના દાખલ કરવામાં આવ્યા હતા.

સૌથી મોટો પ્રશ્ન એ જ છે કે વિશ્વમી સૌથી મોટી લોકશાહીનો દાવો કરતા ભારત દેશમાં "દેશદ્રોહ" જેવા શબ્દને શા માટે સ્થાન મળવું જોઈએ? **આ પ્રશ્ન પૂછવાનું કારણ એ છે કે કલમ-૧૨૪A ભારતને ભેટ આપનાર ઇંગ્લેન્ડ દેશમાં પણ આ કલમ રદ કરી દેવામાં આવી છે.**

● **અત્યાર સુધીમાં કલમ-૧૨૪A ને લઇને કયા પગલા લેવામાં આવ્યા છે?**

કલમ-૧૨૪A ની અસ્પષ્ટ જોગવાઈઓને દૂર કરવા માટેની માંગ લાંબા સમયથી કરવામાં આવી રહી છે.

૧૯૬૦ના દસકમાં સર્વોચ્ચ અદાલતે એક મહત્ત્વપૂર્ણ ચુકાદો આપ્યો હતો. આ ચુકાદો વર્ષ ૧૯૬૨માં "કેદારનાથ સિંહ વિરુદ્ધ બિહાર સરકાર" કેસમાં આપવામાં આવ્યો હતો. આ કેસ અંતર્ગત સર્વોચ્ચ અદાલતે સુનાવણી દરમિયાન કલમ-૧૨૪A ની તપાસ કરી હતી અને સ્પષ્ટ કર્યું હતું કે કલમ-૧૨૪A બંધારણ સાથે સુસંગત તો છે પરંતુ તેની મર્યાદા નક્કી કરી દીધી હતી. સર્વોચ્ચ અદાલતે પોતાના ચુકાદામાં સ્પષ્ટ કર્યું

હતું કે કોઈ વ્યક્તિને દેશદ્રોહી ત્યારે જ માની શકાય જ્યારે તેના કૃત્યના કારણે ખૂબ મોટા પ્રમાણમાં હિંસા ભડકી હોય. તેનો અર્થ કે જ્યાં સુધી સુરક્ષાનું સંકટ સાબિત ન થાય ત્યાં સુધી કોઈ પણ કૃત્યને દેશદ્રોહની શ્રેણીમાં મૂકી શકાય નહીં.

વર્ષ ૨૦૧૧માં પણ સર્વોચ્ચ અદાલતે એક ચુકાદામાં કહ્યું કે અન્ય કલમની જેમ જ કલમ-૧૨૪A ને પણ નાગરિકોના મુળભૂત અધિકારોની સાથે અનુકૂળ થાય તે રીતે જોવી જોઈએ. એક રીતે ઉપરોક્ત વિધાનો કલમ-૧૨૪A માં સંશોધન કહી શકાય. તેમ છતાં દેશદ્રોહના આરોપ અંતર્ગત ધરપકડ કરેલા વ્યક્તિની બાબતમાં ઉપરોક્ત ચુકાદાઓની ટીકાનું પાલન કરવામાં આવતું નથી.

વર્ષ ૨૦૧૨માં કુડનકુલમ પરમાણું પ્લાન્ટનો વિરોધ કરતા સાત હજાર પ્રદર્શનકારીઓ પર તામિલનાડુ સરકારે દેશદ્રોહનો આરોપ લગાવ્યો હતો.

રાષ્ટ્રીય ગુના નોંધણી વિભાગ (National Crime Record Bureau) મુજબ વર્ષ ૨૦૧૪ દરમિયાન જ કુલ ૪૭ દેશદ્રોહની ફરિયાદ થઇ અને ૫૮ ધરપકડ કરવામાં આવી. જેમાંથી માત્ર ૧ વ્યક્તિ ઉપર જ ગુનો સાબિત થઈ શક્યો.

શું આ સંજોગોમાં એકવાર ફરીથી કલમ-૧૨૪A ની સીમાઓ સ્પષ્ટ રીતે નક્કી કરવાનું જરૂરી નથી બન્યું?

*(મિનિકટ : આ લેખને દેશદ્રોહનો ગણવામાં ન આવે તો સારું.)*

## તવારીખે ગુજરાત

**(અનુસંધાન : પાના નં.-૧૪ ઉપરથી ચાલુ)**

(જાન્યુઆરી) અમદાવાદના લોકો પાસેથી હથિયાર લઈ લેવામાં આવ્યા. જેમાં બંદૂક, તલવારની સંખ્યા ૨૫,૦૦૦ હતી.

★ "હું મારા દેશના પોશાકમાં જ અમેરિકાનાં પ્રમુખ - અબ્રાહમ લિંકનને મળવા માગું છું" અને મુલાકાત લીધી તે હતા ગુજરાતના પારસી શાહ પેસ્તનજી મહેર હોમજી અને તેમના મિત્ર ડોસાભાઈ ફરામજી કામા.

★ જ્યારે ગુજરાતની ધરતી પર વિમાન ઉડવાના ચાલુ થયા ત્યારે સુરત પાસેના ડુમસથી સૌપ્રથમ મુંબઈ જનારા ગુજરાતી બાબુભાઈ સોલંકી હતા.

★ વડોદરા તથા કાઠી રાજાઓના લશ્કરમાં ૧૭મી સદીમાં મૂળ આરબો હતા. મૂળ એટલે જેના પૂર્વજો પ્રથમ અરબસ્તાનથી આવેલા એવા વંશના.

★ ગુજરાતમાં પ્રથમ કેરોસીન ઇ.સ. ૧૮૯૩માં ન્યુયોર્કથી આવ્યું. જ્યારે તે સમયે તેલ, દીવેલ, મિણબત્તીના દીવા ઘેરઘેર સળગતા હતા. કેરોસીન વિશે પ્રથમ વિરોધ થયેલો. પાછળથી ઘેરઘેર આ નવું ઘાસતેલ વપરાવા લાગ્યું.

★ મારવાડ, મેવાડ અને સરહદે ગુજરાતની હદ નક્કી કરવા પહેલા કહેવત હતી, "આંબલા આંબલા મેવાડ, બબૂલ બબૂલ મારવાડ ઔર આમ આમ (આંબાના વૃક્ષો) ગુજરાત." આંબલા મેવાડમાં, બાવળ મારવાડમાં અને આંબા ગુજરાતમાં.

★ કાઠિયાવાડથી સૌપ્રથમ રૂપજી ધનજીનું કુટુંબ દીવથી મુંબઈ પોર્ટુગિઝ વહાણમાં આવ્યું અને મોદીખાનું સંભાળ્યું હતું. પોર્ટુગિઝના રાજવીએ કન્યાદાનના દહેજમાં બ્રિટનના શાહી રાજકુંવરને મુંબઈ ટાપુ ભેટ આપ્યો. ત્યાર પછી બ્રિટીશ સરકારનું મોદીખાનું રૂપજી ધનજી શેઠે જ સંભાળેલું. ■

## લીલી ક્રાંતિ

**(અનુસંધાન : પાના નં.-૧૫ ઉપરથી ચાલુ)**

● **કચ્છમાં ખારેક જ નહીં, ખજૂર પણ ઊગી શકે :**

પરંપરાગત પાકો લેવાની જૂની, રૂઢિગત માનસિકતા છોડવાની કિસાનોને શીખ આપતાં ડૉ. અમોલ જૈન કહે છે કે, **કચ્છની જમીન પર ઘણું બધું ન થઈ શકે તેવી ગેરસમજણ દૂર કરવાનો સમય પાકી ગયો છે.**

**ખારેક**માં જેમ કચ્છી કિસાનોને સફળતા મળી તે જ રીતે **ખજૂર** પણ ઊગાડી શકાય, તેની પ્રતીતિ કરાવતા અદાણી જૂથે મુંદ્રા પોર્ટની અંદર જ ઇઝરાયેલના 'મેકજૂલ' ખજૂરના વાવેતરનો પ્રયોગ શરૂ કરી દીધો છે.

મહારાષ્ટ્રના અકોલામાં જન્મેલા ૪૫ વર્ષીય ડૉ. જૈને બે વાર પીએચ.ડી. કર્યું છે. ટકાઉ બાગાયત પર અમેરિકામાંથી અને કચ્છમાંથી ચેરિયા પર પીએચ.ડી. કરનાર અમોલભાઈએ મહત્ત્વની માહિતી આપતાં કહ્યું હતું કે, કચ્છ, ગુજરાત સહિત દેશભરના કાંઠાળ વિસ્તારોમાં ૨૮૮૯ હેક્ટરમાં અદાણી જૂથે ચેરિયાનું વાવેતર કર્યું છે, તો ૧૨૫૪ હેક્ટરમાં ચેરિયાનું સંરક્ષણ કરાય છે.

ઇઝરાયેલ, હોલેન્ડ, સિંગાપોરમાં કામ કરી આવેલા ડૉ. જૈન કહે છે કે, અદાણી જૂથ પર્યાવરણ સંવર્ધનની હરિત પ્રવૃત્તિ દ્વારા દર વર્ષે ૧ લાખ ૧૪ હજાર ટન કાર્બન ડાયોક્સાઈડ વાતાવરણમાંથી બહાર કાઢીને ૯૦ હજાર ટન પ્રાણવાયુ પર્યાવરણમાં પૂરો પાડે છે.

બાળકોમાં પ્રકૃતિ, પર્યાવરણ, આયુર્વેદની સમજણ, જ્ઞાન વધારવાના આશય સાથે અદાણી જૂથે બોટનિકલ પાર્કનું નિર્માણ કર્યું છે. જેમાં સ્થાનિક પંખીઓ, વનસ્પતિઓ, ફૂલછોડ વગેરે મૂકી, જંગલ જેવો માહોલ રચી, શાળાના બાળકોને ઇકો ટૂર કરાવશે. આવી હરિત પ્રવૃત્તિઓ નજરે જોયા પછી સફળ પ્રયોગોથી પ્રભાવિત થનાર સમાજચિંતકો એકીઅવાજે કહી રહ્યા છે કે અદાણી ગ્રુપની જેમ **દરેક ઉદ્યોગગૃહો સહિયારા પ્રયાસો કરે તો કચ્છમાં હરિતક્રાંતિ અશક્ય નથી.** ■

સાયન્સ ટેકનોલોજી

# જ્યાં વર્ચ્યુઅલ લાઇકની સંખ્યા તમારું વાસ્તવિક સ્ટેટસ નક્કી કરશે....



પાર્થ દવે, ફ્રીલાન્સ પત્રકાર

*અતિશય ઝડપે વધી રહેલી ટેકનોલોજી અને તેમાં સખત ડૂબી રહેલો મનુષ્ય, પરિણામ શું આવશે? આ વિશે 'બ્લેક મિરર' નામના બ્રિટીશ શો માં રોમાંચક અને ભયંકર કલ્પના કરાઈ છે. ભવિષ્યમાં મશીનો શું શું કરી શકશે એ વિશે થોડી વાતો કરીએ.*

નવા વર્ષના રુબરુ 'રામ રામ' કરતાં મેસેજ વધારે થાય છે. ગ્રીટિંગ કાર્ડસનો એક સમયે બિઝનેસ ખૂબ ચાલ્યો. પશ્ચિમી કહી તેનો વિરોધ પણ થયો છતાંય તે ખૂબ વેચાયા અને વહેંચાયા. હવે ગ્રિટીંગ કાર્ડસ, લગ્નની કંકોત્રી વગેરે વૉટ્સઅપ, ફેસબુક પર વહેંચાય છે, શૅર કરાય છે. લગ્નનું આમંત્રણ માત્ર ફેસબુક કે વૉટ્સઅપ પર આપવાથી હવે કોઈને માઠું નથી લાગતું! પહેલા તો રુબરુ આમંત્રણ આપવા ગયા હોવ ને બે શબ્દો મીઠા કહેવાના રહી ગયા હોય તો ફુઆ અને માસાસાહેબ જાનમાં ન આવતા. આવતા તો મોં લટકાવી કે ચઢાવી, જે વધારે ખરાબ કરતા આવડે તે કરીને બેસતા! સ્વાભાવિક છે કે દરરોજ, દર મહિને, દર વર્ષે, દર દાયકામાં અને દર સદીમાં કંઈક નવું થાય, પરિવર્તન થાય. **આ ૨૧મી સદીમાં નવું શું થયું, જેણે માણસની રહેણીકરણીમાં જડમૂળથી ફેરફાર કરી નાખ્યો હોય?** જેણે માનવજાતની પરિસ્થિતિ જ પલટાવી નાખી હોય અને જે આવનારા સમયમાં વધુ ઝડપથી અને અસરકારક રીતે માનવજાતની રોજિંદી ટેવો બદલાવી નાખશે? **એ વસ્તુ છે : ટેકનોલોજી!** રાધર, એવી ટેકનોલોજી જેમાં આર્ટિફિશિયલ ઈન્ટેલીજન્સનો ઉપયોગ થયો હોય. જેમાં માણસને બદલે મશીનો કામ કરતા હોય!

★

આજે ઈન્ટરનેટ પર સોશિયલ મીડિયાનો ઉપયોગ મોટાભાગના લોકો કરે છે. સોશિયલ મીડિયાના ફેસબુક, વૉટ્સઅપ, ઈન્સ્ટાગ્રામ, ટ્વિટર વગેરે જેવા પ્લેટફોર્મ્સ છે. તેના પર તમે કંઇ પણ પોસ્ટ કરો એટલે તમને રિએક્શન મળે; સામેવાળાને તે ગમ્યું છે કે નહીં તેનો જવાબ મળે. ફેસબુક પર તમે ગમતી ફિલ્મ કે વ્યક્તિ વિશે વાત કરી શકો. અન્ય લોકો તે લાઇક કરે, તેના પર કોમેન્ટ કરે, વગેરે. આ બધી વાતો હવે જૂની થઈ ચૂકી છે. શરૂઆતમાં નવું નવું આવ્યું ત્યારે લોકોને મજા પડતી. સામાન્ય રીતે માણસ જાતને કંઈક કહેવું છે. લોકો સામે પોતાની વાત રજૂ કરવી છે. રુબરુમાં ન કહી શકે તે ફેસબુક, ટ્વિટર કે કોઈ પણ સોશિયલ હેન્ડલ પર જઇને કરે છે. લોકો પોતાના લગ્નની તારીખ કે ખુદ લગ્ન ઓનલાઇન નક્કી કરી લે છે. નેતાઓ પોતાના નિવેદનોથી લઇને નિર્ણયો અને રાજીનામાઓ સુદ્ધાં ઓનલાઇન આપે છે. શરૂઆતમાં આ બધું મજેદાર અને રસપ્રદ લાગતું. આજે ફેસબુક આવ્યું તેને ૧૪ વર્ષ થયા. હવે તે 'અતિ' તરફ જઈ રહ્યું છે. લોકોના જીવનમાં વણાઈ ગયું છે સોશિયલ મીડિયા.

આજે જે મુદ્દા વિશે વાત કરવી છે તે હવે આવે છે. આજે લોકો 'લાઇક'ના ગુલામ થઈ ગયા છે! સોશિયલ મીડિયા પર મળતી લાઇકના આધારે પોતાની ખુશી અને દુઃખ નક્કી થાય છે! કોઈ વ્યક્તિ સરસ મજાનો પોતાની પત્ની અથવા પતિ સાથે ફોટો મૂકે અને બહુ ઓછી લાઈક આવે તો તેને ટેન્શન થઈ જાય છે! **સામેવાળાનું સ્ટેટસ સિમ્બોલ આજે સોશિયલ મીડિયા પર મળતી લાઈકથી નક્કી થાય છે.** તેના કારણો ઘણા છે. જેમકે, સોશિયલ મીડિયા પર જેના ફ્રેન્ડ્સ અને ફોલોઅર્સ ઘણા બધા હોય (હજારો કે લાખો) તેઓ સોશિયલ મીડિયા સેલિબ્રિટી કહેવાય છે. તેમની પાસે કોઈ પોતાની પ્રોડક્ટની જાહેરાત કરાવે છે, કોઈ પોતાની ફિલ્મ વિશે સારું બોલવા માટે તેનો ઍપ્રોચ કરે છે. આ માટે તે સેલિબ્રિટી પૈસા લે છે. યસ, આ નવી દુનિયા છે બિઝનેસની, કમાવવાની અને જેના બહુ ઓછી લાઇક છે કે સોશિયલ મીડિયા પર નવોસવો છે તેને કોઈ ગણકારતું જ નથી! તેની ગણતરી અછતમાં થાય છે.

**આ વિચાર આવ્યો 'નેટ ફ્લિક્સ' પર સ્ટ્રિમિંગ થયેલા વેબ શો 'બ્લેક મિરર' જોઈને.** પીટર બ્રૂક્સે તૈયાર કરેલા આ શો માં ટેકનોલોજીની વિકરાળ બાજુઓ દર્શાવવામાં આવી છે. દર્શાવવામાં આવ્યું છે અથવા કહેવાનો પ્રયત્ન કરાયો છે કે આ બધું ક્યાં જઇને અટકશે? ઉપરોક્ત વાત કરી તે તેના 'નૉઝડાઈવ. નામના શોમાં દર્શાવવામાં આવ્યું છે. આજથી ૨૫-૩૦ વર્ષ પછી કદાચ એવી દુનિયા હસે જેમાં રસ્તા પર ફરતી વ્યક્તિને જોતાવેંત જ તમને તેની લાઇક ખબર પડી જશે! લોકોએ તેને કેટલા ગ્રેડ આપ્યા છે કે નથી આપ્યા તે ખબર પડશે. અને તે લાઇક જોઇને તમે તેની સાથે સંબંધ બાંધવો

કે નહીં તે વિચાર કરશો. (આમ તો આજે પણ આપણે એમ જ કરીએ છીએ ને! લાઈક નહીં તો તેનો મોભો કે પૈસો જોઈએ છીએ.) 'નૉઝડાઈવ'માં દર્શાવાયું છે કે, ટેકનોલોજીના લીધે **ઓલમોસ્ટ દુનિયા કૃત્રિમ બની ચૂકી હશે કેમકે આપણે કોઈ સામે કંઈ સાચું બોલશું તો તેઓ આપણને ઓછી લાઇક આપશે,** આપણા માર્કસ કાપી નાખશે. માટે આપણે હસતું મોં રાખીને પણ સહન કર્યા કરશું! ફેક સ્માઇલની શરૂઆત તો બહુ પહેલા થઈ ચૂકી છે જોકે!

★

**ટેકનોલોજીના સારા પાસા પણ છે.** જેમકે, આજે ફરજિયાત અને સામાન્ય જેવા થઈ ચૂકેલા સીસીટીવી કેમેરા. કોઈ દુકાન કે ઑફિસમાંથી ચોરી ન થઈ જાય અથવા થઈ જાય તો ચોરને પકડવા માટે દિવાલ પર સીસીટીવી કેમેરા લગાવવામાં આવે છે. આ આપણા સારા માટે છે. આ શોધ છે ટેકનોલોજીની. સીસીટીવી કેમેરા નુકસાન થતા અટકાવવા માટે છે. પરિવર્તન કે વિકાસ અટકવાનો નથી. તે આગળ વધવાનો જ છે. **આજે એવા રોબોટ બની રહ્યા છે જે માનવી માટે કામ કરે, તેમનું રક્ષણ કરે.**

તમે કલ્પના કરો, આજથી પંદર-વીસ વર્ષ પછીની, ત્રણ વ્યક્તિ એક બંધ રમકડાની દુકાનમાં ચોરી કરવા જાય છે. એક વ્યક્તિ સીડી પર ચડીને મોટું બોક્સ ઉપાડે છે. એ બોક્સ તેની જગ્યાએથી હટતા જ દુકાનમાં રહેલા ઓટોમેટિક મશીન ઑન થઈ જાય છે અને સીધી એ વ્યક્તિ પર ગોળી છોડે છે. બાકીની બે વ્યક્તિ આ જોઇને ગભરાઈ જાય છે. ભાગવાનું વિચારે જ છે ત્યાં જ્યાંથી ગોળી વછૂટી એ મશીન ધીમે ધીમે બેઠું થાય છે અને તેમની પાછળ દોડવા લાગે છે. અંતે તે મશીન આ બેઉ ચોર - ગુનેગારને ક્રૂર રીતે મારીને જ ઝંપે છે! કેમકે, તેમની અંદર માણસે જ એવી સેટિંગ ફીટ કરી છે. આ વાત કરી તે કલ્પના છે 'બ્લેક મિરર'ના 'મેટલહેડ' નામના એપિસોડની. **આખા બ્લેક એન્ડ વ્હાઇટ એપિસોડમાં રોમાંચક અને ખતરનાક રીતે માનવજાત કઈ રીતે મશીનની આગળ પાંગળી થઈ જવાની છે તે દર્શાવ્યું છે.**

★

પૃથ્વી પર આપણે જીવતા રહ્યા, રાધર, ટકી શક્યા કેમકે, અન્ય પશુપંખીઓ - પ્રાણીઓ કરતા આપણે વધારે શક્તિશાળી છીએ. કદ-કાઠીમાં નહીં, પણ બુદ્ધિમાં. એ જ બુદ્ધિનો ઉપયોગ કરીને આપણે મશીનો બનાવ્યા જે માનવીથી વધારે શક્તિશાળી છે. વર્ષોથી કોઇ ને કોઈ ગેજેટ માટે આપણને સાંભળવા મળે છે કે, આ તો માણસના મગજથી વધુ ઝડપે ચાલે છે. ઉદાહરણ તરીકે, કેલ્ક્યુલેટર. પછી આવ્યું કોમ્પ્યુટર, પછી કેમેરા, પછી આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ વગેરે.

આ આખો લેખ અને તેનું તાત્પર્ય ખયાલી લાગતું હોય કે મશીન રાજ કરશે દુનિયા પર એવું થોડું હોય? માણસ જ સર્વોપરી છે. તો એક ઉદાહરણ આપીને વાત પૂરી કરીએ : હવે મોટા શહેરોમાં ટ્રાફિક સિગ્નલ પર સીસીટીવી કેમેરા લાગે છે. જે વ્યક્તિ કાયદાનું ઉલ્લંઘન કરીને, રેડ સિગ્નલ વખતે લાઇન ક્રોસ કરે છે, તેમને આપોઆપ તે કેમેરો ફોટો પાડીને તેમના ઘેર ચલણ મોકલી દે છે! આ છે મશીનનું જબરદસ્ત કામ, પણ હકારાત્મક રીતે. **તે ક્યારે માનવીના કાબૂની બહાર જઇને વર્તવા માંડશે કોને ખબર? અને ત્યારે તેને કન્ટ્રોલ કરી શકાશે?**

આ વિષય પર હોલીવુડમાં થોકબંધ ફિલ્મો બની ચૂકી છે, તમે જોઈ પણ હશે.

*સી/૮૦૪, ગાલા ગ્લોરી,*
*ગાલા એરિયા, સોલો સેન્ટરની પાસે, સાઉથ બોપલ,*
*અમદાવાદ-૩૮૦ ૦૫૮. ● મો. ૯૯૧૩૦ ૫૬૧૧૧*

**લાલ વરસાદ**

*કેરળના ઈડુકીમાં લાલ વરસાદ થાય છે. ૧૮૧૮માં અહીં પહેલીવાર લાલ વરસાદ થયો હતો. હિંદુ ધર્મગ્રંથોમાં તેને બરબાદી અને અશુભતાનું પ્રતીક માનવામાં આવે છે.*

॥ શ્રી ગણેશાય નમઃ ॥

**એક્સપોર્ટ ક્વોલિટી રેડીમેડ ગારમેન્ટ**
**છોકરા અને છોકરીઓ માટે**
**ઉંમર : ૦ થી ૧૫ વર્ષ**
**સ્પેશિયલ ઓર્ગેનિક કલેક્શન**
**ન્યુ બેબી માટે**

**Daffodil Collection**

**ટોપ બ્રાન્ડ સૌથી નીચા ભાવે**



**પરીતા ખોના ● મો. 95582 24432**
**ડી-૭૦૨, સત્વ, પી.પી.સી.સી. ગ્રાઉન્ડ,**
**શાંતિવન, અમદાવાદ.**

સાયન્સ ટેક્નોલોજી

# ભારતમાં ઇ.સ. પૂર્વે ૨૭૦૦માં કોટનમાંથી કાપડ બનાવવાની ટેક્નોલોજી હતી

ઇન્ડિયન નોલેજ સિસ્ટમ અંતર્ગત આઈ.આઈ.ટી. - ગાંધીનગર ખાતે 'ટેક્સટાઇલ્સ ઇન એન્સિયન્ટ ઇન્ડિયા' પર ડૉ. જાનકી તુરાગાની ટૉક યોજાઈ હતી. લેક્ચરનું આયોજન ટેક્નોલોજી ઇન એન્સિયન્ટની થીમ પર કરવામાં આવ્યું હતું. ટૉકમાં ડૉ. જાનકી તુરાગાએ કહ્યું કે, આપણા દેશની સંસ્કૃતિ વર્ષો જૂની છે. તેથી પહેરવેશ અને કાપડ બનાવવાની તકનિક અને ટેકનોલોજી પણ જૂની જ છે. ઇ.સ. પૂર્વે ૨૭૦૦માં દેશમાં કોટનમાંથી કાપડ બનાવવાની ટેકનોલોજી હતી. તે સમયમાં કપાસનું કલ્ટિવેશન કરવામાં આવતું અને તેમાંથી કાપડ પણ બનાવવામાં આવતું હતું. રિસર્ચ કરતા જાણવા મળ્યું છે કે દેશમાં પ્રાચીન સમયમાં કાપડને રંગવા માટે નેચર પદ્ધતિથી ડાઇનો ઉપયોગ કરવામાં આવતો હતો. સમયાંતરે તે ટેકનોલોજીમાં બદલાવો આવ્યા છે. પરંતુ સંપૂર્ણ મૃતઃપ્રાય બની છે તે કહેવું યોગ્ય નથી.

**વૃક્ષની છાલમાંથી ખાસ પ્રકારના કપડા બનાવાતા**

પ્રાચીન ભારતમાં ટેક્ષટાઇલ અને ડાઇનો ઉપયોગ મોટા પ્રમાણમાં થતો હતો. તેની જાણકારી આજે હડપ્પન અને મોંહેજો દરો જેવી સંસ્કૃતિમાંથી મળે છે. ભારતની સૌથી જૂની સંસ્કૃતિમાં પણ કપડાં બનાવવા અને તેમાં રંગરોગાન કરવા વિશેના પુરાવા મળી આવ્યા છે. જેમાં ડાઇના વિવિધ પ્રકારો અને એમ્બ્રોયડરી જેવી પદ્ધતિનો સમાવેશ થાય છે. વૃક્ષની છાલમાંથી પણ ખાસ પ્રકારના કપડા બનાવવામાં આવતા હતા.

★

સામાન્ય રીતે એવી માન્યતા હોય છે કે પહેલાના સમયની ટેકનોલોજી અને આજની ટેકનોલોજીમાં મોટા બદલાવો આવ્યા છે. પરંતુ ટેક્ષટાઈલ લેવલે ઇન્ડસ્ટ્રીઝ સિવાય ડાઈ ટેકનોલોજી અને કોટન કાપડ ટેકનોલોજીમાં મોટા બદલાવો આવ્યા નથી. આજે પણ ઘણી એવી ટેકનોલોજી અને ટેકનિક ઉપયોગમાં લેવામાં આવે છે જેનો ઉપયોગ વર્ષો પહેલાની સંસ્કૃતિમાં કરાતો હતો. પરંતુ જે સંસ્કૃતિ દ્વારા મળેલી ટેકનિક અને ટેકનોલોજીની જાળવણી લોકોએ કરવી જોઈએ.

## ઓટિઝમ એ રોગ નથી...

(અનુસંધાન : પાના નં.-૨૯ ઉપરથી ચાલુ)

તેમની આદતો ઑબ્સેશન (વળગણ)ની હદ સુધીની હતી. તેના આધારે વિશેષજ્ઞો દાવો કરે છે કે સ્ટેનલી ઑટિસ્ટિક હતા.

પ્રેમ એ દરેક બાળકનો અધિકાર હોય છે તો ઑટિસ્ટિક બાળકનો વિશેષ અધિકાર હોય છે. તેમને પ્રેમ આપો. તેમને પાગલનું લેબલ ન મારો. પછી જુઓ કે તેઓ તેમના ક્ષેત્રમાં કેવી ગજબની પ્રગતિ કરશે. તમે તેમને પ્રેમ આપશો, તેમની પૂરતી દેખરેખ રાખશો તો સંભવ છે કે તેમની પ્રતિભા પણ ઉપરોક્ત પ્રતિભાઓની જેમ પૂર્ણપણે ખીલી ઊઠશે.

**કેરળના થ્રિસુર શહેરમાં** ઑટિસ્ટિક બાળકોને થોડા મહિનાઓ કે વર્ષો સુધી વિશિષ્ટ સંસ્થામાં તાલીમ અપાય છે અને તેમનામાં યોગ્ય સુધારો આવ્યા પછી તેમને સામાન્ય સ્કૂલમાં મૂકવામાં આવે છે. **શું આવું ગુજરાતમાં થાય છે?** આપણે ત્યાં ડિસલેક્સિક કે ઑટિસ્ટિક બાળકોને અને ઘણી વખત તો શારીરિક ખામીવાળા બાળકોને પણ સામાન્ય શાળાઓમાં એડમિશન આપવામાં આવતું નથી. શાળાના સંચાલકો ડિસલેક્સિક કે ઑટિસ્ટિક બાળકો સાથે ભેદભાવ કરી તેમને સ્પેશિયલ સ્કૂલમાં મૂકવાનો આગ્રહ રાખે છે. પોતાને ત્યાં દાખલો આપવામાં આભડછેટ વૃત્તિ સેવે છે.

સ્વસ્થ બાળકોના વાલીઓ પણ એવું ઇચ્છે છે કે તેમના બાળકો જે સ્કૂલમાં ભણતા હોય ત્યાં ઑટિસ્ટિક કે ડિસલેક્સિક બાળકો ન ભણે. આ સદંતર ખોટું છે. **ગુજરાતમાં ઓટિસ્ટિક, ડિસલેક્સિક અને મનોદિવ્યાંગ બાળકોને ભણાવવા માટેના શિક્ષકોની ખૂબ કમી છે.** આ માટેનો કોર્સ કર્યો હોય, ડિગ્રી મેળવી હોય તેવા શિક્ષકો ભાગ્યે જ મળે છે. પરિણામે સંસ્થાઓને તાલીમ વિનાના શિક્ષકોથી કામ ચલાવવું પડે છે. જે અંતતઃ બાળકોની જ મુશ્કેલી વધારે છે. આ મુદ્દે રાજ્ય સરકારે સંવેદનશીલ બનવું જોઈએ.

થોડા શિક્ષિત બનીએ, થોડા દીક્ષિત બનીએ અને સમાવેશી બની શકીએ તો આ દુનિયાને વધારે સુંદર, વધારે રહેવા લાયક જગ્યા બનાવી શકીશું. ■

સ્વમાન

# ઓટિઝમ એ રોગ નથી... ઓટિસ્ટિક બાળકો જે કામ કરી શકે એ બીજું કોઈ ન કરી શકે

અનિલ અને સુનીતા પતિ-પત્ની છે. પરિવારમાં એક લગ્ન પ્રસંગનું આયોજન થયું છે. અનિલના કાકાની છોકરીના મેરેજ છે. અનિલ-સુનીતા બંને જવા માટે ઉત્સુક છે, પણ મુશ્કેલી એ છે કે બેય સાથે નહીં જઈ શકે. બેમાંથી એકે ઘરે રહેવું પડશે. તેનું કારણ છે તેમની દીકરી સૌમ્યા. હા, સૌમ્યા. તે બીજા બાળકો કરતા અલગ છે. તેને ઑટિઝમ સ્પેક્ટ્રમ ડિસઓર્ડર છે. ના, તે પાગલ નથી. કહ્યું તો ખરા, તેને ઑટિઝમ છે.

ઑટિઝમ એટલે એ જ અવસ્થા જે 'માય નેઈમ ઈઝ ખાન'માં શાહરૂખની હતી. **ઓટિઝમવાળા બાળકોને પાગલ સમજી લેવામાં આવતા હોય છે. એ સમજનારની ભૂલ હોય છે. ખરેખર તેઓ પાગલ નથી. તેઓ ઓટિસ્ટિક છે. બે એપ્રિલ વર્લ્ડ ઓટિઝમ ડે તરીકે અને એપ્રિલ મહિનો ઓટિઝમ અવેરનેસ મંથ તરીકે ઉજવાય છે ત્યારે આપણે આ વિશે ખાસ જાણવું જોઈએ.**

સૌથી પહેલા એ યાદ રાખવું જોઈએ, ઑટિઝમ એક બીમારી નહીં, વિકાર છે. જ્યારે માણસ બીમાર પડે છે ત્યારે રોગ પ્રતિકારક ક્ષમતા તેની સામે લડે છે અને દવાઓ એ લડવૈયાઓના હથિયાર બની તેમને મદદરૂપ થાય છે. **વિકાર (ડિસઓર્ડર) એ બીમારી નથી.** આથી રોગ પ્રતિકારક ક્ષમતા કોઈ રીએક્શન આપતી નથી. રોગ પ્રતિકારક ક્ષમતાનો સધિયારો ન મળતો હોવાથી તેનો ઈલાજ વધારે કઠિન હોય છે. **ઓટિઝમમાં મગજ યોગ્ય કામ આપતું નથી.**

**દર ૬૮માંથી એક બાળક ઓટિઝમનો શિકાર હોય છે.** આવું શા માટે હોય છે તેનું કોઈ ઠોસ કારણ નથી. ઑટિઝમ માટે વિજ્ઞાનીઓએ કેટલાક કારણો આપ્યા છે : (૧) ઈન્ફેક્શન જેમ કે ઓળી. (૨) ગર્ભાવસ્થા દરમિયાન માતાનો ખોરાક દા.ત. શરાબ અને અમુક પ્રકારની દવાઓ. (૩) આનુવાંશિક યાને કે જિનેટિક ગરબડ. હા, ઑટિઝમ વારસામાં પણ મળી શકે.

ઑસ્ટ્રિયન પેડિએટ્રિશિયન હેન્સ એસ્પર્ગરે ઑટિઝમ પર એટલું બધું સંશોધન કર્યું હતું કે ઑટિઝમનું એક નામ એસ્પર્ગર સિન્ડ્રોમ પડી ગયું છે. ઑટિઝમના લક્ષણ ઘણા પ્રકારના હોય છે. તેનું મુખ્ય લક્ષણ છે સ્વલીનતા. બાળકો સ્વયંમાં જ મશગુલ રહે છે. **ઓટિસ્ટિક બાળકો કોમ્યુનિકેશનમાં કાચા હોય છે. સામાન્ય બાળકો જે રીતે લોકોના ચહેરા જોઇને કે તેમનો અવાજ સાંભળીને પ્રતિક્રિયા આપે છે તેવું ઓટિઝમ પીડિત બાળકો કરતા નથી.** તેઓ લોકો સાથે નજર મિલાવવામાં પણ કતરાય છે. તેમની પ્રતિક્રિયા પણ ધીમી અને દબાયેલી હોય છે.

તેમને ભાષા સંબંધિત પણ ઘણી તકલીફ રહે છે. લાંબા શબ્દો બોલવામાં મુશ્કેલી પડે છે. માંડ-માંડ બોલી શકે છે. અમુક કેસમાં તેમની વિચારશક્તિ પણ વિકસિત થતી નથી. એવું થાય ત્યારે તેઓ બિલકુલ રચનાત્મક હોતા નથી. **સામા પક્ષે એવું પણ જોવા મળ્યું છે કે ઓટિસ્ટિક બાળકો જે પણ કાર્ય કરે છે તેમાં માસ્ટર હોય છે.** ઑટિઝમ ગ્રસિત અનેક લોકો બહુ સારા કલાકાર સાબિત થયા છે.

તમે ઑટિસ્ટિક બાળકોને દિવ્યાંગનું ટેગ મારી દો તે પૂરતું નથી અને વાજબી પણ નથી. તમને ખરેખર તેમના પ્રત્યે લાગણી હોય તો તમારે તેમને સમજવા જોઈએ.

**જો કોઈ બાળક નવ મહિનાનું થઈ જાય પછી પણ હસે નહીં અથવા પ્રતિભાવ ન આપે તો તેને ઓટિઝમ હોઈ શકે છે. જો તે તેજ અવાજ અથવા ફટાકડા જેવા તીવ્ર અવાજોથી ખૂબ ડરે તોયે સમજી લેવું કે તેને ઓટિઝમ હોઈ શકે છે.** ઑટિસ્ટિક બાળકો ભીડભાડમાં જવાથી ખૂબ ડરે છે. બહુ જલ્દી ગુસ્સે થઈ જાય છે, બૂમો પાડવા લાગે છે, પીળા-લાલ જેવા ભડકીલા રંગોથી તેમને અણગમો રહે છે. બે વર્ષ સુધીમાં માતા-પિતાને પાકેપાયે ખબર પડી જાય છે કે તેમના બાળકને ઑટિઝમ છે કે નહીં.

ઑટિઝમનો કોઈ અક્સીર ઈલાજ નથી. ઊંઘ ન આવવી, બેચેની રહેવી જેવી અમુક સમસ્યાઓ દવાની મદદથી દૂર કરી શકાય છે, પણ અમુક જ. એ સિવાય દવા ઉપલબ્ધ ન હોવાથી થેરાપીનો સહારો લેવો પડે છે. થેરાપીની મદદથી ઑટિઝમના લક્ષણો ૮૦ ટકા જેટલા કમ કરી શકાય છે. થેરાપી જેટલી જલ્દી શરૂ કરો એટલી સારી અસર થાય છે અને તે માતા-પિતાના સહયોગ વગર બિલકુલ સંભવ બનતી નથી.

હવે એવા કેટલાક મહાન માણસોની વાત, જે ઑટિઝમથી

ગ્રસિત હતા.

**૧. આલ્બર્ટ આઇન્સ્ટાઇન :** આધુનિક વિજ્ઞાનના સૌથી મહાન વિજ્ઞાનીને ઑટિઝમ હતો. ઑટિસ્ટિક બાળકોના માતા-પિતા માટે આ સૌથી મોટું આશ્વાસન છે. તેમના મગજમાં આ વિકાર હતો. તેમ છતાં તેઓ દુનિયાના સૌથી બુદ્ધિશાળી વિજ્ઞાની તરીકે ઓળખાયા. એટલે કે તમારા બાળકને ઑટિઝમ હોય તો તમારે નાસીપાસ ન થવું.

**૨. ડેરિલ હેના :** અમેરિકી ફિલ્મ અભિનેત્રી અને પર્યાવરણ કાર્યકર ડેરિલ હેના પણ સ્વમગ્નતાના વિકારથી પીડિત છે. ક્વિન્ટિન ટેરેંટિનોની કલ્ટ ક્લાસિક મુવી કિલ બિલ-૧ અને કિલ બિલ-૨ માં તે ડ્રાઇવરના રોલમાં જોવા મળી હતી. કિલ બિલ-૧ માં તે નર્સ બનીને આવે છે. કિલ બિલ-૨ ના મશહૂર સીન આઈ ફોર એન આઇમાં બ્રાઇડ (ઉમા થર્મન) સામે લડનારી (અને હારનારી) ડેરિલ જ છે. ડેરિલને રેડ કાર્પેટ પર ચાલવામાં અને ઍવોર્ડ ફંકશનમાં આવવામાં ખૂબ તકલીફ પડતી હતી, પણ વર્ષો સુધી તેણે પોતાના ચાહકો તથા પરિવારજનોને પણ તેના વિકાર વિશે જાણ થવા દીધી નહોતી.

**૩. ચાર્લ્સ ડાર્વિન :** વર્તમાન સરકારના કેટલાક મંત્રીઓ ભલે ન માને, પણ દુનિયા ચાર્લ્સ ડાર્વિનને માને છે. થીઅરિ ઑફ નેચરલ સિલેક્શન સમગ્ર વિશ્વમાં સ્વીકૃત છે. ડાર્વિનના સ્વભાવ અને આદતોનું વિશ્લેષણ કરનારા મનોવિજ્ઞાનીઓનો દાવો છે કે તેઓ ઑટિઝમનો શિકાર હતા. ઑટિઝમ તેમનો પ્લસ પોઈન્ટ હતો. તેના કારણે તેઓ સારી એવી એકાગ્રતા કેળવી શકતા હતા. ૧૨મી ફેબ્રુઆરી, ૧૮૦૯ના રોજ જન્મેલા અને ૧૯મી એપ્રિલ, ૧૮૮૨ના રોજ સિધાવી ગયેલા ડાર્વિનને લોકો સાથે સંબંધો બનાવવામાં અને જાળવી રાખવામાં ખૂબ મુશ્કેલી અનુભવાતી હતી.

**૪. મોત્સાર્ટ :** સંગીતકાર મોત્સાર્ટ વિશે કહેવાય છે કે તેમના ચહેરા પર હરહંમેશ એક જ પ્રકારના એક્સપ્રેશન જોવા મળતા. તેઓ સતત પોતાના હાથ પગ હલાવ્યા કરતા. સાંભળવામાં પણ તકલીફ પડતી હતી. તેમણે તથા તેમના પરિવારજનોએ લખેલા પત્રો પરથી માલૂમ થાય છે કે ઘણી વાર મોત્સાર્ટ કંટાળો દૂર કરવા માટે ટેબલ-ખુરશી પર કૂદાકૂદી કરતા. બિલાડીની જેમ મ્યાઉંનો અવાજ કાઢતા. આ પ્રમાણે તેઓ પણ ઑટિસ્ટિક જ કહેવાય.

**૫. સ્ટેનલી ક્યુબ્રિક :** ૨૦૦૧ : અ સ્પેસ ઑડિસી, આઈઝ વાઈડ શટ અને ધ ક્લૉક ઓરેન્જ જેવી મહાન ફિલ્મ બનાવનારા ડિરેક્ટર સ્ટેનલી ક્યુબ્રિકના ચલચિત્રો દુનિયાભરની ફિલ્મ સ્કૂલોમાં ભણાવાય છે. સ્ટેનલી પણ લોકોને હળવા મળવામાં કમજોર હતા અને નવી ચીજોને અપનાવી શકતા નહોતા.

(અનુસંધાન : જુઓ પાના નં.-૨૭ ઉપર)

### કોઇપણ પ્રજ્ઞાચક્ષુ - દિવ્યાંગનું સ્વમાન ન ઘવાય તે ધ્યાનમાં રાખો. તેમને માન, સાથ અને પ્રેમ આપો.

*મુંબઇનો એક યુવા સંગીતકાર છે. મુંબઈમાં જ રહે છે, પ્રોફેશનલ છે. હાર્મોનિયમ વગાડે છે. દેશભરના નામી બેન્ડસ સાથે કામ કરે છે. એક વખત તે કોઈ શોમાંથી પાછો આવી રહ્યો હતો. એક વ્યક્તિએ અચાનક તેના હાથમાં પૈસા પકડાવ્યા. તે ચકિત થઈ ગયો. પેલો પૈસા આપી રહ્યો હતો અને સહાનુભૂતિ પણ વ્યક્ત કરી રહ્યો હતો. વગર માગ્યે પૈસા આપી રહ્યો હતો. <u>દૃષ્ટિહીન</u> સંગીતકારના સ્વમાનને ઠેસ વાગી. પેલો માણસ તેને બિચારો, ભિક્ષુક સમજી રહ્યો હતો.*

*મુંબઈની સેન્ટ ઝેવિયર્સ કૉલેજના દૃષ્ટિની ખામી ધરાવતા વિદ્યાર્થીઓએ વીસીપાર્ટી-ɛ નામનું એક ઈ-મેઈલ ગ્રૂપ બનાવ્યું હતું. તેમાં તેઓ એકબીજાના અનુભવનું ભાથું વહેંચતા. હવે તેમણે આ ઈ-મેઈલ ગ્રૂપને એક નવા મુકામ પર લઈ જવાનું નક્કી કર્યું છે. તેમણે વીસી પાર્ટી ઈનિશિએટિવ શરૂ કર્યું છે. તેમણે દૃષ્ટિની ખામી ધરાવતી પ્રતિભાઓને દુનિયા સમક્ષ લાવવાના પ્રયત્નો શરૂ કર્યા છે.*


*આ ગ્રૂપ સાથે જોડાયેલા તલ્હા અન્સારી કહે છે, તમે અમારી સહાયતા કરો સારી વાત છે. અમને રસ્તો પાર કરવામાં મદદ કરો છો તે સારી વાત છે. <u>પરંતુ અમને સ્પેશિયલ ટ્રીટમેન્ટ ન આપો. અમારે તેની કોઈ જરૂર નથી.</u>*

*ઉપર જે ઘટના કહી તે તલ્હાના દોસ્ત સાથે ઘટી હતી. વીસી પાર્ટી ગ્રૂપ હવે ફેસબુક પર પણ છે. તલ્હાએ એફબી પર લખ્યું છે, <u>**અમે અમારી બિચારા જેવી છાપને બદલવા માંગીએ છીએ.**</u> ઘણીવાર દુકાનદાર અમારી પાસેથી પૈસા નથી લેતા. કહે છે તમારી પાસેથી પૈસા ન લેવાય. અમે કથાનક (કથાનો ભાગ) બદલવા માંગીએ છીએ. સમાજમાં અમારું જે રીતે ચિત્રાંકન કરવામાં આવ્યું છે તે અમે બદલવા માંગીએ છીએ.*

*માત્ર પ્રજ્ઞાચક્ષુઓ જ શા માટે? કોઈ પણ દિવ્યાંગ પર દયા ન ખાવ. તેને પુણ્યનો માર્ગ બનાવીને તેમના સ્વમાનને ઠેસ ન પહોંચાડો. તેમને મદદ કરવી જ હોય તો રચનાત્મક રીતે કરો. ને કંઈ ન કરો તો કંઈ નહીં, પણ તેમનું સ્વમાન ન ઘવાય તેની ખાસ કાળજી લો. તેમને માન આપો, તેમને સાથ આપો, તેમને પ્રેમ આપો.* ■

આરોગ્ય

# "મારો સ્વજન થોડા સમયથી બહુ જ બોલે છે, ના પાડવા છતાં અટકતો જ નથી" – (૧)



ડૉ. મણિલાલ ગડા
(મનોચિકિત્સક)



ડૉ. દીપ્તિ શાહ (ગડા)
(મનોચિકિત્સક તથા
બાળ મનોચિકિત્સક)

● **કેસ સ્ટડી :**

અમારા એક સ્નેહી એમના મિત્રને લઇ અમારા ક્લિનિકમાં અભિપ્રાય માટે આવ્યા. એ મિત્રના સાળાની વર્તણૂંક થોડા સમયથી બદલાઈ ગઈ હતી. વિવેક (મિત્રના સાળા - નામ બદલ્યું છે)નું બોલવાનું ખૂબ જ વધી ગયું હતું. સાળા જોડે વાતચીત કરતાં સાળાએ જણાવ્યું કે ડૉક્ટર, મને કાંઈ થયું નથી. હું નોર્મલ છું. હા, થોડુંક બોલવાનું મારું વધી ગયું છે.

ઊંડાણમાં મનોવૈજ્ઞાનિક પદ્ધતિથી તપાસ કરતા (વિવેક તથા કુટુંબીજનો પાસેથી) નીચે પ્રમાણેની અગત્યની માહિતી મળી. જેથી મનોવૈજ્ઞાનિક નિદાન કરવાનું સરળ બન્યું.

વિવેક સ્વભાવે શાંત, લાગણીશીલ, વિનયી તથા પરિસ્થિતિ અને સંજોગો મુજબ યોગ્ય વાતચીત કરનાર ૨૯ વર્ષનો યુવક હતો.

છેલ્લા છએક મહિનાથી વિવેકનું બોલવાનું ખૂબ જ વધી ગયું હતું. ગમે તે વિષય પર કલાકો સુધી બોલતો હતો. સામેની વ્યક્તિને બોલવાની તક આપતો જ ન હતો. અજાણ વ્યક્તિ જોડે પણ વર્ષોથી ઓળખાણ હોય એ રીતે વાત કરતો હતો. કુટુંબ, ધંધાની ગુપ્ત રાખવાની વાતો પણ બધાને કહેતો. એને પૂછવામાં આવે કે આ વાત નથી કરવાની તો શા માટે કરી? જવાબમાં એ કહેતો કે મેં સાચી વાત કરી છે, કાંઈ ખોટું નથી કહ્યું. ઘણીવાર કુટુંબીજનો ધર્મ સંકટમાં મૂકાઈ જતા.

વિવેકનો આત્મવિશ્વાસ ખૂબ જ વધી ગયો હતો. એને કોઈપણ કામ અશક્ય લાગતું ન હતું. આવા કામ કરવા માટે કાંઈપણ જોખમ લેવા વિવેક તૈયાર હતો, જે એના સ્વભાવની વિરૂધ્ધ હતું. એ કહેતો કે હું ફિલ્મી જગતની નામાંકિત વ્યક્તિઓ તથા રાજકારણીઓને ઓળખું છું અને એમની જોડે મુલાકાત ગોઠવી શકું છું.

થોડા સમય પહેલા ધંધા માટે ખરીદી કરવા ગયેલ ત્યારે વિવેકે જરૂરતથી ત્રણ ગણો માલ વધુ ખરીદ કરેલ. ભાઈએ ના પાડી છતાં ખરીદી કરી આવ્યો. અડધો અડધ માલ ખોટ ખાઈને વેચવો પડ્યો હતો. તાજેતરમાં ઘરમાં એક પ્રસંગની ઉજવણી માટે વિવેકે પોતાના માટે દસ મોંઘા શર્ટ અને પેન્ટ ખરીદ્યા હતા અને ઘરની બધી વ્યક્તિઓ માટે કપડાં ખરીદ્યા હતા, જેની કોઈ જરૂરત ન હતી. કુટુંબીજનો સાથે ચર્ચા વિચારણા કર્યા વગર છેલ્લા બે મહિનામાં પોતાની શક્તિ ન હોવા છતાં ધર્મના કાર્યોમાં માતબર રકમનું દાન જાહેર કરેલ. નજીકના સ્વજનોને પોતાના ખર્ચે જાત્રા કરવા લઇ જવાનું પણ વિવેક આયોજન કરી રહ્યો હતો. એક નજીકના સગાનો ફોન વિવેકના બનેવીને આવ્યો એટલે આ બાબતની જાણ થઈ ત્યારે કુટુંબીજનોને લાગ્યું કે **આ વર્તણૂંક નોર્મલ નથી. બીમારીની શક્યતા છે. એટલે મનોચિકિત્સકનો અભિપ્રાય લેવાનું નક્કી કર્યું હતું.**

વિવેકનું સગાવહાલાં તથા મિત્રોને ઘરે જવાનું પણ વધી ગયું હતું. ઘણી વખત સવારના સાત વાગે એમના ઘરે પહોંચી જતો હતો તથા એમને ઊંઘમાંથી જગાડતો હતો. ટ્રેન તથા બસમાં મુસાફરી કરનાર વિવેક ટેક્ષીમાં ફરતો હતો તથા બેફામ પૈસા ખર્ચતો હતો. ગજવામાં જેટલા પણ પૈસા હોય એ સાંજે / રાત્રે ઘરે આવે ત્યારે ઠનઠન ગોપાલ જ હોય.

વિવેકની ઊંઘ ઓછી થઈ ગઈ હતી. રાત્રે એકાદ વાગે સૂઈ, પરોઢિયે પાંચેક વાગે ઊઠી જતો હતો અને આમ છતાં શરીરમાં આખો દિવસ સ્ફૂર્તિ સારી રહેતી હતી. વિવેકને થાક લાગતો ન હતો. શરીરમાં ઉર્જાનો જાણે ભંડાર ભર્યો હોય. ગાર્ડનમાં મોર્નિંગ વૉકમાં બધાને સામેથી બોલાવતો હતો. રમુજી ટુચકાઓ સંભળાવતો હતો. ઘણી વખત પરાણે સંભળાવતો. મિત્રોને રવિવારના પોતાના ખર્ચે આગ્રહ કરીને નાસ્તો કરાવવા લઈ જતો હતો.

વિવેકને કોઈ સમજાવવા કે રોકવા પ્રયત્ન કરે તો તરત જ ગુસ્સે થઈ જતો. એક વખત એક ટેક્સીવાળા જોડે નજીવી બાબતમાં ઝઘડો થઈ ગયો. મારામારી થઇ અને વાત પોલીસ સુધી પહોંચી ગઈ. પોલીસ ચોકીમાં પણ વિવેક પોલીસની વાત સાંભળવાને બદલે પોતાની જ વાત વધારે કરતો હતો. પોતે જ સાચો છે એ સાબિત કરવાની રીત અપનાવી રહ્યો હતો. પોલીસ ઇન્સ્પેક્ટરે વિવેકના સગાવહાલાંને સમજાવ્યું કે વધારે બોલવાનું, વધારે ફરવાનું, ગુસ્સો કરવો એ એક માનસિક બીમારી છે. મનોચિકિત્સકને બતાવવાની સલાહ આપી.

**(અનુસંધાન : જુઓ પાના નં.-૩૭ ઉપર)**

વાર્તા

# આત્મવંચના, આત્મસંતોષ કે ગ્લાનિ?



ડૉ. ઊર્મિલા શાહ

"કહું છું... સાંભળો છો? આજે મને મંદિરે દર્શન કરવા લઈ જશો? અગિયારસ છે એટલે મનમાં એમ થાય છે કે દર્શન થાય તો સારું."

"કેટલા વાગે જવું છે? એક કામ કર. અગિયાર વાગે નીકળીએ એટલે પાછા આવતાં આશ્રમ પર પણ જતા આવીએ."

"હું જ્યારે મંદિરમાં જવાનું કહું કે તમારું આશ્રમ જવાનું નક્કી થઈ જ જાય. મને સમજ નથી પડતી કે આશ્રમમાં તમારે એવું તે શું કામ હોય છે? ટ્રસ્ટીઓ તો બધા કેટલાય છે. બધા કંઇ આમ આટલી બધી વાર આવે છે? કે પછી તમે એકલા જ? આમેય તમને ગામ આખાનો ભાર માથે લઈને ફરવાની ટેવ જ છે. બધા ટ્રસ્ટી તો છે... હા. મીટિંગ હોય ત્યારે ચોક્કસ જવું પડે. પણ આમ વગર કામે શું કામ ત્યાં જઇ જઇને ટાઇમ બગાડો છો? અનાથાશ્રમનો આ બધોય વહીવટ શું તમારા એકલાને માથે જ છે? આટલા તો ત્યાં પેઇડ વર્કર્સ છે પછી આટલી બધી દોડાદોડ શું કામ કરો છો? જ્યારે જ્યારે મંદિર જવાનું હોય ત્યારે તમારો ત્યાં કલાક તો સાચો જ. ક્યારેક તો મને એમ થઈ જાય છે કે ક્યાં મેં પાછું મંદિરનું નામ દીધું?"

આજે અગિયારસના મોટા દહાડે લતાબહેનને ઉપવાસ તો હતો જ અને એટલે એમ થયું કે મંદિરે દર્શન પણ થાય તો સારું અને એટલે એમના પતિ જનકભાઈને તેમણે મંદિરે લઇ જવાનો પ્રસ્તાવ મૂક્યો. પણ જનકભાઇને મંદિર કરતાં અનાથાશ્રમમાં જ વધુ રસ હતો. છતાંય લતાબહેન મન મનાવતાં : 'એમાં શું થઈ ગયું? આ ઉંમરે હવે મને જો ઇશ્વર ભક્તિમાં રસ હોય તો એમને માનવ ભક્તિમાં રસ હોય એમાં ખોટુંય શું છે? એ દિવસે હું આશ્રમમાં સાથે ગઈ હતી ને મેં ક્યાં બધું નથી જોયું? આમ તો હું એ આશ્રમમાં જાય ત્યારે અડધો પોણો કલાક મોટરમાં બેસી રહું. કાં તો કંઇ વાંચુ કે માળા કરું. પણ એક દિવસ મને થયું... 'લાવને આશ્રમમાં જરા જોઉં તો ખરી. શું પ્રવૃત્તિઓ ચાલે છે. છોકરાંઓને કેવી રીતે સાચવે છે? ને તમે માનશો? એમને જોયા ને બધાં જ છોકરાઓ એમની આસપાસ વીંટાઈ વળ્યાં. છોકરાંઓને એમણે ચોકલેટ વહેંચી ને પેલો એક છોકરો પણ જાણે કેમ પણ એને કેટલું વહાલ હતું એમના પર? કેવો ગળે વળગી પડ્યો! ને ત્યારે તો મારું મન પણ ભરાઇ ગયું. 'નિર્દોષ એવાં આ બાળકો, જન્મતાં પહેલાં જ એવાં તો એમનાં કેવાં સંચિત કર્મો એમને નડ્યાં હશે કે જન્મતાંની સાથે જ મા-બાપની શીળી છાયા તેમને ગુમાવવી પડી હશે? કેટલી મોટી કમનસીબી! **ઊજળા દેખાતા આપણા સમાજની આ કેટલી મોટી વિષમતા! કોના વાંકે તેમને પ્રેમ કે હૂંફ વિના જ જિંદગી જીવવાની હોય છે? ને એવા બાળકોને મેં જ્યારે જનકને વહાલ કરતાં જોયાં ત્યારે મને પણ થયું કે મારા મંદિર કરતા આ જીવતાં જાગતાં દેવોનું મંદિર એનકગણું સારું.** એ દિવસે તો મનેય એમ થઇ ગયું કે હું ય દર અગિયારસે મંદિરમાં દર્શન કરવા જવાને બદલે અહીં આશ્રમમાં આવીને આ અનાથ બાળકો સાથે થોડો સમય વિતાવું તો? ને મેં મારો વિચાર જનકને જણાવ્યો. એમને ખૂબ આશ્ચર્ય થયું.

"તું શું કહે છે લતા? તું મંદિરને બદલે અનાથાશ્રમમાં જવાનું પસંદ કરે છે? તને ત્યાં કંઈ પ્રભુ ભક્તિનો લાભ નહીં મળે. આશ્રમ એ કાંઇ મંદિર જેવું પવિત્ર સ્થાન નથી. ત્યાં તો અનાથ બાળકો હોય, મેલાંઘેલાં હોય, ચોખ્ખાઇ ન હોય. જેના મોં પર પાર વિનાની ઉદાસીનતા હોય, તું ત્યાં આવીને શું કરીશ? એમના એ નિસ્તેજ ચહેરામાં તને પ્રભુના દર્શનથી જે પ્રસન્નતાની અનુભૂતિ થાય છે તેવું નહીં થાય લતા! ઊલટાનું ત્યાંથી પાછાં આવીને તારો બે-ચાર દિવસ જીવ બળશે... તારે માટે તો મંદિર જ બરાબર છે." લતાને મેં સમજાવવાનો પ્રયાસ કર્યો. પણ એ સાથે મારા હૃદયમાં ય સપ્ન વિચારો ઊમટ્યા હતા.

મારા અનાથાશ્રમ સાથેના સંબંધને લતા કેવી પોઝિટિવ દૃષ્ટિથી મૂલવે છે તે જાણી મને ખૂબ હાશ થઈ. મને આનંદ થયો ને લતા માટે પણ મને માન થયું કે તેનાં હૃદયમાં ખરેખર માનવતા છે. **એટલું જ નહીં પણ મંદિરના દેવ કરતાં અનાથાશ્રમનાં આ બાળકોને જીવતાં જાગતાં દેવ માનવાનો તેનો અભિગમ મારા હૃદયને સ્પર્શી ગયો.** પણ તે સાથે હું મારા મનમાં એક તુમુલ યુદ્ધનો સામનો કરી રહ્યો હતો.

આમેય હું પહેલેથી આસ્તિક તો હતો જ નહીં. નાનો હતો ત્યારે મા સાથે ક્યારેક મંદિરે જતો ખરો. પણ મંદિરમાં દેવની

મૂર્તિ જોઈ મને ક્યારેય હૃદયમાંથી એવો ભક્તિભાવ તો ઊમટ્યો જ ન હતો કે ભાવપૂર્વક હું દેવને ચરણે પડું. ને છતાંય મારી માને પગલે પગલે હું દેવદર્શન તો કરતો જ. મંદિરેય ક્યારેક જતો.

પરંતુ થોડાં વર્ષ પહેલાં મારી ઑફિસમાં કામ કરતી કૌમુદી તરફ હું આકર્ષાયો. કૌમુદીનું વ્યક્તિત્વ જ એવું હતું. નાજુક નમણી દેખાવડી અને આજ્ઞાંકિત પણ ખરી. કામ માટેની એની નિષ્ઠા પણ એવી જ. ઘરમાં લતા સાથે મારો સંસાર સરસ ચાલતો હતો. આમ કહું તો અમારું દાંપત્યજીવન ખૂબ સારી રીતે ચાલતું હતું. પરંતુ ઑફિસના કામમાં હું ગળાડૂબ રહેતો. ને ક્યારેક તો બધો જ સ્ટાફ જાય પછી પણ મારું કામ અધૂરું હોય એટલે હું રોકાતો અને એટલે કૌમુદીને પણ રોકાવું પડતું. કારણ એ મારી પી.એ. હતી ને! પણ કોણ જાણે કેમ એક દિવસ મેં મારી વૃત્તિઓ પરનો કાબૂ ગુમાવ્યો. મારું મન બહેકી ઊઠ્યું. કૌમુદીને મેં મારી કેબિનમાં ફાઈલ શોધવાના બહાને બોલાવી. કૌમુદી ગભરાતી ગભરાતી આવીને ફાઈલ શોધવામાં મદદ કરવા લાગી. મારે તો ક્યાં ફાઈલ જોઈતી હતી! ને પછી... એ એકાંતમાં અમારા વચ્ચેની મર્યાદાની પાળ તૂટી. આર્થિક મજબૂરીથી કામ કરતી કૌમુદીએ વિરોધ તો ઘણો કર્યો પણ તે નિઃસહાય હતી. એની મદદે એ સમયે કોઈ જ આવી શકે તેમ ન હતું. મારી બહેકેલી વૃત્તિએ મને અંધ બનાવ્યો હતો. હું માનવ મટી દાનવ બની ગયો હતો. મૈં કૌમુદી જેવી નાજુક કળીના કૌમાર્યનું ખંડન કર્યું. બીજા દિવસથી કૌમુદીએ નોકરી છોડી દીધી. એનો છેલ્લો પગાર લેવા પણ ન આવી. ઑફિસના સ્ટાફમાં પણ ઠીકઠીક ચર્ચાના વમળો પેદા થયાં કે કૌમુદીએ એકાએક નોકરી કેમ મૂકી દીધી? અરે! કાલે જ સાંજે તો તે બધાં જ ગયા પછી પણ રોકાઈ હતી... આટલી સિન્સિયર કૌમુદી! એણે આમ એકાએક નોકરી કેમ છોડી દીધી હશે! સૌ જાતજાતની અટકળો કરતા હતા. તર્કવિતર્કો કરતા હતાં. પણ એ અંગે મારી સાથે ચર્ચા કરવાની કે પૂછવાની હિંમત તો કોણ કરે! ને મારા સિવાય કોઈને ય ક્યાં ખબર હતી કે શું થયું છે કૌમુદીને. એનાં મા-બાપ તો કેરાલામાં હતા... કોઈ સગુંવહાલું ય અહીં હતું નહીં. માત્ર એકાદ બે બહેનપણી માંડ હોય તો. એકલી અટૂલી નિઃસહાય સ્ત્રી કોને શું કહે? ને એટલે મનેય થતું હતું 'એને કોઈ નથી તે જ તો મારે માટે સારું છે અને એટલે જ મારી એ ભૂલ માટે મને હૃદયમાં ઊંડે ઊંડે રંજ હોવા છતાંય હું એને ઉપર આવવા દેવામાં સફળ નીવડ્યો હતો. એક્કેય દિવસ એવો નહીં ગયો હોય કે મને એ ક્ષણ ને પળ યાદ ન આવી હોય. મારા હૃદયને એ ભૂલ કોરી ખાતી તો હતી જ. પણ છતાંય એ બધી જ વાતને હૃદયને એક ખૂણે ભંડારી દઈ, હું સજ્જન માણસનું મહોરું પહેરી સમાજમાં ઊજળો થઈને ફરી રહ્યો હતો. ક્યારેક તા આખી રાત ઊંઘી ન શકતો. બાજુમાં સૂતેલી લતાને જોઈ મને વિચાર આવતો – લતાની કોઈ દિવસ આવી સ્થિતિ થાય તો? ને હું એકદમ ધ્રૂજી ઊઠતો. હૃદયમાં એક પ્રચંડ વંટોળ વાતો. મને મારી જ જાત પર ધિક્કાર છૂટતો પણ હવે શું? એનો કોઈ ઉપાય નહોતો. ને કદાચ કૌમુદીને મદદ કરવાય જાઉં તો સમાજ મને ફોલી ખાય ને? ને એટલે ચૂપકીદી સેવ્યા વિના કોઈ જ ઉપાય ન હતો. પણ આમ ને આમ દિવસો વહી રહ્યા હતા. ત્યાં એક દિવસ એક પત્ર આવ્યો. ઉપર મારું નામ સરનામું ને પર્સનલ લખીને નીચે લાલ લીટી કરેલી. આમેય લતા ક્યારેય મારા કાગળો ખોલતી તો નહીં જ. એમાં આવું કવર ખોલે એવું તો બને જ નહીં. તેનામાં ઘણી સૌજન્યતા હતી એ પણ મારું સદ્‌નસીબ હતું. મનેય આશ્ચર્ય થયું, કોનો કાગળ હશે? કેમ હશે? અક્ષર પણ સાવ અપરીચિત હતા. જિજ્ઞાસાપૂર્વક મેં કવર ખોલ્યું ને તે વાંચતા વાંચતામાં તો મને આંખે અંધારાં આવી ગયા. ધરતી જાણે પગ નીચે સરકવા લાગી. પત્ર કૌમુદીનો જ હતો ને તેમાં જણાવ્યું હતું... "તમારા બાળકને અનાથાશ્રમમાં મૂકીને આવી છું... નવ નવ મહિના એને ઉદરમાં મેં પાળ્યોપોષ્યો છે. હવે એને સંભાળી લેજો. સમાજમાં મોં બતાવી શકાય એવું તો છે જ નહીં અને એટલે હવે મને ફરી ક્યાંય શોધવાનો પ્રયત્ન ન કરશો... કૌમુદી.'

અને એ જ દિવસે હું અનાથાશ્રમમાં પહોંચી ગયો... મનમાં મૂંઝવણ હતી, ગભરાટ હતો, અકળામણ હતી. "એ બાળકને ઍડોપ્ટ કરું તો? પણ લતાને શું કહું? એ કાંઈ માને? માતૃત્વની ક્ષમતા એનામાં ન હોત તો જુદી વાત પણ હજી તો અમારા દાંપત્યને ય ક્યાં વર્ષો વીત્યા હતા?" કહેવાય નહીં ને સહેવાય નહીં. મારી મનોવ્યથા અપાર હતી. લોહીની સગાઈ હતી એટલે ખેંચાણ થાય તે પણ સાહજિક હતું. અંતરમાં ઊંડે ઊંડેથી એક ગુનેગાર હોઉં તેવું દુઃખ સતત કોરી ખાતું હતું અને એટલે જ ત્યારથી મેં અનાથાશ્રમમાં રસ લેવા માંડ્યો. વારંવાર એની મુલાકાત લેવા માંડી. એના ટ્રસ્ટી મંડળમાં જોડાયો. અનાથ બાળકોને વારંવાર નાસ્તો, ચોકલેટ વહેંચવા જવા માંડ્યું. આ બધું જ બીજું કંઈ નહીં પણ મારા પાપનું પ્રાયશ્ચિત કરવાનો પ્રયાસ હતો. એ બિચારી લતાને ક્યાં ખબર હતી? **સજ્જન ને સમાજમાં પ્રતિષ્ઠિત ને મોભો ધરાવતાં લોકોમાં મારી ગણના થાય છે ત્યારે મને જ ક્યારેક અંતરમાંથી પ્રશ્ન ઊઠતો હતો : શું હું જ મારી જાતને છેતરી રહ્યો નથી!!**

*૨૫, પાર્થ બંગલોઝ, કર્ણાવતી ક્લબ સામે,*
*સરખેજ-ગાંધીનગર હાઈવે, અમદાવાદ-૩૮૦ ૦૧૫.*
*ફોન : (૦૭૯) ૨૬૭૬૦૦૦૩, ૨૬૭૬૯૭૦૦*

વાર્તા

# વિષનો અંત



અરુણા અરુણ ઠક્કર

હજાર ફટાકડાની સેર ધનાધન ફૂટી ગઈ. ઢોલ ઢબુકી શાંત થયા, શરણાઈના સૂર પણ શમ્યા. શેઠ જમનાદાસનો સૌથી નાનો લાડકો પુત્ર, પોતાની મનગમતી અપેક્ષાને પરણ્યો હતો. 'મધુરાશ' બંગલામાં રોશની, ખુશી, ચહલ-પહલ, પરિણયોત્સવનો માહોલ હતો. સ્મિત, નીરવ, પ્રેક્ષા ત્રણેય ભાઈ-બહેનનો તો લાડકો હતો જ પણ ભાભી અને બનેવીનો પણ માનીતો હતો. એમના બાળકો પણ ધવલને ખૂબ જ પ્યાર કરતા. ટૂંકમાં ધવલ લાગણીશીલ, કુટુંબપ્રેમી, ખંતીલો અને વિવેકી યુવાન હતો. મીઠાઈ-ફરસાણનો મોટો કારોબાર ધરાવતા શેઠ જમનાદાસ અને એમના પત્ની ગાયત્રીદેવી આજે બધા બાળકો ઠરીઠામ થયા એની ખુશી અનુભવતા હતા.

અપેક્ષાની અપેક્ષા તો એને કૉલેજના ઊંબરેથી જ હતી અને આજે એના ગૃહપ્રવેશ સમયે પોતાને દુનિયાનો સૌથી ભાગ્યશાળી માનતો હતો. પ્રથમ નજરે જ ધવલને એટલી બધી ગમી ગઈ કે એણે સીધેસીધું દિલ દઈ દીધું. કૉલેજમાં તેના મિત્રોને થયું, ઠીક છે, નવી-નવી જુવાની છે એટલે થોડો સમય... અરે, ખુદ અપેક્ષા પણ એવું જ વિચારતી હતી. ધનાઢ્ય નબીરા માટે પ્રેમ, શોખ હોઈ શકે, ખબર નહીં ક્યારે બદલાઈ જાય! એટલે તો એણે બે-ત્રણ જગ્યાએ મીઠાં મીઠાં સંબંધો ચાલુ રાખ્યા હતા. જ્યારે ગંભીરતાથી ધવલે નિર્ણય જણાવ્યો ત્યારે તેના મિત્રોએ તેને ચેતવ્યો પણ હતો, પણ પ્રેમ...

એમના ઘરે પણ લક્ષ્મીજીની ચાર હાથ કૃપા હતી, તો સાથે સંસ્કારનો સહકાર હતો. એટલે દહેજ જેવી વસ્તુમાં એ લોકોને રસ જ ન હતો. મોટા ભાભી પણ મધ્યમવર્ગમાંથી જ આવેલા હતા, પણ ધવલને એના પપ્પાએ સમજાવવાની કોશિશ કરી હતી. અપેક્ષાના વર્તન બાબત માહિતી એમને મળી ગઈ હતી. **'દહેજ વગર ચાલશે પણ સંસ્કાર, માન-મર્યાદા તો જોઈએ ને!?' 'પપ્પા, એ અભાવમાં જીવી છે. સમય આવશે ત્યારે બરાબર થઈ જશે. આપણા ઘરના સંસ્કાર, લાગણી, હૂંફ, પ્રેમ એને બદલી નાખશે.' પુત્રના આંધળા વિશ્વાસ સામે પિતાની અવિશ્વાસની દરખાસ્ત ઊડી ગઈ.**

ધવલની ખુશીમાં જ બધાની ખુશી! હસતાં મોંએ બધાએ અપેક્ષાને આવકારી. અહીં દેખાડાને સ્થાન ન હતું. જે મનમાં, તે મોં પર. બધાને મળી, આશિષ લઈ, સુહાગરાત મનાવવા, ઘુંઘટ ખોલી, અપેક્ષાનું ચાંદ જેવું મુખડું જોવા ધવલ રૂમમાં પ્રવેશ્યો. ડોલર, ગુલાબ, રાતરાણી આજે તો બધાની મહેક બહેકાવી રહી હતી. ફૂલોની વચ્ચે અપેક્ષા... પણ અપેક્ષા તો નાઈટી પહેરીને પલંગ પર લેટી રહી હતી. ધવલને મિત્રો સાથે, કુટુંબમાં બહાર જરા વાર લાગી ગઈ. પરંતુ આ શું? ધવલને જરા નવું લાગ્યું, પણ સ્વીકારી લીધું. પોતે તેની બાજુમાં બેઠો અને પ્રેમથી તેનું માથું ખોળામાં લીધું અને આંખોથી જ એના સૌંદર્યરસને પીવા લાગ્યો.

અને અપેક્ષા આંખો બંધ કરીને પડી હતી. "શરમાતી હશે"ના ભાવ સાથે ધવલ તેના ગાલ પર હાથ પસારવા લાગ્યો. 'જો અપેક્ષા, તું મારા જીવનમાં આવી ગઈ, મને તો ખુશીઓનો ખજાનો મળી ગયો. હવે આપણી દરેક રાત સુહાગરાત હશે. પરંતુ આપણે પ્રેમ કર્યો છે, એકમેકને સમજવાની, વિચારોને વાચા આપવાની, એકમેકના હૃદય સુધી પહોંચવાની ઘડી મળી છે. **માત્ર શરીરનું મિલન નહીં, આપણે પહેલાં આત્માને મિલનથી તૃપ્ત કરીશું.'** એણે ઝુકીને અપેક્ષાના કપાળે ચુંબન ચોડ્યું. અપેક્ષા આળસ મરડીને ઊભી થઈ. પાણી પીધું. 'ઈફ યુ ડોન્ટ માઈન્ડ, મને ઊંઘ આવે છે, હું સૂઈ જાઉં છું.' અને જવાબની રાહ જોયા વગર જ પડખું ફેરવી સૂઈ ગઈ.

પરંતુ ઊંઘ પણ ક્યાં આવે? સદ્‌ભાવના - સંતોષ - કુટુંબપ્રેમ જેવા શબ્દો આજની રાતે તેના માથા પર હથોડા મારી રહ્યા હતા. મધુર-રજની અને આવા વેવલાવેડા...? ઓહ, ધવલને પરણીને ભૂલ જ કરી નાખી! ઠીક છે, ફોડી લઈશ, બધાથી... તો આ બાજુ ધવલ પણ પડખા ઘસી રહ્યો હતો. શું સુહાગરાતના પ્રેમભરી વાતોને કોઈ જ સ્થાન નહીં? 'મધુરાશ' બંગલામાં સવાર, રાબેતા મુજબ હસતા મોંએ આવી. પરંતુ એનું એ હાસ્ય વિલાવવા હવે અપેક્ષા હાજર હતી ને! સંયુક્ત કુટુંબમાં, લાગણી ભાવનામાં એને બિલકુલ રસ ન હતો. ખૂબ જ પ્રેમ, હળીમળીને રહેતા કુટુંબમાં માત્ર તેને ભળવાનું હતું.

**પણ, દૂધમાં સાકરની જેમ ભળવા માટે જરૂરી ગુણ એનામાં હતા જ નહીં.** આ બધા બંધનો એના માટે અસ્વીકાર્ય હતા. બંગલો-ગાડી, નોકર-ચાકર, એશો આરામની જિંદગી...

અને મુક્ત આકાશ, જોઈએ તેટલા રૂપિયા અને 'પતિ' નામનું સુરક્ષાચક્ર, છતાંયે અહીં આટલા બધા લોકો તો હતા જ. બાજુમાં જ ખાલી બંગલામાં ધવલને ધરાર ખેંચી ગઈ. 'અહીં તને શું તકલીફ છે?' ધવલના સવાલની સામે બધાની વચ્ચે રોકડું પરખાવી દીધું. મને સંબંધોની માયાજાળમાં બાંધવાની કોશિશ ના કરશો, મને એમાં રસ જ નથી. પરંતુ 'મધુરાશ'માં ધવલના જવાથી અધૂરાશ આવી ગઈ. દરેક વ્યક્તિની આંખો ભીની હતી. ધવલ પણ જતી વખતે, રડી જ પડ્યો.

સદાય હસતો, ચંચળ ધવલ હવે ગંભીર, ઉદાસ થઈ ગયો હતો. એના ઘરમાં તો ઠીક, પણ દુકાનમાં કારીગરો, કામદારો પણ આ વિષયને લઈને ચિંતિત હતા. કેમ ના હોય? એ લોકોને અહીં સદાયે અપનાપન મળ્યું હતું અને ધવલ સાથે તો મિત્રતા જ હતી. 'ગુરુ' આ બધાનો હેડ હતો. જોધારામને પણ અહીં આઠ વર્ષ થઈ ગયા હતા. જ્યારે ગુરુ તો દાયકાથી પણ જૂનો હતો. એ લોકોને રહેવાનું કમ્પાઉન્ડમાં જ, એક મકાનમાં હતું. મીઠાઈ-ફરસાણના ધમધમાટ વચ્ચે એમને આરામ પણ આપવામાં આવતો. લગભગ બધા મળીને પંદરેક કારીગર હતા.

ધવલના બર્થ-ડે પર એમના ઘરે આવતા 'મધુરાશ'માં તો જમતા, એને ભેટ આપતા, પરંતુ અહીં શું હશે? છતાંયે, બધા સાથે મળીને અહીં આવ્યા. આખું કુટુંબ પણ સાથે આવ્યું. સાંજના સાતેક વાગ્યા હતા. ધવલ તો બધાને જોઈને ખુશ થઈ ગયો. પણ એનો ઉતરેલો ચહેરો, કંઈક મગજમારી થઈ હોવાની ચાડી ખાતો હતો. ઝઘડાખોર, સ્વાર્થી, નિર્લજ્જ, અપેક્ષા બેકાબૂ હતી. બધાને મળીને તેની આંખો વહેવા લાગી. ત્યાં તો અપેક્ષા તૈયાર થઈ, ચાવી ઘુમાવતી નીકળી. 'આવે છે... કે પછી આ શંભુ મેળામાં? હોટલમાં પાર્ટી છે, હું પાંચ મિનિટ રાહ જોઈશ.' અને ખરેખર નીકળી ગઈ.

ધવલના આગ્રહથી બધા ત્યાં જ સાથે જમ્યા. વાતાવરણમાં હળવાશ ભળી. પરંતુ રાત્રે કડવાશ ભળી ગઈ. રીતસર નશો કર્યો હતો અપેક્ષાએ. 'માવડિયા, આવી રીતે રહેવું હતું તો મારાથી લગ્ન શા માટે કર્યાં?' ગુરુ અને ક્રિષ્ના દોડી આવ્યા. એમની મદદથી એને ઘરમાં પહોંચાડી. એ સોફા પર જ ફસડાઈ પડી. ક્રિષ્ના તો ગયો, પછી જોધારામ આવ્યો. જોધારામે ગુરુને બેંચ પર બેસાડ્યો. 'ગુરુ, આવી સ્ત્રી હોય તો આપણે તો... ક્યા કરે? મોટા કુટુંબની મોટી વાતો.' નહીં ગુરુ, સબ ચલે, પર યે....છી?!' 'ક્યા? વો લાઈન પે ભી નહીં હૈ?' ગુરુએ થપ્પડ ચોડી દીધી. ગુરુ, મૈંને ભી ક્રિષ્ના કો લગા દિયા થા, જબ ઉસને મુજે બતાયા.

બંને વિવશ હતા, ગુસ્સામાં હતા. 'હમારે નયે બચ્ચોંકો, વો બારી-બારી બુલાતી હૈ, ઘંટા દો ઘંટા... ઔર રૂપિયા દેકે ભેજતી હૈ.' શેઠ જમનાદાસને જોરથી ઉધરસ આવી. ધવલ સામેથી દોડતો આવી ગયો. શું થયું પપ્પા? ચારે જણા અચાનક સામસામે આવી ગયા. એક કડવી વાસ્તવિક્તા સાથે! ગુરુ અને જોધારામ સરકી ગયા. 'બેટા, તું એને છૂટાછેડા આપી દે.' એ શક્ય નથી. એના માટે મેં એને મોં માંગી રકમ આપવાનું કહ્યું. પણ નફ્ફટ બનીને કહે છે, 'બધું મારી પાસે છે. **મારી રીતે જીવવાનું છે. તારા નામનું લેબલ! તું તો મારી ઢાલ છે.'** 'તો...?' ભારેખમ પ્રશ્ન સાથે લાંબી, જાગતી રાતના, પડઘા ખસતા રહ્યા. શું કહે? આવો ખરાબ સમય? શેઠનું મોં બીજા દિવસે પણ તેમની ચિંતાની ચાડી ખાતું હતું. એમની પત્નીએ પણ કહ્યું, 'આ અપેક્ષા શું કરવા બેઠી છે? મારા દીકરાની જિંદગી પાયમાલ કરી નાખી છે. સાવ આમ બેશરમ બનીને કેમ જીવાય?' ગુસ્સાના ઉભરા સાથે આંસુઓ ધસી આવ્યા. આંખો તો આખા ઘરની ભીની હતી. ખુશીઓની અપેક્ષા, અપેક્ષા પાસે હતી, પણ અપેક્ષાએ બધાને આંસુ જ આપ્યા હતા. આખા ખુશ્બુદાર બગીચામાં એક વિષેલી વેલ હતી, જે ધવલને વિંટળાઈ હતી.

કેટલો સમય સહનશીલતા ટકે? જમનાદાસથી પણ આ સહન થતું ન હતું. ધવલ માટે આખા ઘરને એક ખાસ લાગણી હતી. સીધો-સાદો સરળ હસમુખો, ધવલ જિંદગીના કયા વળાંક પર પહોંચી ગયો? 'ધવલ, દુકાને છો ને, આવું છું.' બંને બાપ દીકરો દુકાનની ઉપરના રૂમમાં બેઠા. 'બેટા, તું હિંમત ન હારતો. તારી મમ્મી ખૂબ જ ચિંતા કરે છે. ઘરના દરેક સભ્યો તારા વગર ઉદાસ અને તારા માટે ચિંતિત છે. ભગવાન પાસે પ્રાર્થના કરીએ કે એને સદ્બુદ્ધિ મળે.' 'પપ્પા, મને નથી લાગતું કે એને આવું કંઈ પણ મળે. ખેર, પણ આપ મમ્મીને કહેજો કે એ બિલકુલ ચિંતા ન કરે. હું મમ્મીને નિરાંતે મળીશ. પરંતુ હું જીવીશ, પત્ની લાયક નથી પરંતુ, માતા-પિતા કુટુંબ તો સંસ્કારી અને લાગણીશીલ છે ને? અલગ રહેવા ગયો છું, થયો નથી. એ શક્તિથી તો જીવું છું.

એવામાં ગુરુ ઉપર ચાય લઈને આવ્યો. થોડીવાર બધા ચૂપ થઈ ગયા. ગુરુ પણ આ વિષયને સમજતો હતો, જાણતો હતો. પાછળ જોધારામ પણ આવ્યો. ચારેય જણા બધું કહેવા ચાહતા હતા પણ શરૂઆત કોણ કરે? 'મુલારામને કેમ છે ગુરુ?' 'શેઠજી, એનો બુખાર ઉતરતો નથી. વળી બરાબર થોડીવાર, તો ફીર પાછો બીમાર. વજન પણ ઘટે છે.' 'સારા ડૉક્ટરને બતાવો. ખર્ચની ચિંતા કરતા નહીં.' 'હા શેઠજી, આપે ક્યારેય પૈસાની ચિંતા નથી કરી. આપ અમારા માટે તો ભગવાન છો.' 'નહીં ગુરુ, ભગવાન તો ઉપર છે. આપણે તો અહીં બધાનું સારું કરવાનું છે.' 'તો આપણા કિસ્મતમાં ખરાબ કેમ લખાય છે?' આનો જવાબ ધવલે આપ્યો, 'હોતા હૈ ગુરુ, હોતા હૈ. હમ સબ સાથે હૈ. તું ચિંતા ક્યોં કરતા હૈ?'

ગુરુ અને જોધારામ નીચે ગયા. 'પપ્પા, આપ ચિંતા ન કરો.' 'બેટા, ચિંતો તો છે જ.' ગુરુ તરત જ પાછો વળ્યો. એ કુટુંબના સભ્યની જેમ જ રહેતો અને બધી વાતો તે દિવસે ખુલ્લી થઈ. એટલે હવે છુપાવવાનું કંઈ જ રહેતું ન હતું.

'શેઠજી, ધવલ શેઠ કી જિંદગીમેં ઐસા ક્યોં?' 'હા પપ્પા, આવો સવાલ તો મારા મનમાં પણ ઉદ્ભવે છે. આનો ઈલાજ શું?' અને એ મુઠ્ઠીઓ વાળી ઊભો થઈ ગયો. 'મારું ચાલે, તો હું એનું ખૂન કરી નાખું.' ખુન્નસથી એની આંખો લાલચોળ થઈ ગઈ. 'બેટા, આ પણ એક જાતની આત્મહત્યા જ છે. મને વચન આપ, તું એવું કંઈ જ નહીં કરે.'

થોડીવાર ધવલ ઊંધો જ ઊભો રહ્યો. ગુરુએ તેના ખભા પર હાથ મૂક્યા. બંનેને પાણી પીવડાવ્યું. 'ભલે પપ્પા, હું એવું કંઈ જ નહીં કરું પરંતુ મેં મારા હાથે જ મારા પગ પર કુહાડી મારી છે. આખા કુટુંબને દુઃખ, અફસોસ, લાંછન સિવાય કશું જ ન આપી શક્યો. મારા લગ્ન માટે, મારી પત્ની માટે, બધાને કેવા કેવા અરમાન હતા? હું બધાનો ગુનેગાર છું.' 'બેટા, કિસ્મતમાં લખ્યું હોય ત્યારે જ આવું બને. એમાં કોઈની ચતુરાઈ ના ચાલે. પણ તું સંભાળજે.' 'હા પપ્પા, હું ધ્યાન રાખીશ.' નીચેથી ઈન્ટરકોમમાં શેઠ જમનાદાસને બોલાવ્યા. કોઈ એમને મળવા આવ્યું હતું. એ દુકાને ગયા.

'ધવલ શેઠ, છોટા મુંહ બડી બાત. આપ વો આશા સે તો ઉસે બ્યાહ કર નહીં લાયે ના? ઘરવાલોં સે જ્યાદા તકલીફ તો આપકો હી હૈ ના?' આપણે બધું સમજીએ પણ છીએ. પણ આનો ઈલાજ કંઈક તો હશે ને?' 'ગુરુ, બચ્ચા લોક શું કહે છે?' 'સચ બતાઉં? કહેના તો હૈ પર... જીભ બંધ થઈ જાય છે, ઉપડતી નથી. બંને ભાભીઓને માનથી જોયા છે. એમણે અમને ભાભી અને દીદી જેવો જ પ્રેમ આપ્યો છે. ગાયત્રીદેવી તો અમારા માટે 'મા' જ છે. ઘરના દરેક સભ્યો અમારા માટે માનનીય છે. પણ શેઠજીએ શું કહ્યું? આપ કંઈ પણ કરશો, તો એમને ઘડપણ તમારા વગર વિતાવવું પડશે. એટલે મહેરબાની કરીને, આપ કુછ મત કરના.' ભાવાવેશમાં ગુરુ બોલતો હતો.

ધવલે આજે નક્કી જ કર્યું કે એ ગુરુ પાસેથી હકીકત જાણીને જ રહેશે. 'ગુરુ, અબ તો બતા દો.' ગુરુ નીચે જોઈ ગયો. 'અચ્છા, તો સુન, મને પહેલા બોલવા દે. એ માત્ર પૈસાની ભૂખી છે. માત્ર પોતાના શરીરની સગી છે. અહીંથી પૈસા લઈને ભાઈ સાથે મા-બાપને મોકલી આપે છે. મિત્રો સાથે બેફામ વર્તે છે. જેની તેની સાથે હાથ પકડી, એ મારી સામેથી પસાર થઈ જાય છે, તો મારી પીઠ પાછળ એ શું નહીં કરતી હોય એની મને ખબર છે. એ બચ્ચાલોગને બોલાવે છે. એને હું ઠંડો પતિ લાગું છું. આટલા બધા સુખમાં એ હંમેશાં અસંતુષ્ટ જ રહી છે. પતિ-પત્ની વચ્ચે શારીરિક સંબંધ જ હોય એવું એ સમજે છે.'

'શેઠજી, શુરૂ શુરૂમેં બચ્ચા લોગ ઐસી બાતેં કરતે થે, તો મેં... મસ્તી કરતા હોય એવું લાગતું. હું એ બધાને ડાંટતો પણ ખરો. પણ વારાફરતી બધાને એ બંગલે બોલાવે છે. કંઈક ને કંઈક કામના બહાને! અબ તો સાફ શબ્દો મેં બોલતે હૈં, એક-બે કલાક એ.સી.માં સુંવાળા પલંગમાં, અને પછી રૂપિયા પણ મળશે. એ લોકોને મેં રોકવાની કોશિશ કરી, પણ કોઈ લાલચમાં, કોઈ ખેંચાઈને તો કોઈ ડરીને, પણ જાય તો બધા છે જ.

ધવલના મોબાઈલની રિંગ વાગી. 'એનો જ ફોન છે, તું પણ સાંભળ.' એણે લાઉડ સ્પીકર ચાલુ કરી નાખ્યું. 'હલ્લો, મને દસ હજાર રૂપિયા જોઈએ છે.' 'અપેક્ષા, હજુ તો આઠ દિવસ નથી થયા, તું લઈ ગઈ તેને.' 'મને મારી જરૂરિયાત પૂરી કરવાનો અધિકાર છે.' 'મને પપ્પાને જવાબ આપવો પડે છે.' 'પપ્પા...પપ્પા, તારા મનમાં તું શું સમજે છે? કુટુંબ, મમ્મી-પપ્પાની પાછળ ફરનારને હું મર્દ જ નથી માનતી. ખેર, જવા દે. તારા પપ્પાના કરોડમાંથી હજારો લઈને હું કાંઈ ગુનો નથી કરતી. તારા કરતાં તો તારા નોકરો સારા.'

ફોન તો કટ થઈ ગયો પણ મન ખાટા થઈ ગયા બંનેના. એ બાઈ નફફટ થઈને બોલે છે, વર્તે છે. આવી સ્વચ્છંદતા? આવી નિર્લજ્જતા? 'ગુરુ, ગુરુ, હું શું કરું? આ બેશરમને કેમ સંભાળું? અમારી મહેનતની-પસીનાની કમાણી, એ એના મા-બાપ ભાઈ-બહેન -મિત્રો પાછળ, બેફામ બનીને ઉડાવે છે. ખુદ પણ એટલા રૂપિયા ઉડાડે છે કે શું કહું? સમાજમાં માથું ઝુકાવવું પડે એવી સ્થિતિ છે.' 'ઉસકે પાપા કુછ નહીં બોલતે?' 'એના પપ્પાએ એને ટોકી હોત, કે એણે એમનું માન્યું હોત તો આવો દિવસ આવત ખરો કે?'

એક નિઃશ્વાસ સાથે, માથે હાથ દઈ, ધવલ બેસી ગયો. શેઠજી, એક સવાલ પૂછું? હકારમાં ડોકું ધુણાવ્યું ધવલે. 'આપને ઉસસે પ્યાર કિયા થા, આપકે દિલમેં અભી ભી...' 'હવે તો માત્ર નફરત છે. તેં મારા મોંએથી સાંભળ્યું ને, કે મારું ચાલે તો હું એને મારી નાખું. પણ અફસોસ... અફસોસ કે હું એ પણ નથી કરી શકતો. એ અભાવમાં જીવતી હતી, મધ્યમવર્ગમાં રહી હતી. એટલે મને એમ હતું કે, અહીં બધું પામીને એ સંતુષ્ટ થઈ જશે. એના જીવનમાં હું ખુશીઓ ભરી દઈશ. પણ ગુરુ, એણે મારા જીવનમાં ઝેર ભરી દીધું છે. જે મારા કુટુંબની, મારી ન થઈ શકી, એના માટે લાગણી? ઈમ્પોસિબલ...'

દુકાને ઘરાકી ખૂબ હતી એટલે બંને નીચે ઉતરી ગયા. બંને હૃદયમાં એકમેકથી વાત કરવાનો સંતોષ પણ હતો, ઉચાટ પણ હતો. બંનેને 'કંઈક' કરવું હતું, પણ શું? મસમોટો પ્રશ્ન હતો. હલ કરવો જરૂરી હતો, પણ ઉપાય શોધવો અઘરો હતો.

રાત્રે વળી છૂટા પડતી વેળાએ ધવલે કહ્યું, 'ગુરુ, અબ તો ભગવાન કી દયા સે, યા કિસ્મત સે, કોઈ રાસ્તા મિલે તો ભલે... વરના મારી જિંદગી તો આમ જ... પાછા આ ડામ તો કોને બતાવું?' 'શેઠ, હિંમત નહીં હારને કી, હમસબ આપકે સાથ હૈ. લગતા હૈ નમક કી કિંમત અદા કરને કા વક્ત આ ગયા હૈ.' 'નહીં ગુરુ, મને વચન આપ કે તું કંઈ ખોટું પગલું નહીં ભરે.' 'મૈં કુછ તો કરુંગા પર આપકો કુછ નહીં હોને દુંગા.'

ઘરે જઈ, ઢાંકેલી થાળીમાંથી બે કોળિયા લઇ કોમ્પ્યુટર પર ધવલ ટાઈમપાસ કરવા લાગ્યો. કેવી રોનક હતી 'મધુરાશ'માં! રાત્રે બધા એક સાથે જમતા. જમીને થોડીવાર બહાર લોનમાં બેસતા, અવનવી રમતો રમતા. આઈસ્ક્રીમ, કોલ્ડ્રિંક્સની લિજ્જત માણતા, કદીક ટી.વી. પાસે બધા સાથે બેસીને પિક્ચર કે સીરિયલ જોતા. અવનવા જોક્સ, બાળકો પાસે સ્કૂલની વાતો, મજાક મસ્તી, મમ્મી-પપ્પા પાસે જૂનાં જૂનાં સુમધુર સંભારણાઓ અને દરેક વ્યક્તિ આમ પણ એકમેકથી સંકળાયેલ જ રહેતી. જીવનમાં સુમધુર સંગીત રેલાતું રહેતું. ત્યાં તો બધું કદાચ હજુ પણ એવું જ હશે! પણ ના, કારણકે ઘરમાં એક પણ વ્યક્તિ હાજર ન હોય તો બધાને ખટકતું. હવે તો ધવલ જ એ નામથી દૂર થઈ ગયો. એણે બે-ત્રણ વખત ત્યાં જવાની હિંમત પણ કરી હતી.

પરંતુ અપેક્ષાએ અસહ્ય, બેહુદું વર્તન કરીને એ પણ બંધ કરાવ્યું. તે દિયર-ભાભીના પવિત્ર સંબંધને વરવું રુપ આપતાં અચકાતી નહીં. મા-દીકરાના સંબંધો પર સ્વાર્થનો મહોર લગાવતા અચકાતી નહીં! બાળકોના કુમળા માનસને ધ્યાનમાં લઇ, કંકાસથી બચવા, ધવલે ન જ જવું ઠીક સમજ્યું. ઘડિયાળ સાડા અગિયાર બતાવતી હતી. ત્યાં તો અપેક્ષાએ ગાડી પાર્ક કરી. શરૂ શરૂમાં ધવલ એને સામેથી બોલાવતો, એની પાસે દોડીને જતો. પણ હવે તો એ બધું અશક્ય હતું. એ નિર્લેપણ બનીને લેપટોપ પર બેસી રહ્યો. બડબડાટ જેવો ગણગણાટ કરતી, અપેક્ષા રૂમમાં ભરાઈ ગઈ. રાતે બધાને ઊંઘની ચાદર ઓઢાડી. પણ ગુરુ એમાંથી બાકાત રહ્યો. 'શું કરવું?'.... સવારના એ થોડો મોડો ઊઠ્યો. દુકાને જવા નીકળ્યો તો અપેક્ષા સામે ઊભી હતી. મુલારામ નીચે હતો તેને પોતાના તરફ બોલાવી રહી હતી. એમની ગતિવિધિઓ નિહાળી, ગુરુ દુકાને જવા નીકળ્યો. બપોરના જમીને આરામ કરવા આજે ઘરે આવ્યો. દુકાન ઘરથી નજીક જ હતી. 'મુલારામ, છોટી શેઠાનીને ક્યા કહા?' મુલારામ, જોધારામ, ગુરુ — આ ત્રણેય પર અપેક્ષા પોતાનો રંગ નહોતી જમાવી શકી. અલબત્ત, કોશિશ તો કરતી જ રહેતી. 'વો બોલી, તબિયત અચ્છી નહીં હૈ તો મેરે પાસ આના. મૈં ઠીક કર દૂંગી.'

સાંજના એનો રિપોર્ટ લઇને ડૉક્ટર પાસે જવાનું હતું. એચ.આઈ.વી. પોઝિટિવ, એઈડ્ઝ... બંને જણા ચોંકી ગયા. ગામડાના અભણ, ઓછું ભણેલા-ગણેલા. શહેરીજનો, આ નામથી કોણ અપરિચિત છે ભલા? અથવા તો ડર કોને નથી? ડૉક્ટરે તેમને બેસાડ્યા. 'ગુજરાતી સમજો છો મુલારામ?' 'હા, સાહેબ.' 'શું તમે ક્યારેય બીજી સ્ત્રી સાથે સૂતા છો?' 'સાહેબ, એને તો ઘણો ટાઈમ થયો.' 'જુઓ, સુરક્ષા ન રાખો તો આ રોગ લાગુ પડે, ને પડી ગયો છે. પણ તમે હિંમતવાળા છો, ગભરાવવાનું નથી. હવે તો ઘણી દવા છે. સરકાર પણ ઘણી મદદ કરે છે. એટલે તમે નિયમિત રીતે દવા લેશો તો કાંઈ નહીં થાય.' એણે હકારમાં માથું ધુણાવ્યું.

દવાઓ આપી, સમજાવી, 'હા, હવે ખાસ ધ્યાનમાં રાખવાની બાબત, આપનું લોહી, કદીયે કોઈને આપવામાં કામ નહીં આવે. આ બે પુસ્તકો લઇ જાઓ. વાંચીને, અનુસરીને જીવશો તો તકલીફ ઘણી ઓછી થશે. પણ હવે આ રોગ કોઈને ન લાગે એની તકેદારી તમે રાખજો. જાણે-અજાણે કોઈકે તમને આ રોગ દઈ દીધો છે. આ રોગના દર્દીઓ ચિંતાજનક રીતે વધી રહ્યા છે. કોઈપણ સરકાર કે દેશ માટે, આ ખતરનાક પ્રશ્ન છે. અસુરક્ષિત સંબંધથી દૂર રહેજો.'

બંને ભારેખમ હૃદયે ઘરે આવ્યા. ગુરુએ તેને હિંમત આપી. આગલે દિવસે ગામથી આવેલ રાજસ્થાની રેખારામ રડતો હતો. સોળ વરસના રેખારામને બધા ઘેરીને બેઠા હતા. 'ક્યા હુઆ?' રેખારામ રડતો રહ્યો. જોધારામે કહ્યું, 'કલ ઉસકો શેઠાનીને બુલાયા થા.' 'રેખારામ, તુજે કોઈ કુછ નહીં બોલેગા. બતા ક્યા હુઆ?' ગુરુએ પૂછ્યું. 'મુજે વહાં બુલાયા. ફિર મુજકો પૈરોં પે માલીશ કરને કો કહા, ફિર હાથ પે, પીઠ પે, પૂરે બદન પે... ફિર ઉસને મેરેકો પલંગ પે લેટા દિયા ઔર બોલે, અબ દેખ, મૈં તુજે માલીશ કરતી હું. ઔર મેરે પૂરે બદન પે હાથ ઘુમાને લગી. ઓર મેરે સાથ જબરદસ્તી... મૈંને મના ભી કિયા. મૈંને બોલા, મૈં આપકે બચ્ચે જૈસા હું. તો વો જોરસે હંસી. 'બચ્ચે મુજે અચ્છે નહીં લગતે. મેરા બચ્ચા હોગા હી નહીં.' ફિર હંસતે મેરે કો પાંચસો કા નોટ દિયા. ગુરુ, યે પાપ હૈ. હમલોગ નમકહરામ નહીં હૈ.' એ ફરીથી રડવા લાગ્યો.

એને ચૂપ કરાવી ગુરુએ બાકી બધા સામે જોયું. 'દેખા, યે સમજતા હૈ, આપ નહીં સમજોગે? મુલાકામ કો ગંભીર બીમારી હો ગઈ હૈ. અબ આપ લોગ ભી કહીં નહીં જાઓગે! કિસીકે ભી બુલાને પર, પહેલે મેરી રજા લોગે. બધાનું મસ્તક ઝુકેલું હતું. પણ મનમાં શાંતિ હતી. બધા સૂવા ચાલ્યા ગયા. 'ગુરુ, મુઝે ગાંવ જાના હૈ.' 'ચલે જાના, પર વહાં યે સબ દવાઇયાં મિલેગી? તું તેરા ખયાલ રખેગા?' બંને મનમાં ભાર લઈ ઊંઘી ગયા. સવારે ધવલે પૂછ્યું, 'ગુરુ, મુલારામ કો ક્યાં

હુઆ હૈ? ડૉક્ટર શું કહે છે?' 'વો... ઉસકો એઇડ્ઝ હો ગયા હૈ.' 'ઓહ માય ગોડ' ધવલ અફસોસથી બોલી ઉઠ્યો. 'ઉસે ગાંવ જાના હૈ.' 'ભલે જાય પણ એને દવા, રૂપિયા બધું આપી દેજો.'

બીજા દિવસે રવિવાર હતો અને પ્રેક્ષાના દીકરા યુગનો જન્મદિવસ પણ હતો. સાંજે બધા ત્યાં ગયા. અપેક્ષા ન ગઈ. બચ્ચા લોગ પિક્ચર જોવા ચાલ્યા ગયા હતા. જોધારામ, મુલારામ, ગુરુ બેઠા હતા. 'વો બેશરમ ઔરત આજ ઘર પે અકેલી હી હોગી ના?' 'હમ તીન તો હૈ, જો ઉસસે બચકે રહે હૈ.' જોધારામે કહ્યું, 'નહીં તીન થે, અબ ઐસે દો હી રહેંગે.' મુલારામ તરફ જોતો ગુરુ આવેશમાં ઊભો થઈ ગયો. 'તું જઈશ?' મુલારામે પૂછ્યું, 'નહીં, તું જાયેગા' અને ત્રણેય જણા સમજી ગયા.

મુલારામ બહાર નીકળ્યો કે અપેક્ષાએ એને બોલાવી લીધો. એના સિવાય આખા ઘરને ખબર હતી કે મુલારામને ઍઇડ્સ છે. ડૉક્ટરની સૂચના અવગણીને છેલ્લી વખત મુલારામે સુરક્ષા વગર અપેક્ષા સાથે... અને મુલારામ બહાર નીકળ્યો ત્યારે બધા જ આવી ગયા. આખું કુટુંબ, બધા બચ્ચા લોગ, મુલારામ, જોધારામ, ગુરુ દરેકના ચહેરા પર વિજયી સ્મિત હતું. 'શેઠજી, મૈંને ગલત કામ તો કિયા હૈ, પર મુજે અફસોસ નહીં હૈ.' અપેક્ષા દરવાજા પાસે આવી. એને જોઈ ગુરુએ જોરથી કહ્યું, 'મુલારામકો સબ મિલ લો. હવે એ હંમેશ માટે ગાંવ જઈ રહ્યો છે, રાજસ્થાન જઈ રહ્યો છે. એને એઇડ્સ થઈ ગયો છે.'

અપેક્ષાના પગ તળેથી જમીન સરકી ગઈ. કલાક પહેલાની મજા જીવનભરની સજામાં પલટાઈ ગઈ. આખા ઘરે એના ચહેરા પરની ફિક્કાશને અનુભવી. ધવલે ગુરુ સામે જોયું તો એ ત્રણેએ ધવલ સામે હાથ જોડ્યા. ધવલ એને જોતો જ રહ્યો. 'મધુરાશ' પોતાના રૂમમાં ચાલ્યો ગયો. સવારે અપેક્ષા બંગલામાં ન હતી. 'મને શોધો, એવું કોઈ જ કારણ તમારી પાસે નથી. દાગીના અને રોકડ લઈ જાઉં છું. મને જરૂર પડશે. આપની અપેક્ષા... આપની કદીયે ન હતી અપેક્ષી, એવી અપેક્ષા... અલવિદા.' એનો કાગળ વાંચી, ફાડી નાખ્યો. અરીસા પર લખી ગઈ હતી, 'ધવલ, તમે મુક્ત છો લગ્નના બંધનમાંથી.' 'મધુરાશ'માં ધવલના આગમનથી ફરી એ જ મધુર.....

*મંગલ સ્મૃતિ, ધાટિયા ફળિયા,*
*રિંગ રોડ, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*મો. ૯૮૭૯૫ ૩૯૧૨૮*

## મારો સ્વજન થોડા સમયથી બહુ જ બોલે છે...

**(અનુસંધાન : પાના નં.-૩૦ ઉપરથી ચાલુ)**

- **નિદાન :**

વિવેકના કિસ્સામાં એના વ્યક્તિત્વ કરતાં –

૧. જરૂરતથી વધારે બોલવાનું
૨. વધારે પડતો આત્મવિશ્વાસ.
૩. વધારે પડતું ફરવાનું.
૪. વધારે પડતા પૈસા ખર્ચવાના.
૫. ઊંઘ ઓછી થવી.
૬. વધારે પડતી માનસિક તથા શારીરિક ઉર્જા
૭. ચીડિયાપણું

જેવા લક્ષણો છે. એટલે વિવેકનો કેસ બાઇપોલર ડિસઓર્ડર - ઉન્માદ (મેનિઆ - Mania)નો છે.

- **સારવાર :**

પ્રથમ ઉન્માદ પ્રતિરોધક દવાઓ (Anti-Manic Medication) શરૂ કરી. ધીમે ધીમે વિવેકના ઉપરોક્ત લક્ષણો કાબૂમાં આવ્યા. બોલવાનું ઓછું થયું, ઊંઘ નોર્મલ થઈ, ફરવાનું, પૈસા ખર્ચ કરવાનું કાબૂમાં આવ્યું. ચીડિયાપણું ઓછું થયું. કુટુંબીજનોની વાતો સમજવા લાગ્યો. બે અઠવાડિયામાં નોંધપાત્ર ફરક થયો.

વિવેકના નોર્મલ થયા બાદ કાઉન્સેલિંગ તથા મનોવિશ્લેષણની પધ્ધતિ દ્વારા સારવાર આપી ખામીયુક્ત વ્યક્તિત્વમાં ફેરફાર થયો.

- **ઉન્માદ મેનિયા (Mania) :**

૧૦૦ વર્ષ પહેલા પ્રો. કેપલિને ઉન્માદ (મેનિયા)ની બીમારીના લક્ષણોનું સવિસ્તાર વર્ણન કર્યું હતું. જેમાં વધારે પડતું બોલવાનું, વધારે પડતો આત્મવિશ્વાસ, હર્ષોલ્લાસ મહત્ત્વના લક્ષણો હતા.

૩૦મી માર્ચનો દિવસ વિશ્વમાં બાઈપોલર ડીસઓર્ડર તરીકે મનાવાય છે (World Bipolar Disorder Day). આ દિવસે જનહિતના કાર્યક્રમોમાં બાઈપોલર ડિસઓર્ડર વિશે જનજાગૃતિના કાર્યક્રમોને પ્રાધાન્ય અપાય છે.

બાઈપોલર ડિસઓર્ડર વિશેની માહિતી હવે પછીના લેખમાં આપણે જાણીશું.

*(ક્રમશઃ)*

*ધરતી એના ખોદનારને પાણી આપે છે તો આપણે તો માણસ છીએ.*
*આપણું ''ખોદે'' એને આપણે પ્રેમ ના આપી શકીએ? અઘરું છે પણ અશક્ય નથી.*

સચેત

# હવે વક્તાઓ સામે એક મોટું ઘડિયાળ હોવું જરૂરી છે



ભીમજી નાકરાણી
તંત્રીશ્રી : 'સરદાર જ્યોત'

અમારા એક મિત્ર છે. ઘણા પાસે આવા મિત્રો, વક્તા, વડીલો, પ્રાધ્યાપક, વિદ્વાન, લેખક, નેતા, સમાજ અગ્રણીઓ મળી રહે છે કે જે ટૂંકી વાત કરવી છે એમ કહેતા કહેતા લાંબી વાત કરી નાખે છે. હમણાં એક નાનકડી બેઠક હતી. સામે પાંચ વક્તા હતા ને શ્રોતાગણ ૭૦ હતા. લાયન્સ ક્લબ જેવી સંસ્થાઓમાં આવું બને છે. વક્તા (ભાષણ આપનારા) કરતા શ્રોતા ઓછા હોય તેવા જ ધારાધોરણ મુજબ **આ બેઠકમાં એક વડીલને બે મિનિટ આપી અને તેમણે ૧ કલાકનો સમય લીધો. બધા ખૂબ અકળાયા. વિષય બહારની તેમની પોતાની જ વાતો કર્યે જતા હતા.** હું પણ હાજર હતો. મેં નજર ફેરવી ચારેબાજુ જોયું પણ ક્યાંય કોઈ પણ દીવાલ ઉપર સામે દેખાય તેવી **ઘડિયાળ ટાંગેલી ન હતી.** અંતે કોઈને મજાક સુઝી અને લાંબી રીસેસમાં સ્કૂલમાં બેલ (ઘંટ) વાગે તેવી રીતે મોબાઈલમાં ટરરર.... વગાડી પેલા વડીલને જાગૃત કર્યા, ત્યાં સુધીમાં બીજા ત્રણ વક્તાનો સમય આ સાહેબે પૂરો કરી દીધો હતો.

આપણે સૌ ટી.વી.ની ચેનલ ઉપર કે પછી ભાગવત કે પછી રામકથા કે પછી શિવપુરાણ કે પછી દેવી પુરાણમાં જોઈએ છીએ, સાંભળીએ છીએ. જેમાં કથાકાર ૮ કલાક, ૪ કલાક કે પછી પાંચ કલાકના કથા સમયમાં મૂળ કથા (વાર્તા) તો ૨૫% જ કહેતા હોય છે. બાકી તો શ્રોતાઓને મજા આવે તેવા જોક્સમાં ગણાવી શકાય તેવી વાતો અને દાખલાઓ આપે જતા હોય છે. અને ધૂન, ભજન, દોહા, ચોપાઈ, મૂળ સ્વરૂપે અને ભાષાંતર સ્વરૂપે રજૂ કરતા કરતા વચ્ચે વળી ગરબા તો આવે જ. **આ રીતે રોજના લાખો માનવ કલાકનો કોળિયો કરી જતા હોય છે. આ પરંપરા ચાલતી જ રહે છે. અહીં પણ ક્યાંય કોઈ જગ્યાએ સામે ઘડિયાળ દેખાતી હોતી નથી.** વક્તવ્ય અને ભાષણ આપવાની સ્પર્ધાઓ વચ્ચે મેં બે વિદ્વાન વક્તાઓને સાંભળ્યા છે, જે એક કલાકથી વધુ બોલતા નથી. તે તેમની સામે 'વોચ' લઈને બેસે છે અને બરાબર એક કલાકે વક્તવ્ય વિષયાંતર કર્યા વિના પૂર્ણ કરે છે.

અમે આજથી પાંચેક વર્ષ પહેલાં અંધજન મંડળના સહયોગથી પ્રા. અશ્વિનભાઈ અણદાણી સાથે મળીને ગુજરાતભરમાંથી ૨૦૦ વ્યક્તિઓ માટે એક સેમિનાર યોજેલો જેનો વિષય હતો '**વક્તવ્ય અને સભા સંચાલન.**' અને આ સેમિનાર પછી આ વિષયક સમજાવતું પુસ્તક પણ મિત્ર શ્રી અશ્વિનભાઈ અણદાણીએ પ્રકાશિત કર્યું. આ સેમિનારમાં સારા, શ્રેષ્ઠ વક્તાએ વિષય, સમય અને શ્રોતાઓને ધ્યાનમાં લેવાની વાત ઉપર ખાસ ભાર મૂક્યો હતો. અને **આયોજકોને દરેક સભા, સમારંભ, વક્તવ્યના સ્થળે, સામે 'ઘડિયાળ' રાખવાની ભલામણ કરી હતી.** આ ભલામણ પ્રમાણે થોડો અમલ થાય તો બિચારા શ્રોતાઓ વક્તાના ત્રાસથી બચી શકે છે.

મેં મારી આ ૬૫ વર્ષની ઉંમરમાં નાછૂટકે એટલે કે મારી ઉંમરના ૧૦થી માંડી ૬૫માં વર્ષ સુધીમાં ક્યારેય કોઈ 'રાજકીય માણસો'નું વક્તવ્ય સાંભળ્યું નથી. આ સત્ય હકીકત જણાવું છું, પણ ક્યારેક પરાણે પરાણે નેતાઓને સાંભળવાનું દુર્ભાગ્ય પ્રાપ્ત થયું છે. મેં આજ સુધીમાં પાંચથી વધુ વખત કોઈ પ્રકારની ધાર્મિક કે સાંપ્રદાયિક કથાઓ સાંભળી નથી, સાંભળવા માંગતો પણ નથી. આ પૂરતા નાસ્તિક થવામાં જરાયે વાંધો નથી. કેમકે સામે બેઠેલા હજારો લોકોના સમયનો વેડફાટ અટકાવવા માટે આ બધા કથાકારો કે વક્તાઓ સામે પણ ઘડિયાળ હોતી નથી.

હમણાં હમણાં ધામોની સ્થાપના, સંકુલોનાં નિર્માણ, સમૂહલગ્નો, ઈનામ વિતરણ કે પછી અલગ અલગ બહાના હેઠળ યુવાનો, ભાઈઓ, બહેનો, પ્રજાજનો, જાનૈયાઓ, ભોજનના લોભે પધારેલા શ્રોતાગણ અને આવી ગયેલા મારી-તમારી જેવા મોટી ઉંમરના નાના માણસોને મૂળ તો ભેળા કરવાનો ક્રેઝ વધ્યો છે. આવા પ્રસંગે પાછા જીવન ઘડતર અને મોટિવેશનલ સ્પીકરોને પરાણે સાંભળવા પડે છે અને આ બધા જ સ્પીકરો દોઢ કલાકથી નીચે પિરીયડ લેતા નથી. આ બધા તો ૨૫થી ૩૦ હજાર રૂપિયા લઈને બોલે છે, સારું છે, પરંતુ એની આગળ-પાછળના **સભા સંચાલક (એનાઉન્સર)ની આજુબાજુ ઘડિયાળો મૂકવાનો સમય પાકી ચૂક્યો છે.** વળી હમણાં હમણાં તાજા-તાજા બે-પાંચ વર્ષથી નવા નેતા બનેલા મહાનુભાવો સભામાં ક્યાંય પણ આવે એટલે વક્તવ્ય આપવાના તેમના અબાધિત અધિકારના નાતે વિષયાંતર ભરેલી એવી વાતો કરે, એવી વાતો કરે કે આઝાદી સમયે બુલંદ અવાજે નારા લગાવનાર આંદોલનકારીઓનું દશ્ય સામે આવે અને

(અનુસંધાન : જુઓ પાના નં.-૪૧ ઉપર)

એકરાર

# પ્રેમની પરિભાષા



સુનિતા એ. શાહ

નીલાએ આજના રાત્રિના ભોજનની બધી જ તૈયારી કરી લીધી હતી. તેણે એકવાર બધી જ ભોજનની સામગ્રી જોઈને ખાતરી કરી લીધી કે બધી જ વસ્તુ, બધી જ ચીજ, સુપથી લઈને ડેઝર્ટ સુધી બધું જ બરાબર તૈયાર છે, ક્યાંય કોઈ કમી તો નથી રહી ગઈને?

પછી તેણે ઘડિયાળ સામે નજર નાખી. ઘડિયાળ રાત્રિના આઠ વાગ્યાનો ટાઈમ બતાવી રહ્યું હતું. તેણે વિચાર્યું કે હમણાં જ આકાશ આવી પહોંચશે. તેનો પતિ આકાશ આવી પહોંચે એ પહેલા તેણે ડાઈનિંગ ટેબલ પણ સુંદર રીતે સજાવી દીધું હતું. ત્યાં જ ડોરબેલ રણકી અને તેણે દોડીને ઘરનું બારણું ખોલ્યું. આકાશે ઘરમાં પ્રવેશ કર્યો અને જોયું કે આજે ઘર સુંદર રીતે સજાવેલું હતું. ડાઈનિંગ ટેબલ પણ સરસ મજાની નવી ક્રોકરીથી સુશોભિત હતું. આકાશે નીલાને પૂછ્યું, 'અરે, આજે આ બધું શું છે? કોઈ ખાસ પ્રસંગ છે કે કોઈ મહેમાનને ઘરે જમવા માટે બોલાવ્યા છે?' નીલાએ કીધું કે, 'કોઈ ખાસ પ્રસંગ તો નથી, પરંતુ હા, કોઈ મહેમાન જરૂર જમવા આવવાના છે.' આકાશને આશ્ચર્ય થયું અને તેણે ઉત્સુકતાપૂર્વક પૂછ્યું, 'કોઈ મહેમાન જમવા આવવાના છે? શું હું તેમને જાણું છું કે પછી કોઈ નવી ઓળખાણ શોધી નાખી છે?'

નીલા ધીમું હસતા બોલી, 'એવું જ સમજો કે કોઈ નવી ઓળખાણ શોધી છે.'

'હવે તું મને જલ્દીથી કહે કે કોણ આવવાનું છે. મારાથી હવે જાણ્યા વગર નથી રહેવાતું.' આકાશ અધિરાઈથી બોલ્યો.

ત્યારે નીલાએ કહ્યું, 'આપણા બાજુના ઘરમાં નવા પડોશી રહેવા આવ્યા છે. હમણાં સાંજે જ આવ્યા છે એટલે હજી તેમણે પોતાનો પૂરો સામાન પણ ખોલ્યો નહીં હોય, તો રસોડું તો ક્યાંથી શરૂ કરી શકે? એટલે સાંજે હું એમના માટે ચા-નાસ્તો લઈને ગઈ હતી અને રાતના જમવાનું આમંત્રણ પણ આપી આવી છું. તમે હાથ મોઢું ધોઈને ફ્રેશ થઈ જાવ એટલે હું તેમને બોલાવી લાવું.'

આકાશ થોડી જ મિનિટોમાં ફ્રેશ થઈને આવી ગયો. એટલે નીલા બાજુમાં જઈને તેમના નવા પડોશી રીચા અને મિહિરને બોલાવી આવી. તેણે પોતાના પતિ આકાશ સાથે તે બંનેનો પરિચય કરાવ્યો. ચારે જણા જમવાને ન્યાય આપવાની સાથે સાથે વાતોમાં મશગુલ થઈ ગયા.

પછી તો તેમની વચ્ચે ખૂબ જ સારા સંબંધ બંધાઈ ગયા. એકબીજાને ઘેર આવવા જવાનું, સાથે બહાર ફરવા જવાનું, મુવી જોવા જવાનું અથવા તો રાત્રે એકબીજાના ઘરે જઈને બેસવાનું અને રજાના આગલા દિવસે તો મોડી રાત સુધી વાતો કરવાની, પત્તા રમવા વગેરેનો સિલસિલો શરૂ થઈ ગયો.

આ બધાની વચ્ચે એક વસ્તુ નીલાના ધ્યાનમાં આવી કે મિહિર વાતવાતમાં વારેઘડીએ રીચાના ખૂબ વખાણ કર્યા કરતો હતો. વાતે વાતે એના મોઢામાંથી આઈ લવ યુ અને ડાર્લિંગ શબ્દ નીકળતા હતા. જ્યારે પણ બહાર જવાનું થાય ત્યારે બંને મેચિંગ કપડા પહેરીને તૈયાર થતા અને એકબીજાના હાથમાં હાથ પરોવીને બહાર નીકળતા હતા. મિહિર રીચાને મોંઘી મોંઘી જ્વેલરી ગીફ્ટમાં આપતો હતો. જ્યારે મિહિર ઑફિસે જતો હોય ત્યારે રીચા તેને દરવાજા સુધી વળાવવા આવતી અને બંને બાય કહીને છૂટા પડતા. રીચા વાતવાતમાં જતાવ્યા કરતી કે તેનો પતિ તેને કેટલો પ્રેમ કરતો હતો... કેટલો પ્રેમ કરે છે... બંને વચ્ચેનો છલકાતો પ્રેમ બધાની નજરે દેખાતો હતો. જ્યારે નીલા અને આકાશની વચ્ચે આવા કોઈ પ્રેમભર્યા શબ્દોનો પ્રયોગ બધાની હાજરીમાં થતો ન હતો કે એકબીજાના હાથમાં હાથ પરોવીને નીકળતા ક્યારે પણ કોઈએ જોયા ન હતા. તેઓ બધાની હાજરીમાં ખૂબ સંયમથી વર્તતા હતા.

આવી જ એક શનિવારની રાત્રે ચારે જણા નીલે અને આકાશના ઘરમાં બેઠા હતા. તેમણે સાથે ડીનર પતાવી દીધું હતું અને ટી.વી.માં મેચ આવતી હોવાથી આકાશ અને મિહિર હાથમાં કોફીનો કપ લઈને ટી.વી. સામે ગોઠવાઈ ગયા હતા જ્યારે નીલા અને રીચા કોફીના કપ સાથે બાલ્કનીમાં બેસીને વાતોએ વળગ્યા હતા.

વાતવાતમાં રીચાએ નીલાને પૂછી લીધું કે, 'શું તારો પતિ તારી સમક્ષ ક્યારે પણ પ્રેમનો એકરાર નથી કરતો? તને મોંઘી ગિફ્ટ નથી અપાવતો?'

ત્યારે નીલાએ મંદ મંદ મુસ્કુરાતા જવાબ આપ્યો, 'મારો પતિ મને ખૂબ પ્રેમ કરે છે. પરંતુ શું બોલીને બતાવવાથી જ

પ્રેમ સાબિત થાય છે? બોલ્યા વગર પણ પ્રેમ પ્રગટ થાય જ છે. ભલે મારા પતિ આકાશ મને કંઇ કહેતા નથી, કંઈ બોલતા નથી પરંતુ રીચા, દરેક વખતે ફક્ત બોલીને જ પ્રગટ થાય તો જ પ્રેમ હોય એવું નથી હોતું. પરંતુ પ્રેમ તો તમારી આંખોમાં, તમારા વર્તનમાં વંચાતો હોય છે, દેખાતો હોય છે.

નીલાએ રીચાને કહ્યું, 'મારો પતિ જ્યારે ઑફિસેથી થાકીને ઘેર આવે છે અને જમવાના ટેબલ ઉપર આવીને મારી પીરસેલી થાળી જમે છે ત્યારે ભલે એ સાદું ભોજન હોય, કોઈક વાર ખાવાની વાનગી એકાદ ઓછી કે વધુ હોય, વાનગી બરાબર ન પણ બની હોય, તે છતાં એ પ્રેમથી જમે છે અને જમતા જમતા મારી બનાવેલી વાનગીના વખાણ પણ કરે છે. કોઈવાર રસોઇ બનાવતા મોડું થઈ ગયું હોય તો શાંતિથી ભોજન બનવાની રાહ જુએ છે. આ એમનો પ્રેમ છે...

ભલે બધાની સાથે બધાની હાજરીમાં મને 'આઈ લવ યુ' જેવા શબ્દો ના કહ્યો હોય પરંતુ જ્યારે મિત્રોની વચ્ચે બેઠા હોય અને કોઈ મિત્ર જ્યારે પત્નીઓને લઇને કોઈ કટાક્ષ કરતા હોય અથવા કોઈ પત્નીને માનહાનિ પહોંચે એવા જોક્સ કહેતા હોય ત્યારે મારા પતિને મેં કહેતા સાંભળ્યા છે કે આપણી પત્ની તો આપણા માટે આશીર્વાદ સમાન છે. એ છે તો આપણને ઘરમાં બધી વસ્તુ બરાબર મળી રહે છે. ઘરનું સ્વચ્છ અને આરોગ્યપ્રદ ભોજન મળી રહે છે. આપણને ઘરમાં કોઈ વાતની તકલીફ નથી પડતી કારણકે આપણા માટે બધું હાજર હોય છે અને એટલે જ આપણને તેની કદર નથી હોતી. જો એક દિવસ પણ આ પત્નીઓ કામ બંધ કરીને હડતાળ ઉપર ઉતરી જાય તો આપણું બધું જ કામ અટકી જાય.. માટે આપણે તેમની મશ્કરી કરીને તેમને નીચી બતાવવા કરતા તેમનો આભાર માનવો જોઈએ... મારા પતિનું તેમના મિત્રો સમક્ષ આ કહેવું, એ શું એમનો વણકહ્યો પ્રેમ નથી? **કદાચ કહ્યા કરતા પણ વધારે પ્રેમ છલકાય છે એમના એક એક શબ્દમાંથી...** મારી વરસગાંઠ યાદ રાખવી, લગ્નની તારીખ યાદ રાખવી, એ દિવસે નાની-મોટી ભેટ સોગાદ લાવવી એ પણ પ્રેમ જ છે...

મારી સાથે મારું ગમતું મુવી જોવા આવવું, એમને બહાર હોટલનું જમવાનું ન ગમતું હોવા છતાં મારી સાથે મારી ખુશી માટે હોટલમાં જમવા આવવું, એ પણ પ્રેમનો જ પ્રકાર છે...

ઘરખર્ચ માટે આપેલા પૈસાનો ક્યારેય પણ હિસાબ ન માંગવો, ચલણથી લઈને ચારિત્ર્ય સુધી બધી વાતમાં મારા ઉપર પૂર્ણ વિશ્વાસ મૂકવો, પોતાનું બધું કામ પોતાની જાતે કરી લેવું, કોઈ વાતમાં ઓર્ડર ના ચલાવવો, કોઈ વાર ઘરની સાફ સફાઈ બરાબર ન થઈ હોય તો પણ એક હરફ સુધ્ધાં ન ઉચ્ચારવો આ બધા પણ પ્રેમના જ પ્રકાર છે...

રીચા એકધ્યાને નીલાની વાતો સાંભળી રહી હતી. આજે એને વણકહ્યા પ્રેમની વ્યાખ્યા સાંભળવા મળી રહી હતી.

નીલા તો હજી પણ એની ધૂનમાં બોલ્યા જ કરતી હતી, 'રીચા તને ખબર છે, અમે હિલ સ્ટેશન ઉપર ફરવા ગયા હતા ત્યારે તેઓ આગળ ચાલતા હતા અને હું જરા એમની પાછળ ચાલતી હતી. આગળ રસ્તા પર ઢોળાવ હતો. તેઓ તરત જ થંભી ગયા અને પાછળ ફરીને એમનો હાથ લાંબો કરીને મારો હાથ પકડી લીધો કે જેથી મને ઢોળાવ ઉતરવામાં જરા પણ તકલીફ ના પડે. આ પણ એમની અંદરનો પ્રેમ જ છે જેમાં એમને મારી ચિંતા છે, મારી દરકાર છે... અરે, જ્યારે હું ખૂબ થાકી ગઈ હોઉં ત્યારે રાત્રે મારા પગ દબાવવામાં પણ એમને જરાપણ ખચકાટ નથી થતો અને જ્યાં સુધી હું સૂઈ ના જાઉં ત્યાં સુધી પ્રેમથી એ મારા પગ દબાવતા હોય છે. આ પ્રેમ નથી તો શું છે?

રીચા, હું માનું છું કે તારા પતિ તને ખૂબ પ્રેમ કરે છે અને વાતવાતમાં તારી સમક્ષ એ પ્રેમને બોલીને બતાવે છે અને જતાવે પણ છે. એમનો પ્રેમ પણ ખરેખર સાચો જ હશે પરંતુ મારા પતિનો આ બોલીને બતાવ્યા કે જતાવ્યા વગરનો પ્રેમ પણ એટલો જ સાચો છે. દરેક લાગણી દર્શાવવા માટે દરેક વખતે શબ્દોની જરૂર નથી પડતી. **ઘણી વખત તમારી આંખો, તમારી વર્તણુંક, વગર બોલ્યે કરેલા એવા અમુક કાર્યો પણ ખૂબ અસરકારક રીતે પ્રેમને પ્રગટ કરતા હોય છે.** રોજબરોજની નાની નાની વાતોમાં એ પ્રેમ પ્રગટ થતો હોય છે. જરૂર છે તો ફક્ત એ પ્રેમને સમજવાની... જો એ સમજાઈ જશે તો તમારું દિલ એ પ્રેમના દરિયામાં ડૂબીને પણ અવિરત તરતું રહેશે...

રીચા પ્રસન્ન વદને નીલાની વાતો સાંભળી રહી હતી અને પ્રેમની નવી પરિભાષા શીખી રહી હતી. જ્યારે નીલાની આંખો ગર્વભેર તેના પતિને પ્યારથી નીરખી રહી હતી.

*૭, દર્શન એપાર્ટમેન્ટ, કૈલાસ સોસાયટી,*
*મહાલક્ષ્મી પાંચ રસ્તા, પાલડી, અમદાવાદ-૭.*
*મો. ૯૮૨૫૧ ૫૧૫૧૩*

## શબ્દોની સંતાકૂકડીના જવાબો

**(૧) કચ્છી ટાંકો, (૨) શેડેડ ટાંકો, (૩) સૂરજમુખી ટાંકો, (૪) દેશી આભલો, દેશી મિરર વર્ક, (૫) પોલો ટાંકો, (૬) ટીકી વર્ક, (૭) કાશ્મીરી ટાંકો, (૮) ગાજ ટાંકો, (૯) પારસી, (૧૦) આમળા વર્ક, (૧૧) મોરપીંછ ટાંકો, (૧૨) સાંકળી ટાંકો, (૧૩) રબારી વર્ક, (૧૪) આભલા ટાંકો, (૧૫) કરોળીયો ટાંકો, (૧૬) સાદો ટાંકો, (૧૭) મુતવા વર્ક, (૧૮) સાંકળ ટાંકો, (૧૯) મોતી વર્ક, (૨૦) ફોલ્સ સ્ટીચ, (૨૧) ફાટ ટાંકો, (૨૨) કાથા વર્ક, (૨૩) લખનવી ટાંકો, (૨૪) સીકલ વર્ક, (૨૫) માચી વર્ક, (૨૬) સ્ટોન વર્ક, (૨૭) ખજૂરિયો ટાંકો, (૨૮) ગાંઠ, (૨૯) બાવળીયો, (૩૦) પોલો ટાંકો, (૩૧) ફિશ બોન સ્ટીચ.**

લઘુ કથા

# ફિફ્ટી - ફિફ્ટી



નવીન ત્રિપાઠી 'અલ્પ'

પપ્પા! મારા પ્રથમ પગારની ખુશાલીમાં લ્યો — કરો મીઠું મોઢું ને આપો આશીર્વાદ!

આશીર્વાદ! પણ આ કવરમાં શું છે વળી?

મારા પ્રથમ પગારનો રાજીપો... તમને નવો કોટ સીવડાવવા માટે મમ્મી ક્યારનીય કહેતી હતી ને? મમ્મી ખૂબ રાજી થશે. એમ કહી પૈસાનું કવર ટેબલ ઉપર રાખી પુત્ર ખુશી વહેંચવા બીજા ખંડમાં ગયો.

કેટલાક સમયથી ખાલી રહેલી ખુરશી તરફ તેમણે જોયું ને બોલ્યા, લઈ લઉં...?

બારીમાંથી રૂપકડું પતંગિયું આવીને ખુરશીના હાથા પર બેસી ગયું. એજ લહેકાભર્યો પ્રેમાળ પ્રત્યુત્તર 'લઈ જ લેવાય! લઈ લ્યો! પણ એક શરતે!'

'કઈ શરત?' તેમણે કહ્યું.

'આ રકમમાં આપણું ફિફટી ફિફટી!...'

'હું ન સમજ્યો!'

'સમજાવું! જુઓ, તેની નોકરી ન હોવાથી હું તેને ખિસ્સાખર્ચ માટે તમારાથી છાની રીતે પૈસા આપતી. પણ હમણાં કેટલાક સમયથી... હું તેને કંઈ પણ... એટલે સમજી ગયા ને?...'

'એટલે તું એકલી એકલી આ આનંદ લેવા માગશને?... હવે તને સાચું કહું, હું પણ તને ખબર ન પડે તેમ મોબાઈલ - કપડાં વગેરે માટે પૈસા આપતો હતો!'

થોડા સમયથી મેં પણ તેને કંઈ જ આપ્યું નથી. એટલે મારા ભાગની ફિફટી પણ તેને આપી દઉં તો થઈ જાય ને તને ફિફટી ફિફટીનો સંતોષ!...

ખિસ્સામાં રાખવા માટે હાથમાં લીધેલું કવર તેમણે ટેબલ પર પાછું રાખી દીધું.

કેટલાક સમયથી આંખમાં રહેલો ખાલીપો સજલ બન્યો... તેમણે જોયું તો ખુરશીની આજુબાજુ ઊડાઊડ કરતું પેલું રૂપકડું પતંગિયું ટેબલ ઉપર પડેલા કવર ઉપર જરીક બેઠું... સ્પર્શ કર્યો ને વહાલથી સંતોષ દર્શાવી, બારી બહાર ઊડી ગુલાબના પુષ્પ ઉપર બેસીને ગુલાબ બની ગયું.

*અરિહંત નગર, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*મો. ૯૮૨૫૭ ૬૫૬૬૨*

---

## હવે વક્તાઓ સામે એક મોટું ઘડિયાળ...

**(અનુસંધાન : પાના નં.-૩૮ ઉપરથી ચાલુ)**


ઘણાની વાતમાં તો છેલ્લા ઘણા વર્ષથી સાંભળતા આવ્યા હો તે જ વાત હોય.

**તેમની સામે ઘડિયાળ હોય તો ખૂબ રાહત રહે. વક્તાઓ વધી રહ્યા છે, કથાકારોનો રાફડો ફાટ્યો છે. ભાગતી-દોડતી દુનિયા પાસે સમય નથી ત્યારે આપણે ત્યાં હજારો, લાખો લોકો પોતાનો સમય કથાઓ અને સમારંભો પાછળ ખર્ચીને કલાકો સુધી નઘરોળ વાણી સાંભળ્યા કરે છે,** તાળીઓ પાડે છે. પેશાબ-પાણી કર્યા વિના બેસી રહે છે. આ પ્રજાના ઉધ્ધાર કરવા માટે તેની સામે મોટું ઘડિયાળ મૂકવું જોઈએ. તો કદાચ તેની સામે જોવાથી સૌ પ્રજાને લાગે કે આપણે શું કરી રહ્યા છીએ? શું કરવા જઈ રહ્યા છીએ? કયા માર્ગે, કઈ દિશામાં સમાજને લઈ જઈ રહ્યા છીએ! દેશમાં વિકાસની વાતો થાય છે. માનવ કલાકોની જરૂર છે. આવા સમયે આપણે વિચારવું પડે કે સામે ઘડિયાળ રાખનારા લોકો દેશ અને દુનિયા આગળ વધી રહી છે. આપણને શું મળશે? કદાચ એકાદ-બે વખત જમવાનું? પણ એની સામે ઘડિયાળના લોલક માફક લટકી લટકી, અટકી અટકી ફંગોળાવાનું જ ભાગ્યમાં આવશે, વિકાસ કે વિકાસની દિશા નહીં. સાવધાન બનીએ, સાવચેત બનીએ. **દિવાલે દિવાલે સભાખંડ કે મંડપમાં બધે ઘડિયાળો ટાંગી દઈએ જેથી તેની સામે નજર કરવાથી આપણે વેડફી રહેલા સમયનું ભાન આપણને થાય.** ચાલો 'ઘડિયાળ' સામે જોવા માંડીએ અને સમય બચાવી વિકાસ તરફ દોટ લગાવીએ.

*મો. ૯૭૨૩૩ ૩૬૪૮૨*
*E-mail : loksevatrust2004@gmail.com*

લઘુ કથા

# ને... વિચારમાં ઘુમ્યા કરે...



દિલીપ આચાર્ય 'દિલકશ'

સાંજ ઢળી રહી હતી. રંગીન સંધ્યા ખીલી અને દરિયામાં ફિણોટાનાં મોજાં થતા હતા. પણ દૂર ક્ષિતિજથી ચમકતો સુંદર પ્રકાશ રેલાતો હતો. પણ સાગર ચાલ્યો ગયો પણ સરિતા સાથે થયેલી વાત મનમાં ગુંજતી હતી. સાગરની પહેલાં એક વખત મુલાકાત થઈ હતી. સરિતાને સાગર પસંદ હતો.

પણ સાગરને પોતાનું શરીર ગમતું ન હતું. તેને લાગતું હતું કે તે જે શરીરમાં કેદ છે તે મનમાં સંઘર્ષના વિચારો સળગતા હતા. એટલે પસ્તાવો થયા કરતો. મારું રૂપ બદલવું છે. સ્ત્રી રૂપ બદલવા માટે જીવનમાં સંઘર્ષ શારીરિક, માનસિક અને આર્થિક રીતે કરી રહ્યો છું. મારી જાતના સંઘર્ષ સાથે કોઈનો વાંક નથી સરિતા...

સરિતા : સાગર, હું જાણું છું. મને અનુભવ થયો છે છતાં એ માર્ગે જવા ઇચ્છતી નથી. જે પગલું ભરે તે સો વાર વિચારીને ભરજે. તું સમાજને ઓળખતો નથી...!

સાગર : સમાજ ક્યાંથી મારો વિચાર સમજે??? પણ સમાજમાં રહેવું હોય તો વિચાર કરવો પડે જ...!

મારા પરિવારની સંમતિ મળી છે. આર્થિક સાથ પણ મળેલ છે. મારી ગર્લફ્રેન્ડ સમજતી હતી. બધા એ જ કહે છે પ્રોબ્લેમ. પરંતુ પ્રોસેસ શરૂ થાય પછી મોટેભાગે બધા ખસી જાય છે સાગર...

મને સંતાન નહીં થાય...! આ બધી વાત સમજી વિચારી તારી સાથે જોડાવવા ઇચ્છું છું. સાગર ચૂપ રહ્યો.

પરંતુ નેનુ આ બધી હકીકત સાગરના મનની જાણતી હતી. એટલે દુઃખ મનનું સમજી મદદ કરવા સાથે આવે છે. આ માટે પ્લાસ્ટિક સર્જરીના સ્પેશિયાલિસ્ટ પાસે એપોઇન્ટમેન્ટ પણ લઈ લીધી.

પ્રૌઢ ડૉક્ટર સારા નિષ્ણાત હતા. લીંગ પરિવર્તન કેસના અનુભવી હતા. તે આ વાત સાંભળી હસી પડ્યા, ને સમજવા પ્રયત્ન કર્યો. આમ નારાજ થઈ સાગર ચાલ્યો ગયો, બીજા ડૉક્ટરને શોધવા. શહેરમાં ત્રણ ડૉક્ટર સારા નામાંકિત હતા તેની એને ખબર હતી.

ડૉ. શર્મા મળ્યા. ઘણી ચર્ચા પછી કહ્યું, 'સારું તમને આ બોડી પસંદ નથી. માટે સ્ત્રી શરીર જોઈએ...'

મને આ શરીરમાં જીવન શોભતું નથી...

ચાલો, તમારી બધી વાત મને સમજાઈ છે. આ ઑપરેશન ત્રણ ભાગમાં થશે. પહેલાં હોમો, પછી યુટ્રસ રીમુવ અને જનનેન્દ્રિય ઇમ્પ્લાન્ટ આપી પ્રોસેસ મનોશારીરિક યાતનામાં કરવામાં આવશે. જેમાં સ્ત્રીની જેમ પરિસ્થિતિ રૂપવાન આપવા, શરીરનું બંધારણ, અવાજ બદલવો વગેરે ફેરફાર થશે. આ એક વીકની એપોઇન્ટમેન્ટ આપું છું. જે સમયમાં તમારા સ્વજન અને મિત્રો સાથે ચર્ચા કરી સ્પષ્ટતા કરી લેવાની રહેશે. આ ગંભીર વાત છે, સમજ પડી...

આ વાત પછી સાગર ખુશ થયો પણ એકીટસે જોતો રહ્યો... ત્યારે સરિતા કહે, 'મને અધૂરાશ નથી વર્તાતી. હું હંમેશાં તારી ખુશીમાં ખુશ રહેવા ઇચ્છું છું.'

ને સાગર ઢીલો પડી ગયો... જિંદગીના વિચારના વમળમાં તે સરિતાને જોઈ રહ્યો... ને વિચારના વમળમાં ઘૂમતો રહ્યો...

*ભુજ, કચ્છ.*
*મો. ૯૯૨૫૪ ૨૬૯૮૮*

## *જો આ જિંદગી મને નવેસરથી જીવવા મળે તો...*

- ★ *માંદગીના દિવસોમાં મેં આરામ કર્યો હોત અને મારા વિના જાણે પૃથ્વીની ઘટમાળ ફરતી અટકી જશે એવો દંભ ના કર્યો હોત.*
- ★ *હું બોલી ઓછું હોત અને સાંભળ્યું વધારે હોત.*
- ★ *દિવાનખાનાની કારપેટ કે સોફા બગડવાની ચિંતા કર્યા વિના ભોજન માટે મિત્રોને આમંત્ર્યા હોત.*
- ★ *મારા દાદાના બાળપણનાં અને યુવાનીનાં સંભારણાં સહેજ પણ અકળાયા વિના સાંભળ્યાં હોત.*
- ★ *કપડાં બગડશે એવી ચિંતા કર્યા વિના બાળકોને લઈ બગીચામાં બેઠી હોત.*
- ★ *ટેલિવિઝન સામે બેસીને સમય વેડફવા કરતાં જીવતાં જાગતાં લોકોમાં વધારે રસ લીધો હોત.*

*— ભાર્ગવી જોશી, સાભાર : "સમજણના સૂર"*

હાસ્ય દરબાર

# હાસ્યના પ્રયોગો



ચિત્રસેન શાહ
નિવૃત્ત કાર્યપાલક ઇજનેર (જીઈબી)

મહાત્માજીએ સત્યના પ્રયોગો કર્યા હતા. અમે 'મહા આત્મા' નથી, 'સામાન્ય આત્મા' છીએ (આને શું કહેવાય 'સામાન્યાત્મા'?!) તેથી અમારામાં સત્યના પ્રયોગો કરવાની હિંમત નથી. તેથી અમે હાસ્યના પ્રયોગો કર્યા.

એક ટી.વી. ચેનલ પરથી 'સચ કા સામના' નામનો ગેમ શો પ્રસારિત થતો હતો. જે જોયા પછી તો લાગે છે કે 'સત્યના પ્રયોગો' કરવા એ સામાન્ય માણસ માટે લોઢાના ચણા ચાવવા જેટલું મુશ્કેલ કામ છે.

'સચ કા સામના' કાર્યક્રમમાં જે સવાલો પૂછવામાં આવે છે તેના જવાબ સાચા હોય તો જ જાયન્ટ સાઈઝના પુરસ્કારવાળી ગેમમાં આગળ વધી શકાય છે, નહીં તો આઉટ! જવાબ સાચો છે કે ખોટો તે પૉલિગ્રાફ નામનું મશીન નક્કી કરે છે. આમ માણસ કરતાં મશીનની વિશ્વસનિયતા વધારે આંકવામાં આવે છે!

હવે ચાલો જોઈએ આ કાર્યક્રમના બે-એક કાલ્પનિક ઍપિસોડના અંશો!

એન્કરે પ્રથમ મહિલા સ્પર્ધકને કહ્યું કે 'પહેલા પાંચ સવાલ હું આપને આપના પતિ, ફેમિલી, પડોશી-પડોશણ વગેરે અંગે પૂછીશ. પહેલો સવાલ કદાચ તમારા અંગે અથવા તમારી પડોશણ અંગે હોઈ શકે. તો ચાલો, થઇ જાઓ તૈયાર 'સચ કા સામના' માટે!

એન્કર : આપની ઉંમર કેટલી?

લ્યો, થયું! સ્પર્ધક પહેલા બોલે જ આઉટ થઈ જાય તેવો સવાલ પૂછાયો!

૩૦ વર્ષની મહિલા સ્પર્ધક : ૩૫ વર્ષ!

પૉલિગ્રાફ મશીને જાહેર કર્યું કે 'યે જવાબ જૂઠ હૈ. સ્પર્ધક ૩૦ વર્ષનાં છે!'

હવે એન્કર ગોથું ખાઈ ગયા! કારણકે **સામાન્ય માન્યતા એવી છે કે સ્ત્રી પોતની ઉંમર કદી સાચી કહેતી નથી! બે-પાંચ વર્ષ 'માઇનસ' કરીને જ કહે! જ્યારે અહીં ઊલટું થયું હતું! અહીં મહિલા સ્પર્ધકે પાંચ વર્ષ ઉમેરીને કહ્યાં હતાં!** આ અંગે એન્કરે જ્યારે પૂછ્યું ત્યારે મહિલા સ્પર્ધકે જવાબ આપ્યો, 'સાહેબ, હું સવાલ મારી પડોશણ અંગેનો સમજી હતી, જે લગભગ મારા જેટલી જ છે! બાકી હું તો પચીસ વર્ષની છું!' (મહિલા સ્પર્ધકે આ રીતે પોતાનાં પાંચ વર્ષ પડોશણની ઉંમરમાં ઉમેરી દીધાં હતાં!) આમ પ્રથમ મહિલા સ્પર્ધક પ્રથમ બોલે જ ક્લીન બોલ્ડ થયા!

ત્યારબાદના પુરુષ સ્પર્ધકને એન્કર પહેલો સવાલ પૂછે છે : 'સાહેબ, આપનો પગાર કેટલો?'

મોટાભાગના પુરુષો આ સવાલનો સાચો જવાબ એટલા માટે નહીં આપી શકે કે જો સાચો જવાબ આપે તો પત્ની દ્વારા છેલ્લાં પચ્ચીસ વર્ષના પગારની રકમનું ઑડિટ થાય! પત્ની તરત જ પતિને પકડશે કે 'તમે તો આટલો પગાર ઘરમાં લાવતા હતા, તો બાકીની રકમ ગઈ ક્યાં?'

તેથી સ્પર્ધક જાતે જ ગેમ શો છોડી જાય છે!

તે પછીના બીજા પુરુષ સ્પર્ધકને એન્કર પૂછે છે કે, "અમને જાણવા મળ્યું છે કે આપ બાથરૂમ સિંગર છો! અને પાનખરની ઋતુમાં બાથરૂમમાં આપ ધરાર આ ગીત ગાઓ છો : **'પાંદડું લીલું જોયું ને તમે યાદ આવ્યા!"**

તો આ ગીતમાં તમારી કલ્પિત વ્યક્તિ "તમે" કોણ છે અને ક્યાં છે?!

સ્પર્ધક જવાબમાં કહે છે : 'તમે' મેં પત્નીને ઉદ્દેશીને ગાયું છે!

પૉલિગ્રાફ મશીનમાંથી અવાજ આવે છે 'યે જવાબ જૂઠા હૈ!'

અને સ્પર્ધક આઉટ!

તે પછીનો પુરુષ સ્પર્ધક કે જે લગભગ પ્રસિદ્ધ કવિ સ્વ. રમેશ પારેખ જેવો જ દેખાતો હતો તેને ઍન્કર પૂછે છે – 'તમે ઘણીવાર સ્વ. રમેશ પારેખની કવિતા 'ધીમે ધીમે ઢાળ ઊતરતી ટેકરીઓની સામે તમને ફૂલ દીધાનું યાદ!' ગણગણતા ઝડપાયા છો. તો બોલો, આમાં 'તમને' કોણ છે? અને તમે તે વ્યક્તિને કેટલીવાર ફૂલ આપેલાં?!'

રોમેન્ટિક સ્પર્ધક આનો સાચો જવાબ આપી શકે તેમ નો'તો કારણકે સ્ટુડિયોમાં રેકોર્ડિંગ વખતે તેનું આખું કુટુંબ તેની સામે બેઠું હતું! **વળી પત્ની તો અગાઉથી તૈયારી કરીને જ આવી હતી – હાથમાં વેલણ લઇને!** આમ આ સ્પર્ધક પણ આઉટ થઈ જાય છે!

કાલ્પનિક એપિસોડ અહીં પૂરો થાય છે.

અગાઉ જણાવ્યું છે તેમ આ ગેમ શોની કલ્પનામાત્રથી અમને ગળા સુધી ખાતરી થઈ ગઈ છે કે અમે કોઈ દિવસ સત્યના પ્રયોગો કરી શકીએ નહીં કારણ કે સત્યના પ્રયોગો તો 'સચ

કા સામના' કરતાં પણ મુશ્કેલ બને!

તો પછી નવરા બેઠા કરવું શું તેના વિચારમાં અમે ખોવાયેલા હતા, ત્યાં અમારા મગજમાં એક ઝબકારો થયો! ગાંધીજી પરથી પ્રેરણા લઈને અમે એક આત્મકથા લખવાનું નક્કી કર્યું! વળી તેનું નામ પણ અમે વિચારી લીધું – "હાસ્યના પ્રયોગો!" (મારું હાસ્ય એ જ મારો સંદેશ!)

હાસ્યના પ્રયોગો કરવા માટે સૌપ્રથમ જોઈશે કેટલાંક એવાં પાત્રો કે જેમને સાંકળીને કે સંડોવીને (!) નિર્દોષ, નિર્મળ હાસ્ય નિષ્પન્ન કરી શકાય.

હાસ્યલેખકો, હાસ્ય કલાકારો કે મિમિક્રી આર્ટિસ્ટો આવાં કેટલાંક પાત્રોને હાથવગાં રાખે છે, જેમને તેઓ સંકટ સમયની સાંકળ કહે છે. તેમાંના કેટલાંક આ રહ્યા – પત્ની, સાસુ, પોલીસ, રામો વગેરે. 'ચેરિટી બિગિન્સ ઍટ હોમ!' એ ન્યાયે મિમિક્રી આર્ટિસ્ટો સૌપ્રથમ 'માઈક' પર પોતાની પત્નીને લાવે છે અને ઘણીવાર તો સાસુ સહિત પત્નીને લાવે છે!

એક મિમિક્રી આર્ટિસ્ટે એક પ્રોગ્રામમાં પત્ની અને સાસુ અંગેની નીચેની જોક રજૂ કરેલી.

'સાસુ કા એક્સચેન્જ મેલા! જૂની આપી નવી લઈ જાઓ!'

એક ભાઈ તો પોતાની સાસુને લઈને ઊપડ્યા! (તેની સાસુ ભારે માથાભારે હતી!) ત્યાં જઈને જોયું તો **'સાસુ' નામના એક અદ્યતન સાડીના શોરૂમવાળાએ સાડીના સેલ માટે આ પ્રમાણેની જાહેરાત આપી હતી!**

હવે ઉપરોક્ત ભાઈ કે જે પોતાની સાસુને લઈને ગયા હતા તેમનો પોતાનો 'વાઈફ' નામનો કિચનની આઈટમ્સ - કિચનવેરનો મોટો સ્ટોર હતો. તેણે 'સાસુ'વાળા સ્ટોરની જાહેરાતના 'આઈડિયા'ની ઉઠાંતરી કરી!

તેણે તોફાની જાહેરાત આપી : 'વાઈફ કા એક્સચેન્જ મેલા! જૂનીના બદલે નવી આપવામાં આવશે!'

આ જાહેરાત વાંચીને તો પતિદેવોની લાંબી લાઈન લાગી ગઈ! કેટલાક લોકો તો ઑફિસમાં રજા મૂકીને પોતાની પત્નીને લઈને આવ્યા હતા! કારણકે આવો ચાન્સ ક્યારે મળે? જાહેરાતવાળી જગ્યા પર આવીને લોકો જોતા જ રહી ગયા! મોટા સ્ટોર પર મોટું હોર્ડિંગ લખ્યું હતું –

**'વાઇફ – કિચનવેર સ્ટોર! જૂની આપી, નવી લઈ જાઓ! (કિચનવેર આઈટમ!)'**

આ મિમિક્રી આર્ટિસ્ટ પત્નીઓ અંગે હજુ વધારે જોક કહેવાનો હતો પરંતુ પછી યાદ આવ્યું કે આ પ્રોગ્રામ ટી.વી. પર લાઈવ બતાવવાના હતા અને શો પત્યા પછી પોતાને ઘેર જ જવું પડશે ને! ત્યારે પત્ની કદાચ ઘરના બારણે આંખો પર હળવી છાજલી કરી કાગડોળે પોતાની રાહ જોતી ઊભી હશે તો!?

તેથી તે આર્ટિસ્ટે પોતાનું સુકાન બદલ્યું! હવે તે પત્ની પરથી પોલીસ પર આવી ગયો!

તે આર્ટિસ્ટે એકવાર એક જાણીતા પોલીસને (જાણીતા પોલીસને જ પુછાય, બાકી અજાણ્યા પોલીસને પૂછીએ તો તેના મનમાં શંકાનાં વાદળ ઘેરાય! અને ઇન્ડિયન પીનલ કોડની કોઈ પણ કલમ નીચે અંદર કરી દે!) પૂછ્યું : 'આટલામાં ક્યાંક કોઈ પણ બેન્કનું ATM હશે?'

તો પોલીસે જવાબ આપ્યો : 'અમને બીજા કોઈ ATMની ખબર જ ના હોય! કારણકે અમારું ATM એટલે ટ્રાફિક જંકશન! લોકો ટ્રાફિકના નિયમોનું જાણતાં કે અજાણતાં ભંગ કરતા જ હોય છે અને એ રીતે અમારું ગાડું ગબડ્યે રાખે છે! **અમારો દંડો, વિસલ અને મેમોબુક એ અમારા 'પાસવર્ડ' છે! જોઈએ તે પ્રમાણે ATMમાંથી પૈસા મળી જાય!'**

પોલીસ પરથી ઘરઘાટી રામા પર આવીએ તો – મોંઘવારી અંગે ફરિયાદ કરતાં અમારા એક મિત્રે કહ્યું : 'હવે તો મોંઘવારીએ માઝા મૂકી છે! જ્યારથી મોંઘવારીએ માઝા મૂકવાનું શરૂ કર્યું છે ત્યારથી તસ્કરોએ પણ પોતાની એક્ટિવિટી વધારી દીધી છે! અને ખરેખર જોવા જઈએ તો તસ્કરીનો સીધો સંબંધ મોંઘવારી સાથે જ હોઈ શકે ને! મોંઘવારી તો તસ્કરની વાઈફને પણ નડતી જ હોય ને! **પરંતુ તસ્કરોએ હવે રાતના ઉજાગરા બંધ કર્યા છે અને દિવસે તાળાં તોડવાનું શરૂ કર્યું છે. (કારણકે દિવસેય લોકો ઊંઘતા હોય છે.)**

ઘર એકાદ કલાક પણ બંધ હોય ત્યારે દિવસે પણ ઘર લૂંટાઈ જવાના બનાવ વધવા લાગ્યા છે. અત્યાર સુધી તો પોલીસ ડિપાર્ટમેન્ટ ચોરીના કિસ્સાઓ ઉપર ફક્ત ચાંપતી નજર જ રાખી રહ્યું હતું. પરંતુ ચોરીના કિસ્સા વધવાને કારણે લોકોએ અને ન્યુઝ પેપરવાળાઓએ જ્યારે કકળાટ કરી મૂક્યો ત્યારે પોલીસ સફાળી જાગી! તેણે એક્શન પ્લાન અમલમાં મૂક્યો. પોલીસ ડિપાર્ટમેન્ટે નાગરિકોને ઉદ્દેશીને અપીલ બહાર પાડી કે 'આપને ત્યાં ઘરકામ કરતા રામાઓના ફોટા તેમજ તેમની જરૂરી વિગતો નજીકના પોલીસ સ્ટેશને પહોંચાડો. ત્યારબાદ નિરાંતે ઊંઘી જાઓ કારણકે અમે જાગતા રહીશું!'

અમે અમારા રામાને તેનો ફોટો તેમજ જરૂરી વિગતો આપવા જણાવ્યું ત્યારે તેને ગેરસમજણ થઈ હોય તેવું લાગ્યું. બીજે જ દિવસે તે નવાંનકોર કપડાં પહેરીને બનીઠનીને આવ્યો અને સાથે ફોટો તેમજ બીજી વિગતો પણ લઈ આવ્યો, જે તેણે અમને આપી. પાછળથી જાણવા મળ્યું કે **તે એમ સમજેલો કે તેના માટે કોઈ માગું આવ્યું છે!**


આ પ્રમાણે હાસ્ય કલાકારો કે હાસ્ય લેખકોના હાથવગાં પાત્રો, જેવાં કે પત્ની, સાસુ, પોલીસ, રામો વગેરેને વાતોમાં વણી લઈ અમે હાસ્યના પ્રયોગો આરંભ્યા!

હાસ્યના પ્રયોગો એ જીવનનો અંત નથી, જીવનનો આરંભ છે!

*પ્લૉટ ૩૧૪/એ, વ્હાઇટ હાઉસ,*
*સેક્ટર-૨૦, રાજશ્રી સિનેમા સામે,*
*ગાંધીનગર-૩૮૨ ૦૨૦.*
*ફોન : (૦૭૯) ૨૩૨૬૦૫૮૨*

સાચો ધર્મ

# કલકત્તાની વિઝિટ



ડૉ. સુધીર ચી. મોદી

'ડૉક્ટર સાહેબ, તમે મારી સાથે કલકત્તા આવશો?'

'કેમ, મૂકેશભાઈ?'

'તાત્કાલિક પ્લેનમાં કલકત્તા જવું પડે તેવી સ્થિતિ છે.'

કલકત્તા જેવા દૂરના સ્થળે જવાની વાત સાંભળી મારે પૂછવું પડ્યું, 'પરંતુ શાને માટે કલકત્તા જવાનું?'

ઈ.સ. ૧૯૯૫ના સાલની વાત છે. એક દિવસ સાંજે મૂકેશભાઈ ખૂબ જ રઘવાયા અને ગભરાટભર્યા મારા દવાખાને આવ્યા. તેમના મુખ પર ભારે ચિંતાનો ઓછાયો છવાયેલો હતો. ખૂબ જ ટેન્શનમાં હોય તેમ લાગતું હતું. બાકી મૂકેશભાઈ હંમેશાં શાંત સ્વભાવના અને હસમુખા હોય. તેમની વાત સાંભળી હું પણ થોડો વિચારમાં પડી ગયો. ઘણા સ્થળોએ પેશન્ટોને ઘરે સારવાર આપવા ગયેલો છું પરંતુ આમ કલકત્તા બહારગામ જવાની વાત પહેલી વખત સાંભળી.

મૂકેશભાઈ અને તેમનું કુટુંબ ઘણા વર્ષોથી મેમનગરથી સારવાર માટે મારા દવાખાને આવે. તેઓ અમારા સંબંધી પણ થાય. તેમના બા-બાપુજીની સારવાર માટે તેમના ઘરે વિઝિટે પણ ગયેલો. મૂકેશબાઈની બધી બહેનોનું કુટુંબ પણ મારે ત્યાં નિયમિત સારવાર માટે આવે. આ રીતે તેમના સમગ્ર કુટુંબ કબીલાને હું વર્ષોથી ઓળખું અને તેઓ બધા માટે ખરા અર્થમાં ફેમિલી ડૉક્ટર બની ગયેલો. તેઓના કુટુંબના બધા સભ્યોના નામ મારા મોઢે હોય.

કોઈપણ કુટુંબના ફેમિલી ડૉક્ટર બની જઈએ ત્યારે તે કુટુંબની ઘણી બધી માહિતી તેમજ સ્થિતિ જાણતા થઈ જઈએ છીએ. તેમજ કુટુંબમાં વારસાગત આવતી બીમારીના પણ માહિતગાર હોઈએ છીએ અથવા તે કુટુંબમાં કઇ દવા માફક નથી આવતી (જેમ કે Sulfa) તે પણ જાણતા હોઈએ છીએ. તેના કારણે ખોટા ઇન્વેસ્ટિગેશન કરાવવા પડતા નથી અને નિદાનમાં પણ સરળતા રહે છે. આ કુટુંબો ખૂબ વિશ્વાસથી પોતાના ફેમિલી ડૉક્ટરને ત્યાં આવતા હોય છે.

મૂકેશભાઈએ મારા ઉપરના કલકત્તા જવાના પ્રશ્નના અનુસંધાનમાં વાત શરૂ કરી. તેમના એક બહેન તૃષાબેન કુટુંબ સાથે જગન્નાથપુરીની જાત્રાએ ગયેલા. **હિંદુઓ ભારતમાં ચારે દિશાની ચાર ધામની યાત્રા (દ્વારકા, બદ્રિનાથ, જગન્નાથપુરી, રામેશ્વર) ખૂબ જ શ્રધ્ધા અને ભક્તિભાવથી કરતા હોય છે.** તેઓના જીવનમાં કાયમ એક ઇચ્છા હોય છે કે ચારધામની યાત્રા કરવી છે. જગન્નાથપુરી પૂર્વ દિશાનું પવિત્ર ધામ ગણાય છે. તૃષાબેનનું કુટુંબ જગન્નાથપુરીની યાત્રા કરી કલકત્તા ગયા. કલકત્તામાં અચાનક તૃષાબેનને Stroke આવવાથી લકવો થયો. તાત્કાલિક ત્યાંની હોસ્પિટલમાં દાખલ કર્યા. સારવાર શરૂ થઈ ગઈ. દર્દી પથારીવશ હોય, Ryle's Tube (નાક વાટે ટ્યુબ દાખલ કરી પ્રવાહી પોષણ આપવાનું), પેશાબ માટે કેથેટર મૂક્યું હોય, નસમાં ડ્રીપ લગાવેલી હોય વગેરે વગેરે. બે દિવસ તો હોસ્પિટલમાં સારવાર માટે રહ્યા. લકવામાં તુરત તો સારું ના થાય. અજાણ્યા શહેરમાં અને હોસ્પિટલમાં લાંબો સમય રહેવાનું પોષાય પણ નહીં અને અનુકૂળ પણ ના રહે. કુટુંબના બીજા સભ્યો હોટલમાં રહેતા હોય, હોસ્પિટલમાં આવવા જવાની વાહનની તકલીફ અને બીજી ઘણી બધી મુશ્કેલીઓ હોય. હોસ્પિટલમાંથી આવા પેશન્ટને રજા પણ ના આપે. માંડમાંડ (Against medical advise) હોસ્પિટલમાંથી પ્લેનમાં અમદાવાદ લઈ જઈશું તેમ જણાવી રજા મેળવી. આવી બધી અચાનક અણધારી મુશ્કેલીઓ અજાણ્યા દૂરના શહેરમાં આવે ત્યારે ગમે તેવો સામાન્ય માણસ મુંઝાઈ જાય. આ વાત ઈ.સ. ૧૯૯૫ના સાલની. તે સમયે આજના જેવી મોબાઇલ ફોનની સુગમતા પણ નહીં. તૃષાબેનના પતિ પંકજભાઈ ઇન્ડિયન એરલાઇન્સની ઑફિસે ગયા. એરલાઇન્સે જણાવ્યું કે **આવા દર્દીની મુસાફરીની જવાબદારી ડોક્ટર વગર ના લઈએ. દર્દીની સાથે ડોક્ટર તો હોવા જ જોઈએ.** હવે શું કરવું? પંકજભાઈએ મૂકેશભાઈને વાત કરી જણાવ્યું કે તમે કોઇ ડૉક્ટરને સાથે લઇને અહીં કલકત્તા આવો તો જ અમદાવાદ લઈ જઈ શકાય. આવી ભારે મુશ્કેલીની વાત મૂકેશભાઈએ મને સમજાવી અને મને કલકત્તા લઇ જવા મારી પાસે આવ્યા. મને પણ થયું કે આ તો સાચેસાચ ભારે તકલીફની વાત છે. તૃષાબેનને અમદાવાદ લાવવા જરૂરી તો છે.

ફેમિલી ડૉક્ટર તરીકે મારી ફરજ બની રહે છે અને કોઇને મુશ્કેલીમાં મદદ તો કરવી જોઈએ અને આ તૃષાબેનના કેસમાં પેશન્ટ અને તેમના કુટુંબના બધા કલકત્તા જેવા દૂરના શહેરમાં મુશ્કેલીમાં આવી પડ્યા છે. કોઈ વખત મેડિકલ કોન્ફરન્સમાં

બહારગામ જતો હોઉં છું તેમ માની દવાખાનેથી નીકળવાનું. મેં મૂકેશભાઈને કલકત્તા જવાની હા પાડી, અને કહ્યું તમારી સાથે જરૂર કલકત્તા આવીશ અને તૃષાબેનને અમદાવાદ લઈ આવશું. મારો જવાબ સાંભળતા જ મૂકેશભાઈના ચહેરા પર શાંતિ અને રાહત દેખાઈ આવી. તેમણે મનમાં કહ્યું કે કોઇ ડૉક્ટર પોતાની પ્રેક્ટિસ મૂકીને આવી રીતે દૂર કલકત્તા ના આવે. જો ડૉક્ટર મને આવવાની ના પાડશે તો હું શું કરીશ? તૃષાબેનને અમદાવાદ કેવી રીતે લવાશે? આવા બધા પ્રશ્નોથી ખૂબ જ ચિંતાતુર બની ગયેલા.

બીજા દિવસે સવારે અમે બંને જણા પ્લેનમાં કલકત્તા ગયા. હોસ્પિટલમાંથી રજા લેવાની વિધિ પતાવી તૃષાબેનને એમ્બ્યુલન્સમાં એરપોર્ટ લાવ્યા. પ્લેનમાં આગળની સીટ પર બેઠા બાદ તૃષાબેનનું સ્ટ્રેચર અમારા પગ પાસે રાખ્યું અને દિલ્હી આવ્યા. દિલ્હીમાં ૧ કલાક પ્લેન રોકાયું. એરલાઈન્સનું પ્લેન તો તેમના સમયના કાર્યક્રમ પ્રમાણે ચાલ્યા કરે. અહિંયા અમારા બધાનો જીવ અધ્ધર રહે. તૃષાબેનને વારંવાર ચેક કરતો હતો. જેટલા જલ્દી અમદાવાદ પહોંચીએ તેટલું સારું.

**કહેવાય છે ને કે મુશ્કેલી આવે ત્યારે તેને એકલી આવવાનું નથી ગમતું. બીજી સહેલીને પણ લઇને આવે છે.** દિલ્હીના એરપોર્ટ પર રન-વે પર પ્લેનને દોડવાની શરૂઆત કર્યા બાદ થોડા સમયમાં જ પાછું એરપોર્ટ પર આવી ગયું. બધા મુસાફરો વિચારમાં પડી ગયા કે શું થયું? એરપોર્ટ પર પણ દોડાદોડી, લાલ લાઈટોવાળી ગાડીઓ દોડતી પ્લેન પાસે આવતી દેખાઇ. થોડીવાર બાદ અમને સમાચાર આપ્યા કે પ્લેનના પાછલા ભાગમાં Fire જેવું લાગતા પ્લેન પાછું એરપોર્ટ પર લાવ્યા છીએ. હવે કોઈ જોખમ નથી. થોડીવારમાં પ્લેન અમદાવાદ જવા ઉપડશે. બધા મુસાફરોના જીવમાં જીવ આવ્યો. હૃદયના ધડકારા શાંત થયા. ઘણા તો બે હાથ જોડીને ભગવાનને પ્રાર્થના કરવા લાગ્યા, હે ભગવાન! તેં અમને બચાવ્યા. જો રસ્તામાં કાંઈક થયું હોત તો શું થાત? આવા સમયે બધાને ઈશ્વર સાચા દિલથી યાદ આવી જાય છે. 'મરીઝ'ની પંક્તિઓ છે :

*"જાહિઝ મને રહેવા દે*
*તબાહીભર્યા ઘરમાં,*
*મસ્જિદથી વધારે અહીં આવે છે*
*ખુદા યાદ."*

આમ આ પણ એક દિલધડક વાત મુસાફરીમાં બની.

હવે પાછા પેશન્ટ તૃષાબેનની વાત. તૃષાબેનને તો આ બધી વાતની ખબર ના હોય. ફરીથી પ્લેન ઉપડ્યું અને અમદાવાદ આવી ગયા. એમ્બ્યુલન્સ આવી ગઈ અને તૃષાબેનને સીધા હોસ્પિટલમાં લઈ જઇને દાખલ કર્યા. સારવાર શરૂ થઈ ગઈ. તૃષાબેનને ઘણો સુધારો થયો.

આ વાતને આજે ૨૩ વર્ષ થયા. તૃષાબેન ચાલતા મારા દવાખાને આવે છે. પગ થોડોક ખેંચાય છે પરંતુ જાતે સારી રીતે ચાલી શકે છે. ઘર સંભાળે છે. કોઈના પર આધાર રાખવો પડતો નથી. એકંદરે નોર્મલ જિંદગી જીવી રહ્યા છે અને કુટુંબમાં પણ બધાને આનંદ છે. સારવાર અને ધીરજપૂર્વક લાંબો સમય કરેલી ફીઝિયોથેરાપીએ સારું પરિણામ લાવી દીધું. **આવા કેસમાં પેશન્ટની ધીરજ, કુટુંબનો સહકાર અને લાંબો સમય ફીઝિયોથેરાપી, ત્રણે ખૂબ જરૂરી છે. મેડિકલ સારવાર સાથે ઉપરના ત્રણ પરિબળો ખૂબ જ જરૂરના છે.** આજે તેમના કુટુંબને આનંદ છે કે તૃષાબેન નોર્મલ જિંદગી જીવી રહ્યા છે. તે કુટુંબના સભ્યો જ્યારે જ્યારે મારા દવાખાને આવે છે ત્યારે તેમની આંખોમાં આનંદ અને આભારની ઝલક દેખાઈ આવે છે. આ રીતે તેમને ફેમિલી ડૉક્ટરનો સંતોષ અને આનંદ છે.

મને જીવનમાં ડૉક્ટર તરીકે બહારગામથી પેશન્ટને લાવવાનો એક યાદગાર અનુભવ થયો. તેનાં કરતા વધારે તો એક મધ્યમવર્ગના કુટુંબને મદદ કરી શક્યો, તેનો હૃદયમાં આનંદ છે. જે એક સાચો આનંદ કહી શકાય.

*પ્રભાશંકર પટ્ટણીની પંક્તિઓ છે :*

*દુઃખી કે દર્દી કે કોઈ ભૂલેલા માર્ગવાળાને*
*વિસામો આપવા ઘરના ઉઘાડી રાખજો બારી*
*ગરીબની દાદ સાંભળવા, અવરનાં દુઃખને દળવા*
*તમારા કર્ણનેત્રોની ઉઘાડી રાખજો બારી.*

***૩, સમૃધ્ધ કેપિટલ, આર્યવૃંદ ફ્લેટ પાસે,***
***પાણીની ટાંકીવાળો રોડ, સાયન્સ સિટી રોડ,***
***સોલા, અમદાવાદ-૩૮૦ ૦૬૦. મો. ૯૮૯૮૬ ૧૨૬૮૫***

*આ દુનિયામાં સિગારેટ વગર ચાલી શકે.*
*છતાં પણ સિગારેટ બનાવનારો કરોડપતિ છે.*

*આ દુનિયામાં દારૂ વગર ચાલી શકે*
*છતાં પણ દારૂ બનાવવાવાળો કરોડપતિ છે.*

*આ દુનિયામાં મોબાઈલ વગર ચાલી શકે*
*છતાં પણ મોબાઈલ બનાવવાવાળો કરોડપતિ છે.*

*પરંતુ એક ભયાનક સત્ય એ છે કે —*

*આ દુનિયામાં અન્ન વગર ના ચાલી શકે*
*છતાં પણ અન્ન પેદા કરવાવાળો કિસાન ગરીબ અને કંગાળ છે.*

ખાનદાની

# નેકદિલ ઇસ્માઇલ



એમ. ડી. સોલંકી

ઉનાળાની બળબળતી બપોરે મૃગજળની આભાસી સૃષ્ટિનું સર્જન કરીને અજાણ્યા વટેમાર્ગુને વિમાસણમાં મૂકી દેનારી ભાલ પ્રદેશની ભાતીગળ ભોમકા માથેથી સૂરજ આથમણી કોરે ઢળી ચૂક્યો છે. ભાલિયા ઘઉંની કાપણી કરી લીધા પછી ખાલી થઈ ગયેલા ખેતરોમાં એકલવીર બનીને ફાલેલા ઢીંચણ સમા લીલાંછમ જવાસિયાના છોડ વાયરાની લહેરખી આવતાં આમતેમ ડોલી રહ્યા છે અને એ જવાસિયામાંથી ચળાઈ ચળાઇને આવતો વાયરો મીઠી ઠંડક આપી રહ્યો છે. આવા સમયે અરણેજ પાસેના વેજલકા ગામે પાનબા પોતાના ઘરની ઓસરીમાં બેઠા બેઠા ભાલિયા ઘઉંનું દળણું કરે છે.

મુઠ્ઠી ફાટી જાય એવા ભાલિયા ઘઉં જોઈને પાનબા મનોમન હરખાય છે. કોઠીએ કણ ધબકતા હોય એવું સુખ પાનબાના લલાટમાં લખાયેલું છે. પાનબા ગઇકાલે જ પોતાના એક એક માડીજાયા ભાઈના લગ્નમાં માંડવે મહાલીને આવી છે એટલે એના શરીર પર સુંડલો ભરીને સોનાના દાગીના છે. લીંપણ કરેલી ઓસરીમાં બેસીને ઘઉંનું દળણું કરતા કરતા પાનબા મનમાં વિચારે છે **'વખતના વાજા વખતે વાગે તો સારું લાગે! જે સમયે જે શોભતું હોય એ જ શોભે!'** લાવ આ દાગીના ઉતારીને વ્યવસ્થિત જગ્યાએ મૂકી દઉં.

ઘઉંના દળણાનું કામ પતાવી પાનબા ઘરમાંથી રૂમાલનો મોટો ટુકડો લઈ આવી. રૂમાલના એ ટુકડાને ઓસરીમાં ખુલ્લો કરી પોતાના શરીર પરથી એક પછી એક દાગીના ઉતારીને રૂમાલના ટુકડામાં મૂક્યા. રહેવા દીધા - પાયલ, હેમના કંકણ અને મંગલસુત્ર. બાકીના તમામ દાગીના રૂમાલના ટુકડામાં મૂકી એની પોટલી બનાવી. 'હમણાં દાગીનાની પોટલી ઘરમાં વ્યવસ્થિત જગ્યાએ મૂકી દઈશ.' એવું વિચારીને પાનબા દાગીનાની પોટલી ઘઉંના ડબ્બામાં મૂકી, ડબ્બાને ઓસરીના ખૂણામાં રાખી તે ઘરના અન્ય કામમાં પરોવાઈ ગઈ.

થોડીવાર પછી પડોશણે સાદ દીધો, 'પાનબા કપડાં ધોવા...'

'તું ઊભી રહેજે, હું આ આ...વી...' કહીને પાનબા કપડા ધોવા નીકળી. જતા જતા પોતાના ઘરવાળા વાલાભાઈને કહેતી ગઈ, 'હટાણું કરવા કોઠ જવાનું થાય તો ઓસરીના ખુણામાં પડેલો ડબ્બો લેતા જજો, ઘઉં દળાવવાના છે.'

સાંજના ચારેક વાગ્યા એટલે વાલાભાઈએ ગાડું જોડ્યું. ઘઉં ભરેલો ડબ્બો ગાડામાં મૂકી ગાડું કોઠના મારગે હાંક્યું. ધીમે ધીમે માથું હલાવતા અને ડોકમાં પહેરેલી ઘુઘરમાળ રણકાવતા બળદો સાથેનું ગાડું કોઠ તરફ આગળ વધતું હતું.

આજે તો વેજલકાથી કોઠ ગામ જવા માટે ડામરની પાકી સડક છે પણ તે દિ' પાકી સડકને બદલે ધૂળિયો મારગ હતો. ધૂળની ખેપટ ઉડાડતું ગાડું લઇને વાલાભાઈ કોઠ ગામ પહોંચ્યા. કોઠમાં ઈસ્માઇલની અનાજ દળવાની ઘંટીએ ઘઉં ભરેલો ડબ્બો મૂકી વાલાભાઈ કોઠની બજારમાં હટાણું કરવા ગયા.

હટાણું કરવા કોઠ ગામની બજારમાં ફરતા વાલાભાઈને કોઈકે વાવડ દીધા, 'તમારા સગાને ધોળકા દવાખાને દાખલ કર્યા છે. ખબર જોવા જવું હોય તો જાવ.' અને વાલાભાઈએ ગાડું ધોળકા તરફ હાંકી મેલ્યું.

અહિંયા વેજલકામાં પાનબા ઘરની ઓસરીમાં ઊભા ઊભા કોઠ ગામથી વેજલકા આવતા મારગ માથે મીટ માંડીને વાલાભાઈની ઘેર આવવાની રાહ જોયા કરે છે. (તે દિ' ટેલિફોનની સગવડ નહોતી.) હમણાં વાલાભાઈ આવશે તેવું વિચારતી પાનબા મનોમન અકળાતી હતી. દિવસભરની એકધારી મુસાફરીથી થાકેલા સૂરજદાદા પણ જાણે કે આરામ ફરમાવવા આથમી ગયા. અવનિ પર અંધકારનું સામ્રાજ્ય શરૂ થઈ ગયું છતાંય વાલાભાઈ ઘેર આવ્યા નહીં. ઘરમાં એકલી અટૂલી પાનબાની અકળામણ પળે પળે વધતી જતી હતી.

પાનબાના મનમાં રહી રહીને બસ એક જ સવાલ ઊઠતો, 'કોઠ હટાણું કરવા ગયેલા વાલાભાઈ હજુ સુધી ઘેર કેમ નહીં આવ્યા હોય?' પાનબાને તેમના પોતાના જ મનમાં ઉદ્‌ભવતા સવાલનો ઉત્તર મળતો નહોતો. જેમ જેમ સમય સરતો જતો હતો તેમ તેમ પાનબાના મનમાં ઉચાટ વધતો જતો હતો. રાત પડી ગઈ તોય વાલાભાઈ ઘેર ન આવ્યા. કાં'ક તો કારણ હશે ને? ત્યાં મોડે મોડે વેજલકા ગામના કોઈ માણસે પાનબાના ઘેર આવીને કહ્યું, 'વાલાભાઈ તમારા સગાની ખબર જોવા ધોળકા દવાખાને ગયા છે. સવારે આવશે.'

વાલાભાઈના વાવડ આવ્યા પછી ઉદાસ થઈ ગયેલી પાનબા ક-મને જમવા બેઠી. પણ પોતાના ઘરવાળાની રાહ

જોવામાં ઠરીને ઠીકરું થઈ ગયેલી વાળું પાનબાને ગળે ના ઉતર્યું! એકાદ કોળિયો ખાઈને એણે હાથ ધોઈ નાખ્યા.

ઉદાસ મને ઢાંકોઢૂબો કરીને પાનબાએ સુવાની તૈયારી કરી ત્યાં જ એને અચાનક ઘઉંના ડબ્બામાં મૂકેલી દાગીનાની પોટલી યાદ આવી ગઈ! વાલાભાઈએ દાગીનાની પોટલી ઓસરીમાં મૂકેલ ઘઉંના ડબ્બામાંથી કાઢીને ઘરમાં વ્યવસ્થિત જગ્યાએ મૂકી હશે એવું વિચારીને દાગીનાની પોટલી ખોળવા માટે આખુંય ઘર હેઠ-ઉપર કરી નાખ્યું. પણ વ્યર્થ! ઘરમાંથી એને દાગીનાની પોટલી ન મળી અને પાનબા બેબાકળી બની ગઈ! એના સ્ત્રી સુલભ હૈયામાં ફાળ પડી ગઈ! સોનાના દાગીનાની પોટલી આખરે ગઈ ક્યાં? પાનબાની આંખોમાંખી ખર ખર આંસુ સરી પડ્યા!

બેચેન બની ગયેલી પાનબાએ આંસુભરી આંખે સુવાનો પ્રયત્ન કર્યો, પણ એમ કાંઈ ઊંઘ આવે? એની નજર સમક્ષ બસ દાગીનાની પોટલી જ તરવરતી હતી.

આ બાજુ કોઠ ગામમાં અનાજ દળવાની ઘંટીમાં ઈસ્માઈલ વારાફરતી દળણા દળતો હતો. વાલભાઈનો ઘઉં ભરેલો ડબ્બો ઉપાડીને ઘઉં ઘંટીના થાળામાં નાખવા એણે ડબ્બો ખોલ્યો, ત્યાં તો એની નજર ડબ્બામાં રહેલી રૂમાલની પોટલી પર પડી. 'આ પોટલીમાં શું હશે?' એવું કુતુહલ થતાં **ઇસ્માઇલે રૂમાલની પોટલી ખોલી. રૂમાલની પોટલી ખોલતા જ એની આંખો અંજાઈ ગઈ. આટલા બધા દાગીના?** જનમ ધરીને ઈસ્માઈલે સોનાના આટલા બધા દાગીના જોયા જ નહોતા.

દાગીનાની ખુલ્લી પોટલી સામે જોતાં જ ઈસ્માઈલ ઘડીભર સ્તબ્ધ બની ગયો. દળણા દળી દળીને માંડ માંડ દિ' કાઢતાં ઈસ્માઈલના મનમાં વિચારોનો વંટોળ શરૂ થયો. દાગીનાની પોટલીનું હવે શું કરવું? અસમંજસની સ્થિતિમાં મૂકાઈ ગયેલા **ઇસ્માઇલની નજર સમક્ષ એના નાના નાના બાળકો અને પોતાના ઘરની દારુણ ગરીબી દેખાયા.** ગામમાં અનાજ દળવાની બીજી એક ઘંટીના કારણે દળણા સાવ ઓછા મળતા હતા. એટલે ધંધામાં ખાસ બરકત નહોતી. દળણા દળવામાંથી માંડ માંડ સવાર-સાંજનો રોટલો નીકળતો. ઈસ્માઈલે બીજાય ધંધા કરી જોયા હતા પણ સરવાળે લાખના બાર હજાર થયા હતા. કોઈ ધંધામાં ફાવટ આવતી નહોતી. 'ઘઉંના ડબ્બામાં દાગીનાની પોટલી હતી જ નહીં' એવું કહીને દાગીનાની પોટલી ઓળવી લેવાય તો આ દળણા દળવાની ઝંઝટમાંથી છુટકારો મળી જાય. ઘરની દારુણ ગરીબીના ચક્કરમાંથી મુક્તિ મળે. બે પેઢી સુધીના જીવન નિર્વાહમાં કોઈ વાંધો ના આવે અને આ સતત અજંપાભરી જિંદગીમાં શાંતિના પગરણ મંડાય.

ઈસ્માઈલના મનમાં આવેલા આવા વિચારો ઉગીને સમા-નમા થાય ન થાય એ પહેલાં જ એના મનમાં બીજા વિચાર આવીને ઊભા રહ્યા. **ઇસ્માઇલ આ પોટલીમાં રહેલા દાગીના તારા હક્કના તો છે નહીં અને ખુદાતાલા અણહક્કનું કંઈપણ લેવાની મનાઇ ફરમાવે છે. આ દાગીના જે બેન-દીકરીના હશે એના મનની સ્થિતિ અત્યારે કેવી હશે? બીજાના હક્કનું પડાવી લેનારને કુદરત ક્યારેય માફ ના કરે!** અને આ અણહક્કના દાગીના લઈ લેવા એ તો પછી પાપના પોટલા બાંધ્યા ગણાય. અણહક્કના દાગીના લઈ લીધા પછી ખુદાના દરબારમાં કેવો જવાબ આપીશ? ના ઈસ્માઈલ ના, ગમે તેવી મુશ્કેલ પરિસ્થિતિમાંય મારે મારા ઈમાનને જાળવી રાખવો જોઈએ. મારાથી મારી ઈન્સાનિયતને ભૂલાય નહીં.

અને અનાજ દળવાનું કામ પૂરું થતાં ઈસ્માઈલ દાગીનાની પોટલી પોતાના ઓશિકે મૂકીને નિરાંત જીવે ઊંઘી ગયો. દારુણ ગરીબી સામે ઈસ્માઈલની ખાનદાની જાણે કે જીતી ગઈ હતી. **ઇસ્માઇલના અંતરમાં ઇન્સાનિયતનો છોડવો લીલોછમ બનીને પાંગરી રહ્યો હતો.**

પાનબાની આંખોમાં આજ નિંદર નહોતી. એને આખી રાતનો ઉજાગરો થયો હતો. દાગીનાની પોટલીનો પત્તો મળ્યો નહોતો એટલે રડી રડીને એની આંખો લાલઘૂમ બની ગઈ'તી. વહેલી સવારે દાતણ-પાણીથી પરવારેલી પાનબા ઉચાટજીવે ઓસરીમાં ઊભી ઊભી કોઠ ગામથી વેજલકા આવતા મારગ સામે જોઈ રહી હતી. વિચારતી હતી - વાલાભાઈ આવે તો દાગીનાની પોટલીનું કંઈક જાણવા મળે. ત્યાં એની નજર એક ટાયડા ઘોડા પર બેસીને આવતા અજાણ્યા અસવાર પર પડી. એના મનમાં સવાલ થઈ આવ્યો, અત્યારે આટલા વહેલા આ ભાઈ ક્યાં જતા હશે? પાનબા વધુ કાંઈ વિચારે એ પહેલા જ ટાયડા ઘોડા પર બેઠેલો ઈસ્માઈલ આગળથી વાલાભાઈનું ઘર પૂછતો પૂછતો પાનબાના આંગણે આવીને ઊભો રહ્યો. પાનબા આશ્ચર્યમાં ગરકાવ થઈ ગઈ.

આંગણામાં આવીને ટાયડા ઘોડા પરથી નીચે ઉતરી ઈસ્માઈલ ઓસરીમાં ઉભેલી પાનબાની નજીક આવ્યો અને પોતાની બગલમાં દબાવી રાખેલી દાગીનાની પોટલી જેમ કોઈ માડી જાયો વીર લગ્નપ્રસંગે પોતાની બેનને મોંઘા મામેરાની છાબ આપે તેમ પાનબાના હાથમાં આપતા બોલ્યો, **'લ્યો બોન તમારા દાગીનાની પોટલી! પોટલી ખોલીને તમારા દાગીના બરાબર તપાસી લ્યો.'**

પાનબાની આંખો આજે હરખના આંસુથી છલકાઈ ગઈ. એણે આંસુભરી આંખે ઈસ્માઈલને કહ્યું, 'જે ભઇ સામે ચાલીને દાગીનાની પોટલી બોનના ઘેર આપવા આવે એ ભઈ પર તો પાક્કો ભરુંહો હોય! એટલે પોટલી ખોલીને દાગીના તપાસવાના ના હોય! ભઈ, એક વાત કહું? આજે તમે તમારી બોનના ઘેર

(અનુસંધાન : જુઓ પાના નં.-૫૦ ઉપર)

મહિલા ઉત્કૃષ્ટ

# ભારતમાં મહિલાઓના વિકાસાર્થે અવનવા આયોજનો



પ્રા. સૂર્યકાંત ભટ્ટ

ભારતીય મહિલાઓના સર્વાંગી ઉત્કર્ષ માટે આજે ચોમેરથી સ્તુત્ય પ્રયત્નો સફળ થઈ રહ્યા છે. આ ક્ષેત્રે અનેક નૂતન પ્રસ્તાવો, કાનૂની જોગવાઈઓ, સંસ્થાઓનું નિર્માણ થયેલું દશ્યમાન થાય છે. મહિલા વિકાસ અંતર્ગત નાણાંકીય સમાવેશીતા અને આર્થિક સશક્તિકરણ આ બંને કેન્દ્રસ્થાને રહેલા છે. આપણા દેશની મહિલાઓ હવે જાગૃત બની છે. પોતાની કિંમત સમજી રહી છે. ઘરમાં થતા પોતાના કાર્ય સ્થળે જાતિગત સમાનતા તથા ન્યાય અંગેની માંગણી હાથ ધરવા લાગી છે. **આજે તો સશસ્ત્ર દળોમાં વિશેષપણે મહિલાઓ જોડાઈ રહી છે. જેઓ દેશ સેવાર્થે અગ્રીમ હરોળમાં છે.** સ્પોર્ટસ, ટેકનોલોજી, અવકાશ વિજ્ઞાન ક્ષેત્રે આગળ છે. સરકારશ્રીની અનેકાનેક યોજનાઓ મહિલાઓના સર્વાંગી વિકાસને નોતરી રહી છે.

- **પ્રધાનમંત્રી કૌશલ વિકાસ યોજના :**

ભારતમાં બહોળી સંખ્યામાં યુવાનોએ ઔદ્યોગિક ક્ષેત્રે તાલીમ લીધેલી છે. જેમાં અડધા ભાગની સંખ્યા મહિલાઓની છે. આ તાલીમ દ્વારા મહિલાઓ સ્વનિર્ભર બની રહે છે.

- **માતૃત્વલાભ કાનૂન :**

મેટરનિટી લીવમાં વધારો કરી તે સમયગાળો ૨૬ સપ્તાહ (સાડા છ માસ) જેટલો કરાયો છે. જેમાં માસિક પગાર, અન્ય ભથ્થાઓ ચાલુ જ રહે છે. પોતાના બાળકને સ્તનપાન કરાવવાનો અનુકૂળ સમય પણ મહિલાઓને મળે છે. ઉપરાંત પગાર ભથ્થા ચાલુ રહેતા હોઈ આર્થિક ચિંતા બહેનોને રહેવા પામતી જ નથી. આ આવકાર્ય સુધારાએ મહિલાઓને ડિલીવરી સમયની આર્થિક ચિંતાઓમાંથી મુક્તિ અપાવી છે.

- **મહિલા શક્તિ કેન્દ્ર (એમ.એસ.કે.)**

દેશમાં સૌથી વધુ પછાત ૧૨૫ જિલ્લાઓમાં ત્રણ લાખથી વધુ વિદ્યાર્થી સ્વયંસેવકોને કામે લગાડવામાં આવશે. આ સ્વયંસેવકો નેશનલ કેડેટ કોર્પ્સ, નહેરુ યુવા કેન્દ્રો, નહેરુ સર્વિસ સ્કીમ આદિમાંથી લવાશે. તેઓ સૌ સ્થાનિક મહિલાઓ સાથે કામ કરશે. તે મહિલાઓને સરકારી યોજનાઓના લાભ લેવામાં મદદગાર થશે. તેઓ મહિલા આરોગ્ય, સાક્ષરતા ક્ષેત્રે સહાયભુત થશે.

- **બેટી બચાવો, બેટી ભણાવો (બી.બી.બી.પી.)**

ભ્રૂણહત્યા અર્થાત્ ગર્ભમાં જ જો સ્ત્રીભ્રૂણ જોવા મળે તો તેનો નાશ કરવા કેટલાક લોકો ત્વરીત પગલાં ભરતા. આવી પ્રક્રિયા કરતા તબીબો પણ મોં માંગી ફી મેળવવા તલપાપડ થતા. **પરંતુ દેશમાં જાતીય સમાનતા માટે, સ્ત્રી પુરુષ સમોવડીનો દરજ્જો અપાતાં કાનૂની રીતે ભ્રૂણ હત્યાઓને રોક લગાવાઈ છે. ગર્ભ પડાવનારી મહિલા તથા પાડનાર તબીબ પર કાનૂની કાર્યવાહી થઈ શકે છે.** જેથી ભ્રૂણ હત્યા ઘટવા પામી છે. દીકરીઓને ભણવા માટે સ્થાનિક શાળાઓની યોજના અમલમાં છે. દૂર સુદુર શાળાએ જવા માટે સરકાર સાઈકલ આપી રહી છે. જેનું પરિણામ સારું આવ્યું છે.

- **સ્વાધાર ગૃહ યોજના :**

મુશ્કેલીના સમયમાં મહિલાઓને સહાય કરતી સંસ્થા છે. આશ્રય, ભોજન, આરોગ્ય, વસ્ત્રો, કાનૂની માર્ગદર્શન તથા પુનર્વસન પૂરા પાડે છે. હાલે ૫૬૨ સ્વાધાર ગૃહો ૧૭૨૯૧ મહિલાઓને લાભ આપે છે. વૃંદાવન ખાતે ૧૦૦૦ આશ્રિતોનું વિધવાગૃહ ખૂલ્લું મૂકાયું છે.

- **નેશનલ રીપોઝિટરી ઑફ ઇન્ફોર્મેશન ફોર વુમન :**

આ મંચ મહિલાઓને મહિલાઓની થોકબંધ યોજનાઓની વિગતવાર જાણકારી પ્રસ્તુત કરે છે.

- **પોષણ મિશન (એન.એમ.એમ.)**

રૂપિયા ૯૦૪૬ કરોડની રાશિથી કૂપોષણની સમસ્યાઓથી લડવા નારી શક્તિના વિકાસાર્થે, બાળકોના જાતિય દર માટે હાથ ધરાયેલ યોજના છે. ૬ વર્ષ સુધીના બાળકો, ગર્ભવતી મહિલાઓ, સ્તનપાન કરાવતી મહિલાઓના પોષણ દરજ્જામાં સુધારો કરવા ખાસ આ યોજના ઘડવામાં આવેલી છે.

- **પ્રધાનમંત્રી માતૃવંદના યોજના :**

**આ યોજનાના લાભાર્થી બહેનોને પ્રસૂતિ દરમિયાન તથા પ્રસુતિ બાદ રૂા. ૬૦૦૦ રોકડ સહાય અપાય છે.** ઈ.સ. ૨૦૧૭-૨૦૧૮ દરમિયાન ૩૬ રાજ્યો તથા કેન્દ્રશાસિત પ્રદેશોમાં ૨૦૧૬.૩૭ કરોડ રૂપિયા ફાળવેલા જેમાંથી ૧૯૯૧.૭૨ કરોડ ચૂકવાયા.

● **મહિલા પોલીસ સ્વયં સેવકો :**

બાળ વિવાહ, ઘરેલુ હિંસા, તણાવમાં રહેલી બહેનોને સહાયતા પૂરી પાડવા તમામ રાજ્યો તથા કેન્દ્રશાસિત વિસ્તારોમાં 'પબ્લિક પોલીસ ઈન્ટરફેસ' તરીકે આ દળ કાર્યરત છે.

● **મહિલા ઇ-હાટ :**

મહિલા ઉદ્યોગકારો અને એન.જી.ઓ. માટે ડિજિટલ માર્કેટિંગનું પ્લેટફોર્મ છે. રાજ્યોની મહિલાઓ માટે ૧૮૦૦ ઉત્પાદનો સેવાઓ સૂચવી છે. ૩ લાખ લાભાર્થીઓને લાભ મળ્યો છે. રૂપિયા ૨૦ લાખથી વધુનો વેપાર થયો છે.

● **પી.એમ. ઉજ્જવલા યોજના :**

ગરીબ વર્ગની મહિલાઓના લાભાર્થે આ સામાજિક કલ્યાણ યોજના છે. સુ-આરોગ્ય અર્થે તેમને એલ.પી.જી. ગેસ તથા ગેસની સગડી અપાય છે. બળતણનો ધૂમાડો પ્રદૂષણ ફેલાવે છે. તેનાથી બચવા આ સ્તુત્ય પગલું છે.

● **સુકન્યા સમૃધ્ધિ તથા જન-ધન યોજના :**

બેંકોમાં એકાઉન્ટ ના હોય તેવાઓ માટે આ યોજના સફળ રહી છે. ૧૬ કરોડ ૪૨ લાખ મહિલાઓના ખાતા ખોલવામાં આવ્યા છે. સુકન્યા સમૃધ્ધિ હેઠળ નાની બાળાઓના નામે બેંક એકાઉન્ટ ખોલાવીને તેનો લાભ મેળવી શકાય છે.

● **પંડિત દિનદયાળ ઉપાધ્યાય અંત્યોદય યોજના :**

ગ્રામ્ય મહિલાઓના વિકાસને ચરિતાર્થ કરતો અમૂલ્ય પ્રોજેક્ટ છે. ગ્રામ્ય મહિલાઓની સામાજિક, વૈશ્વિક ગતિશીલતા વધારવાનો ઉદ્દેશ છે.

● **ચૂંટાયેલા મહિલા પ્રતિનિધિઓ :**

ચૂંટાયેલા મહિલા પ્રતિનિધિઓ પોતાના નેતૃત્વની ભૂમિકા યોગ્ય રીતે અદા કરી શકે તે માટેની વ્યવસ્થિત તાલીમ આપવાની આ યોજના છે.

● **ઉપસંહાર :**

ઈ.સ. ૨૦૧૯માં વર્ષ ૨૦૧૯-૨૦૨૦ના બજેટમાં રૂા. ૨૯૨૬૫ કરોડ ફાળવવામાં આવ્યા, જે માત્ર મહિલા સશક્તિકરણ તથા બાળ વિકાસ માટે છે. ઈ.સ. ૨૦૧૮ની સરખામણીએ તે ૨૦% વધુ છે.

મહિલાઓના સર્વાંગી વિકાસાર્થે ભારતમાં વિવિધ યોજનાઓ ચોક્કસપણે સફળ થાય તેવી સંભાવના અસ્થાને નથી.

*"સહજાનંદ", ૬/એ, લીમડા લેન,*
*શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય રોડ,*
*સંસ્કાર નગર, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*મો. ૯૮૨૫૨ ૩૪૩૪૬*

## નેકદિલ ઇસ્માઇલ

**(અનુસંધાન : પાના નં.-૪૮ ઉપરથી ચાલુ)**

આવ્યા છો એટલે લાપસી ખાઈને જજો.'

'આજે નહીં, પછી કોઈ દિવસ આવીશ.' એવું બોલીને ઈસ્માઈલ ટાયડા ઘોડા પર બેસી કોઠ ગામના મારગે ચાલી નીકળ્યો.

**આંખમાં ઝળઝળિયાં સાથે પાનબા આ નેકદિલ ઇન્સાન ઇસ્માઇલને જોઈ રહી.**

★

કાળ જાય છે પણ કહેણી રહી જાય છે. એમ સમયના વહેતા વહેણમાં આજે તો ઈસ્માઈલ ખુદાને પ્યારા થઈ ગયા છે. આમ છતાય આજે પણ ગામના વડીલો ગામના ચોતરે અથવા બસ સ્ટેશનના બાંકડે બેઠા બેઠા જૂની વાતોને વાગોળતા હોય અને એ સમયે ઈમાનદારીની વાત નીકળે ત્યારે એ સૌ અચૂક, આદરપૂર્વક આ નેકદિલ ઈન્સાન ઈસ્માઈલને યાદ કરે છે. 'ખરો જણ કે'વાય! ગરીબી આખાય ઘરને આંટો દઈ ગઈ'તી તોય સોનાના દાગીનાની પોટલીમાંથી વાલની રતી પણ ઓળવી જવા એનું મન જરાય ચળ્યું નો'તું.'

**'ભઇ, આપણા સૌના માથા ઉપર દેખાતા આ આભને ટેકા તો છે નંઇ! બસ, આવા જ નેકદિલ ઇન્સાનોની ઇમાનદારીના કારણે જ ટેકા વગરનું આ આભ ટકી રહ્યું હોય એવું લાગે છે.' જોડે બેઠેલા વડીલ બોલ્યા.**

*નોંધ :* વેજલકા, અરણેજ અને કોઠ ગામ ધોળકા તાલુકામાં આવેલા છે.

*૨૮, ઇન્દ્રપ્રસ્થ સોસાયટી, કલિકુંડ,*
*ધોળકા, જિ. અમદાવાદ. મો. ૯૦૯૯૯ ૪૧૨૪૦*

## ભાષા

**(અનુસંધાન : પાના નં.-૫૬ ઉપરથી ચાલુ)**

અને સામાન્ય જનતાથી દૂર રહ્યા. **અહીં સવાલ અંગ્રેજી હટાવવાનો નથી. ત્રણ હજાર વર્ષની જૂની આદતને બદલાવવાની વાત છે.**

૧૯૫૩માં ડૉ. લોહિયા દક્ષિણ ભારત સ્થિત દલિત નેતા રામસ્વામી પેરિયારને મળ્યા હતા ત્યારે રજૂઆત થઈ હતી કે ઉત્તર ભારતની પ્રજાએ તામિલ ભાષા શીખવી જોઈએ અને દક્ષિણ ભારતની પ્રજાએ હિંદી ભાષા શીખવી જોઈએ. સરવાળે હિંદી ભાષા દેશની સર્વત્ર સ્વીકાર્ય ભાષા બની શકે. **આજે ચીન, કોરિયા, તાઇવાન, ફ્રેંચ, જર્મની, રશિયા પોતાની ભાષામાં જ ખૂબ જ પ્રગતિ કરી શક્યા છે.** આપણી આઝાદી કાયમ રાખવા માટે આપણી પણ સ્વદેષી ભાષા હોવી જરૂરી છે. **સરવાળે દરેક દેશમાં પોતાની એક ભાષા હોય છે, જેના માધ્યમથી જ સમગ્ર દેશ અને પ્રજાની કામગીરી થતી હોય છે.**

ધારાવાહિક નવલકથા

# છોરાંવછોઇ – (૩૦)

હંસરાજ સાંખલા

## મા-દીકરીએ ધાર્યું કર્યું

આખા પરિવારનો રોષ વહોરીને પણ બંને મા-દીકરીએ પોતાનું ધાર્યું કર્યું. જોકે શામજી સહિત પરિવારના ઘણાં બધાંને તથા સગાંવહાલાને આ ગમ્યું ન હતું. સંબંધ તૂટ્યાં પછી 'આવશે-જશે' એ સૌને અજુગતું લાગતું હતું.

બારમાની વિધિ પૂરી થઈ.

જમ્યા પછી બધાએ વિદાય લેવાની હતી. બે બાળકો અને શારદા સાથે એનાં માવતરવાળાં રજા લે એની સૌ રાહ જોતાં હતાં.

વિદાય લેતી શારદા રતનમાને પગે લાગી. રતનમાને ભેટી એ રોઈ પડી. રતન પણ આંસુ ન રોકી શકી. રોતાં રોતાં શારદા અને તેની દેરાટી ભેટીને મળ્યાં.

શારદા નણંદ જ્યોતિકાને મળવા આવી ત્યારે એને ભેટીને બંને એટલી બધી રોઈ કે એ દૃશ્ય જોઈને સગાંવહાલાં અને હાજર બધાંની આંખમાં આંસુ આવી ગયાં. નણંદ-ભોજાઈ મળતાં, માત્ર એ બે નણંદ ભોજાઈ નહીં પણ હાજર પૈકી ઘણાં બધાં તો હીબકે ચડી ગયાં.

એવું જ હૃદયદ્રાવક દૃશ્ય બાળકોને મોકલાવતાં સર્જાયું. બાળકો તો જાણે નાદાન હતાં પણ એની વિદાયથી રતન-શામજી અને પરિવારના સૌનાં હૃદય દ્રવી ઊઠ્યાં.

હાજર બધાંને થયું, ભગવાન આવું તો દુશ્મનના ઘર સાથે પણ ન કરે.

રતને શારદાની માને ધીમા અવાજે કહ્યું, 'વેવાણ ભગવાનને ગમ્યું ઇ એણે કર્યું. ઇ આપુંને સ્વીકારે જ છૂટકો. પણ આપુંને ગમ્યું એનુંયે મહત્ત્વ ઓછું ન આંકજો, ને છોરાંને આવવા જવા દેજો. દુનિયાને ભલે જે વાતું કરવી હોય ઇ કરે.'' થોડું અટકીને રતન બોલી, ''અમારા કોઈથી કાંય વધઘટ બોલાયું-ચલાયું હોય તો મનમાં કાંય ન લેજો.'' એવું કહી આંસુભરી આંખે સૌએ વિદાય લીધી.

વિદાય થતી વેવાઈની ગાડીની પાછળ અનિમેષ નયને રતન આંસુભરી આંખે જોતી રહી. આંખોમાં આવેલાં ઝળઝળિયાંને લઇને ઝાંખી ઝાંખી દેખાતી ગાડી દેખાતી બંધ થતાં રતનને થયું, ''છોકરમતથી થયેલાં નાના સરખે વ્યસને સ્વર્ગ જેવા સુંદર પરિવારને ક્યાંથી ક્યાં પોંચાડી દીધો.'' અને એણે લાંબો નિસાસો નાખ્યો.

ભગવાને દાખલામાં એક બાદ કર્યો પણ જવાબમાં ચાર બાદ થૈ ગ્યાં. તાળો મેળવ્યો તો ચાર બાદ થયેલો જવાબ સાચો હતો. પછી સ્વીકાર્યે જ છૂટકો!

## જ્યોતિને રતનમાની યાદ

માતા અને સંતાનો વચ્ચે પરસ્પર એવું કંઈક અદૃશ્ય કુદરતી જોડાણ હોય છે, જે તેને પરસ્પર અજાણપણે પણ અવિરત ખેંચે છે.

જેમ રતનને એનાં બાળકો પ્રત્યેનું આકર્ષણ, ઝંખના અને મળવાની તલપ રહેતી હતી, તેમ સામે એનાં સંતાનો જે સમજણાં હતાં તેને પણ એટલું જ આકર્ષણ રહેતું હતું.

તેમાંય આ બન્યું ત્યારે જ્યોતિ તો નાસમજ નહોતી. એણે તો આમાંનું ઘણું બધું નજરે જોયું હતું. એ એની માને પૂરેપૂરી જાણતી હતી. તો આ બધું એ થોડું ભૂલી શકી હશે? તેમાંય એના લગ્ન વખતે, તેનાં ભાઈ-બહેનોનાં લગ્ન વખતે કે પોતાનાં અને એની બહેનોનાં બાળકોના જન્મ સમયે પિયરપક્ષેથી થતાં વહેવારોના પ્રસંગે તો એને એની માની યાધ ખૂબ તડપાવતી હતી.

એની માની યાદની સાથે કેટલાક એવા કલંકિત બનાવો જોડાયેલા હતા. તેના ભરડામાંથી માંડ માંડ તે છૂટતી ત્યાં એવો જ કોઈ પ્રસંગ આવીને ઊભો રહેતો, ને પાછી એવી જ લાગણીભરી યાદો વચ્ચે એ જ રીતે એ પીસાતી ને રીબાતી.

જ્યોતિને એની મા યાદ તો આવતી જ હતી. પણ એ જાણી જોઈને એ યાદની કલંકિત કાળી છાયામાંથી છૂટવા માંગતી હતી. કોઈ વાર પોતાની ઓળખમાં એની માનું નામ આવતું ત્યારે એને બહુ પીડા થતી. અસહ્ય પીડા થતી. ના કહેવાય, ના સહેવાય, ન રહેવાય એવી એ પીડા જ્યોતિને પરાણે સહન કરવી પડતી. કોઈ 'આ રતનબાઈની દીકરી હૈ'

'આ ઓલી રતન ખરીને ઓલ્યાવાળી ઇ એની મા થાય' 'આ ઓલ્યા મણાભાઈની દીકરી હૈ. એની મા...!' 'તમે તાં ઓળખતા હશો એની માને...!' આવાં કેટલાંય વેણ એનાં કોમળ કાળજામાં ડામ દેતાં'તાં. અને એ સમસમી જતી'તી. આવા સંજોગોમાં પોતા મૂર્છાવસ્થામાં હોય તેમ સાંભળ્યું ન સાંભળ્યું કરતી. ન છૂટકે કરતી.

કોઈ વખત એને થતું :"જે તું તે હાચું જ હતું. મારી માએ પોતાના વ્યક્તિગત સુખ અને સ્વાર્થમાં અમારો ચારે બોનુંનો વિચાર ન કર્યો, ઇતાં હાચું જ, નૈ તો ગામમાં અને જ્ઞાતિમાં ઇ રીતે ઇ એકલી થોડી રે'તી'તી? ગામની પેણેલી બાઈમણુંમાં ઇ સમયે મોટાભાગની બાઈમણું ઈ રીતે જ રેત્યુંત્યું ને ઇ રીતે ઇ સમયે જિવાતું તું. ને બધાં જીવતાં'તાં.

આમ તો દરેક જીવમાં ભગવાને આવી લાગણી અને આવેગો હરખા જ મૂકેલો હોયર્યા. તો કોઇને કાંઇ ફરિયાદ, તકલીફ કે અસંતોષ ન'તો. તો મારી મા એમ બધાની જેમ કેમ રૈ ન હકી? ઇ સ્વાર્થી તો ખરી જ ને?

ગામ આખું કેતું'તું ઇ પ્રમાણે લીલાકાકી અને બીજી બાઈમણુંમાં મારી મા ના જેવો સ્વભાવ, લાગણી, ભાવના, સંસ્કાર, એના જેવી ત્યાગની ભાવના ગામમાં કેનાયમાં નો'તી. તૈયેંતાં મારા બાપુજીની બીમારી વખતે ગામ આખાયે એને સતી સાવિત્રી કેધીતી. લીલીફઈનાં મામેરાં વખતે એને નાનાબાપાવાળાએ દીધેલો પોતાનો હાર લીલીફઈને દઈ દીધો. નૈ તો કોઇ બાઇમણ માવતરે દીધેલા દાગીના કોયને દે ખરી? અને ઇંયાથી છૂટી થૈ ને ગી તૈંયે પાછો લેવાની હામેથી ના કેંધી. એની ઇ ભાવના કેટલી ઊંચી કેવાય? એનામાં ઇ બધું બઉ ઊંચું હતું. તો પછી એનાથી આવું પગલું કેમ ભરાઈ ગયું?

એક જ વાતને લીધે આજે મારી માનું નામ, વાત કે વિગત નીકળે તો મને નીચે જોવાપણું ને શરમાવા જેવું થાયર્યું! કૈયેંકતાં હલકટ બાઇમણુંના કટાક્ષથી તો મરવા જેવું લાગતું. પણ થાય શું? હકીકત તો હું કે કોય નથી બદલી હકનારુંને! કર્યું એણે, ને આટલાં વર્ષો પછી હજીયે અમને જીવ બાળવો પડેર્યો.

કોઈની વાતુંમાં એની માના જેવું નામ આવતું ત્યારે પણ એ મૌન થઈ જતી. એને એમ થતું : 'મારી માની તો વાત નથી ને? ને એ કાન દઈને સાંભળતી. ઘણી વખત સાંભળ્યું ન સાંભળ્યું કરી એ ત્યાંથી ખસી જતી.

ઘણી વખત એને એની મા પ્રત્યે લાગણી થતી ને વેદના પણ થથી. તો ક્યારેક નફરત પણ થતી.

જ્યોતિ પોતાનાં બાળકોને સામાન્ય તાવ તૈયાની તકલીફ હોય ત્યારે સંતાનો પ્રત્યેની લાગણીથી એ એના પ્રત્યે બહુ જીવ બાળતી. ત્યારે એને થતું, કોઇ પણ મા હોય ઇ એનાં છોરાંના સુખ-દુઃખનો વિચાર ન કરે ઇ હું નથી માનતી. મારી મા તો આખું ગામ જેનાં વખાણ કરતું એવી મા હતી. તો એવી મા પોતાનાં બાળકોનો વિચાર ન કરે એવું કેમ માનેરી જ્યોતિ?

માન કે ન માન જ્યોતિ, તારી માએ જે પગલું ભર્યું હતું ઇ જગજાહેર હતું ને તેય જોયું'તું ને? એણે છોરાંનો વિચાર ક્યાં કર્યો'તો? તૈયે તાં ગેઢેરા હામે ઇ કાંય બોલી નો'તી હકી. ને જે ન્યાય દીધો ઇ બોલ્યાચાલ્યા વગર કબૂલી લીધો.

કબૂલવું જ પડે ને. તે વખતે ગેઢેરા કેવા રોફથી બોલતાં'તા? મરઘાંમા જેવાં મરઘાંમાય એનાથી બી ગ્યાં તાં. તૈંયે તાં એને બોલવું તું તોય કાંય બોલી ન'તાં હક્યાં.'

આટલા વર્ષોમાં આવા અનેક સંવાદો જ્યોતિ મનોમન કરી ચૂકી હતી. એના મને અનેક વખત એની માને દોષિત ઠેરવી હતી. તો અનેક વખત એનો બચાવ પણ કર્યો હતો. દેખીતી રીતે એ દોષિત હોવા છતાં એનો બચાવ કરવા કોઈ અદશ્ય તંતુ એને પ્રેરતું હતું.

જ્યોતિના વર્તમાનમાં એક બનાવ બન્યો ને આંખના પડળ એકદમ ખૂલી ગયાં.

આમ તો માતાને બધાં જ સંતાનો વહાલા હોય છે. પરંતુ એ બાળકો પૈકી કોઈ એક બાળક પ્રત્યે એને કુદરતી અનોખું વહાલ હોય, વિશેષ લેણાદેણી હોય એમ જ્યોતિને એની મીનુ પ્રત્યે બહુ વહાલ હતું. જેમ એની રતનમાને પોતાના પ્રત્યે અને નાની કોકી (કોકિલા) પ્રત્યે હતું. તે આવી જ વિશેષ લેણાદેણી એને મીનુ પ્રત્યે હતી.

એને જરા સરખું કંઈ થાય તો જ્યોતિને કંઈનું કંઈ થઈ જતું. એનાથી ન રહેવાતું ને એ એની તકલીફથી રઘવાઈ થઈ જતી. બે દિવસથી મીનુને તાવ આવતો હતો. લૅબ કરાવી તો રિપોર્ટમાં ટાઇફૉઇડ આવ્યો.

ડૉક્ટરે એને આઠ દિવસ સુધી અનાજ બિલકુલ ખાવા ન દેવું અને ચાર દિવસ માત્ર ફ્રુટ આપવું પછી ત્રણ દિવસ ભાતનું ઓસામણ આપવું ને પછી દાળભાત-ખીચડી જેવો હલકો ખોરાક આપવો એવી સૂચના આપી હતી.

જ્યોતિ એને જુદાં જુદાં ફ્રુટ ખવડાવતી. મીનુ જીદ કરતી તો એને સમજાવતી, બીવડાવતી પણ ડૉક્ટરની વાતનો કડક રીતે અમલ કરતી. આ રીતે જ્યોતિએ ત્રણ દિવસ કાઢ્યા. ત્રીજા દિવસે સાંજે મીનુએ ખાવાની જીદ પકડી.

'મમ્મી મને બહુ ભૂખ લાગી હૈ. મને ખાવા દે. મારાથી નથી રેવાતું.'

'પણ બેટા ડૉક્ટરે તને ખાવાની ના કીધી હૈ.' જ્યોતિએ મીનુને સમજાવી.

'ભલે ના કીધી હોય, તોય દે. મનીષાને દો યાં ને મને કાં નથી દેતાં.'

'જો બેટા મનીષાદીદીને તાવ નથી આવતો. તારી તાં દવા ચાલુ હે એટલે તારાથી રોટલી ન ખવાય.'' જ્યોતિ મીનુને સમજાવતા બોલી.

'તો મનીષાદીદીને અને ભૈયાને ન દેજો.'

'ભલે લે, એનેય નૈ દઉં બસ...' જ્યોતિએ કહ્યું.

'ના, તોય મને ખપશે. મને ભૂખ લાગી હે.' મીનુએ જીદ પકડી.

'બેટા આજ આપેં રોટલી ક્યાં ઘડી હે. આજ બધાં જ ફ્રુટ ખાશું.' જ્યોતિએ મીનુને સમજાવવાનું ચાલું રાખ્યું.

'ના, તમે ખોટું બોલોર્યાં. બપોરે ઘડતાં'તાં. હું જોતી'તી. મને ખપશે. મને ભૂખ લાગી હે. હું ભૂખે મરું રી તોય તું ખાવા નથી દેતી. મમ્મી મને ખાવાનું દે. નૈ તો હું મરી જઈશ. પગ પછાડતાં મીનુ બોલી. તને તારી ભૂખે મરતી દીકરીને જોઈને કાંય નથી થતું. મમ્મી તું હખર મમ્મી નથી છટારી મમ્મી હો.'

દીકરીની કાકલૂદી ને વલવલાટ જોઈ જ્યોતિ રડી પડી. મીનુને ખાવા માટે ટટળતી જોઈ જ્યોતિથી સહન ન થયું.

જ્યોતિએ ડૉક્ટરની સૂચના યાદ કરી. ચાર દિવસ પછી ભાતનું ઓસામણ કે બાફેલા મગનું પાણી આપી શકાય.

જ્યોતિએ ભાત ચડાવ્યા. ઓસામણ કાઢી વાટકીમાં ઠંડું કરી, રોઈને થાકી, ધીમાં ડૂસકાં ખણતી મીનુને બેઠી કરી. તેને ભાતનાં ઓસામણવાળી વાટકી આપી. મમ્મી કંઈક ખાવાનું આપેરી સમજી મીનુએ વાટકી હાથમાં લીધી. એણે વાટકીમાં શું છે એ જોયું. એ જોઈ મોં બગાડ્યું. 'આ તો છાય હે. ઈ નીં પીઉં જા.' કહી મીનુએ ગુસ્સામાં વાટકી ઘા કરી. પગ ઘસતી જોરથી રડવા લાગી. મીનુનું રોવું જોઈ જ્યોતિની આંખમાં પણ આંસુ આવી ગયાં.

આખરે ભૂખી મીનુ રોતાં રોતાં જ ઊંઘી ગઈ.

જ્યોતિ આડી પડી. એને પણ ઊંઘ ન આવી.

દીકરીનું રોવું અને ખાવા માટેનો ટળવળાટ એનાથી સહન ન'તો થતો. દીકરીની આ હાલત તેનાથી જોવાઈ નહીં. દીકરીના શબ્દો 'તું હખર મમ્મી નથી, છટારી મમ્મી હો.' ફરી ફરી એના મગજમાં પડઘાવા લાગ્યા અને... વાટકીનો ઘા કરતી મીનુવાળું દૃશ્ય દેખાવા લાગતાં.... જ્યોતિને વીસેક વરસ પહેલાં જ્યારે પોતે એની મા સાથે ગામડે રહેતી હતી ને તે દિવસે એકવાર આ જ રીતે નાની બહેન કોકીએ રોટલો ખાવા માટે હઠ કરી'તી. ઘરમાં રોટલો બનાવવા માટે લોટ પણ નહોતો ને તેની મા તેને વાટકામાં આછી પાતળી રાબ દઈ, પી લેવા સમજાવતીતી ત્યારે કોકીએ આ રીતે જ વાટકીનો ઘા કર્યો હતો. તેને તે વખતનું દૃશ્ય યાદ આવ્યું. તેની મા તે વખતે પોતાની જેમ જ રડી પડી'તી.

જ્યોતિને આજે વર્ષો પછી એની રડતી મા રતનમાનો લાચાર દયામણો પણ રૂપાળો ચહેરો યાદ આવ્યો. ત્યારે પોતે બાર-તેર વર્ષની હતી. તે વખતે જ્યોતિને એની માની હાલત નહોતી સમજાઈ. આજે પોતાની હાલત પરથી તે વખતે એની માની મનોસ્થિતિ શું હશે? એનો અંદાજ આવ્યો.

આ તો મીનુને ડૉક્ટરે અનાજ ખાવાની ના પાડી હે એટલે ખાવાનું બંધ હે. તોય પોતાથી મા તરીકે ભૂખી દીકરીનો ટળવળાટ ને ટટળાટ જોઈ તેનું હૈયું આટલું રડેર્યું, તો તે દી તાં ઘરમાં ખાવા માટે કાંય જ નો'તું. મા બિચારી લાચાર હતી. તો એમાં ઈ બીજું કરી પણ શું હકતી'તી. નાસમજ કોકીએ મીનુની જેમ જ વાટકાનો ઘા કર્યો'તો!

જ્યોતિને આજે સમજાયું. તે દિવસે તેની માએ જે કર્યું હશે તે સમજી વિચારીને જ કર્યું હશે. ચાર ભૂખીયું દીકરીયુંના દયામણા ચહેરા, રાબ નહીં પણ રોટલો ખાવા માટેની નાની દીકરી કોકીની હઠ અને વલવાટ જોઈ કોઈ પણ મા કંઈ પણ કરે એ જ્યોતિને આજે સમજાયું.

જ્યોતિને યાદ આવ્યું. તેના બીજા દિવસે રસકસ લેવા ગયેલી એની મા સાંજે થોડી મોડી આવી'તી. નાની કોકીએ પૂછ્યું, 'મા આવડી વાર ક્યાં ગ્યાં હતાં?'

'નરકમાં...' મા મૂડમાં ન'તી. તેણે ટૂંકો જવાબ આપ્યો.

'મા, નરક એટલે શું...?'

'નરક એટલે નરક.'

'તમે તાં કે'તાં'તાં લોટ લેવા જાઉંરી.'

'હા, લોટ લેવા જ ગૈ'તી' માએ કહ્યું.

'લઈ આયાં?' કોકીએ પૂછ્યું.

'હોવે!'

'મા નરકમાં લોટ મળે?'

'હા બધુંયે મળે! હુઈ જા હવે છાનીમાની. બહુ ચાંપલી થ્યા વગર...!' અને ચારે બહેનો ને મા સૂઈ ગયાં હતાં.

જ્યોતિને આજે સમજાયું તે દિવસે તેની મા લોટ લેવા કયા નરકમાં ગઈ હતી!

જે પણ હોય તે, આજે મીનુના વલવલાટ અને હાલત થકી પોતાની થયેલી મનોસ્થિતિ જોઈ તેને લાગ્યું મા તરીકે તે દિવસે મારી માની હાલત શું હશે?

એવી હાલતમાં એક લાચાર મા એનાં ભૂખ્યાં બાળકોનાં પેટ ભરવા કાંઈ પણ પગલું ભરે ઈ સ્વાભાવિક લાગ્યું.

જ્યોતિને આજે પહેલી વાર એની મા કુલટા મા નહીં પણ નાનબાઈ માસીએ કેધું તું એમ એને 'સતી' દેખાઈ અને જ્યોતિની આંખમાં આંસુ આવી ગયાં.

જ્યોતિને થયું મેં મારી સતી જેવી માને કુલ્ટા કીધી? અમે ચાર બહેનોને પાંચમા ભાઈ માટે આટઆટલું ભોગવનાર એક લાચાર માને મેં ન ઓળખી. કોઈની વાતોમાં આવી જઈ કુલ્ટા કીધી. એ અમારા માટે નરકમાં ગઈ. નરક ભોગવ્યું... એણે અમારા માટે પોતાના સર્વસ્વનું બલિદાન દીધું, ને મેં અભાગણીએ છેલ્લે છેલ્લે મારા નાનાં ભાઈ-બહેનો માટેની ભલામણની વાત તો ન સાંભળી એ તો ઠીક પણ ઉપરથી કોઈના કહેવાથી મારી સગી માને મેં કુલ્ટા કીધી.

જ્યોતિને રડવું આવી ગયું. એનાથી મીનુની પીડા ભૂલાઈ ગઈ. તેને તેની મા યાદ આવી. માની પીડાની યાદ આવી. ક્યાં હશે બિચારી? શું કરતી હશે એ? એને કેવું ઘર મલ્યું હશે. ક્યાંક ઉગમણા પાંચાડમાં ગૈ હે. ત્યાંના માહણ અને આપડા પાંચાડાના માહણમાં ફરક તો ખરો જને!

તૈયેં તાં પાંચાડા પાડ્યા હે ને! તૈયેં જ ત્યાં કોય લેતી દેતી નથી કરતું.

ત્યાં ઇ હુખી હશે કે દુઃખી? દુઃખી જ હસે! જો બિચારીના નસીબમાં હુખ હોત તો ભગવાને ઇયાં ય હુખ દીધું હોત ને. બિચારી મજૂરી કરવામાંથી ઊંચી જ ન આવી. પેટ ભરીને ખાધું યે નોતું એકેદી. ભગવાને કીયા કરમની સજા દીધી હે એને? ને મેં પેટની જણી થઈને એની પીડામાં વધારો કર્યો. જ્યોતિને ચેન ન પડતાં ઘરમાં આંટા મારવા લાગી.

જ્યોતિથી એની માની કાલ્પનિક મનોસ્થિતિ સહન થતી ન હતી. એને થયું એનું સરનામું મલે તો કાલે જ જઇને માફી માગું. શું કરું? આટલાં વર્ષોથી એના કંઈ વાવડ નથી. આપડા પાંચાડામાં હોત તો ગમે તૈયેં ક્યાંક ભૂટકાત. પણ ઇયાં પાંચાડો જ ભદલી ગ્યો એટલે હવે ક્યાં ગોતવી?

મારી આંખુંમાં તો લીલાકાકી જેવાં કોઈએ પાટા બાંધ્યા તા પણ એને શું અમે યાદ નીં આવતાં હૈયેં? નેનકડી હતી તૈયે હું ને કોકી તાં એને જીવથીયે વધુ વાલી હતી. જ્યોતિને યાદ આવ્યું મમ્મી એને ઘણીવાર કહેતી, આ મારી દીકરી નૈ દીકરો હે. ઇ જ્યાં જશે ત્યાં એનું ને મારું નામ ઉજાળશે.

આવાં અરમાન અને લાગણીવાળી મારી મા અમને છોરાંને ન જ ભૂલી હકે. અમે એને યાદ તાં આવતા જ હસું પણ બિચારી ઇ શું કરે? કઈ રીતે ને કિયું બાંનું કાઢીને મલવા આવી હકે? કદાચ યાદ આવીયે ને મલવાની ઇચ્છા થાય તો પણ ત્યાં નવાં ઘરવાળાં આવવા દે તો ને? ત્યાં તો ઇ બિચારી જ હશે ને. આવા કલંકની કાળી છાયા નીચે જીવતી બાઈમણ ગમે તેવી હોશિયાર ને હિંમતવાળી હોય તોય એને મદારીનું માંકડું થઈને જ જીવવું પડે. ઇ લોકો કે એમ કરવું પડે. અમને મલવા આવવાનો આગ્રહ કરે ને પેલા લોકો કંઇક બીજું ધારી લે તો?

ઇ તાં બિચારી હૈયા માથે પાણો રાખીને જ જીવતી હશે.

સ્વાભાવિક હે ઇ બિચારી આ પાહે ન આવી હકે ને ઇયાના વાવડ પણ કોયને ન પૂછી હકે. પણ તું મૂઇ હગીમાને હમૂળી ભૂલી ગૈ? બિચારી કેવી કેવી તકલીફ વેઠીને અમને બધાં છોરાંને મોટાં કરતી'તી.

જ્યોતિને ઊંઘ તો ન આવી પણ મનમાં ઓસક પીડા થઇ. (અસુખ થયું.) તે ઘરમાં આંટા મારતી રહી.

બહારગામ ગયેલ તેનો પતિ ચિરાગ રાત્રે બે વાગે આવ્યો. પહેલા જ ટકોરે જ્યોતિએ બારણું ખોલ્યું જોઇ ચિરાગને નવાઈ લાગી. જ્યોતિ તું હજુ હુતી નથી? મીનુને તો બરાબર હે ને? તાવ તો નથી આવ્યો ને? ચિરાગને પીડા થઈ. મીનુ વધુ ઠીક નથી કે શું? એણે એક સામટા બે-ત્રણ સવાલો પૂછી નાખ્યા.

'મીનુને તો તાવ નથી આવ્યો પણ મને મારી મા...?' કહેતાં જ્યોતિ ચિરાગના ખભે માથું મૂકી રડી પડી. ચિરાગને કંઈ ન સમજાયું. ક્યારેય પોતાની માની વાત ન કાઢનાર અને ક્યાંક વાત નીકળે તોય વાતને ટાળનાર જ્યોતિને આજે એની મા કેમ યાદ આવી?

એ એકદમ રોઈ પડી. રોતી રહી. એ ડૂસકે ચડી ગઈ.

'જ્યોતિ વાત તો કર, શું થ્યું? તારી માનું શું હે?'

અને જ્યોતિએ જાણતી'તી ઇ બધી વાત ચિરાગને કહીને આગ્રહ કર્યો 'ગમે તેમ કરીને મને મારી માને મલાવી દ્યો. મને મારી માને મલવું હે, જલદી.'

ચિરાગે જ્યોતિને આશ્વાસન આપ્યું. 'તારી ઇચ્છા હશે તો તારી માને ગમે ત્યાંથી ગોતી કાઢશું. બીજેથી એના હમાચાર નીં મલે તોય તારા જૂના મામા કનેથી તો મલશે ને?'

'એની હાથે તાં કાકાવાળાએ છેડો ફાડી નાખ્યો હે તો?'

'તોંય સરનામું મળી જશે.' ચિરાગે કહ્યું. ત્યાં જ્યોતિને કંઈક યાદ આવતાં બોલી, 'કોઈ કેતું'તું નાનબાઈ માસીને હમણાં જ એક સમૂહલગ્નમાં મળ્યાં તાં.'


'તું ઇ બધી ચિંતા મ કર ને સૂઈજા. હું એ બધું ગોઠવી દઈશ.' અને ચિરાગ સૂઈ ગયો.

જ્યોતિ મીનુ પાસે સૂતી. પણ એની માના વિચારોએ એને ઊંઘવા ન દીધી. એ મોડે સુધી પડખાં ફેરવતી રહી.

***(ક્રમશઃ)***

સદા બહાર

# સુખપાવની (ખીચડી)



ગુલાબચંદ ડી. સાવલા

ચકો લાવ્યો ચોખાનો દાણો અને ચકી લાવી મગનો દાણો. તમે સમજી ગયા હશો, આપણે શેની વાત કરી રહ્યા છીએ... ભારતનું રાષ્ટ્રીય ભોજન - દરેક પ્રાંતમાં સૌથી વધારે ખવાતો કોમન ફુડ એટલે સુખપાવની અર્થાત્ ''ખીચડી.''

ચોખા અને મગની ફોતરાવાળી દાળમાંથી બનતી ખીચડી, આરોગ્યની દૃષ્ટિએ સંપૂર્ણ આહાર છે, પૂર્ણ અન્ન છે. તેનાથી **શરીરને જરૂરી પ્રોટીન, કાર્બોહાઇડ્રેટ, ફાઇબર તથા અનેક વિટામિન મળે છે. શરીરને ઉર્જા આપવાની સાથે શરીરની રોગપ્રતિકારક શક્તિ પણ વધારે છે.** ઘી નાખીને ખીચડી ખાવાથી આંતરડા અને પાચનતંત્ર સુધરે છે. જ્યારે હળદર એ કેન્સર પ્રતિરોધક છે. જ્યારે મીઠું જરૂરી ક્ષાર અને મિનરલ્સ પૂરા પાડે છે. તે ઝાઝી કડાકૂટ વગર પકવવામાં એકદમ સહેલી, ખાવામાં ઝટપટ ગળે ઉતરતી અને પચવામાં હલકી છે. તેનાથી પેટ એકદમ સાફ આવે છે. **આમ ખરા અર્થમાં ખીચડીનું ભોજન સાત્ત્વિક અને સુખદાયી છે. એટલા માટે જ તેને ''સુખપાવની'' કહેવાય છે.**

ખીચડી એટલે દાળ-ચોખાનો શીરો! આયુર્વેદ અનુસાર કફ, પિત્ત અને વાત જેવા દોષ અસમતોલ થાય ત્યારે રોગ જન્મે છે. ખીચડી એ ત્રિદોષને હરે છે.

ખીચડીનો મુખ્ય આધાર આમ તો ચોખા અને દાળ જ છે પરંતુ જુવાર, બાજરી કે ઘઉંના ફાડા અને મગની દાળની પણ ખીચડી બને છે. ચોખાની સાથે ફોતરા વગરની મગની દાળ પણ વાપરી શકાય છે. ઘણા તુવેરની દાળ કે ત્રેવડી દાળ પણ વાપરે છે. તે ઉપરાંત તેમાં વટાણા, ગાજર, ટમેટા, રીંગણ, કોબિજ, મેથી, પાલક અને બીજા સીઝનલ લીલા શાકભાજી ઉમેરીને વધુ પૌષ્ટિક બનાવી શકાય છે. લીલા મરચા, લસણ, ડુંગળી, ગરમ મસાલા, હીંગ વગેરેથી વઘારેલી ખીચડી સ્વાદિષ્ટ હોય છે.

સૌરાષ્ટ્ર કચ્છમાં મકર સંક્રાંતિના તહેવાર ઉપર **મલ્ટિ ગ્રેઇન 'ખીચડો' બનાવવામાં આવે છે. જે ઘઉં, બાજરો, જુવાર, મકાઇ વગેરે જેવા વિવિધ પાંચ ધાન્યમાંથી બને છે.** ખીચડાનો દાણો મોટો હોય છે. વૈષ્ણવ મંદિરોમાં રણછોડરાય ભગવાનને ગળ્યો ખીચડો તેમજ તીખો ખીચડો ધરાવાય છે.

સૌરાષ્ટ્રમાં તો બધા ઘરે રોજ સાંજે લગભગ ખીચડી - કઢીનું જ જમણ હોય. ઘી થી લથપથ ખીચડીની સાથે દહીં, છાશ અને ગરમાગરમ કઢી તો હોય જ. જોડે રીંગણાનું શાક, મેથી, પાલક કે તાંદળજાની ભાજી અને મેથિયા કેરીનું ખાટું અથાણું તેમજ પાપડ પણ હોય જ. સૌરાષ્ટ્રમાં ઘી વગરની ખીચડી એટલે વાંઝણી ખીચડી તો ક્યારેય ન ખવાય. **પીરસતી વખતે ઘી ઢોળાય તો પણ તે ખીચડીમાં જ ઢોળાય તેવી ચીવટ રાખવામાં આવે છે. એવું કહેવાય છે કે ''ખીચડીના ચાર યાર છે – ઘી, દહીં, પાપડ અને આચાર.'' સુખપાવની (ખીચડી) જોડે ચંદ્રકળા (રોટલો) અને કસ્તુરીનું શાક (ડુંગળી) હોય અને ઉપરથી છાશ હોય, તો બાપુ! વાળું કરવામાં ટેસડો પડી જાય.**

આપણને તો ઉપવાસમાં પણ ખીચડી (ફરાળી) ખાવા જોઈએ એટલે જોઈએ જ. અંકુર નારાણપુરા પાસે પ્રજાપતિ ફરાળી ખીચડી સેન્ટર અને ગુરુકુળ પાસેના એક ફરાળી ખીચડી સેન્ટરમાં સાબુદાણા, બટેટા અને સીંગદાણાથી બનતી ફરાળી ખીચડી બહુ જ લોકપ્રિય છે. **અમદાવાદના ઇસ્કોન મંદિરમાં** ખીચડીનો પ્રસાદ અપાય છે તો **વીરપુર જલારામ મંદિરમાં** રોજ સાંજે ખીચડી - કઢીનું ભોજન પીરસાય છે. ગાંધીનગરના અક્ષરધામ મંદિરમાં તથા સ્વામિનારાયણના પ્રેમવતી ભોજનાલયોની ખીચડી વખણાય છે. આણંદ વિદ્યાનગરમાં કિસમીસ, કાજુ વગેરે ડ્રાયફ્રુટ નાખીને શાહી ખીચડી બનાવાય છે. **અમદાવાદની એક હોટલમાં ખીચડીના મેનુમાં મેક્સિકન ખીચડી, થાઇ ખીચડી, ચીઝ મસાલા ખીચડી વગેરે ૧૯ પ્રકારની ખીચડીઓ પીરસવામાં આવે છે.**

૪ નવેમ્બર, ૨૦૧૭ના રોજ નવી દિલ્હી ખાતે ભારતના ખ્યાતનામ શૅફ અને પદ્મશ્રી સંજીવ કપૂરના માર્ગદર્શન હેઠળ **૯૧૮ કિલોની ખીચડી પકવતા ગિનિસ વર્લ્ડ રેકોર્ડમાં નામ નોંધાયું છે.** આ ખીચડી બનાવવામાં ૧૨૫ કિલો ચોખા, ૪૫ કિલો મગની દાળ, ૫ કિલો બાજરી, ૩ કિલો રાજગરો, ૩ કિલો જુવાર, ૧૧ કિલો ગાયનું ઘી, ૧૧ કિલો શાકભાજી, ૨ કિલો મીઠું અને ૭૦૦ લીટર પાણી વપરાયા હતા તથા વઘાર માટે તમાલપત્ર, લવિંગ, હળદર, મીઠો લીમડો, હીંગ, જીરૂ વગેરે વાપરવામાં આવ્યા હતા. આ ખીચડી બનાવવામાં લગભગ નવ કલાક જેટલો સમય લાગ્યો હતો.

ખીચડી આપણા ભારતીયોના જીવનમાં સદીઓથી વણાઈ ગઈ છે. **દીકરીને સાસરે વળાવતી વખતે તેની માતા તેને પોટલી આપે છે અને કહે છે, 'જો જે બેટી, આ પોટલીની ગાંઠ છૂટી ન જાય. આ પોટલીમાં સુખ પાવની (ખીચડી) છે. દાળ-ચોખા જેમ એકબીજામાં ભળી જાય તેમ તું તારા વરના પરિવારમાં ભળી જજે અને સદાય સુખ પામજે.'**

*૧૩/૧૫૦, મારુતિ એપાર્ટમેન્ટ, સોલા હાઉસિંગ, સોલા રોડ, અમદાવાદ-૩૮૦ ૦૬૩. મો. ૯૧૩૭૬ ૯૩૦૬૯*

## વાણી

## ભાષા

દામજી માણેક ગડા

પરદેશી ભાષાથી મુક્ત થવાની પહેલા આપણે આપણી માનસિકતા બદલવાની જરૂર છે. ભાષાની ગુલામીથી મુક્ત થઇને સ્વતંત્રતા તરફ જોવાની જરૂર છે. છેલ્લા હજારો વરસોથી આપણી માનસિકતા ગુલામીમાંથી મુક્ત થવાની ઇચ્છા શક્તિ ધરાવતી નથી.

ભાષાના વિષયમાં ભારત, એક લંગડા માણસની જેમ ચાલે છે. છેલ્લા કેટલાય વરસથી અપંગ રહીને લાકડીના સહારે ચાલી રહ્યો છે. હવે આ લંગડાપણું આપણે સ્વીકારી લીધેલ છે. હવે એ લાકડીનો ટેકો આપણા માટે સાહજિક બની ગયેલ છે. દરેક રાજનૈતિક પક્ષો અને નેતાઓ આપણી પાસે પ્રસ્તાવ મૂકે છે કે આપણે આપણી ભાષાથી કામ ચલાવવું જોઈએ. **આપણે આપણી ભાષાને મજબૂત કરવી જોઇએ.** પરંતુ આની કલ્પના કરીને આપણે ગભરાઈ જઈએ છીએ.

આ દેશમાં પરદેશી ભાષાઓ હટાવવાનું પ્રથમ આંદોલન ગૌતમ બુધ્ધ અને મહાવીરે કર્યું હતું. એમણે સંસ્કૃતને બદલે લોકભાષાને પ્રતિષ્ઠા આપી હતી. પોતાનો વ્યવહાર અને ધાર્મિક ગ્રંથ પાલી અને અર્ધમાગધીમાં લખ્યા હતા. આ ૨૫૦૦ વરસ પહેલાની વાત છે. ત્યારે પણ સંસ્કૃત હટી નહીં પણ સંસ્કૃતમાંથી કાલીદાસ અને ભવભૂતિ નામના લેખકોનો ઉદય થયો.

અહીં મહત્ત્વની વાત એ છે કે, સંસ્કૃત એ દેવભાષા હતી જ્યારે અર્ધમાગધી અને પાલી લોકભાષા હતી. સંસ્કૃત અને લોકભાષા વચ્ચે જો આટલી મોટી ખાઈ નિર્માણ થઈ ન હોત તો આપણી લોકભાષાનું સાહિત્ય શું વધું સમૃધ્ધ ન થઈ શક્યું હોત? આ બંને ભાષાની ખાઈ સાથે રાજનૈતિક પ્રશ્નોનો સંબંધ છે. આ શાસક અને શોષિત, બુધ્ધિજીવી અને સામાન્ય પ્રજા, બ્રાહ્મણ અને બાકીની શેષ જાતિ વચ્ચેની ખાઈ છે. અગર એ ખાઈ જો પૂરાઈ ગઈ હોય તો ભારતનું પતન થયું હોત નહીં.

આવી ખાઈ યુરોપમાં પણ નિર્માણ થઈ હતી. જ્યારથી રેનસાં (પુર્ન જાગરણ)ની શરૂઆત થઈ. રેનસા આ એક ચળવળ હતી. તેમણે ધર્મગુરુઓ સામે જેહાદ જગાવી હતી. જેના કારણે સંપૂર્ણ યુરોપમાં વિજ્ઞાન માટેના દરવાજા ખુલ્લા થયા હતા. પ્રથમ રેનસાં આંદોલનના સમયે લેટિન લોકભાષા અને ગ્રીકની દેવભાષાનો પ્રશ્ન હતો. તે કારણે તેની દીવાલ તોડવાની શરૂઆત કરવામાં આવી હતી. લેટિન અને ગ્રીક ભાષાનો જ્યારે નવી ભાષા સાથે સંગમ થયો ત્યારે જ પશ્ચિમની નવી સભ્યતાનો જન્મ થયો.

ભારતમાં લોકભાષા અને દેવભાષા વચ્ચેની દીવાલો તોડવાના પ્રયત્નો હજારો વર્ષોથી થઈ રહ્યા છે. પરંતુ આપણે ત્યાં રેનસા જેવી ચળવળ ક્યારે પણ શરૂ થઈ શકી નહીં.

૨૫૦૦ વરસ પહેલાં મહાવીર અને બુધ્ધે અર્ધમાગધી અને પાલીમાં ધર્મગ્રંથો લખ્યા, ત્યાર પછી તુલસીદાસે રામાયણની લોકભાષામાં રચના કરી (તુલસીદાસકી ચોપાઇયા). બ્રાહ્મણોએ રામાયણનો સ્વીકાર કર્યો નહીં અને ગ્રંથને ગંગામાં ફેંકી દીધો. આ કારણે બ્રાહ્મણોની સામે સામાન્ય પ્રજાનો રોષ ફૂટી નીકળ્યો. લોક જુવાળને નજર સમક્ષ રાખીને રામાયણને માન્યતા પ્રાપ્ત થઈ.

આર્યોના આગમન પછી ભારતે ત્રણ વખત સહારા માટે લાકડીનો આશરો લીધો. સૌથી પ્રથમ સંસ્કૃત, ત્યાર પછી ફારસી અને છેલ્લે અંગ્રેજી ભાષા. આ આંતરરાષ્ટ્રીય ભાષા છે. આના વગર વ્યવહાર કરવો શક્ય નથી. આવો જ તર્ક એક વખત સંસ્કૃત અને ફારસી ભાષા માટે આપવામાં આવ્યો હતો!

**આજે સૌથી મોટો પ્રશ્ન એ છે કે ભારતમાં એક જ સંપર્ક ભાષા હોવી જોઇએ.** કેરાલાના શંકરાચાર્ય બદ્રીનાથ જઇને શાસ્ત્રોની ચર્ચાઓ કરી. ઓમકારેશ્વરમાં જઈને મંડનમિશ્ર સાથે શાસ્ત્રો, ધર્મગ્રંથો અને સામાજિક વ્યવસ્થા માટે ચર્ચાઓ કરી. જ્ઞાન એ અખિલ ભારતમાં કેવી રીતે ફેલાવી શકાય? ઉપનિષદો અને વેદોને જનમાનસ કેવી રીતે જાણી શકે?

મધ્યયુગમાં આ દેશની ધર્મની ભાષા સંસ્કૃત હતી. તે સમયે સામાન્ય વ્યવહાર અને રાજકારભારની ભાષા ફારસી થઈ હતી. હિંદુ રાજાઓ તથા કારોબાર ફારસીમાં ચાલવા લાગ્યો. પ્રથમવાર બંગાળમાં આવ્યા ત્યારે તેઓ બે ભાષાઓ શીખતા હતા. બંગાળી અને ફારસી. થોડા વિદ્વાનો સંસ્કૃત પણ શીખતા હતા. **આ રીતે આપણે ત્યાં પરદેશીઓ આવીને ત્રણ ભાષા શીખ્યા. આ હતા ત્રિભાષાનો ફોર્મેટ.**

અંગ્રેજી સંબંધી સૌથી મોટો તર્ક એ છે કે ૩ ટકા બુધ્ધિજીવીઓ ૯૭ ટકા પ્રજાથી પોતાને અલગ જણાવે છે. ભારતના ત્રણ ટકા દેવભાષા બોલવાવાળા હંમેશાં લોકભાષા

(અનુસંધાન : જુઓ પાના નં.-૫૦ ઉપર)

# અન્ય સંસ્થાઓના સમાચાર

## મેગેઝિન ક્લબ દ્વારા પદ્મશ્રી મેળવનારા મહાનુભાવોનો સન્માન સમારંભ યોજાયો




ગુજરાતના સામયિકોનું સંગઠન "મેગેઝિન ક્લબ" દ્વારા તા. ૩૧-૩-૨૦૧૯ના રોજ સદ્‌વિચાર પરિવાર હોલ, અમદાવાદ ખાતે ૧૪મી બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠક પદ્મશ્રી **ડો. કુમારપાળ દેસાઇ**ના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવી હતી. જેમાં વિવિધ સામયિકોના ૧૦૦ જેટલા તંત્રી, સંપાદકો અને લેખકોએ ભાગ લીધો હતો. આ પ્રસંગે ક્લબના સભ્ય **શ્રી જોરાવરસિંહ જાદવ** તથા **શ્રીમતી મુક્તાબેન ડગલી**ને તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા જાહેર થયેલ પદ્મશ્રી ઍવોર્ડ બદલ અને ટીચર્સ યુનિવર્સિટી ગુજરાતના કુલપતિ **ડો. હર્ષદ પટેલ**નું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.

આ સમારંભમાં મેગેઝિન ક્લબના પ્રમુખ શ્રી પી.કે. લહેરી (IAS), મંત્રીશ્રી ભીમજીભાઈ નાકરાણી અને ઉપપ્રમુખશ્રી અશોક મહેતાએ પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા. અધ્યક્ષ સ્થાનેથી પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈએ સન્માનિત થયેલા ત્રણે મહાનુભાવોની સામાજિક ક્ષેત્રની સેવાઓની વિગત આપીને તેમની સરાહના કરી હતી. વધુમાં તેઓશ્રીએ મેગેઝિન ક્લબની આ પ્રવૃત્તિને ખૂબ જ મહત્ત્વની ગણાવી હતી અને દરેક સભ્યોને અભિનંદન આપ્યા હતા. આ ક્લબ સાથે ગુજરાતના લગભગ ૨૦૦ જેટલા સામાયિકો સંકળાયેલા છે.

*જે જોઈએ તે મેળવીને જ જંપવું એ કદાચ સફળ માણસની નિશાની છે, પણ જે મળ્યું હોય એમાં હસતો ચહેરો રાખીને જીવવું એ સુખી માણસની નિશાની છે.*

## જન્મભૂમિ અખબાર જૂથના ભુજથી પ્રસિદ્ધ થતા અખબાર "કચ્છ મિત્ર"ના સૂત્રધારો સાથે

### અમદાવાદમાં કચ્છી પરિવારજનોનું સ્નેહમિલન યોજાયું

અમદાવાદમાં અને તેની આસપાસમાં વસતા કચ્છી સમાજના પાંચેક હજાર પરિવારોના પ્રતિનિધિ જેવા અગ્રણીઓ, કચ્છી સમાજ, કચ્છી જૈન સેવા સમાજ, કચ્છી કડવા પાટીદાર, કચ્છી લોહાણા સમાજ, કચ્છી મારૂ કંસારા સોની સમાજના મોવડીઓ સાથે જન્મભૂમિ અખબાર જૂથના કચ્છથી પ્રસિદ્ધ થતા અખબાર 'કચ્છમિત્ર' સાથે અમદાવાદમાં તા. ૧૪-૪-૨૦૧૯ના રોજ એક સ્નેહમિલન યોજાયું હતું. જેમાં કચ્છી સમાજના અગ્રણી અશોકભાઈ મહેતા, કચ્છી જૈન સેવા સમાજના પ્રતાપભાઈ દંડ, પટેલ ટ્રાવેલ્સવાળા મેઘજીભાઈ પટેલ, શાર્પેક્ષ એન્જિનિયરિંગવાળા અરુણભાઈ પટેલ, કચ્છી કડવા પાટીદાર સમાજના કાંતિભાઈ પટેલ, કચ્છી જૈન સેવા સમાજના ટ્રસ્ટી હસમુખભાઈ ગઢેચા, કચ્છી મારૂ સમાજના અગ્રણી અતુલભાઈ સોની, નાગર સમાજના શ્રુતમ વોરા, દર્શન વૈષ્ણવ, એમ.એન. વૈષ્ણવ, ભાટિયા સમાજ તથા કચ્છી મચ્છુ કઠિયા સઇ સુતાર સમાજના અગ્રણીઓ, સીમ્સ હોસ્પિટલ - અમદાવાદના ડિરેક્ટર કાર્ડિયોલોજિસ્ટ ડૉ. ધીરેનભાઈ શાહ, ભોલાભાઈ ગોલીબાર, જાણીતા લેખક દિનકર મહેતા, દિનેશભાઈ મહેતા, મનુભાઈ કોટડિયા, ઘનશ્યામભાઈ પી. ઠક્કર, હીરજીભાઈ પટેલ, પ્રફુલભાઈ ટાંક, રવિ પેથાણી તેમજ મોટી સંખ્યામાં કચ્છી સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. વક્તાઓએ કચ્છમિત્ર અને જન્મભૂમિ પત્રોના લોકલક્ષી પત્રકારિત્વ અને વિશ્વસનીયતા બિરદાવ્યા હતા.

આ સમારંભમાં કચ્છના વિવિધ સમાજના અગ્રણીઓએ કેટલાક ઉપયોગી સૂચનો કર્યા હતા. તેમણે એકસૂરે જણાવ્યું હતું કે, કચ્છમિત્ર અમારું અખબાર છે. જે દિવસે પ્રસિદ્ધ થાય તે જ દિવસે અમને મળે તે રીતની વ્યવસ્થાને એક અવાજે વધાવી હતી. જ્યારે કચ્છી સમાજ અમદાવાદના લોકોની પ્રવૃત્તિઓના વધુને વધુ સમાચારો આવે તેવી વ્યવસ્થા કરવામાં આવે. ભુજ મર્કેન્ટાઇલ બેંકના ચેરમેન મહેન્દ્રભાઈ મોરબિયાએ અમદાવાદ શાખામાં કચ્છના જોડાયેલા ખાતેદારોને એક વર્ષ સુધી કચ્છમિત્રની કોપી મળે તે અંગેનું લવાજમ સ્પોન્સર કરવા તૈયારી દાખવી હતી. આ ઉપરાંત રસપ્રદ પ્રશ્નોત્તરી અને રજૂઆતો થઈ હતી. આ પ્રસંગે 'ફૂલછાબ'ના મેનેજર નરેન્દ્રભાઈ ઝીબાએ સંસ્થાનો પરિચય આપ્યો હતો અને સંસ્થાની વિશેષતા જણાવી હતી. જ્યારે કચ્છમિત્રના મેનેજર શૈલેષભાઈ

કંસારાએ કચ્છમિત્ર જે દિવસે પ્રસિદ્ધ થાય તે જ દિવસે અન્ય અખબારોની સાથે સવારે જ મળે તેવી કચ્છીઓની માંગણીને અનુસરવાના પ્રયત્નો કરવાની ખાતરી આપી હતી. જન્મભૂમિ અમદાવાદ બ્યુરોના ચીફ વિક્રમભાઈ સોનીએ મહેમાનોનું સ્વાગત પ્રવચન કરીને કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. અને કચ્છમિત્રના સરક્યુલેશન મેનેજર મનોજભાઈ વૈદ્યે આભારવિધિ કરી હતી. કાર્યક્રમમાં શ્રી કચ્છી સમાજ - અમદાવાદના શ્રી અશોકભાઈ મહેતા તથા શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના શ્રી પ્રતાપભાઈ દંડનો વિશેષ સહયોગ સાંપડ્યો હતો. અમદાવાદ બ્યુરોના જાહેરખબર વિભાગના મુકેશ પ્રજાપતિ સહાયક બન્યા હતા.

## 'કચ્છમિત્ર' અખબાર અમદાવાદમાં દરરોજ સવારે ઉપલબ્ધ છે

જન્મભૂમિ ગ્રૂપ ઑફ ન્યુઝ પેપર્સનું કચ્છ - ભુજથી પ્રકાશિત થતું 'કચ્છમિત્ર' દૈનિક, તા. ૨૨-૪-૨૦૧૯થી અમદાવાદ અને તેની આજુબાજુના વિસ્તારમાં દરરોજ સવારે મળે તેવી વ્યવસ્થા તેના સરક્યુલેશન વિભાગ દ્વારા કરવામાં આવી છે. વાચક વર્ગ, સંસ્થાઓ વગેરેએ પોતાના વિસ્તારના ન્યુઝ પેપર્સના ફેરિયા / વિતરકને માત્ર જણાવવાથી અન્ય અખબાર સાથે 'કચ્છમિત્ર' પણ આપના સ્થાને દરરોજ સવારે નિયમિત ધોરણે ઉપલબ્ધ છે.

વધુ વિગત અથવા તો કોઈપણ પ્રકારની જાહેરાત માટે તેમના અમદાવાદ ખાતેના અધિકૃત વિતરકનો ફોન નંબર : ૯૮૨૫૦ ૪૨૯૬૭ અને ૯૪૨૬૫ ૧૯૬૧૨ પર સંપર્ક થઈ શકે છે, તેમ 'કચ્છમિત્ર' કાર્યાલયની એક યાદીમાં જણાવાયું છે.

## આંજો કાગર

### મંગલ મંદિરનું સર્જન અવર્ણનીય

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા હાલે જે રીતે 'મંગલ મંદિર'નું સર્જન થઈ રહ્યું છે, એ ખરેખર અવર્ણનીય છે.

આટલું હું જોઈ શકું છું... તેની ટીમ એક ખૂબ સરસ સર્જક છે. એક એક પાનું પોતાની રીતે શ્રેષ્ઠતાના શિખરે હોય છે.

હું 'મંગલ મંદિર'ની રાહ જોતો હોઉં છું. ધન્યવાદ.

***કાંતિસેન શ્રોફ - શ્રુજન, ભુજોડી***

## જ્ઞાન ગમ્મતના જવાબો


**આજુબાજુ**

(૧) અજમાયશ, (૨) અણુરચના, (૩) અધિવેશન, (૪) અપમાનિત, (૫) અપાકર્ષણ, (૬) અંધારપટ, (૭) આટલાંટિક, (૮) આદરણીય, (૯) આશ્રયસ્થાન, (૧૦) ઇશ્કમિજાજી, (૧૧) ઉત્તરાયણ, (૧૨) કન્યાકુમારી, (૧૩) કમાનકાંટો, (૧૪) ખગોળશાસ્ત્રી, (૧૫) ગેરકાનૂની, (૧૬) ગોકળગાય, (૧૭) ગોકુળાષ્ટમી, (૧૮) ગોખણપટ્ટી, (૧૯) ગોળમટોળ, (૨૦) ઘરખરચ, (૨૧) ઘોરખોદિયો, (૨૨) ચમત્કારિક, (૨૩) ચંદ્રગ્રહણ, (૨૪) ચામાચીડિયું, (૨૫) ચીલઝડપ, (૨૬) છળકપટ, (૨૭) જડબાંતોડ, (૨૮) જનમટીપ, (૨૯) જન્મકુંડળી, (૩૦) જવાબદાર, (૩૧) જંતુનાશક, (૩૨) જાનનિસાર, (૩૩) જોતજોતામાં.


**ફિલ્મી ફંડા**

(A) આશા પારેખ, (B) ટ્વિંકલ ખન્ના, (C) રાહુલ ખન્ના, (D) રાની મુખર્જી, (E) જયંત, (F) મીનાક્ષી શેષાદ્રી, (G) અમજદ ખાન, (H) ઓમ પુરી, (I) રાખી

શબ્દ-સાથી




ચક્રવ્યૂહ



**પ્રભુ, સફળતા નહીં આપે તો ચાલશે, નિષ્ફળતાને ધીરજથી પચાવતા શીખવાડજે.**
**પ્રભુ, ધનદૌલત નહીં આપે તો ચાલશે, પણ કોઈ ગરીબને પ્રેમથી ગળે મળતા શીખવાડજે.**
**પ્રભુ, પ્રસિદ્ધિ નહીં આપે તો ચાલશે, કોઈ અજાણ્યાને પોતાનો ગણતા શીખવાડજે.**
**પ્રભુ, વધુ આયુષ્ય નહીં આપે તો ચાલશે, સુંદર રીતે જીવીને, સુંદર રીતે મરતા શીખવાડજે.**

વૈવિધ્ય

# શબ્દોની સંતાકૂકડી



ભાવના એ. ઝવેરી

## હાથ ભરતના ટાંકાના નામ કહો

*આપેલ ક્લુના વાક્ય પરથી હાથ ભરતના ટાંકાના નામ લખો. દા.ત. નહેરુ ચાચાનું પ્રિય ફૂલ. જવાબ : ગુલાબ બુટ્ટી ટાંકો.*

### ક્લુના વાક્યો નીચે મુજબ છે

૧. દાબેલી આ પ્રજાનું ખાણું છે.
૨. મારી સાથે મારો પડછાયો પણ ચાલે.
૩. સૂરજ અને ફૂલની પાકી ભાઈબંધી.
૪. પરદેશી કાચ નહીં, હું તો કચ્છી કાચ છું.
૫. જે પદાર્થ નક્કર ન હોય તેવો.
૬. તાકીને જોવું.
૭. આના સફરજન બહુ વખણાય છે.
૮. બટનને ______ વગર ચાલે જ નહીં... બોલો..
૯. પરદેશથી આવી ભારતમાં વસેલી પ્રજા.
૧૦. શિયાળાનું શક્તિવર્ધક ફળ - ખારું - તુરું.
૧૧. કૃષ્ણના શિર પર હંમેશાં શોભતું.
૧૨. ______ શેરીમાં મારા સસરાજી મળ્યા મને લાજુ કાઢવાની ઘણી... (ગીત)
૧૩. ગાય - ભેંસ ચરાવનાર, દૂધ વેચનાર હોય.
૧૪. મેકઅપ કરવા માટે અરીસો તો જોઈએ ને!
૧૫. એક જંતુનું નામ.
૧૬. સિમ્પલનો ગુજરાતી અર્થ.
૧૭. કચ્છની એક કોમ.
૧૮. એકબીજાને જોડી રાખવું તે...
૧૯. આના દાગીના સ્ત્રીને અતિ પ્રિય હોય છે.
૨૦. ખોટાની નિશાની.
૨૧. તિરાડ પડે તે કેમ ચાલે?
૨૨. પાન પર લગાવવાની વસ્તુ
૨૩. શહેરના નામ પરથી પડેલું નામ.
૨૪. સૂરતનો પર્યાયવાચી શબ્દ.
૨૫. પંજાબી ઢાબામાં આના પર બેસીને જમો.
૨૬. પથ્થર કે સનમ... તુજે હમને...
૨૭. રણમાં ઉગતું વૃક્ષ.
૨૮. જીવનમાં આ પડવાથી સંબંધો વણસે છે.
૨૯. પ્રેમમાં અર્ધપાગલ થઈને ફરતો.
૩૦. તીખી મીઠી, સફેદ કલરની, હૉલવાળી પીપરમેન્ટ.
૩૧. મછલી જલ કી રાની હૈ, બહાર નિકાલો મર જાયેગી.

*(જવાબો આ જ અંકમાં અન્યત્ર આપેલા છે.)*

## મહાવીર સ્વામી જન્મ કલ્યાણક દિનની કચ્છભરમાં ઉજવણી

સમગ્ર વિશ્વને ક્ષમા અને અહિંસાનો સંદેશો આપનાર જૈનોના ૨૪મા તીર્થંકર મહાવીર સ્વામીના જન્મ કલ્યાણક દિનની કચ્છમાં સમસ્ત જૈન સમાજ દ્વારા મહાવીર જયંતી પ્રસંગે તા. ૧૭-૪-૨૦૧૯ના રોજ શાનદાર ઉજવણી કરવામાં આવી હતી.

ભુજના વાણિયાવાડ ડેલાના આદિનાથ જિનાલયથી વાજતે ગાજતે ભવ્યાતિભવ્ય પ્રભુજીનો વરઘોડો પૂ. સાધ્વી ભગવંતોની પાવન નિશ્રામાં તથા સમસ્ત જૈન સમાજના પદાધિકારીઓ, આગેવાનો, શહેરના અગ્રણીઓની ઉપસ્થિતિમાં પ્રભુની રથયાત્રા નીકળી હતી. રથયાત્રામાં ધર્મધ્વજા ધારક ૧૪ બુલેટ, બેન્ડ પાર્ટી, બાળ કલાકારોના ૧૪ સ્વપ્ન નૃત્ય, વિવિધ રાસ મંડળીઓ, ઑરકેસ્ટ્રા, વિવિધ ફ્લોટ સાથે શણગારેલી ગાડીઓ, બેનર્સ વગેરે મુખ્ય આકર્ષણ બન્યા હતા. ભુજ જૈન સાત સંઘના અને મહાજનોના હોદ્દેદારો, પદાધિકારીઓ તથા સમગ્ર સંઘના શ્રાવક - શ્રાવિકાઓ વિશાળ સંખ્યામાં જોડાયા હતા. આદિનાથ જિનાલયથી મુખ્ય માર્ગે પસાર થઈ શોભાયાત્રા આદિનાથ જિનાલયે પહોંચી હતી. સમસ્ત જૈન યુવક મંડળ દ્વારા જીવદયા પ્રવૃત્તિ, ઝૂંપડપટ્ટી વિસ્તારમાં બાળકોને ભોજન, પક્ષીઓ માટે પાણીના કૂંડાનું વિતરણ, પ્રભુભક્તિ, ભાવના વગેરે કાર્યક્રમો યોજાયા હતા. આ પ્રકારની રથયાત્રા, શોભાયાત્રાનું આયોજન કચ્છમાં અંજાર, માંડવી, કોડાય, ગઢશીશા (તા. માંડવી), મુંદ્રા, નખત્રાણા વગેરે સ્થળોએ પણ ભવ્ય રીતે કરવામાં આવેલ.

જ્ઞાન ગમ્મત

# જ્ઞાન ગમ્મત

શ્રીમતી કિરણબેન પી. ઠક્કર

## આજુ-બાજુ

મિત્રો, અહીં આપેલ અક્ષર કોષ્ટકમાંથી બે અક્ષરો એવા પસંદ કરો કે નીચે આપેલા પ્રત્યેક ત્રણ અક્ષરોની આગળ પાછળ એક-એક અક્ષર મૂકતાં પાંચ અક્ષરનો યોગ્ય શબ્દ બને. સમજૂતી માટે પ્રથમ શબ્દના ત્રણ અક્ષરો (જ મા ય) છે. હવે અક્ષર કોષ્ટકમાંથી "અ" અને "શ" આગળ-પાછળ ગોઠવતા પાંચ અક્ષરનો 'અજમાયશ' શબ્દ બનશે. તમારી તર્કશક્તિ અને શબ્દ ભંડોળનો ઉપયોગ કરી અન્ય પાંચ અક્ષરના શબ્દો કયા છે તે શોધી કાઢો...

અં જ મી ઉ પ અ ય ચ ન ર (શ) ટ ણ ક ડ અ માં જી ચી આ જ ણ ઘ ની છ ગો
અ ચું જ આ ળ ખ ત ક ચો ણ ટ ચા ર અ ગો ન જ રી ટ્ટી આ પ ગે જો ના ઇ ક
ગો ટો ચ ય ઘો જં (અ) ક ચં ગો જ ક સ્ત્રી ળી

| | | |
|---|---|---|
| (૧) (અ) જ મા ય (શ) | (૧૨) ( ) ન્યા કુ મા ( ) | (૨૩) ( ) દ્ર ગ્ર હ ( ) |
| (૨) ( ) ણુ ર ચ ( ) | (૧૩) ( ) મા ન કાં ( ) | (૨૪) ( ) મા ચી ડિ ( ) |
| (૩) ( ) ધિ વે શ ( ) | (૧૪) ( ) ગો ળ શા ( ) | (૨૫) ( ) લ ઝ ડ ( ) |
| (૪) ( ) પ મા નિ ( ) | (૧૫) ( ) ર કા નૂ ( ) | (૨૬) ( ) ળ ક પ ( ) |
| (૫) ( ) પા ક ર્ષ ( ) | (૧૬) ( ) ક ળ ગા ( ) | (૨૭) ( ) ડ બાં તો ( ) |
| (૬) ( ) ધા ર પ ( ) | (૧૭) ( ) કુ ળા ષ્ટ ( ) | (૨૮) ( ) ન મ ટી ( ) |
| (૭) ( ) ટ લાં ટિ ( ) | (૧૮) ( ) ખ ણ પ ( ) | (૨૯) ( ) ન્મ કું ડ ( ) |
| (૮) ( ) દ ર ણી ( ) | (૧૯) ( ) ળ મ ટો ( ) | (૩૦) ( ) વા બ દા ( ) |
| (૯) ( ) શ્ર ય સ્થા ( ) | (૨૦) ( ) ર ખ ર ( ) | (૩૧) ( ) તુ ના શ ( ) |
| (૧૦) ( ) શ્ક મિ જા ( ) | (૨૧) ( ) ર ખો દિ ( ) | (૩૨) ( ) ન નિ સા ( ) |
| (૧૧) ( ) ત રા ય ( ) | (૨૨) ( ) મ ત્કા રિ ( ) | (૩૩) ( ) ત જો તા ( ) |

## ફિલ્મી ફંડા

*મિત્રો, આ રમતના સેન્ટરમાં ફિલ્મનું નામ આપેલું છે. તેમજ તે ફિલ્મ સાથે સંકળાયેલ કલાકારોમાંથી એક કલાકારનું નામ ખોટું છે તે શોધી જવાબ લખો.*

**(A)**

| | | |
|---|---|---|
| ધર્મેન્દ્ર | અશોકકુમાર | હેમા માલિની |
| | **ડ્રીમ ગર્લ** | |
| | આશા પારેખ | |

જવાબ : ____________

**(B)**

| | | |
|---|---|---|
| ટ્વિંકલ ખન્ના | તબ્બુ | અક્ષયકુમાર |
| | **હેરાફેરી** | |
| | પરેશ રાવલ | |

જવાબ : ____________

**(C)**

| | | |
|---|---|---|
| ઉર્મિલા માર્તોડકર | રાહુલ ખન્ના | ફરીદા જલાલ |
| | **દિવાનગી** | |
| | અજય દેવગન | |

જવાબ : ____________

**(D)**

| | | |
|---|---|---|
| આયેશા ઝુલ્કા | પ્રેમ ચોપરા | રાની મુખર્જી |
| | **ખિલાડી** | |
| | દીપક તિજોરી | |

જવાબ : ____________

**(E)**

| | | |
|---|---|---|
| અસરાની | જયંત | જયા ભાદુરી |
| | **શોલે** | |
| | સંજીવકુમાર | |

જવાબ : ____________

**(F)**

| | | |
|---|---|---|
| મીનાક્ષી શેષાદ્રી | શ્રીદેવી | સતીષ કૌશિક |
| | **મિ. ઇંડિયા** | |
| | અનિલ કપૂર | |

જવાબ : ____________

**(G)**

| | | |
|---|---|---|
| અરુણા ઇરાની | અમજદખાન | જગદીપ |
| | **નિગાહેં** | |
| | શ્રીદેવી | |

જવાબ : ____________

**(H)**

| | | |
|---|---|---|
| ચંકી પાંડે | અનુ કપૂર | ઓમ પુરી |
| | **તેજાબ** | |
| | માધુરી દીક્ષિત | |

જવાબ : ____________


**(I)**

| | | |
|---|---|---|
| મિથુન ચક્રવર્તી | અમરીશ પુરી | મીનાક્ષી શેષાદ્રી |
| | **ગંગા જમના સરસ્વતી** | |
| | રાખી | |

જવાબ : ____________

---

**આ રમતમાં ______ની જગ્યાએ આવતો બે અક્ષરનો યોગ્ય શબ્દ શોધી શબ્દસાથીની રમતમાં જવાબો ભરો**




*પતિ :* તું મને કેમ કાનના દાક્તર પાસે જવાની સલાહ આપે છે? હું કંઈ બહેરો છું?


*પત્ની :* હું તમને એક મહિનાથી સાડી લાવવા કહું છું, પણ તમે ક્યાં સાંભળો છો! ☺

(૧) ______મારી
(૨) ______સણી
(૩) ______દેશ
(૪) ______યણ
(૫) ______જિક
(૬) ______ફત
(૭) ______ચિતા
(૮) ______ચાર
(૯) ______કાર
(૧૦) ______બ્રેરી
(૧૧) ______નેર
(૧૨) ______રલ
(૧૩) નગર શેઠ
(૧૪) ______ખાણ
(૧૫) ______ફળી
(૧૬) ______બડ
(૧૭) ______કડું
(૧૮) ______લત
(૧૯) ______ધાન
(૨૦) ______મારી
(૨૧) ______દારી
(૨૨) ______વાઈ
(૨૩) ______ભગ
(૨૪) ______ગીન
(૨૫) ______ગૂલ

**આ રમતમાં આપેલ ચાવીઓની સહાયતાથી પાંચમો અક્ષર 'મ' હોય તેવા શબ્દો શોધી ચક્રવ્યૂહની રચનામાં જવાબો ભરો...**

## ચક્રવ્યૂહ

(૧) સત્તા દ્વારા કરાયેલ આજ્ઞા
(૨) ઘરસંસાર
(૩) મુખ્ય લખાણ નીચે ઉમેરેલું લખાણ
(૪) કોતરકામ
(૫) વિચારપ્રણાલી, પદ્ધતિ
(૬) શ્રાવણ માસની પાંચમ
(૭) હંમેશ મુસાફરી કરનાર, સહેલાણી
(૮) સમાપ્તિનું ચિહ્ન
(૯) મર્યાદા, મલાજો
(૧૦) પુરુષોમાં શ્રેષ્ઠ
(૧૧) સંદૂક આકારનું એક વાદ્ય
(૧૨) એક મૂળધાતુ કે જેનો પ્રથમ અક્ષર 'પો' છે!
(૧૩) મૃત્યુનું કારણ જાણવા માટે મૃતદેહની થતી તપાસ
(૧૪) નિયત સમય કરતાં અડધા સમયની નોકરી
(૧૫) ગૂંથણકામ
(૧૬) કાશ્મીર-તિબેટની હદે આવેલો એક પર્વત
(૧૭) દુરસ્ત કરવું તે
(૧૮) વર્ષ દરમિયાન ભણવાની રૂપરેખા




# આ પણ એક દૃષ્ટિકોણ છે...

*– જાદવજી કાનજી વોરા*

કોઈકની વાણી કે વર્તનથી નારાજ થયેલા આપણે, તેમને ઠપકાના બે શબ્દો કહીએ તે પહેલાં, આજે આપણે એવા જીવોનો વિચાર કરીશું કે જેઓ બોલી જ નથી શકતા. વિશ્વમાં એવા લાખો જીવો અસ્તિત્વ ધરાવે છે જેઓ જન્મથી જ ગુંગા-બહેરા છે અને બોલી કે સાંભળી શકતા નથી.

ભોજનનો સ્વાદ ગમ્યો ન હોવાથી, જમવા બેઠા હોઈએ ત્યારે, મમતામયી માતા કે વહાલસોયી પત્નીને સ્વાદ માટે ફરિયાદ કરીએ એ પહેલાં, આજે આપણે **એવા લાખો કમભાગી માનવીઓનો વિચાર કરીશું** કે જેમની પાસે પૂરતું અનાજ જ નથી. વિશ્વમાં એવા લાખો - કરોડો કમભાગી જીવો છે જેઓ પેટને બે ટંકનું ભોજન આપવા માટે પૂરતું અનાજ ખરીદવાનું સામર્થ્ય પણ ધરાવતા નથી!!

પોતાના જીવનસાથીના વાણી કે વર્તનથી નારાજ થયેલા આપણે એ વિશે કોઈ ફરિયાદ કરીએ એ પહેલાં, આજે આપણે એમનો વિચાર કરીશું કે **જેમને જીવનસાથી મેળવવા માટેનું સદ્‌ભાગ્ય પણ હજી સુધી પ્રાપ્ત થયું નથી.** વિશ્વમાં એવા કરોડો કમનસીબ માનવો છે જેઓ કેટલાય સંજોગોને આધીન એકલવાયી જિંદગી પસાર કરી રહ્યા છે!

આપણા સંતાનો વિશે આપણે કોઈ ફરિયાદ કરીએ એ પહેલાં આજે આપણે એવા કમનસીબ યુગલોનો વિચાર કરીશું, **જેઓના ખોળાઓ જ હજી ભરાયા નથી.** વિશ્વમાં એવા કરોડો દંપતિઓ છે જેમણે પથ્થર એટલા દેવ પૂજ્યા હોવા છતાં, હજી સુધી વાંઝિયાપણાનું મહેણું ભાંગી શક્યા નથી!

ઘરમાં કામવાળીએ કચરો બરાબર ન કાઢ્યો હોય એની ફરિયાદ કરતા પહેલાં, આજે આપણે એવા માનવીઓનો વિચાર કરીશું કે **જેમની પાસે ઘર જ નથી** અને જેઓ ફૂટપાથને જ પોતાનું ઘર બનાવીને રહે છે. વિશ્વમાં એવા કરોડો માનવો છે જેઓ રસ્તાને જ ઘર અને આકાશને પોતાનું છાપરું માનીને આયખું પસાર કરે છે!

સંજોગોવશાત્, ક્યારેક નિરાશાવાદી વિચારોએ ઘેરો ઘાલ્યો હોય અને જીવનમાંથી રસકસ ઉડી જતા હોય એવું લાગે ત્યારે જરાક અટકજો, થોભજો અને પાછળ નજર નાખજો. **વિશ્વમાં એવા કેટલાયે કમનસીબ ભાંડુઓ છે, જેઓ જન્મથી જ ગુંગા-બહેરા છે, બે ટંકનું અનાજ નથી પામતા, એકલવાયી જિંદગી પસાર કરી રહ્યા છે, વાંઝિયાપણાનું મહેણું ભાંગી નથી શક્યા કે પોતાનું મકાન પણ વસાવી નથી શક્યા!**

હે પરમકૃપાળુ ઈશ્વર! તારા લાખ લાખ શુક્ર! તેં મને આ સુંદર સૃષ્ટિને નિહાળવા આંખ, પ્રભુ ભજન સાંભળવા કાન, પુષ્પોની સોડમને માણવા નાક તથા પ્રભુગુણ ગાવા તથા તેના પ્રસાદને પામવા જીભ આપી છે. તું મને દરરોજ બે નહીં પણ ત્રણ કે ચાર ટંક મનભાવતું ભોજન પીરસી રહ્યો છે. મારા પોતાના સુંદર ઘરમાં વહાલસોયી પત્ની તથા આજ્ઞાંકિત બાળકો સાથે **નિરાંતભર્યું જીવન પસાર કરી રહ્યો છું! ઈશ્વર, તારો ખૂબ ખૂબ આભાર!**

*૨૦૪, બીપીએસ પ્લાઝા,*
*દેવીદયાલ રોડ, બી.ઈ.એસ.ટી. ડિપોની લાઇનમાં,*
*મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.*
*મો. ૯૮૬૯૨ ૦૦૦૪૬*

## કૃષ્ણ દિવાની

ઓ કાન્હા તારી પ્રીતમાં
હું તો એવી ભીંજાણી
ના સુધબુધ રહી તનમનની
હું તો તારા રંગમાં રંગાણી.

મોહક મનોહર મુખલડું
ને કાળી કજરારી આંખલડી
માથે મોરપિચ્છ ફરફરતું
ને હાથે શોભતી મોરલી.

રસ્તો રોકી દાણ માંગતો
મટુકી મારી ફોડાવી
તોય તને આવતો જોઈ,
હું તો મનમાં હરખાણી.

મોરલીના નાદે મને
યમુનાના કાંઠે દોડાવી
શરદ પૂનમની એ રાત ચાંદની
ને કાન્હાએ રાસની રમઝટ જમાવી.

જનમ જનમના ફેરાઓની
કાન્હા સાથે પ્રીતડી મંડાણી
ભવસાગરથી પાર ઉતારીને
મારા ઉપર કાન્હા તેં કૃપા વરસાવી.

ભક્તિરસમાં તરબોળ થઈને
થઈ મોહનની હું તો દીવાની
દરેક ભવમાં પામું તને
એ જ મારી અંતરની લાગણી.

ક્યાંક રાધા ક્યાંક રુકિમણી
ક્યાંક મીરાં તો ક્યાંક દ્રૌપદી
ભલે હોય બધાની અલગ પ્રીતની રીત
પણ મંઝિલ એક જ કૃષ્ણ દીવાની કહેવાણી.

*સુનિતા એ. શાહ*

## યાદ કરો તોય શું? ન કરો તોય શું?

જ્યાં સુધી આ જિંદગી છે, ત્યાં સુધી ખેવના રહી,
કરેલા કાર્યોને પ્રશંસે જગ, એની તો કામના રહી,
કાર્યો તો કરવા જ પડે છે, ઇચ્છાએ કે અનિચ્છાએ,
જશ જો મળતો રહે તો કામની કદરદાની કૈં રહી.
પાછળથી યાદ કરો તોય શું? ન કરો તોય શું?

જશ મળે, ન કરેલા કામનો જો, હું તેને અંકે કરું,
અહીંથી મળે, ત્યાંથી મળે, ક્યાંથી મળે તે નવ ગણું,
એ મેળવવા કાજ કંઈ કેટલાય પેંતરાઓ હું રચું,
આવા સહુ ધખારા વચાળે સત્ય એ હું વિસરી રહું,
ખોટી રીતે યાદ કરો તોય શું? ન કરો તોય શું?

મળી જે વાચાળતા, ઉપયોગ એનો કરતો હું રહ્યો,
વસે સરસ્વતી જીભ પરે, સભાઓ ગજવતો હું રહ્યો,
માઈક મળ્યું, પ્લેટફોર્મ મળ્યું, લોક સહુને ભેગા કર્યા,
ખોટી એ સહુ વાક્છટાએ, ગર્વથી હું આ ભૂલી ગયો,
અભાવાએ સહુ યાદ કરે તોય શું? ન કરે તોય શું?

ગાંધી ગયા, નહેરુ ગયા, મહાનુભાવો વળી કંઈ ગયા,
ભાગે આવેલા કાર્યોને સુપેરે કરી એ આટોપી ગયા,
નહોતી માનની ખેવના તોય માન એ પામી ગયા,
યાદ કરશો એ અપેક્ષાને ન તો એમના કાર્યો હતા,
એમને હતું યાદ કરો તોય શું? ન કરો તોય શું?

હું ગયો, બધું ગયું, મમ્-અહમ્ બધું ગયું ઓગળી,
માન કષાય પંપાળ્યું સતત, એની પછી જરૂરત નહીં,
આપ મૂએ અંધકાર છવાયો ને દુનિયા વળી ડૂબી ગઈ,
યાદ કરો કે ન કરો, એ પરની દૃષ્ટિ મુજની ગઈ,
પછી તો, યાદ કરો તોય શું? ન કરો તોય શું?

થતું જીવંત છું ત્યારે જ આ પરિસ્થિતિ કેમ નહીં?
હોઉં જ્યારે જીવિત ત્યારે માનથી અલગ કેમ નહીં?
માન ઘવાય તો થતા છંછેડાટથી વંચિત કેમ નહીં?
હયાતીએ આમ જો થઈ શકે, 'આરસી' આ જંગ જીતી ગયો,
તાટસ્થ્યમાં યાદ કરો તોય શું? ન કરો તોય શું?

*'આરસી' શાહ - અમદાવાદ (ફોન : (૦૭૯) ૨૭૪૩૮૯૬૩)*

## હાઇકુ

એવો તો નથી
દુઃખી એ તો બીજાથી
જેવો ઘરથી!

લોકો કહે છે
સિંહ જેવો હતો એ
લગ્ન પૂર્વે!

મોટા ગજાના
કહેવડાવે પોતે
દિલના ટુંકા!

જીવનભર
ફોટા ઘણા પાડ્યા
સારો તમારો!

*ધીરુભાઈ ભટ્ટ*

## દીકરી

મુસીબત છે જો દીકરી, તો ઉપાય પણ છે દીકરી,
સમસ્યા છે દીકરી, તો સમાધાન પણ છે દીકરી.
પારકું ધન છે દીકરી, તો માત-પિતાની સાચી મૂડી પણ છે દીકરી,
દોર અને દમામની આ દુનિયામાં ગુપ્તદાન છે દીકરી...
મુસીબત છે જો દીકરી...
પોતાના દુઃખો અને રોદણા રડ્યા કરતાં,
લોકો વચ્ચે દુઃખ છૂપાવવાની ઢાંકણસમી,
અને રહેમદિલ છે આ દીકરી...
મુસીબત છે જો દીકરી...
તાણ અને મોકાણ વચ્ચાળે જગના
આ ચોકમાં ઢાલ સરીખી ઊભી રહે છે આ દીકરી,
કાળઝાળ ગરમીમાં ઠંડો વિસામો છે આ દીકરી...
મુસીબત છે જો દીકરી...
માત-પિતાને સહુ સ્વજનો છે દૂર,
પણ બધાની ફિકર કરતી રખેવાળ જેવી આ દીકરી...
કુળદીપક કહેવાય, ને ઘરને અજવાળતો દીકરો વ્હાલો,
તોય બે ઘરને અજવાળતા સૂરજ જેવી આ દીકરી...
મુસીબત છે જો દીકરી...
દીકરા માટે ભલે માનીએ માનતા,
પણ! ઈમારતના પાયાની ઈંટ છે આ દીકરી,
એ... દોસ્તો, દુનિયામાં સૌથી મહાન છે આ દીકરી.
મુસીબત છે જો દીકરી, તો ઉપાય પણ છે દીકરી,
સમસ્યા છે દીકરી, તો સમાધાન પણ છે દીકરી.

*રમીલા પી. મહેતા*
*મો. ૯૪૨૭૨ ૭૨૬૧૯*

## ગઝલ

આભમાંહે તારલામાં ગોતવાં અઘરાં પડે છે,
પાંપણેથી આંસુઓને રોકવાં અઘરાં પડે છે

કેટલાયે તારલાને સ...ર...સ ખરતા જોઉં છું
તેજ લીસોટાને દિલથી ભૂંસવા અઘરા પડે છે.

ઝાંઝવાના નીરમાં નહાવું પડે એ સુખ નથી
અંગ ફરફોલા પડેલા ભૂલવા અઘરા પડે છે

**આ ચરણ તો લઈ ગયા, જ્યાં મ્હારે ન્હોતું જવું,**
**પંથ જે વળગી પડેલા છૂટવા અઘરા પડે છે.**

રેતમાં પગલા પડેલા, મેં બધા વીણી લીધા,
નામ બહુ હેતે લખેલા ઘૂંટવા અઘરા પડે.

*રણછોડ વી. પરમાર - ગાંધીનગર*
*મો. ૯૪૨૯૯ ૬૭૧૭૯*

## અબ્ધિ

અગાધ દરિયાને માપવા જાઉં છું,
ને મોજામાં અટવાઇ જાઉં છું.

નથી દેખાતો કિનારો છતાં પણ,
કિનારો શોધવા જાઉં છું.

દૂર દૂર ક્ષિતિજ જોતાં હું,
વિચારોમાં ખોવાઈ જાઉં છું.

ને ઉછળતા મોજાના સ્પર્શે,
તંદ્રામાંથી જાગી જાઉં છું.

ને આમ અગાધ અબ્ધિમાં
બિંદુ બની હું ખોવાઈ જાઉં છું.

*બિંદીયા જાની 'તેજબિંદુ'*
*મો. ૯૮૯૯૯ ૦૩૮૦૪*

## હાઇકુ

ખરા છો તમે
ઘાયલ કરી મને
દવા ના કરી?

મિલ અમારી
હાઈકુ બનાવતી
રીપેરમાં છે!

*ધીરુભાઈ ભટ્ટ*

## ચુંટણી બોમ્બ!!

નહીં ઘરના રહો કે નહીં ઘાટના
મોઢા પર કહી દઉં છું કે આપશ્રી તો ગ્રાહક છો પબ્લિકની એક જ થપાટના!
નહીં ઘરના રહો કે નહીં ઘાટના...

ઝાંખું દેખાય છે તો ચશ્માં પહેરો ને જરા સામે છે ભૂતકાળ વાંચો
તોડીફોડીને જાય પોતાનું ઘર એને દુનિયા પણ મારશે તમાચો
લોકોને જોવાની ટેવ છે તે જોવે છે હચમચતા પાયા આ ખાટના!
નહીં ઘરના રહો કે નહીં ઘાટના...

**આવેલા નહીં આ તો લાવેલા લાગે છે અધકચરી સમજણના ટોળાં**
જેને પોતાનો કોઈ મત નથી એવાના મત ઉપર ફેરવો છો ડોળા?
**જ્ઞાતિના વાડામાં પૂરી ગુજરાતને આ માંડ્યા છે ખેલ શેના ભાટના?**
નહીં ઘરના રહો કે નહીં ઘાટના...

વાસણ તો ખખડે પણ આ રીતે દાઝ કરી મૂળને ઉખેડવું ઇ ખોટું
**એકબીજાની આમ લીંટી ભૂંસીને કદી કોઈ નથી થઈ જાતું મોટું**
ખીંટી પર ચાવી તો લટકે છે તોય કેમ તૂટે છે તાળા કબાટના?
નહીં ઘરના રહો કે નહીં ઘાટના...

*કૃષ્ણ દવે - અમદાવાદ*
*મો. ૯૪૨૬૫ ૬૩૩૮૮, ૯૪૨૬૩ ૭૮૯૯૫*



# બાબુડેં જયું ગાલિયું

સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા

## બચુડો

અધા : પુત્તર બચુડા?

બચુડો : કો અધા કુરો કમ આય?

અધા : પાંજી બાજુવારી બિલ્ડિંગમેં અરવિંદ રે તો સે બસમેં કંડક્ટરજી નોકરી કરેતો ને લગનસે પંઢજી નોકરી કરેતો. પણ હેવર આંઉ ત્રે-ચાર મેણેથી નેર્યાં તો ક અરવિંદ રોજ નોકરી તે વેને પેલા અખાડે મેં વેનેતો ને કલાકવાર કસરત કરેતો. અનજો શરીર પણ ખાસ્સો ખડતલ થે વ્યો આય. સે જરા તપાસ તા કઇ જ ક ટ્રાન્સપોર્ટવારા કસરત કરે જો કીં નવો નિયમ દાખલ ક્યાં આંઇ ક કુરો? અનસે અરવિંદજો પગાર વધારો થીંધો ક કુરો?

બચુડો : (તપાસ કે ને ચે) કસરત કરેજો કોઈ નિયમ લાગુ નાય થ્યો ને કસરત કઇંધલકે કીં પગાર વધારો પણ નાંય મલે વારો. પણ ગાલ ઇ વીં ક હકડો પહેલવાન જેડો માડુ અરવિંદજી બસમેં રોજ આવ્યો તે ને અરવિંદ જેર ટિકિટ મંગે, તેર ચે ક આંઉ ટિકિટ બિકિટ ગેનેવારો નઇંયા... અતરે પોય અરવિંદ ચાર મેણાં અખાડેમેં વઇને પંઢજો શરીર મજબૂત ભનાય ને પોય અજ હિંમત કરેને પહેલવાનકે પૂછે ક તું ટિકિટ કોલા નાય ગેનેવારો સે ચોખવટ કર. તડેં પહેલવાન ચેં આંઉતા છ મહિનેજો પાસ કઢાયો આય. મુંકે ટિકિટ ગેનેજી જરૂર જ નાંય.

## ખિલજા મ ભલા

મોન્ટુ : (મુંબઈથી અમદાવાદી ચીન્ટુને) દોસ્ત, તારે ત્યાં ઠંડી કેવી છે?

ચીન્ટુ : BSNL જેવી.

મોન્ટુ : એટલે? કાંઈ સમજ ન પડી...

ચીન્ટુ : ઘરની બહાર નીકળીએ તો જ લાગે છે.

☺ ☺ ☺ ☺ ☺

સાસુજી : જમનાબાઈ, તું તારા પતિને કેમ માર માર કરે છે?

જમનાબાઈ : આ તો, એમની તબિયત સારી રહેતી નથી. એટલે ગઈકાલે હું વૈદની દવા લાવી છું. વૈદે કહ્યું છે, દવા પતિને બરાબર કુટી કુટીને આપવાની છે.

☺ ☺ ☺ ☺ ☺

કિશન : જોવા દે તો, તારા મોબાઇલમાં શું સ્ટેટસ માર્યું?

મિશન : આજે હું ધાબે સૂવા જવાનો છું.

કિશન : કાંઈ રિસ્પોન્સ મળ્યો?

મિશન : હા, પંદર મચ્છરોએ લાઇક માર્યું છે.

☺ ☺ ☺ ☺ ☺

મગન : અત્યારે ચારેબાજુથી એટલી બધી જાહેરાતો થાય છે... પ્રેરણા આપવા માટે લીડરો, નેતાઓ, સાધુ-સંતો બધા મંડી પડ્યા છે. તારું શું માનવું છે કરશન?

કરશન : બધી વાત જવા દે, સૌથી વધુ પ્રેરણા તો બસનો કંડક્ટર જ આપતો હોય છે. ભાઈઓ, આગળ વધો... બહેનો, આગળ વધો...

☺ ☺ ☺ ☺ ☺

શિક્ષક : અહીં સામે ભીંત ઉપર શ્રી ઓબામા અને શ્રી મોદીના ફોટા લગાડ્યા છે. આદિત્ય, તારે તારી સૂઝ પ્રમાણે એની નીચે નામ લખવાના છે.

આદિત્ય : સારું સાહેબ... અને આદિત્યે નામ લખ્યું શ્રી ઓબામાના ફોટા નીચે 'બરાક' અને શ્રી મોદીના ફોટા નીચે 'ચબરાક.'

શિક્ષક : શાબ્બાશ આદિત્ય...

☺ ☺ ☺ ☺ ☺

મોહનભાઈ : આપણા અલ્પેશનું નક્કી કર્યું!

સોહનભાઈ : સરસ. કેવા છે સામેવાળા?

મોહનભાઈ : એકદમ આપણા જેવા.

સોહનભાઈ : લે, તો પણ નક્કી કર્યું?

☺ ☺ ☺ ☺ ☺

પતિ : પત્નીનો મોબાઈલ ચેક કરતાં એક નવા નંબર પર 'આઇરન મેન' લખેલું જોયું અને બરાડ્યો... શું માંડ્યું છે આ બધું? કોણ છે આ આઇરનમેન?

પત્ની : અરે ટેન્શન ના લ્યો... આ તો આપણો ઇસ્ત્રીવાળો છે જગો ધોબી.

☺ ☺ ☺ ☺ ☺

જગલો : આજે તો ખરું થયું... ટોઇલેટમાં મોબાઇલ લીધા વગર જ ઘૂસી ગયો.

ભગલો : પછી શું થયું?

જગલો : થાય શું? આજે જ ખબર પડી કે ટોઇલેટની ફર્સ અને દીવાલ ઉપર બધી મળીને એકસો ને અડતાળીસ ટાઇલ્સ લગાવવામાં આવી છે.

*૮/૨૬, ગંગામણિ ફ્લેટ્સ, વસંતનગર સોસાયટી, ગોપાલચોક, મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮. ફોન : ૨૫૪૬૮૧૬૦*

# જાણવા જેવું

*સંકલન : રજનીકાંત પારેખ*

થોડા સમયમાં નવા મસાલાની સાથે વરિયાળીનો પણ નવો પાક આવશે. જમ્યા બાદ આપણે સુવા - વરિયાળીને મુખવાસ તરીકે લઈએ છીએ. રાજસ્થાનમાં વરિયાળી અને ખડી સાકર મુખવાસમાં મૂકવામાં આવે છે. આવો, વરિયાળીના બીજા ઘણા લાભોની વાત કરીએ.

તમે રોજ સાદુ દૂધ પીવો છો, તો તેના બદલે જો તમે દૂધમાં અડધી ચમચી વરિયાળી નાખીને પીશો તો તમે ઘણી બીમારીઓથી બચી શકશો. હેલ્થ એક્સપર્ટ મુજબ દૂધ અને વરિયાળી આ બંનેમાં એવા ન્યુટ્રીએન્ટ્સ હોય છે, જે ઘણી બીમારીઓથી શરીરને બચાવે છે. વરિયાળી એક ખૂબ સુગંધિત મસાલો છે અને તેમાં ઉડનશીલ તેલ મળી આવે છે. જે તેના ઔષધીય ગુણો માટેનું કારણ છે. તે ભોજનમાં એક વિશિષ્ટ સુગંધ આપે છે જેને લીધે ભારતીય ભોજન બનાવવામાં તેનો હંમેશાં ઉપયોગ કરવામાં આવે છે અને ગુજરાતનું ઊંઝા છે વરિયાળીનું મોટું માર્કેટ.

વરિયાળી સ્વાદમાં મધુર, કડછી, કડવી અને તીખી છે. તેમાં ઘણા પોષક તત્ત્વો, ખનીજ અને વિટામિન છે જે સ્વાસ્થ્ય માટે ફાયદાકારક છે. તે અપચાને દૂર કરે છે અને તેનો ઉપયોગ દસ્ત, પેટના રોગ અને ઘાસની બીમારીઓની સારવાર માટે કરવામાં આવે છે. તે આંખોની તકલીફમાં ફાયદાકારક છે. સૌથી ઉત્તમ રીત વરિયાળીને દૂધ સાથે લો કે પછી ભોજન કર્યા પછી સેવન કરો.

● **વરિયાળીવાળું દૂધ બનાવવાની રીત :**

વરિયાળીવાળું દૂધ બનાવવા માટે એક ગ્લાસ દૂધમાં અડધી ચમચી વરિયાળી ભેળવીને દૂધને ઉકાળી લો. પછી તેને બરોબર ગાળીને પીવો. તેનાથી વરિયાળીનું અર્ક દૂધમાં ઉતરી જશે. તો આવો જાણીએ, રોજ દૂધમાં વરિયાળી ભેળવીને પીવાથી થતા ૯ ફાયદા વિશે.

● **વરિયાળીવાળું દૂધ પીવાના ફાયદા :**

તેમાં કેલ્શિયમ હોય છે. તેનાથી હાડકા મજબૂત બને છે અને સાંધાના દુઃખાવાથી રાહત થાય છે. તેનાથી શરીરમાં મેટાબોલિઝમ વધે છે. તે પીણું વજન નિયંત્રિત કરે છે અને મોટાપાથી બચાવે છે. આ પીણામાં એન્ટી બેક્ટેરિયલ પ્રોપર્ટીઝ હોય છે. તેનાથી ખીલ ઠીક થાય છે અને ચહેરા ઉપરની ચમક વધે છે.

તેમાં એસ્પાર્ટિક એસિડ હોય છે. તેનાથી કબજિયાત, એસિડિટી જેવી તકલીફો દૂર થાય છે અને ડાઈજેશન ઠીક રહે છે. તેનાથી આંખો હેલ્ધી રહે છે. તે મોતિયાબિંદ જેવી આંખોની તકલીફથી બચાવે છે. તેનાથી કોલેસ્ટેરોલનું લેવલ જળવાઈ રહે છે અને હાર્ટની બીમારીથી બચાવે છે.

તેનાથી શરીરનું ટોક્સિન દૂર થાય છે અને યુરિન ઈન્ફેક્શનથી બચાવે છે. આ પીણામાં પોટેશિયમનું પ્રમાણ વધુ હોય છે. તેનાથી બ્લડ પ્રેશર કન્ટ્રોલમાં રહે છે. તેમાં આયર્ન હોય છે. તે એનીમિયા એટલે કે લોહીની ઉણપથી બચાવે છે.

## વરિયાળીના ૧૫ ફાયદા

★ **ગેસ અને કબજિયાત :** વરિયાળી ખાવાથી પેટ અને કબજિયાતની તકલીફ થતી નથી. વરિયાળીને સાકર કે ખાંડ સાથે વાટીને ચૂર્ણ બનાવી લો. રાત્રે સૂતા સમયે લગભગ ૫ ગ્રામ ચૂર્ણને હળવા હૂંફાળા પાણી સાથે સેવન કરો. પેટની તકલીફ થશે નહીં અને ગેસ અને કબજિયાત દૂર થશે.

★ **આંખોની દૃષ્ટિ :** આંખોની દૃષ્ટિ વરિયાળીના સેવન કરવાથી વધારી શકાય છે. વરિયાળી અને સાકર સરખે ભાગે લઈને વાટી લો. તેની એક ચમચી સવાર સાંજ પાણી સાથે બે મહિના સુધી લો. તેનાથી આંખોની દૃષ્ટિ વધે છે.

★ **અજીર્ણ :** ડાયેરિયા થાય તો વરિયાળી ખાવી જોઈએ. વરિયાળીને બેલના ગર્ભ સાથે સવાર સાંજ ચાવવાથી અજીર્ણ દૂર થાય છે અને અતિસારમાં ફાયદો થાય છે.

★ **ઉત્તમ પાચક :** ખાધા પછી વરિયાળીનું સેવન કરવાથી ખાવાનું સારી રીતે પચે છે અને તે કુદરતી માઉથ ફ્રેશનર છે. વરિયાળી, જીરું અને કાળું મીઠું ભેરવીને ચૂર્ણ બનાવી લો. ખાધા પછી હૂંફાળા પાણી સાથે આ ચૂર્ણ લઈ લો. તે ઉત્તમ પાચક ચૂર્ણ છે.

★ **ખાંસી :** ખાંસી થાય તો વરિયાળી ખૂબ ફાયદો કરે છે. વરિયાળીના ૧૦ ગ્રામ અર્કને મધ સાથે ભેળવી લો. તેનાથી ખાંસી આવવાની બંધ થઈ જશે.


★ **પેટમાં દુઃખાવો :** જો પેટમાં દુઃખાવો રહે છે તો શેકેલી વરિયાળી ચાવવી. તેનાથી રાહત થશે. વરિયાળીની ઠંડાઈ બનાવીને પીવો. તેનાથી ગરમી શાંત થશે અને જીવ ગભરાવાનું બંધ થઈ જશે.

★ **ખાટા ઓડકાર :** જો ખાટા ઓડકાર આવી રહ્યા હોય તો થોડી વરિયાળી પાણીમાં ઉકાળીને સાકર નાખીને પીવો. બે ત્રણ વખત ઉપયોગ કરવાથી રાહત મળી જશે.

(અનુસંધાન : જુઓ પાના નં.-૭૦ ઉપર)

## NanoNine® શબ્દ રમત-૧૫૨

*સંકલન : રજનીકાંત પારેખ*




શબ્દ રમત ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________ ફોન/મો. ____________________

*આપશ્રીના જવાબો તા. ૩૧-૫-૨૦૧૯ સુધીમાં શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલાવવા વિનંતી.*

### આડી ચાવીઓ

૧. ઘર ચલાવનારો મુખ્ય પુરુષ, ઘરનો માલિક (૪)
૩. માલિક, પતિ (૨)
૪. સત્યવાનની પત્ની (૩)
૬. હથિયાર, ફેંકવાનું હથિયાર (૨)
૭. મોટા અવાજે ગાવું તે (૩)
૮. બાધા, આખડી, મન્નત (૩)
૧૦. કાચબો, વાંસ (૩)
૧૧. યુદ્ધ, કળિયુગ, પાપની બુદ્ધિ (૨)
૧૨. ભાગ્ય, કિસ્મત, તકદીર (૩)
૧૫. મગરમચ્છ, દસમી રાશિ (૩)
૧૭. ગરબડ કરે તેવું, ધાંધલિયું, ગોથું (૫)
૧૮. ભયાનક, ડરામણું (૪)
૨૦. શેકીને કડક કરેલી રોટલી (૩)
૨૨. ખેતર કે ગામની હદ (૨)
૨૩. ખેતી માટેની જમીનનો ટુકડો (૩)
૨૪. વાળ, કેશ, બાળક (૨)
૨૭. કાંસી જોડા, કરતાલ (૩)
૨૯. યજ્ઞોપવિત, ઉપવિત (૩)
૩૦. કાચો મળ, મરડો, કેરી, સામાન્ય (૨)
૩૨. ઊનું - ગરમ થવું તે (૩)
૩૪. વધુ ખરાબ (૪)
૩૫. વ્યાયામ, તાલીમ, એક્સરસાઇઝ (૪)
૩૭. લીન, મગ્ન, આસક્ત (૨)
૩૮. ત્રણ રતી જેટલું તોલ, એક કઠોળ (૨)
૩૯. હાથી, માતંગ, લંબાઈનું માપ (૨)
૪૦. જીભ (ફા) બોલી, ભાષા (૩)
૪૨. અભિનેતા, કલાકાર (૪)
૪૩. મોટરગાડી (ઈ) (૨)
૪૪. નહીં ભણેલું, નિરક્ષર (૩)
૪૫. ઈસ્લામી ન્યાયાધીશ, મિયાં બીબી રાજી તો ક્યા કરેગા ____ (૨)
૪૬. સુંદર સ્ત્રી (વિષ્ણુ પત્ની), લક્ષ્મી (૨)
૪૭. માતા, બા, ના, નહીં (૧)
૪૮. કામ, કારણ, વાસ્તે, સારું (૨)
૪૯. સ્ત્રીઓનો સેંથો, અઘરણી (૩)
૫૦. ત્રણ (૧)

### ઊભી ચાવીઓ

૧. ગ્રાહક, ખરીદી કરનાર (૩)
૨. નસ, મનોવૃત્તિ, વલણ (૨)
૩. ત્રાજવાનું સમતોલપણું ન હોવું તો, બોધ, ગણના, કદર (૨)
૪. ઈશારો, સંકેત, આંખ, મચકારો (૨)
૫. ચંદરવો, છત (૩)
૬. આઠ દિવસનો ગાળો (૫)
૮. સ્વામી, શેઠ, ધણી (૩)
૯. ધૂન, લેહ, લગની, મસ્તી, તોફાન (૨)
૧૦. મડદું દાટી તેના પર કરેલું ચણતર (૩)
૧૧. કાદવમાં ____ ખીલે, ગર્ભાશયનું મુખ (૩)
૧૩. સુતારનું એક ઓજાર (૩)
૧૪. સોના રૂપાનો કસ કાઢનાર (૩)
૧૬. વગર પરણ્યે રાખેલી સ્ત્રી (૩)
૧૯. અયોધ્યામાં આવેલું પ્રસિદ્ધ મંદિર (૫)
૨૧. ચામડીનો એક રોગ (૪)
૨૩. દાન, પુણ્ય, સખાવત (૩)
૨૪. ખ્રિસ્તી ધર્મનો મુખ્ય ધર્મગ્રંથ (૪)
૨૫. મરે નહીં એવું, દેવ, સૂર (૩)
૨૬. એક ભાજી (૩)
૨૭. દેવાલય (૩)
૨૮. રાત્રિ, રજની (૨)
૩૦. દારૂખાનુ ફોડવાની વિવિધ બનાવટો (૫)
૩૧. નસીબ (ઈ) (૨)
૩૩. જાનવર, ચોપગુ પ્રાણી (૨)
૩૪. બળ, જોર, શક્તિ (૨)
૩૬. ____ પટેલ : ભારતના ઘડવૈયા (૪)
૩૮. કાશી, બનારસ, મોદીજી જ્યાંથી ચૂંટણી લડવાના છે (૪)
૪૦. નાકા વેરો, દાણ (૩)
૪૧. સોગટા કે ગંજીફાની રમત, યુક્તિ, પ્રપંચ (૨)
૪૩. સુંદર સ્ત્રી, કામિની, સૌપ્રથમ રાષ્ટ્રધ્વજ બનાવનાર સ્ત્રી માડમ ____ (૨)
૪૪. નહીં જન્મેલું, અનાદિ, બકરો, બ્રહ્મા (૨)



*એક માણસનો એક પગ ભાંગી જવાથી હોસ્પિટલમાં ગયો. ત્યાં તેણે બેય પગ ભાંગેલો દર્દી જોયો.*

*બાપડો પૂછવા લાગ્યો, ‘અલ્યા તારે બે **Wife** છે?’*

## NanoNine® શબ્દ રમત-૧૫૧નો ઉકેલ

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ફુ | ર | બા | ની | ■ | સ | સ | રા | ■ | આ | ગ | ■ |
| લ | વ | ણ | ■ | મ | જ | બૂ | ત | ■ | ગ | ર | જ |
| ટા | ■ | શ | હી | દ | ■ | ત | રા | પ | ■ | દી | વા |
| ■ | શ | ય્યા | ■ | રે | વા | ■ | ણી | ■ | તા | ■ | ન |
| લ | હે | ■ | ક | સા | ઇ | ■ | ■ | ચા | ક | ર | ■ |
| વ | ન | મા | ળી | ■ | ન | રા | ધ | મ | ■ | મ | ત |
| ■ | શા | લ | ■ | ક | ■ | હ | ■ | ડી | ડ | ■ | ન |
| મો | હ | ક | ■ | પ | ર | દા | દા | ■ | ■ | અ | ■ |
| રા | ■ | ણ | ■ | લ | હે | રી | ■ | બ્ર | હ્મા | નં | દ |
| રી | સ | ■ | પા | ■ | મ | ■ | ■ | હ્મ | ■ | ગ | ર |
| બા | ■ | સા | વ | ધ | ■ | ઘા | સ | ચા | રો | ■ | દી |
| પુ | ■ | દ | ર | ■ | વા | ત | ■ | રી | મ | ■ | ■ |

*માસ માર્ચ-૨૦૧૯ના અંકમાં છપાયેલ નેનો શબ્દ રમત-૧૪૯ના બધા સાચા ઉકેલ મોકલાવનારના નામ*

૧. સરલા શાહ – અમદાવાદ
૨. જય ગોગરી – અમદાવાદ
૩. પુષ્પા શાહ – અમદાવાદ
૪. વિમળાબેન ગડા – અમદાવાદ
૫. શીતલ શાહ – અમદાવાદ
૬. મહેન્દ્ર પૂજ – અમદાવાદ
૭. જ્યોતિ ગડા – અમદાવાદ
૮. કલ્પના શાહ – અમદાવાદ
૯. દમયંતી દંડ – અમદાવાદ
૧૦. પ્રિયંકા શાહ – અમદાવાદ
૧૧. તૃપ્તિ સાવલા – અમદાવાદ
૧૨. જ્યોત્સના છેડા – અમદાવાદ
૧૩. હર્ષિલ મહેતા – અમદાવાદ
૧૪. કલ્પના પાલાણી – અમદાવાદ
૧૫. રોનક શાહ – અમદાવાદ
૧૬. રિદ્ધિ સાવલા – અમદાવાદ
૧૭. પ્રિયા દેઢિયા – અમદાવાદ
૧૮. કાજલ સોની – અમદાવાદ
૧૯. નીના ગોરજી – અમદાવાદ
૨૦. ઈન્દુબેન પટેલ – અમદાવાદ
૨૧. ચારૂલ વોરા – અમદાવાદ
૨૨. ચંદુભાઈ કુબડિયા – અમદાવાદ
૨૩. ગૌરી સોલંકી – અમદાવાદ
૨૪. લક્ષ્મી ખત્રી – અમદાવાદ
૨૫. ઝરણા પારેખ – અમદાવાદ
૨૬. પ્રવીણ દંડ – અમદાવાદ
૨૭. જ્યોતિ શાહ – અમદાવાદ
૨૮. બકુલ શાહ – અમદાવાદ
૨૯. ભાવના છેડા – અમદાવાદ
૩૦. ભૌમિક વોરા – અમદાવાદ

**વાંચકોના ઉત્સાહસભર પ્રત્યુત્તર માટે ખૂબ ખૂબ આભાર.**
**– તંત્રી**

૩૧. રતનબેન શાહ – અમદાવાદ
૩૨. રીટા ગાંધી – અમદાવાદ
૩૩. જ્યોત્સના વોરા – અમદાવાદ
૩૪. રાજકુમારી શાહ – અમદાવાદ
૩૫. વર્ષા પારેખ – અમદાવાદ
૩૬. ચંદ્રા શાહ – અમદાવાદ
૩૭. સ્મિતા શાહ – અમદાવાદ
૩૮. નીપાબેન વલમ – અમદાવાદ
૩૯. સંજય શાહ – અમદાવાદ
૪૦. ડૉ. અતુલ ધરોડ – અમદાવાદ
૪૧. ચેતના વોરા – અમદાવાદ
૪૨. શ્રુતિ મહેતા – અમદાવાદ
૪૩. મીત મહેતા – અમદાવાદ
૪૪. ચૈતાલી મહેતા – અમદાવાદ
૪૫. રંજન શાહ – અમદાવાદ
૪૬. કિશોર શાહ – ભુજ
૪૭. નીપા મહેતા – ભુજ
૪૮. રશ્મિ સાવલા – ભુજ
૪૯. નિર્મળા વોરા – ભુજ
૫૦. કંચનબેન મોરબિયા – ભુજ
૫૧. હસમુખ મહેતા – ભુજ
૫૨. પ્રિયંકા છેડા – ભુજપુર
૫૩. પ્રભા શેઠિયા – વલસાડ
૫૪. હસમુખ દેઢિયા – અડાલજ
૫૫. ગીતા ભણસાલી – અંજાર
૫૬. એશવંતી પારેખ – અંજાર
૫૭. જતીન પારેખ – અંજાર
૫૮. હસમુખ મહેતા – ગાંધીધામ
૫૯. ગુણવંતી મહેતા – ગાંધીધામ
૬૦. નગીન શાહ – નાગપુર
૬૧. ઉષા સંઘવી – રાઉરકેલા
૬૨. ચંદ્રિકા શાહ – રાઉરકેલા
૬૩. સાવિત્રી જેસરાણી – મુંબઈ
૬૪. જ્યોતિ પારેખ – સિકંદ્રાબાદ
૬૫. ધીરજલાલ શાહ – આદિપુર
૬૬. ફાલ્ગુની શાહ – આદિપુર
૬૭. પાર્થ મહેતા – સુરત
૬૮. ચંદન ગાલા – વડોદરા
૬૯. પ્રભાબેન સાવલા – રાજકોટ
૭૦. નિર્મળા છેડા – મુંબઈ
૭૧. ગુણવંતી ખંડોર – મુંદ્રા
૭૨. નવલ નીસર – સુરત

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલનારાઓમાંથી લક્કી ડ્રો કરતાં, દસ વિજેતાઓનાં નામ નીચે પ્રમાણે છે. તેઓએ પોતાના ઈનામો સમાજના પાલડી ખાતેના કાર્યાલયમાંથી મોબાઈલ નંબર : ૯૮૯૮૦ ૫૩૫૨૧ (સમય : સવારે ૯ થી ૧૨, સાંજે ૪ થી ૫) પર જાણ કરી મેળવી લેવા વિનંતી છે. બહારગામના વિજેતાઓ સંપર્ક કરી સરનામું પૂરેપૂરું મોકલશે તો કુરિયરથી ઈનામ મોકલવામાં આવશે.*

| | |
|---|---|
| (૧) દમયંતી દંડ – અમદાવાદ | (૨) કાજલ સોની – અમદાવાદ |
| (૩) ગૌરી સોલંકી – અમદાવાદ | (૪) રતનબેન શાહ – અમદાવાદ |
| (૫) ચંદ્રા શાહ – અમદાવાદ | (૬) નીપાબેન વલમ – અમદાવાદ |
| (૭) પ્રિયંકા છેડા – ભુજપુર | (૮) એશવંતી પારેખ – અંજાર |
| (૯) નગીન શાહ – નાગપુર | (૧૦) ચંદન ગાલા – વડોદરા |

## NanoNine® Sudoku

**માર્ચ-૨૦૧૯ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૧૦૭ના બધા સાચા ઉકેલ મોકલનારના નામ તથા વિજેતાઓના નામ માટે જુઓ : પાના નંબર-૭૦**

*મને સમજાતું જાય છે કે માત્ર પોતાની જાતમાંથી સામર્થ્ય પ્રાપ્ત થશે, નહીં કે બીજાઓ પાસેથી. સાચી શાંતિ ત્યારે જ આવશે કે જ્યારે પ્રત્યેક વ્યક્તિ પોતાની જાતમાં જ શાંતિને શોધે... મારે મારા પોતાના જ રસ્તે જવાનું છે એ બાબત મને બળ આપે છે... માત્ર મનથી ભાંગીને પણ ઘણા બધાં લોકો મૃત્યુ પામે છે... મુશ્કેલી આ જ છે કે લોકો પોતાનો સંતાપ બીજાને ખભે નાખતા રહે છે... જગતના તમામ જખમોને રૂઝવવા માટેનું ઔષધ બનવાની આપણી તત્પરતા હોવી જોઈએ.*

**– એટ્ટી હિલીસમ,**

*સાભાર : "સમજણના સૂર"*

*આપણે જાણીએ છીએ કે આ સંસારમાં કોઈ કોઈનું સગું નથી. સૌ કોઈ એકબીજાને છોડીને ચાલ્યું જવાનું છે. જે દેખાય છે એ બધો ભ્રમ છે અને ઈશ્વરે રચેલી આ બધી માયા છે. માટે સુખ કે દુ:ખથી આપણે પર રહેવું જોઈએ અને ગમે એવા સંજોગોમાં પણ મનની શાંતિ જાળવવી જોઈએ.*

## NanoNine® Sudoku

રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

*સુડોકુ ક્રમાંક-૧૧૦૯ અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને 'મંગલ મંદિર' કાર્યાલય પર તા. ૩૧-૫-૨૦૧૯સુધીમાં મોકલી આપવા વિનંતી. તદ્દન ખરા જવાબો મોકલનારનાં નામ જુલાઈ-૨૦૧૯ના અંકમાં પ્રસારિત કરવામાં આવશે.*

સુડોકુ ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________ ફોન/મોબાઈલ : ____________________

### ક્રમાંક - ૧૧૦૯

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 4 | 6 | | 7 | 5 | | | 9 | |
| | 1 | | | | 9 | 5 | | 2 |
| | 2 | | 3 | | | 6 | | |
| 9 | | | 1 | | 5 | 7 | | 4 |
| | | 1 | | 8 | | 9 | | 3 |
| 8 | | 5 | | | 3 | | | |
| | | 2 | | 3 | 6 | | 7 | |
| 6 | | 4 | 5 | | | | 2 | |
| | 5 | | | 9 | | | 1 | 6 |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 2 | | | 7 | 6 | | | | 9 |
| | 6 | 4 | | | 3 | | 5 | |
| | | 8 | 5 | | | | 3 | 6 |
| 8 | | | | 5 | 2 | 4 | | |
| | 3 | 2 | | | | 5 | 1 | |
| | | 6 | 4 | 1 | | | | 3 |
| 3 | 8 | | | | 5 | 6 | | |
| | 4 | | 1 | | | 2 | 8 | |
| 1 | | | | 8 | 6 | | | 4 |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | 9 | | 4 | 5 | | 8 | 3 |
| | | | | | 7 | 6 | 4 | |
| 8 | 6 | 4 | | 9 | | | | |
| | 1 | 6 | | | 9 | | | 4 |
| 4 | | | 7 | | 6 | | | 1 |
| 3 | | | 4 | | | 5 | 6 | |
| | | | | 6 | | 9 | 2 | 8 |
| | 3 | 2 | 5 | 7 | | | | |
| 6 | 8 | | 9 | | | 7 | | |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 5 | 3 | | | 1 | 6 | | |
| 8 | | | 6 | 5 | | | 9 | |
| | 9 | | | | 8 | | 5 | 1 |
| 2 | | 5 | | 1 | 9 | 7 | | |
| 1 | | | | 3 | | | | 2 |
| | | 7 | 5 | | | 9 | | 6 |
| 5 | 7 | | 1 | | | | 6 | |
| | 1 | | | 6 | 4 | | | 5 |
| | | 4 | 8 | | | 1 | 2 | |

### ઉકેલ : ક્રમાંક - ૧૧૦૮

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 6 | 8 | 2 | 3 | 5 | 7 | 4 | 9 |
| 4 | 7 | 5 | 1 | 9 | 8 | 2 | 6 | 3 |
| 2 | 3 | 9 | 7 | 6 | 4 | 1 | 5 | 8 |
| 3 | 1 | 2 | 5 | 7 | 6 | 9 | 8 | 4 |
| 9 | 5 | 7 | 4 | 8 | 2 | 6 | 3 | 1 |
| 8 | 4 | 6 | 3 | 1 | 9 | 5 | 7 | 2 |
| 6 | 9 | 3 | 8 | 2 | 7 | 4 | 1 | 5 |
| 5 | 2 | 1 | 6 | 4 | 3 | 8 | 9 | 7 |
| 7 | 8 | 4 | 9 | 5 | 1 | 3 | 2 | 6 |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 3 | 2 | 6 | 9 | 5 | 7 | 8 | 4 | 1 |
| 9 | 7 | 5 | 4 | 8 | 1 | 3 | 6 | 2 |
| 1 | 4 | 8 | 2 | 6 | 3 | 9 | 5 | 7 |
| 2 | 5 | 9 | 1 | 3 | 8 | 4 | 7 | 6 |
| 6 | 3 | 1 | 5 | 7 | 4 | 2 | 8 | 9 |
| 7 | 8 | 4 | 6 | 2 | 9 | 5 | 1 | 3 |
| 8 | 6 | 3 | 7 | 4 | 2 | 1 | 9 | 5 |
| 5 | 9 | 2 | 8 | 1 | 6 | 7 | 3 | 4 |
| 4 | 1 | 7 | 3 | 9 | 5 | 6 | 2 | 8 |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 2 | 8 | 5 | 7 | 3 | 6 | 1 | 4 | 9 |
| 7 | 6 | 9 | 4 | 2 | 1 | 3 | 5 | 8 |
| 4 | 1 | 3 | 9 | 8 | 5 | 2 | 7 | 6 |
| 5 | 4 | 1 | 3 | 6 | 8 | 7 | 9 | 2 |
| 8 | 9 | 7 | 1 | 4 | 2 | 5 | 6 | 3 |
| 6 | 3 | 2 | 5 | 7 | 9 | 8 | 1 | 4 |
| 3 | 5 | 6 | 2 | 1 | 4 | 9 | 8 | 7 |
| 1 | 2 | 4 | 8 | 9 | 7 | 6 | 3 | 5 |
| 9 | 7 | 8 | 6 | 5 | 3 | 4 | 2 | 1 |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 4 | 3 | 8 | 9 | 7 | 2 | 5 | 6 |
| 8 | 5 | 2 | 6 | 3 | 1 | 4 | 7 | 9 |
| 9 | 7 | 6 | 4 | 5 | 2 | 3 | 1 | 8 |
| 2 | 3 | 7 | 5 | 6 | 8 | 9 | 4 | 1 |
| 6 | 1 | 9 | 2 | 7 | 4 | 8 | 3 | 5 |
| 4 | 8 | 5 | 9 | 1 | 3 | 7 | 6 | 2 |
| 5 | 6 | 8 | 7 | 4 | 9 | 1 | 2 | 3 |
| 7 | 9 | 1 | 3 | 2 | 6 | 5 | 8 | 4 |
| 3 | 2 | 4 | 1 | 8 | 5 | 6 | 9 | 7 |

## NanoNine *Sudoku*

*માર્ચ-૨૦૧૯ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૧૦૭ના બધા સાચા ઉકેલ મોકલનારના નામ*

| | | |
|---|---|---|
| ૧. | જ્યોતિ શાહ | - અમદાવાદ |
| ૨. | રિધ્ધિ સાવલા | - અમદાવાદ |
| ૩. | પ્રિયા દેઢિયા | - અમદાવાદ |
| ૪. | રોનક શાહ | - અમદાવાદ |
| ૫. | કલ્પના પાલાણી | - અમદાવાદ |
| ૬. | જ્યોતિ ગડા | - અમદાવાદ |
| ૭. | ઈન્દુબેન પટેલ | - અમદાવાદ |
| ૮. | ચંદુભાઈ કુબડિયા | - અમદાવાદ |
| ૯. | નીના ગોરજી | - અમદાવાદ |
| ૧૦. | જય ગોગરી | - અમદાવાદ |
| ૧૧. | જાગૃતિ રાણા | - અમદાવાદ |
| ૧૨. | બકુલ શાહ | - અમદાવાદ |
| ૧૩. | ભૌમિક વોરા | - અમદાવાદ |
| ૧૪. | અવંતી દંડ | - અમદાવાદ |
| ૧૫. | મીત ગોસર | - અમદાવાદ |
| ૧૬. | કવિસા ગોસર | - અમદાવાદ |
| ૧૭. | રીટા ગાંધી | - અમદાવાદ |
| ૧૮. | તીર્થ સંઘવી | - અમદાવાદ |
| ૧૯. | અમન સંઘવી | - અમદાવાદ |
| ૨૦. | પ્રિયંકા શાહ | - અમદાવાદ |
| ૨૧. | ચંદ્રા શાહ | - અમદાવાદ |
| ૨૨. | સ્મિતા શાહ | - અમદાવાદ |
| ૨૩. | હર્ષા મહેતા | - અમદાવાદ |
| ૨૪. | સંજય શાહ | - અમદાવાદ |
| ૨૫. | ડૉ. અતુલ ધરોડ | - અમદાવાદ |
| ૨૬. | ચૈતાલી મહેતા | - અમદાવાદ |
| ૨૭. | ઝરણા પારેખ | - અમદાવાદ |
| ૨૮. | ઉષ્મા શાહ | - અમદાવાદ |
| ૨૯. | પ્રભા શેઠિયા | - વલસાડ |
| ૩૦. | હેમલતા દેઢિયા | - અડાલજ |
| ૩૧. | નેહલ મહેતા | - ગાંધીધામ |
| ૩૨. | નિકુંજ મહેતા | - ગાંધીધામ |
| ૩૩. | નગીન શાહ | - નાગપુર |
| ૩૪. | જ્યોતિ પારેખ | - સિકંદ્રાબાદ |
| ૩૫. | જીનલ કારાણી | - બેંગ્લોર |
| ૩૬. | મન ગડા | - વડોદરા |
| ૩૭. | પાર્થ મહેતા | - સુરત |
| ૩૮. | પ્રવીણ ખંડોર | - મુંદ્રા |
| ૩૯. | સંકેત મહેતા | - ભુજ |
| ૪૦. | ચંદ્રિકા શાહ | - રાઉરકેલા |
| ૪૧. | ઉષા સંઘવી | - રાઉરકેલા |

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલાવનારાઓમાંથી લક્કી ડ્રૉ અનુસાર ત્રણ વિજેતાઓ નીચે પ્રમાણે છે. તેઓએ પોતાના ઈનામો પાલડી ભવન ખાતેના કાર્યાલયમાંથી મોબાઈલ નંબર : ૯૮૯૮૦ ૫૭૫૨૧ (સમય : સવારે ૯થી ૧૨, સાંજે ૪ થી ૫) ફોન પર જાણ કરી મેળવી લેવા વિનંતી. બહારગામના વિજેતાઓ સંપર્ક કરી પૂરેપૂરું સરનામું મોકલશે તો કુરિયરથી ઈનામ મોકલવામાં આવશે.*

**વિજેતાઓ :**

(૧) જાગૃતિ રાણા – અમદાવાદ
(૨) જીનલ કારાણી – બેંગ્લોર
(૩) પાર્થ મહેતા – સુરત

## જાણવા જેવું

**(અનુસંધાન : પાના નં.-૬૬ ઉપરથી ચાલુ)**

★ **હાથ-પગમાં બળતરા :** હાથ-પગમાં બળતરા થવાની ફરિયાદ હોય તો વરિયાળી સાથે સરખા પ્રમાણમાં કોથમીર વાટી-ગાળીને, સાકર ભેળવીને ભોજન પછી ૫ થી ૬ ગ્રામના પ્રમાણમાં લેવાથી થોડા જ દિવસોમાં રાહત મળે છે.

★ **ગળામાં ખારાશ :** જો ગળામાં ખારાશ થઈ જાય તો વરિયાળી ચાવવી જોઈએ. વરિયાળી ચાવવાથી બેસેલું ગળું પણ સાફ થઈ જાય છે.

★ **ત્વચામાં ચમક :** રોજ સવાર સાંજ ખાલી પેટે વરિયાળી ખાવાથી લોહી ચોખ્ખું બને છે અને ત્વચા માટે ખૂબ ફાયદાકારક છે, ત્વચામાં ચમક આવે છે.

★ **પેટનો સોજો :** વરિયાળી પેટના સોજાની સારવાર માટે ઉપયોગમાં લેવામાં આવે છે. વરિયાળીના બીજ ખાસ કરીને જઠરશોધ લક્ષણના ઉપચાર માટે કરવામાં આવે છે. તે ગેસ્ટ્રિક એસિડનો સ્રાવ વ્યવસ્થિત કરે છે અને શ્લેષ્મિક કલાના શોધમાં કામ કરે છે.

★ **અપચો, અમ્લપિત્ત, ખાટા ઓડકાર, ગેસ :** અપચો, અલ્સર, અમ્લપિત્ત, ખાટા ઓડકાર, ગેસ અને બીજા રોગોના ઉપચાર માટે વરિયાળીનો ઉપયોગ ઉત્તમ માનવામાં આવે છે. તે પેટમાં તેજાબનો સ્રાવ વ્યવસ્થિત કરે છે. તેની તીવ્રતા ઓછી કરે છે અને આમાશય રોગ દૂર કરે છે.

★ **ઉબકા અને ઉલટી :** વરિયાળીનું વમન વિરોધી હોવાને કારણે ઉબકા અને ઉલટીની સારવારમાં મદદ કરે છે. તે ગેસ્ટ્રિક સ્રાવને વ્યવસ્થિત કરીને અમ્લિય સ્વાદ અને મોઢાના સ્વાદને દૂર કરવામાં મદદ કરે છે.

★ **વજન ઘટવું :** વરિયાળી ચયાપચય ક્રિયા વધારવામાં ઉપયોગી છે. વરિયાળી ચરબીના ચયાપચયને વધારી દે છે અને ચરબી વધવાના ભયથી બચાવે છે. તે વજન ઓછું કરવામાં મદદ કરે છે. ■

*સ્વામી વિવેકાનંદે કહ્યું હતું કે 'મને સો નચિકેતા આપો અને હું વિશ્વનો નકશો બદલી નાખીશ.'*

*ઔપનિષદ નચિકેતા એટલે એવો યુવાન કે જે –*

*★ કદી સત્યનો છળ કરતો નથી,*
*★ અસત્યને આધીન થતો નથી*
*★ પાપને પંપાળતો નથી*
*★ દંભને પોષતો નથી*
*★ દુર્વૃત્તિઓને ગણકારતો નથી*
*★ વાસનાના તીરથી વિંધાતો નથી*
*★ પ્રલોભનથી પીગળતો નથી*
*★ પોતાના સ્વમાનને હણાવા દેતો નથી.*
*★ સત્ય કે સ્વત્વ ગુમાવતો નથી*
*★ તેમજ કોઈ પણ સંજોગોમાં પોતાના આત્માને વેચતો નથી.*



સંકલન : દિનેશચંદ્ર જગજીવન શાહ

★ **માતાના મઢમાં બનશે અદ્યતન સુવિધા ધરાવતું બસ સ્ટેશન :** ભુજ એસ.ટી. વિભાગના માતાના મઢ ખાતે રાજ્ય સરકાર દ્વારા નિગમને ફાળવેલી રકમમાંથી રૂા. ૧૭૧.૭૦ લાખના ખર્ચે બે હજાર ચો.મી. જમીનના વિસ્તારમાં ૪૯૫ ચો.મી. બાંધકામ કરી ચાર પ્લેટફોર્મવાળું અદ્યતન બસ સ્ટેશન બનશે. આ બસ સ્ટેન્ડનું ખાત મુહૂર્ત તાજેતરમાં કરાયું હતું.

★ **૨૦ રૂપિયાનો સિક્કો ભારત સરકાર લાવે છે :** તાજેતરમાં સરકારે ૧,૨, ૫, ૧૦ ઉપરાંત એ જ આકારવાળા ૨૦ રૂપિયાના મૂલ્યના સિક્કા બહાર પાડ્યા હતા. જેની બનાવટ એવી છે કે પ્રજ્ઞાચક્ષુઓ પણ આ સિક્કા આસાનીથી ઓળખી શકશે. આ સિક્કાનું કદ ૨૭ એમ.એમ.નું હશે.

★ **સ્વચ્છતા સર્વેક્ષણમાં કચ્છમાં ગાંધીધામ પ્રથમ :** તાજેતરમાં સ્વચ્છતા સર્વેક્ષણ ૨૦૧૯ અંતર્ગત દેશના ૪૨૩૭ મેટ્રો સિટી સહિતના શહેરોને આવરી લેવાયા હતા. જેમાં એક લાખથી ઓછી વસ્તીવાળા શહેરોમાં રાપર ગુજરાત રાજ્યમાં ૩૩મા ક્રમે જ્યારે કચ્છની વાત કરીએ તો કુલ ૫૦૦૦ પોઈન્ટમાંથી ગાંધીધામ ૨૭૧૮.૯૧, રાપર ૨૫૬૦.૩૩, અંજાર ૨૫૧૨.૬૮, માંડવી ૨૪૭૧.૭૫, ભચાઉ ૨૦૬૮.૨૫ અને સૌથી છેલ્લે ભુજે ૧૮૩૨.૨૮ પોઈન્ટ મેળવ્યા હતા.

★ **લખપત તાલુકાના ખટિયા ગામે ખનનમાં પાંચ હજાર વર્ષ પૂર્વેનો અલભ્ય ખજાનો મળ્યો :** લખપત તાલુકાના ખટિયા ગામે ઉત્ખનન દરમિયાન ૨૫૦થી વધુ માનવ કંકાલ ધરાવતું પાંચ હજારથી વધુ વર્ષ પુરાણું કબ્રસ્તાન મળી આવ્યું છે. જેમાંથી ૨૬ કબરોનું ખોદકામ કરતાં તેની રચના લંબચોરસ જણાઈ છે. જેની દીવાલમાં વપરાયેલ પથ્થરો વ્યવસ્થિત કટિંગ કરી ચણવામાં આવ્યા છે. દરેક કબરની લંબાઈ જુદી છે.

★ **વાગડમાં નર્મદા નહેર થકી રવિ પાકમાં લીલા લહેર :** કચ્છ બ્રાંચ કેનાલ થકી ધીમે ધીમે નંદનવન બની રહેલા વાગડ વિસ્તારમાં રવિ પાકમાં લીલાલહેર વર્તાઈ રહી છે. કેનાલના પાણી થકી ૩૦૦ કરોડના જીરુ સહિત ઘઉં, રાયડો, એરંડા, ઈસબગુલ, વરિયાળીનું ૪૦૦ કરોડનું ઉત્પાદન થશે. રાપર તાલુકાના ૭૦થી વધારે ગામોમાં નર્મદાના નીરથી ૪૯ હજાર હેક્ટરમાં રવિ પાકનું વાવેતર કરાયું છે.

★ **કચ્છમાં ઉત્પાદિત દાડમના વજન અને કદમાં વિક્રમ :** નારાણપર સ્વસ્તિક ફાર્મ ખાતે ઉત્પાદિત દાડમનો ઉતારો નંગ દીઠ એક કિલો વજનનો આવ્યો છે તેવી માહિતી ખેતી નિયામકે આપી હતી. આ ઘટના ગુજરાતમાં પ્રથમ હોવાનું નોંધ્યું હતું. આ અંગે એક કિલોના દાડમના સર્જક માટે ખેતી ક્ષેત્રનો શ્રેષ્ઠ ઍવોર્ડ આપવા સરકારમાં ફાઈલ રજૂ કરી હતી.

★ **પુનડીની બાળકી વિશ્વ મહિલા દિને જ અવાજની દુનિયા માણતી થઈ :** માંડવી તાલુકાના પુનડી ગામની મૂકબધિર બાળાના કાનમાં કૃત્રિમ પડદો અને શ્રવણ વ્યવસ્થાનું સર્જન કરવાની શસ્ત્રક્રિયા કરતા બાળકીના ચહેરા પર ખુશીની લહેર જોવા મળી હતી. આ ઓપરેશનનો ખર્ચ ખાનગી હોસ્પિટલમાં રૂા. ૬ લાખ જેટલો થાય છે. પરંતુ રાજ્ય સરકારના રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત વિના મૂલ્યે ઉપરોક્ત ઑપરેશન થતાં વિશ્વ મહિલા દિવસની ઉજવણી સાર્થક થઈ હતી.

★ **કચ્છની બીજી ટ્રેન પણ ઉત્કૃષ્ટ રેક સાથે દોડાવાશે :** પશ્ચિમ રેલવે દ્વારા પ્રવાસીઓને વધુ સુવિધાઓ આપવાની નેમ સાથે કચ્છથી મુંબઈ દોડતી દાદર એક્સપ્રેસની રેક અપગ્રેડ કરાયા બાદ ભુજ - બાંદ્રા એ.સી. સુપરફાસ્ટ એક્સપ્રેસ (૨૧૯૦૩ - ૨૧૯૦૪)ને તા. ૧૮-૩થી બાંદ્રા ટર્મિનસથી નવા અત્યાધુનિક રેક સાથે રવાના કરાશે. જે બાંદ્રાથી નીકળનારી પ્રથમ એ.સી. એક્સપ્રેસ ટ્રેન છે.

★ **કચ્છ પક્ષીશાસ્ત્રના ઇતિહાસમાં સીમાચિહ્ન નોંધ :** ગુજરાતના પક્ષીશાસ્ત્રના ઈતિહાસમાં કદી પણ નોંધાઈ નથી એટલી મોટી સંખ્યામાં ૩૮૨ જેટલી ચોટીલી ડૂબકી કચ્છના ટપ્પર ડેમમાં દેખાઈ હતી. જે નવોદિત ફોટોગ્રાફર ડૉ. ખોજાણીના પક્ષી નિરીક્ષણના સમયે નર્મદા નીરથી ભરેલ ટપ્પર ડેમમાં દેખાઈ હતી.

★ **તોલાણી કોલેજની છાત્રા ગણિતમાં રાષ્ટ્રીય સ્તરે ઝળકી :** આદિપુરની તોલાણી આર્ટસ એન્ડ સાયન્સ કૉલેજમાં તૃતીય વર્ષ વિજ્ઞાન પ્રવાહની વિદ્યાર્થિની ચાંદની રાજેશ ઠક્કર આઈ.આઈ.ટી. ખડગપુર દ્વારા વર્ષ ૨૦૧૯ની પરીક્ષામાં ક્વોલિફાઈ થતાં પ્રવેશ પાત્રતા મેળવી

હતી. આ સફળતા મેળવનાર તેણી કચ્છની પ્રથમ વિદ્યાર્થિની છે.

★ **ગાંધીધામ - બાંદ્રા વચ્ચે ઉનાળુ વિશેષ ટ્રેનની સેવાઓ :** ગાંધીધામ - બાંદ્રા વચ્ચે તા. ૧૩-૪-૨૦૧૯થી તા. ૨૯-૬-૨૦૧૯ સુધી સાપ્તાહિક સુપર ફાસ્ટ વિશેષ ટ્રેનની સેવાઓ આ મુજબ ઉપલબ્ધ થશે.

| ગાડી નં. | પ્રસ્થાન | આગમન |
|---|---|---|
| ૦૯૪૩૩ | બાંદ્રા ટર્મિનલ ૦૦.૨૫ વાગે (શનિવાર) | ગાંધીધામ ૧૩.૫૦ વાગે (એ જ દિવસે) |
| ૦૯૪૩૪ | ગાંધીધામ ૧૬.૩૫ વાગે (શનિવાર) | બાંદ્રા ટર્મિનલ ૦૬.૧૫ વાગે (બીજા દિવસે) |

***થોભશે :*** બોરીવલી, વાપી, સુરત, વડોદરા, આણંદ, નડિયાદ, અમદાવાદ, ધ્રાંગધ્રા, સામખિયાળી અને ભચાઉ સ્ટેશનો પર બંને દિશાઓમાં.

★ **કચ્છમાંથી ઝીંગાની નવી પ્રજાતિ શોધાઈ :** ભુજની લાલન કૉલેજના ઝુઓલોજી (પ્રાણીશાસ્ત્ર)ના પ્રાધ્યાપક ડૉ. પંડ્યા તથા તેમની સંશોધક ટીમને કચ્છમાં ખારી નદી તેમજ આજુબાજુના વિસ્તારમાંથી મીઠા પાણીમાં જોવા મળે તેવા ઝીંગાની નવી પ્રજાતિ મળી આવી છે. જે અંગેનું સંશોધન આંતરરાષ્ટ્રીય સાયન્ટિફિક જર્નલ, જે ન્યુઝિલેન્ડથી પ્રકાશિત થાય છે તેમાં પ્રકાશિત કરવામાં આવ્યું છે. આ પ્રજાતિ ઝીંગાનું નામ "કેરીડીના કચ્છી" રાખવામાં આવ્યું છે.

★ **કચ્છી યુવતીને ગોલ્ડ - સિલ્વર મેડલ :** તાજેતરમાં અબુધાબીમાં યોજાયેલ સ્પેશિયલ ઓલિમ્પિક વર્લ્ડ ગેઈમ્સની ઓપન 'સી' કેટેગરીમાં વડાલા રહેતી પરંતુ મૂળ નાના ભાડિયાની વતની, પૂજા વીરાએ ૧૫૦૦ મીટરની સ્વિમિંગ સ્પર્ધામાં ગોલ્ડ તથા સિલ્વર મેડલ અંકે કર્યા હતા.

★ **અબડાસા તાલુકામાં ઘઉંનો મબલક પાક :** હાલે લાંબો સમય શિયાળો ચાલતાં કચ્છના અબડાસા તાલુકામાં ઘઉંનો મબલક ફાલ ઉતરી રહ્યો છે. એકર દીઠ આશરે ૩૫થી ૪૦ મણ (૧૪૦૦થી ૧૬૦૦ કિ.ગ્રા.) ઉતાર આવી રહ્યો છે.

★ **એડવર્ટાઇઝિંગ સર્કલ :** તાજેતરમાં અમદાવાદ ખાતે એડવર્ટાઇઝિંગ સર્કલના હોદ્દેદારોની નિમણૂંક કરવામાં આવી હતી. જેમાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સહમંત્રી તેમજ સમાજના સ્વ. સૂરજલાલ મહેતાના સુપુત્ર પ્રદીપ એસ. મહેતા સહમંત્રીનો હોદ્દો પામ્યા છે.

★ **ગાંધીધામ - ભાગલપુર (બિહાર) સીધી ટ્રેન :** રેલવેના સત્તાવાર સાધનો દ્વારા મળતી માહિતી મુજબ ઉનાળુ વેકેશનમાં ગાંધીધામ - ભાગલપુર (બિહાર) વચ્ચે તા. ૧૨-૪થી ટ્રેન રવાના કરાશે. આ ટ્રેન ગાંધીધામથી એપ્રિલમાં તા. ૧૨, ૧૯ અને ૨૬ના રોજ; મે મહિનામાં તા. ૩, ૧૦, ૧૭, ૨૪, ૩૧ તથા જૂન મહિનામાં તા. ૭, ૧૪, ૨૧ ટ્રેન નં. ૦૯૪૫૧ દર શુક્રવારે સાંજે ૫.૪૦ વાગે ગાંધીધામથી રવાના થશે. જે દર રવિવારે સાંજે ભાગલપુર પહોંચશે. ■

## કચ્છનું લોકજીવન જ્યાં ધબકે છે તે ભૂંગા



કચ્છના ગામડાના વિશિષ્ટ રીતે બનેલા ઘર એટલે ભૂંગા. ભૂંગા ગોળાકાર હોય છે અને ભૂકંપ પ્રતિરોધક હોય છે. એટલે ભૂકંપમાં પણ એ અડીખમ ઊભા રહે છે.

ભૂંગાની દીવાલો માટી અને લીંપણથી તૈયાર થાય છે અને એની શંકુ આકારની છત ઘાસ, ઝાડની ડાળીઓ તથા પાંદડાની બનેલી હોય છે. આ ઘાસ અને પાંદડા એવી રીતે ગૂંથેલા હોય છે કે વરસાદનું પાણી તેમાંથી અંદર ન પ્રવેશે પણ હવા ગળાઈને ઠંડી બનીને આવી શકે. માટી અને ઘાસને કારણે ભૂંગામાં શિયાળામાં હૂંફ અને ઉનાળામાં ઠંડક અનુભવાય છે.

બહારથી સામાન્ય લાગતા ભૂંગા અંદરથી કલામંડિત, આકર્ષક અને એકદમ સ્વચ્છ હોય છે. અંદરની દીવાલ પર માટીકામ, વાસણ મૂકવાની છાજલી, પાણિયારા તથા ગોખલાઓનું સુશોભન આંખ ખસેડવાનું મન ન થાય તેવું હોય છે અને સૌથી ધ્યાન ખેંચે એવી તો એની રંગબેરંગી છત હોય છે. ■

## સમાજ દર્પણ

### પુષ્પાંજલિ

**દેહદાતા - ચક્ષુદાતા**

- **શનિવાર, તા. ૧૩-૦૪-૨૦૧૯**

**રમાબેન ખીમજી શાહ (ઉં.વ. ૮૨) (અમદાવાદ)** (શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ટ્રસ્ટી શ્રી કે.ડી. શાહના બહેન)

સદ્‌ગતશ્રી રમાબેનનું દેહદાન તથા ચક્ષુદાન થતા ખૂબ જ ઉમદા કાર્ય કરવામાં આવ્યું હતું.

સદ્‌ગતશ્રીના આત્માના શ્રેયાર્થે પ્રાર્થના....

## સાભાર સ્વીકાર

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાકીય યોજનાઓ માટે નીચે મુજબ દાતાશ્રીઓ તરફથી દાન / ભેટ પ્રાપ્ત થયેલ છે.*

### વૈયાવચ્ચ ખાતે

| | |
|---|---|
| રૂા. ૧૧,૦૦૦/- | શ્રી દિનેશ પ્રેમચંદ શાહ - અમદાવાદ |
| રૂા. ૧,૦૦૦/- | શ્રી અનિલ મહેતા - અમદાવાદ |
| રૂા. ૫૦૦/- | શ્રીમતી પ્રેમીલાબેન શાંતિલાલ દંડ - મુંબઈ |
| રૂા. ૫૦૦/- | શ્રી ધ્રુવીલ કિરણ શાહ - અમદાવાદ |
| રૂા. ૫૦૦/- | શ્રીમતી વિમળાબેન મહેતા - અમદાવાદ |
| રૂા. ૫૦૦/- | શ્રીમતી આરતી દિલીપ છેડા - મુંબઈ |

### જલારામ અન્નક્ષેત્ર ખાતે

| | |
|---|---|
| રૂા. ૨,૦૦૦/- | કચ્છી જૈન ભક્તિ મંડળ - અમદાવાદ |
| રૂા. ૧,૦૦૦/- | શ્રી નવીન જેઠાલાલ લાલકા - અમદાવાદ |
| રૂા. ૧,૦૦૦/- | શ્રી પૃથ્વીભાઈ શાહ - ગાંધીનગર |

### વયસ્ક સમિતિ ખાતે

| | |
|---|---|
| રૂા. ૧૫,૦૦૦/- | શ્રીમતી પ્રભાબેન કાંતિલાલ વેલજી સાવલા - અમદાવાદ |
| રૂા. ૨,૫૦૦/- | શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર - અમદાવાદ |
| રૂા. ૨,૫૦૦/- | શ્રીમતી વીણાબેન દિલીપભાઈ સંઘવી - અમદાવાદ |
| રૂા. ૨,૫૦૦/- | એક સદ્‌ગૃહસ્થ તરફથી - અમદાવાદ |

*સંસ્થા ઉપરોક્ત તમામ દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર માને છે.*

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

## મેરેજ બ્યુરો સમિતિ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે સમસ્ત જૈન પરિવારોના લગ્નોત્સુક ઉમેદવારો માટે મેરેજ બ્યુરો સમિતિ કાર્યરત છે. આ ઉપરાંત આજના આધુનિક ટેકનોલોજી યુગમાં લગ્નોત્સુક યુવાવર્ગની વિગત ઓનલાઈન પર હોવી જરૂરી છે. જેના માધ્યમથી સંબંધિત ઉમેદવારો પરસ્પર માહિતી પ્રાપ્ત કરીને આગળ વધી શકે.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ આ પ્રકારના સામાજિક કાર્યોમાં હંમેશાં આગળ રહે છે. આ પ્રણાલીને અનુસરીને મેરેજ બ્યુરો સમિતિ એક કદમ આગળ જઈ રહી છે અને જણાવતા હર્ષની લાગણી અનુભવે છે કે આવી અગત્યની સામાજિક કામગીરી માટે પોતાની એક વેબસાઈટનું લોન્ચિંગ કરી રહી છે. સમાજના પરિવારના એક સભ્ય શ્રી ગૌતમભાઈ દૌલતની વેબસાઈટ Hellokutchis.com અંતર્ગત લગ્નોત્સુક ઉમેદવારોની માહિતી માટે vivah.hellokutchis.com નામની એક નવી વેબસાઈટ શરૂ કરવાની સંપૂર્ણ કાર્યવાહી કરી રહી છે.

આ પ્રકારની અતિ ઉપયોગી વેબસાઈટ (Website)નો લાભ લેવા માટે લગ્નોત્સુક યુવક -યુવતીઓએ પોતાના નામનું અત્રે રજિસ્ટ્રેશન કરાવવું જરૂરી છે. ત્યારબાદ ઉમેદવાર પોતાની પસંદગીના પાત્રની વિગત ઓનલાઈન મેળવી શકશે. આવી ઉત્તમ તકનો લાભ લેવા માટે લગ્નોત્સુક દરેક ઉમેદવારો પોતાના નામનું રજિસ્ટ્રેશન તાત્કાલિક કરાવશે તેવી અપેક્ષા છે.

તે સિવાય, શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે રજિસ્ટ્રેશન થયેલા ઉમેદવાર તથા તેમનો પરિવારના સભ્ય દર શનિવારે બપોરે ૨.૩૦થી ૫.૩૦ કલાક દરમિયાન મેરેજ બ્યુરો સમિતિના સભ્યોની રૂબરૂ મુલાકાત કરીને ડેટા બેંકનો લાભ પણ લઈ શકે છે.

ઓનલાઈન રજિસ્ટ્રેશનની વધુ માહિતી માટે નીચેના સભ્યોનો સંપર્ક કરી શકો છો.

*અમી નીતિન શાહ - કન્વીનર : ૯૯૭૯૬ ૫૧૯૨૯*
*ગિરીશભાઈ દેઢિયા : ૯૩૨૦૩ ૧૬૮૬૮*

**અમી નીતિન શાહ**
**કન્વીનર - મેરેજ બ્યુરો સમિતિ**

*જે મનુષ્ય પોતાના માટે જીવે છે તેનું એક દિવસ મૃત્યુ થાય છે. પરંતુ જે મનુષ્ય બીજા માટે જીવે છે તેનું સ્મરણ હંમેશાં થતું રહે છે.*

# શિક્ષણ અને સર્વાંગી વિકાસ સમિતિ

## યુ.એસ.એ.માં અભ્યાસ તથા જોબ માટે માર્ગદર્શન આપવા હીર હીરેન શાહ સાથે વાર્તાલાપનું આયોજન થયું





શનિવાર, તા. ૨૦-૪-૨૦૧૯ના રોજ સાંજે એક નાનકડો ખૂબ જ સુંદર કાર્યક્રમ યોજાઈ ગયો.

કેનેડા સ્થિત આપણા સમાજની નિયાણી હીર હીરેન શાહ – કે જેમણે પોતાના ૨૦૧૨થી ૨૦૧૯ – સાત વર્ષ દરમિયાન અમેરિકામાં રહીને ભણતર, નોકરી અને વિઝા સ્ટેટસ અંગે સારી જાણકારી મેળવેલ છે. તેમના આ સંબંધી બહોળા અનુભવનો લાભ લેવા એક વાર્તાલાપના કાર્યક્રમનું આયોજન આ સમિતિ દ્વારા કરવામાં આવ્યું હતું.

જેમાં હાજર આશરે ૬૦-૭૦ જણાઓનાં વિદેશ જતાં વિદ્યાર્થીઓથી લઈને તેમના વડીલો કે મા-બાપ પણ પોતાનાં પ્રશ્નો અંગે માહિતી પ્રાપ્ત કરવા ઉત્સુક હતાં.

હીર શાહે પ્રથમ ૪૦ મિનિટનાં વક્તવ્યમાં ઘર છોડવાનાં અનુભવથી માંડીને Cultural Shock, કૉલેજના ભણતરની સરખામણી વગેરે પાસાંઓને આવરી લીધા હતા. ધ્યાન રાખવાવાળી બાબતો પ્રત્યે સજાગ થવા મા-બાપ માટે પણ તેમાં સૂચનાઓ હતી.

મૂળભૂત રીતે વિદેશ જતાં - સ્થાયી થતાં બાળકોને લઈને ત્યાં ગયા પછી અનુભવ કહેવાનો કે તેને પ્રશ્નો પૂછવાનો અવસર ઓછો આવે છે, તો આ આયોજનનો મુખ્ય હેતુ એક સાથે વધુ સંખ્યામાં પ્રશ્નોત્તરીથી વધુ લાભ થાય તે જ હતો. ઉપસ્થિત સભ્યોની જિજ્ઞાસાવૃત્તિને ધ્યાનમાં લેતા આયોજનનો હેતુ સાર્થક થયો હતો.

*કન્વીનર - શિક્ષણ અને સર્વાંગી વિકાસ સમિતિ*

### FEEDBACK

★ I attended Heer's programme on her experience sharing session in USA / Canada alongwith my daughter as she is exploring the option to study in USA.

The presentation & conversation that followed in form of Questions & Answers, helped us to get a clarity in issues like how to find Recognised Universities in USA, Cultural differences to be kept in mind, should we select universities just by Name & Fame it has, or going to 15th Ranked University is equally good.

Many such finer points about studying in USA, working after completing studies, lifestyle were shared which have proven to be of great help in assessing the real picture.

Many such real life experience sharing sessions should be held.

***– Deven Chheda (A parent)***

★

★ I have recently received my PR for Canada and will be moving there soon. The session by Heer Shah was very helpful as she shared her experiences about living in both USA and Canada. Details about how to find a place to live, building on job experience and cracking the visa interview were very helpful in my view. She was also very open to sharing her help n guidance later on also through e-mail.

***– Disha Chhadva***

*જાણ્યા કરતાં સમજવું એ ઘણું મહત્ત્વનું છે. તમને જાણતા તો અનેક લોકો હશે પણ તમને સમજતા કેટલા હશે?*

# MISSION ORGANIC

ઉપરોક્ત મથાળા હેઠળ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ એક નવું અભિયાન શરૂ કરે છે.

અનાજ, ફળો, શાકભાજી વગેરે ઉપર છંટકાવ થતી પેસ્ટિસાઈડ દ્વારા ઘણા જ ગંભીર રોગો થાય છે. જેની સામાન્ય લોકોને બિલકુલ જાણ જ નથી!!

સમાજના સભ્યો અને અન્ય મિત્રોને આ ગંભીરતાની જાણ કરવાનો એક કાર્યક્રમ રવિવાર, તા. ૧૪-૪-૨૦૧૯ના રોજ ખૂબ જ મોટાપાયે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે યોજાઈ ગયો, જેને ખૂબ જ બહોળા પ્રમાણમાં પ્રતિસાદ સાંપડ્યો હતો. વયસ્ક સમિતિ, મહિલા ઉત્કર્ષ સમિતિ અને શ્રી કચ્છી સમાજ - અમદાવાદે પણ આ કાર્યક્રમમાં હૃદયપૂર્વક સાથે રહીને ચાર ચાંદ લગાવી દીધા હતા.

કાર્યક્રમના અતિથિ વિશેષશ્રીઓ શ્રી કાંતિભાઈ લાલજીભાઈ પટેલ (પ્રમુખશ્રી, શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ - ગીતામંદિર), શ્રી મેઘજીભાઈ કુંવરજીભાઈ પટેલ (પટેલ ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ), શ્રી અરુણભાઈ કરશનભાઈ પટેલ (શાર્પેક્ષ એન્જિનિયરીંગ વર્કસ) ઉપરાંત શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પ્રમુખ શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી કચ્છી સમાજ - અમદાવાદના પ્રમુખ શ્રી અશોકભાઈ મહેતા અને શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ટ્રસ્ટી શ્રી હસમુખભાઈ ગઢેચા મંચ ઉપર બિરાજમાન હતા. તેમનું શાબ્દિક સ્વાગત કર્યા પછી સંચાલક શ્રી હીરેન શાહે મહેમાનોનો પરિચય આપેલ અને મંચસ્થ મહાનુભાવોએ પણ પોતાના તરફથી આ આયોજનને પુષ્કળ બિરદાવ્યો હતો.

કેન્સર સર્જન ડૉ. કેતુલ પુજ કે જેઓ M.S. અને M.Ch. (કેન્સર સર્જરી) ભણીને સિવિલ હોસ્પિટલમાં કેન્સર વિભાગમાં સર્જન અને ગુજરાત કેન્સર રીસર્ચ ઇન્સ્ટિટ્યૂટમાં આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકે ફરજ બજાવી રહ્યા છે (જેમના સ્પેશિયલાઇઝેશનના વિષયો છે Breast & Thoracic કેન્સર સર્જરી.)

તેમણે વિવિધ સર્વે અને ડેટા એનાલિસીસ દ્વારા કેન્સર થવાના કારણોથી માંડીને એનાથી કેમ બચવું તે વિષય ઉપર ખૂબ જ વિસ્તારથી સર્વ લોકો સમજી શકે તેવી ભાષામાં પ્રેઝન્ટેશન આપ્યું હતું.

તે પછી વક્તવ્ય આપ્યું, કચ્છથી પધારેલા બે ખેડૂત મિત્રોએ, કે જેઓ ભણેલા હોવા છતાં શેઠિયા ફાર્મ - ગુણાતીતનગર - ભચાઉ ખાતે ખૂબ જ મોટી જમીનમાં વર્ષોથી સજીવ ખેતી દ્વારા લગભગ બધા જ પ્રકારના અનાજ, મસાલા, ફળો અને શાકભાજી ઉગાડી રહ્યા છે.

શ્રી હિતેશ વોરા કે જેઓ હાઇડ્રોલિક એન્જિનિયર છે



ડૉ. કેતુલ પુજ




શ્રી હિતેશભાઈ વોરા



અને મુંબઈ ખાતે ISO 9000 ધરાવતી પોતાની ધીકતી કંપની છોડીને કચ્છ ગયા. ત્યાં શ્રી રતિલાલ શેઠિયાની સાથે શ્રી સુભાષ પાલેકર (પદ્મશ્રી) દ્વારા પ્રેરિત Zero Budget ખેતીનો પ્રચાર - પ્રસાર અને ટ્રેઈનિંગ કરવાની સાથે સાથે શ્રીશ્રી રવિશંકર પ્રેરિત 'આર્ટ ઑફ લિવિંગ'નાં પણ ટ્રેઈનર છે.

ખેતી કરવાની સાથે સાથે ખૂબ જ વૈજ્ઞાનિક ઢબે શ્રી હિતેશ વોરાએ વનસ્પતિ કેવી રીતે પાણીનું ગ્રહણ કરે છે — થી માંડીને પેસ્ટિસાઈડથી થતાં કેન્સર જેવા મહાભયાનક રોગોથી બચવા શા માટે આપણે માત્ર અને માત્ર Organic અનાજ, ફળો અને શાકભાજી જ ખાવા જોઈએ, તે વિશે ખૂબ જ રસપૂર્વકની સમજ આપી હતી. ત્યારબાદ શ્રી રતિલાલ શેઠિયાએ પણ ખૂબ જ સાદી અને રમૂજી ભાષામાં શા માટે ભવિષ્યની પેઢીઓ લડાઈઓ કે આતંકવાદથી નહીં પરંતુ પેસ્ટિસાઈડથી જ બરબાદ થઈ જશે તેવી સમજ આપી.

એમનું સોનેરી સૂચન ***"હવે એક ફેમિલી ડૉક્ટર ઉપરાંત એક ફેમિલી ફાર્મર (ખેડૂત) પણ રાખવો જરૂરી થઈ ગયો છે"*** ખૂબ જ માર્મિક તથા સત્ય તરફ લઈ જતું સૂચન નીવડે તેમ છે.

અંતમાં, શ્રી કચ્છી જૈન સેવા સમાજે જાહેરાત કર્યા મુજબ સમાજમાં Organic વસ્તુઓ વેચવામાં આવશે, જે બિલકુલ નહીં નફોના ધોરણે રહેશે. તદુપરાંત સમાજ આ પ્રવૃત્તિ કરવા માટે વિવિધ સંસ્થાઓની મુલાકાતો કરી, તેમની નોન પેસ્ટિસાઇડ ખેતીની ચકાસણી કરશે અને આવી ખરાઇ કરેલી વસ્તુ જ વેચાણમાં મૂકવામાં આવશે. જેથી ખરીદી કરનારને અસલી / ઓર્ગેનિક ચીજવસ્તુઓ ખરીદીમાં મુશ્કેલી પડશે નહીં.

**<u>અહીં અગત્યની એક વાત</u>** : ૩-૪-૫ જણાના કુટુંબમાં વાર્ષિક ખર્ચ જે થતો હોય છે, તેમાં ઘઉં, ચોખા વગેરે અનાજના વાર્ષિક ખર્ચમાં માત્ર ૫% - ૭% વધારો થતો હોય છે. જેથી દરેકે તેની કિંમત જોવાને બદલે તેનાથી કેવા ગંભીર રોગોથી બચી શકાય છે, તે જોવું જોઈએ અને બીજા ખર્ચ બચાવીને પણ જ્યાંથી મળે ત્યાંથી માત્ર નોન પેસ્ટિસાઈડ એટલે કે જંતુનાશક દવાના ઝેરથી બચેલા અનાજનો જ આગ્રહ રાખવો જોઈએ.

***<u>તા.ક.</u>*** : આપણે આજકાલ અનેક પ્રકારના નવા નવા રોગ અને વિવિધ પ્રકારના કેન્સર સાંભળતા હોઈએ છીએ ત્યારે આશ્ચર્ય પામીએ છીએ.

કે જે તે વ્યક્તિ માત્ર ઘરનું જ ખાય છે, કોઈ વ્યસન ધરાવતો નથી, જૈન ધર્મના નિયમો પાળે છે, છતાંય...???

હા, અનાજમાં ભેળવેલ પેસ્ટિસાઈડથી તેઓને અને તેમના સમગ્ર કુટુંબને કોણ બચાવશે? માત્ર ઓર્ગેનિક ચીજવસ્તુઓ. માટે હંમેશાં ઓર્ગેનિક ખાવાનો આગ્રહ રાખો.

***– રજનીકાંત ધરમશી પારેખ***

## લટકતા થાંભલા - લેપાક્ષી મંદિર

આંધ્ર પ્રદેશના લેપાક્ષી મંદિરના સત્તર થાંભલામાંથી એક થાંભલો લટકતો છે. માન્યતા એવી છે કે આ થાંભલાની નીચેથી સામાન કાઢવાથી તે સામાન સાથે જોડાયેલ વ્યક્તિને સમૃદ્ધિ પ્રાપ્ત થાય છે.

# સજીવ ખેતી

## ઓર્ગેનિક તાજા ફળો

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે ખેડૂતો પાસેથી ખરીદેલા ઓર્ગેનિક તાજા ફળોનું વેચાણ ચાલુ છે.

**સંપર્ક :** *શ્રી હરેશભાઈ ગોગરી (ગૃહ ઉદ્યોગવાળા)*
*મો. ૯૯૯૮૬ ૦૭૮૮૬*

★

ઓર્ગેનિક અનાજ, કઠોળ, દાળો, મસાલા વગેરેનું વિતરણ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે કરવામાં આવે છે. આપનો ઓર્ડર બુક કરાવવા માટે સોમવારથી શુક્રવાર સમય : બપોરે ૧૨ થી ૬ વાગ્યા સુધી.

**સંપર્ક સુત્ર :**

*રોહિતભાઈ સંઘવી : મો. ૯૮૨૪૦ ૦૬૬૪૮*
*ગિરીશભાઈ દેઢિયા : મો. ૯૩૨૦૩ ૧૬૮૬૮*
*અમી નીતિન શાહ : મો. ૯૯૭૯૬ ૫૧૯૨૯*

**બુક કરાવેલ આપના ઓર્ડરના વિતરણ માટેનું સમય અને સ્થળ**

*બુધવાર : બપોરે ૧૨થી ૩ ● શ્રી કચ્છી જૈન ભવન - પાલડી*
*શનિવાર : બપોરે ૧૨ થી ૩ ● શ્રી કચ્છી જૈન ભવન - પાલડી*

***<u>ખાસ નોંધ</u>*** : ઓર્ડર બુક કરાવેલ ચીજવસ્તુઓ ૩-૪ દિવસ પછી મળશે.

***– રજનીકાંત ધરમશી પારેખ***

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ *<u>સંચાલિત</u>* સરસ્વતી સન્માન

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ, અમદાવાદ અને ગાંધીનગરમાં ભણતા વિદ્યાર્થીઓને સમાજના નિયમાનુસાર પ્રતિવર્ષ પુરસ્કૃત કરે છે તેમજ તેજસ્વી વિદ્યાર્થીઓનું વિશિષ્ટ બહુમાન પણ કરે છે. આ વર્ષે પણ પુરસ્કાર વિતરણ ફોર્મ 'મંગલ મંદિર'ના આ અંકમાં અન્યત્ર છાપવામાં આવ્યા છે, જે ભરીને સમાજના કાર્યાલય પર પહોંચાડવાના રહેશે.

ધોરણ બાળવર્ગ (કે.જી.) થી ધોરણ-૯ સુધી વિદ્યાર્થીઓનું "A" ફોર્મ છે અને ધોરણ-૧૦ અને તેનાથી ઉપરના વર્ગ માટે "B" ફોર્મ છે. જે તે ધોરણમાં ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓએ ઉપર જણાવ્યા મુજબ ફોર્મ ભરવાના રહેશે. જ્યાં માર્કશીટની અધિકૃત નકલ બીડવાની હોય ત્યાં માર્કશીટ અવશ્ય બીડવાની રહેશે.

ફોર્મની પાછળ આપેલા નિયમો જરૂર વાંચશો અને તેને અનુલક્ષીને ફોર્મ તથા બિડાણ મોકલાવી આપશો.

વિતરણના દિવસે જ પોતપોતાના પુરસ્કાર મેળવી લેવા. પછીથી ક્ષમા.

***પંકજ મેઘજી ગોગરી - કન્વીનર, સરસ્વતી સન્માન સમિતિ***

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

# યુવા વિકાસ સમિતિ

## નોટબુક - ચોપડા વિતરણ

યુવા વિકાસ સમિતિ દ્વારા શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સભ્ય પરિવારના બાળકોને રાહત દરે નોટબુક / ચોપડા આપવાનું નક્કી થયેલ છે. જેની વિગતવાર માહિતી 'મંગલ મંદિર' માસ એપ્રિલ-૨૦૧૯ના અંકમાં પાના નં.-૭૬ ઉપર તથા ફોર્મ પાના નં.-૭૮ ઉપર આપ્યા છે. ફોર્મ ભરવાની છેલ્લી તા. ૧૫-૦૫-૨૦૧૯ રાખવામાં આવેલ છે. જ્યારે નોટબુક / ચોપડા મેળવવા અંગેની વિગત નીચે મુજબ છે.

*તા. ૧-૬-૨૦૧૯ : બપોરે ૨.૦૦થી ૫.૦૦ કલાકે*
*તા. ૨-૬-૨૦૧૯ : સવારે ૧૦.૦૦થી ૨.૦૦ કલાકે*
*સ્થળ : શ્રી કચ્છી જૈન ભવન, પાલડી.*

★

## આગામી કાર્યક્રમ

સમિતિ દ્વારા આણંદ જિલ્લાના બોરસદ તાલુકાના વાલવોડ ગામે આવેલ "Enjoy City Water Park"ની મજા માણવાનું સુંદર આયોજન કરવામાં આવેલ છે. જેમાં ૬૦ જેટલી રાઇડ્સ સાથે થીમ પાર્કની મજા માણવાનો તથા આવવા-જવાનો કુલ ખર્ચ રૂા. ૬૦૦/- રાખવામાં આવેલ છે.

ઉપરોક્ત કાર્યક્રમ માટેની ટિકિટ બુક કરાવવા માટે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે રકમ ભરી પોતાના નામનું રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે. હાલ પૂરતી ફક્ત ૧ બસ (૫૬ વ્યક્તિ)નું જ આયોજન કરેલ હોવાથી વહેલા તે પહેલાના ધોરણે કાર્યક્રમમાં સામેલ કરવામાં આવશે. ટિકિટ બુક કરાવવાની છેલ્લી તારીખ ૨૦-૫-૨૦૧૯.

(*નોંધ :* જમવાનું, કોસ્ચ્યુમ તથા લોકરનો ખર્ચ સ્વનિર્ભર રહેશે. કોસ્ચ્યુમ ઘરેથી પણ લાવી શકાશે.)

*કાર્યક્રમ તારીખ : તા. ૨૬-૫-૨૦૧૯, રવિવાર*
*સમય :* સવારે ૭.૦૦ કલાકે
*બસ ઉપડવાનું સ્થળ :* શ્રી કચ્છી જૈન ભવન, પાલડી

- **વધુ માહિતી માટે સંપર્ક :**
  *ડૉ. કેતન શાહ - કન્વીનર : મો. ૯૮૨૫૬ ૮૭૭૪૧*
  *રોહિત સંઘવી : મો. ૯૮૨૪૦ ૦૬૬૪૮*

*ડૉ. કેતન શાહ, કન્વીનર - યુવા વિકાસ સમિતિ*

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ *સંચાલિત*

# મેડિકલ સેન્ટર

શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતેના મેડિકલ સેન્ટરમાં નીચે મુજબના નવા ડૉક્ટરોની નિમણૂંક થઈ છે, જ્યારે કેટલાક વિભાગના સમયમાં ફેરફાર કરેલ છે, જેની વિગત અત્રે આપી છે.

- **મેડિસીન વિભાગ :**
  ફિઝિશિયન ડૉ. કમલેશ શાહ
  સોમ, બુધ, શુક્ર સવારે ૯ થી ૧૦.૩૦માં મળશે.
- **ઓર્થોપેડિક (હાડકાં)નો વિભાગ :**
  ઓર્થોપેડિક સર્જન ડૉ. હર્ષ રાવલ
  મંગળ, ગુરુ, શનિ સવારે ૯થી ૧૦.૩૦ માં મળશે.
- **બાળ રોગ વિભાગ :**
  ડૉ. ક્યુરી શાહ
  સોમથી શનિ સાંજે ૪.૩૦થી ૬.૦૦માં મળશે.

**નોંધ :**

- ફિઝિશિયન ડૉ. દેવાંગ શાહ મેડિસિન વિભાગમાં સોમ, બુધ, શુક્ર આવતા હતા તેઓ તા. ૧-૪-૨૦૧૯થી મંગળ અને શુક્રવારે સવારે ૯થી ૧૦.૩૦માં મળશે.
- ઓર્થોપેડિક વિભાગમાં ડૉ. વિવેક ઠક્કર બપોરે ૧૧થી ૧૨.૩૦માં આવતા હતા તે હવે ફક્ત સોમ, બુધ, શુક્ર સવારે ૧૧થી ૧૨.૩૦માં મળશે.
- ડૉ. વિશાલ બહુવા (સ્પાઇન સ્પેશિયાલિસ્ટ) દર શુક્રવારે સવારે ૯થી ૧૦.૩૦ મળતા હતા તે હવેથી દર ગુરુવારે સવારે ૯થી ૧૦.૩૦ દરમિયાન મળશે.

*કન્વીનર - તબીબી સેવા સમિતિ*

## તબીબી સેવા સમિતિ દ્વારા
## "World Asthma Day" નિમિત્તે

# "અસ્થમા જાગૃતિ કાર્યક્રમ"

*સ્થળ* : શ્રી કચ્છી જૈન ભવન, પાલડી (બેઝમેન્ટ હોલ)
*તારીખ* : ૭-૫-૨૦૧૯
*સમય* : સવારે ૧૦.૦૦થી ૧૨.૦૦
*વક્તા* : ડૉ. વૈશલ શેઠ (Pulmonologist)

ભાગ લેનાર દરેક વ્યક્તિને ડૉક્ટરનું કન્સલ્ટેશન ફ્રી કરી આપવામાં આવશે. (તા. ૧૩-૫-૨૦૧૯, બપોરે ૧૨.૦૦ કલાકે)

બાકીની ફેફસાની તપાસ રાહત દરે (P.F.T. : Rs. 400/-)

*કન્વીનર - તબીબી સેવા સમિતિ*

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## લાઇબ્રેરી સમિતિ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત લાઈબ્રેરીને અગાઉની માફક વ્યવસ્થિત કરી દેવામાં આવેલ છે. આવતા એક માસ દરમિયાન લાઈબ્રેરી સંપૂર્ણ રીતે શરૂ થઈ જશે. કોઈ પણ સભ્યો પુસ્તકો વાંચવામાં રસ ધરાવતા હોય, તેમણે નીચેના સભ્યોનો સંપર્ક કરવા વિનંતી.

લાઈબ્રેરીના પુસ્તકોની યાદી લાઈબ્રેરીમાં તથા લાઈબ્રેરી સમિતિના સભ્યો પાસે જોઈ શકાશે.

| | | |
|---|---|---|
| *રોહિતભાઈ સંઘવી* | *કન્વીનર* | *મો. ૯૮૨૪૦ ૦૬૬૪૮* |
| *ગિરીશભાઈ દેઢિયા* | *સભ્ય* | *મો. ૯૩૨૦૩ ૧૬૮૬૮* |
| *અમી નીતિન શાહ* | *સભ્ય* | *મો. ૯૯૭૯૬ ૫૧૯૨૯* |

વાંચનપ્રિય દરેક સભ્યના સહકારની અપેક્ષા રાખવામાં આવે છે.

***રોહિત સંઘવી - કન્વીનર, લાઇબ્રેરી સમિતિ***

## પારકી પંચાત કરશો નહીં...

તમે વારંવાર બીજાના કામમાં માથું મારો છો? કદાચ બીજા ખોટા હોય પણ તેથી તમારે અશાંત અને અસ્વસ્થ થવાની શી જરૂર? કોઈની પણ ટીકા કરશો નહીં. બીજાના કાર્યનો ન્યાય તોળવાનો ઈશ્વરે તમને અધિકાર આપ્યો નથી. આમ બધા જ મનુષ્યો, તેમના હૃદય સિંહાસન પર બિરાજેલા ભગવાનની પ્રેરણા અને દોરવણી મુજબ જ કાર્ય કરતા હોય છે. તેથી સુવર્ણ નિયમ તો એ જ છે કે કોઈ પણ વ્યક્તિની કોઈપણ પારકી પંચાત કરવી નહીં. બીજાના કામમાં માથું મારવું નહીં. માનસિક શાંતિ માટે આ નિયમનું ચુસ્તપણે પાલન કરવું ખૂબ જરૂરી છે. જે વ્યક્તિને મન, દુનિયાની તમામ વસ્તુઓ કરતાં માનસિક શાંતિની કિંમત વધારે છે, તેને માટે આ ઉત્તમોત્તમ નિયમ છે. દુનિયાની કોઈ પણ વસ્તુ પર તમે ધ્યાન રાખો એ જરૂરી નથી; દરેક વસ્તુનું ઈશ્વર ધ્યાન રાખે જ છે. હકીકતમાં તો ઈશ્વર આપણી પણ સંભાળ લે છે. આ નક્કર સત્ય કદી ભૂલશો નહીં.

***સંકલન : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ***

*કામ હોય ત્યારે જ કોઈને યાદ કરીને 'કેમ છો?' એમ પૂછો તો તે સ્વાર્થ કહેવાય.*
*કામ ન હોય છતાં અવારનવાર રૂબરૂ કે ફોન દ્વારા 'કેમ છો?' પૂછો તો એને સંબંધ કહેવાય.*

## શ્રી બિપીનચંદ્ર કાનજી જૈન (નાની ખાખરવાલા)
## કેળવણી સહાય ફંડ

સમાજના જે સભ્યો આ યોજનાનો લાભ લે છે, તેમને જણાવવાનું કે ધોરણ-૭થી ૧૨ સુધી અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ એપ્ટિટ્યૂડ ટેસ્ટ આપશે અને સમાજ દ્વારા યોજાતા શૈક્ષણિક કાર્યક્રમમાં ભાગ લેશે તેઓને આ સહાય માટે પ્રાધાન્ય આપવામાં આવશે.

આગામી વર્ષ માટે આ સહાય મેળવનારા વિદ્યાર્થીઓએ ૧લી મે, ૨૦૧૯ પછી સમાજના શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતેના કાર્યાલયમાંથી ફોર્મ મેળવી, ૧૫ જુલાઈ, ૨૦૧૯ સુધી સંપૂર્ણ વિગત અને ડોક્યુમેન્ટ સાથે પરત કરવા વિનંતી છે.

***વિશાલ એમ. શાહ***
***કન્વીનર, શૈક્ષણિક સહાય સમિતિ***

## આપની તસવીર સાથે મૌલિક લેખ / કૃતિ આવકારપાત્ર

***'મંગલ મંદિર'ને અનુરૂપ તથા તેના નીતિ-નિયમોને આધીન મૌલિક લેખ / કૃતિ વગેરે પ્રકાશિત કરવા અર્થે મોકલાવવા તજજ્ઞ લેખકશ્રીઓ તથા સમાજના પરિવારજનોને આહ્વાન આપીએ છીએ. આપશ્રીની કોઈપણ પ્રકારની કૃતિ મોકલાવો ત્યારે તેની સાથે આપની એક તસવીર જરૂર મોકલાવશો.***

## શિક્ષણ તથા સર્વાંગી વિકાસ સમિતિ શરૂ કરે છે

**● વિદ્યાર્થી ઉપયોગી એક નવું કદમ ●**

# કરિયર કાઉન્સેલિંગ

**કરિયર કાઉન્સેલર : પ્રોફેસર જયરાજ પંડ્યા**

**સમય : દર મહિનાના બીજા રવિવારે સવારે ૯ થી ૧૨ ● સ્થળ : શ્રી કચ્છી જૈન ભવન, પાલડી.**

**જરૂરિયાત :**

આજના સમયમાં કારકિર્દીના ઘણા બધા વિકલ્પ છે, પણ એમાં કયો વિકલ્પ પસંદ કરવો તે બહુ અગત્યનો સવાલ છે. ત્યારે કોઈ પણ વાલી કે વિદ્યાર્થીને યોગ્ય માર્ગદર્શન મળે તે ખૂબ જરૂરી છે. આ ઉપરાંત કેટલીક વખત વાલી વિદ્યાર્થી થોડી દ્વિધામાં પણ જોવા મળે છે, કે તેમને ગમતા બે વિકલ્પમાંથી કયો વિકલ્પ પસંદ કરવો. તેવા સંજોગોમાં કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા વિદ્યાર્થી અને વાલીને કારકિર્દી અંગે વ્યવસ્થિત જાણકારી, યોગ્ય સમજ અને સલાહ આપવા માટે કરિયર કાઉન્સેલિંગનું કામ શરૂ કરવામાં આવ્યું છે, જે આપને વાલી તરીકે કે આપના સંતાનને કારકિર્દીમાં ઉપયોગી બની શકે એમ છે.

**મુખ્ય હેતુ :**

આ કરિયર કાઉન્સેલિંગના મિશનના મુખ્ય હેતુ આ પ્રમાણે છે :

★ વિદ્યાર્થી - વાલીને જરૂરી માહિતી આપવી.

★ અમુક ચોક્કસ પ્રકારની કારકિર્દી અંગે માર્ગદર્શન આપવું.

★ જ્યાં વાલી કે વિદ્યાર્થીને નિર્ણય લેવામાં મુશ્કેલી અનુભવાય ત્યાં જરૂરી સમજ આપવી.

★ વિદ્યાર્થી અને વાલી વચ્ચે અભિપ્રાય અને વિચારો જુદા પડે, તેવા સંજોગોમાં મદદરૂપ બનવું.

★ આ ઉપરાંત અભ્યાસ કરવાની આદત અંગે જરૂરી સમજ આપવી.

આવા વિવિધ હેતુને ધ્યાનમાં રાખી આ કારકિર્દી કાઉન્સેલિંગ કરવામાં આવશે.

**ખાસ સુચના :** આવનાર વાલી - વિદ્યાર્થીએ અગાઉથી સમય લઈને આવવાનું રહેશે અને પોતાનો સવાલ એક અઠવાડિયા પહેલા અહીં આપેલ ઈ-મેઈલ આઈ.ડી. – edc.kjss@gmail.com પર મોકલી આપવાનો રહેશે. એપોઈન્ટમેન્ટ લેવા માટેનો નંબર : ૯૮૨૫૦ ૬૧૧૬૦ અને સમય : સોમથી શનિ : સવારે ૧૧થી ૫.

(એક સિટિંગમાં ૩૦ મિનિટનો સમય ફાળવવામાં આવશે અને વિદ્યાર્થી સાથે બે વ્યક્તિ વાલી તરીકે આવે તે વધુ યોગ્ય રહેશે.)

## WHO IS A PSYCHOLOGIST?

A psychologist is an expert in the study of human behaviour. A child psychologist specialises in understanding the thought process and actions of children. They help children in dealing with learning issues, disabilities and other psychological disorders such as anxiety or depression. In addition to this, a psychologist also performs the following duties :

★ Address a student's academic, behavioural, emotional and social needs.

★ Help deal with various stressors in life. e.g. Exam stress, peer pressure, bullying etc.

★ Guidance to parents and all those related to the child to understand the child's psyche.

★ Guide students to discover and polish their competencies to excel in life.

★ Help children deal with adolescent issues.

★ Help children and adolescents dealing with family - related issues, such loss, illness or divorce.

Shri Kutchi Jain Seva Samaj, Education and Overall Development wing, bring forth a new service : Guidance and Counselling especially for children, students and parents. Starting from February 2017, Psychologist Disha Chhadva will be available at the Bhavan on every 3rd Sunday of the month from 10 a.m. to 1 p.m.

***Date*** : 2nd Sunday of every month.
***Venue*** : Shri Kutchi Jain Seva Samaj, Paldi.
***Time*** : 10 a.m. to 1 p.m.
***Contact*** : 98250 61160

***"We know what we are,
but we don't know what we can become!"***

# ઊડતી નજરે....

**માસ માર્ચ-૨૦૧૯ દરમ્યાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાઓનો લાભ લેનાર વ્યક્તિઓ**

| ક્રમ | | સેવાઓ | લાભ લેનાર વ્યક્તિઓ |
|---|---|---|---|
| ૧. | | **માતુશ્રી સાકરબેન રવજી મોરારજી લાલન (કોડાય - સુપ્રીમવાલા) શ્રી કચ્છી જૈન ભવન, પાલડી, અમદાવાદ** ............................................ | |
| | (અ) | **શ્રી નવનીત મેડિકલ સેન્ટર તથા શ્રીમતી પ્રભાવતીબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર, પાલડી, અમદાવાદ.** | |
| | ● | કુલ લાભ લેનાર વ્યક્તિઓ .......................................................... | **૧૪,૦૮૩** |
| | | જેમાંથી – | |
| | ● | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વ્યક્તિઓ ............................ **૭૭૦** | |
| | ● | સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો .................................................. **૬૮** | |
| | ● | મોતિયા - આંખનાં ઑપરેશન (સાપ્તાહિક બે દિવસ) ............................ **૨૪** | |
| | ● | સોનોગ્રાફી ............................................................................ **૧,૫૩૮** | |
| | ● | ટી.એમ.ટી. (માત્ર ડૉક્ટર દ્વારા ભલામણથી) ........................................ **૩૬** | |
| | ● | બોડી ચેક-અપ ........................................................................ **૬૨૯** | |
| | ● | અન્ય ..................................................................................**૧૧,૦૧૮** | |
| | (બ) | **માતુશ્રી કંકુબેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, પાલડી, અમદાવાદ** કુલ લાભ લેનાર વ્યક્તિઓ .......................................................... | **૬૯૮** |
| ૨. | | **જી.એમ.ડી.સી. પ્રાયોજિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદ** | |
| | ● | શ્રી કચ્છી વિશ્રામ ગૃહમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ .......................... **૧,૯૪૯** | |
| | ● | શ્રી જલારામ અન્નક્ષેત્રમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ ..............................**૪૩૧** | |
| | ● | શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયા ડાયાલિસિસ સેન્ટરમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ ...... **૪૮૭** | **૨,૮૬૭** |
| ૩. | | **માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, ગીતા મંદિર, અમદાવાદ** લાભ લેનાર કુલ વ્યક્તિઓ .......................................................... | **૪૮૬** |
| | | ***માસ માર્ચ-૨૦૧૯ દરમિયાન વિવિધ પ્રકારની સેવાઓનો લાભ લેનાર કુલ વ્યક્તિ ..........*** | **૧૮,૧૩૪** |

# તબીબી સાધનો વપરાશ માટે આપવાની યોજના

**શ્રી કચ્છી જૈન ભવન - પાલડી પર નીચે મુજબના તબીબી સાધનો દૈનિક ભાડાના ધોરણે મળી શકશે. જેઓને આ સાધનોની જરૂરિયાત હોય તેઓ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી પર ફોન : ૨૬૫૭૮૮૯૨ / ૨૬૫૮૧૫૦૧ પર સંપર્ક સાધી શકશે.**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧. એર બેડ | રૂા.૧૦/- | ૫. વૉકર | રૂા. ૨/- | ૯. બેડ પાન | રૂા. ૨/- |
| ૨. વ્હીલ ચેર | રૂા. ૩/- | ૬. વૉકિંગ સ્ટીક | રૂા. ૧/- | ૧૦. ફાઉલર બેડ | રૂા.૧૦/- |
| ૩. ઓક્સિજન સિલિન્ડર (નાનો) | રૂા. ૫/- | ૭. કમોડ ચેર | રૂા. ૩/- | ૧૧. ટેબલ ટોપ (ફાઉલર બેડ માટે) | રૂા. ૨/- |
| ૪. નેબ્યુલાઈઝર | રૂા. ૫/- | ૮. સેલાઈન સ્ટેન્ડ | રૂા. ૨/- | ૧૨. ઈલેક્ટ્રિક ઓક્સિજન મશીન | રૂા.૫૦/- |

<u>નોંધ</u> : **(૧)** સ્ટોકમાં હશે ત્યાં સુધી આ સાધનો ડીપોઝિટ આપીને ભાડેથી મેળવી શકાશે. **(૨)** સાધનો પાલડી ભવન પરથી લઈને ત્યાં જ પરત કરવાના રહેશે.

***હસમુખ બાબુભાઈ શાહ - માનદ્ મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ***

CUT FROM HERE

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## વર્ષ ૨૦૧૯માં બાળવર્ગથી ધોરણ-૯ સુધીના પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલાઓનું માહિતી પત્રક

**(નોંધ : ફોર્મ ભરતાં પહેલાં પાછળની સૂચનાઓ અવશ્ય વાંચી જવી)**

નોંધણી ક્રમાંક
A –

તા. :

વાલીનું પૂરું નામ અને અટક ____________________
(વાલીનું નામ) (દાદાનું નામ) (અટક)

૨૦૧૨ના વસતિ પત્રક મુજબ પરિવાર ક્રમાંક : __________ ફોન : __________ મોબાઈલ : __________

કચ્છમાં ગામ __________ તાલુકો __________ જ્ઞાતિ/પેટા જ્ઞાતિ __________

પત્રવ્યવહારનું પૂરું સરનામું ____________________

____________________ પીન __________ ફોન __________

તા. – – ૨૦૧૯ વાલીની સહી __________

| ક્રમ | વિદ્યાર્થીનું નામ – પિતા – દાદા – અટક | વય | ઉત્તીર્ણ કરેલું ધોરણ | કયા ધોરણમાં આવ્યા | મેળવેલ માર્ક | કુલ માર્ક | કુલ ટકા | પરીક્ષા પાસ કરી હોય તે શાળાનું નામ અને સ્થળ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |

★ પુરસ્કારપાત્ર વિદ્યાર્થીના વાલીઓને વિનંતી કે તેઓના પુરસ્કાર સ્વામિવાત્સલ્યના દિવસે જ મેળવી લેવા. પછીથી ક્ષમા.

★ ઉપરોક્ત ફોર્મમાં દરેક વિગત સારી અને સંપૂર્ણ રીતે લખીને મોકલવી.

*(નામ વધુ હોય તો બીજું પાનું જોડવું)*

**ફોર્મ ભરીને મોકલવાની છેલ્લી તારીખ : ૩૧-૭-૨૦૧૯**

# સૂચનાઓ

(૧) આ પુરસ્કાર યોજના આ સમાજ હેઠળ આવરાયેલા અમદાવાદ - ગાંધીનગર અને તેની આજુબાજુના વિસ્તારોમાં વસવાટ કરનાર કચ્છી જૈન પરિવારોના અભ્યાસ કરતા બાળકો માટે છે.

(૨) ફોર્મમાં માગ્યા પ્રમાણેની પૂરી વિગતો સ્પષ્ટ વંચાય તે રીતે ગુજરાતી ભાષામાં સારા અક્ષરે ભરવી. નામો ટૂંકાક્ષરી ન લખતાં પૂરેપૂરાં લખવાં. ભરેલું ફોર્મ **તા. ૩૧-૭-૨૦૧૯** સુધીમાં મળી જાય તે રીતે આ સરનામે મોકલવું. **પુરસ્કાર સમિતિ, શ્રી કચ્છી જૈન સેવા સમાજ, શ્રી કચ્છી જૈન ભવન, નવચેતન હાઈસ્કૂલ સામે, પાલડી - એલિસબ્રિજ, અમદાવાદ - ૩૮૦૦૦૬.** અન્યત્ર મોકલાયેલાં ફોર્મની કે ટપાલમાં મોડાં કે ટપાલમાં ગેરવલ્લે ગયેલાં ફોર્મની જવાબદારી સ્વીકારાશે નહી. પરબીડિયા પર યોગ્ય મૂલ્યની ટિકિટો (ટપાલના નવા દર પ્રમાણે) લગાડવી. દંડ થયેલી ટપાલ સ્વીકારાતી નથી.

(૩) ધોરણ ૫ થી ધોરણ ૯ માં પાસ થનાર દરેક વિદ્યાર્થીઓએ પોતાની માર્કશીટની અધિકૃત નકલ મોકલવાની રહેશે.

(૪) **પોતાનું ફોર્મ સમાજને મળી ગયું છે કે કેમ તે નિશ્ચિત કરવા ઈચ્છનારે પોતાના સરનામાવાળું પોસ્ટકાર્ડ (પૂરતી સ્ટેમ્પવાળું) સાથે બીડવું, જેના પર ફોર્મ મળી ગયાની પહોંચ અત્રેથી મોકલી આપવામાં આવશે. સંસ્થાની ઓફિસે રૂબરૂ ફોર્મ આપી જનારે પોતાના ફોર્મનો નોંધણી ક્રમાંક મેળવી લેવો.**

(૫) ફોર્મ તા. ૩૧-૭-૨૦૧૯ સુધી જ સ્વીકારવામાં આવશે.

***પંકજ મેઘજી ગોગરી,*** *કન્વીનર - પુરસ્કાર સમિતિ*

CUT FROM HERE

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## વર્ષ ૨૦૧૯માં ધોરણ-૧૦ અને તેનાથી ઉપરના વર્ગની પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલાઓનું માહિતી પત્રક

**(નોંધ : ફોર્મ ભરતાં પહેલાં પાછળની સૂચનાઓ અવશ્ય વાંચી જવી)**

નોંધણી ક્રમાંક
B –

તા. :

વાલીનું પૂરું નામ અને અટક ______________________________
(વાલીનું નામ) (દાદાનું નામ) (અટક)

૨૦૧૨ના વસતિ પત્રક મુજબ પરિવાર ક્રમાંક : __________ ફોન : __________ મોબાઈલ : __________

કચ્છમાં ગામ __________ તાલુકો __________ જ્ઞાતિ/પેટા જ્ઞાતિ __________

પત્રવ્યવહારનું પૂરું સરનામું ______________________________

______________________________ પીન __________ ફોન __________

તા. – – ૨૦૧૯ વાલીની સહી __________

| ક્રમ | વિદ્યાર્થીનું નામ – પિતા – દાદા – અટક | વય | ઉત્તીર્ણ કરેલું ધોરણ | કયા ધોરણમાં આવ્યા | મેળવેલ માર્ક | કુલ માર્ક | કુલ ટકા | પરીક્ષા પાસ કરી હોય તે શાળા/કોલેજનું નામ અને સ્થળ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| | | | | | | | | |
| E-mail : | | | | | | | | |
| | | | | | | | | |
| E-mail : | | | | | | | | |
| | | | | | | | | |
| E-mail : | | | | | | | | |

★ પુરસ્કારપાત્ર વિદ્યાર્થીના વાલીઓને વિનંતી કે તેઓના પુરસ્કાર સરસ્વતી સન્માનના દિવસે જ મેળવી લેવા. પછીથી ક્ષમા. ★ ઉપરોક્ત ફોર્મમાં દરેક વિગત સારી અને સંપૂર્ણ રીતે લખીને - જરૂરી માર્કશીટની ફોટો નકલ સાથે મોકલાવશો. અન્યથા તે ફોર્મ રદબાતલ થશે.

*(નામ વધુ હોય તો બીજું પાનું જોડવું)*

**ફોર્મ ભરીને મોકલવાની છેલ્લી તારીખ : ૩૧-૦૭-૨૦૧૯**

# સૂચનાઓ

(૧) આ પુરસ્કાર યોજના આ સમાજ હેઠળ આવરાયેલા અમદાવાદ - ગાંધીનગર અને તેની આજુબાજુના વિસ્તારોમાં વસવાટ કરનાર કચ્છી જૈન પરિવારોના અભ્યાસ કરતા બાળકો માટે છે.

(૨) ફોર્મમાં માગ્યા પ્રમાણેની પૂરી વિગતો સ્પષ્ટ વંચાય તે રીતે ગુજરાતી ભાષામાં સારા અક્ષરે ભરવી. નામો ટૂંકાક્ષરી ન લખતાં પૂરેપૂરાં લખવાં. ભરેલું ફોર્મ **તા. ૩૧-૦૭-૨૦૧૯** સુધીમાં મળી જાય તે રીતે આ સરનામે મોકલવું. **પુરસ્કાર સમિતિ, શ્રી કચ્છી જૈન સેવા સમાજ, શ્રી કચ્છી જૈન ભવન, નવચેતન હાઈસ્કૂલ સામે, પાલડી - એલિસબ્રિજ, અમદાવાદ - ૩૮૦૦૦૬.** અન્યત્ર મોકલાયેલાં ફોર્મની કે ટપાલમાં મોડાં કે ટપાલમાં ગેરવલ્લે ગયેલાં ફોર્મની જવાબદારી સ્વીકારાશે નહી. પરબિડિયા પર યોગ્ય મૂલ્યની ટિકિટો (ટપાલના નવા દર પ્રમાણે) લગાડવી. દંડ થયેલી ટપાલ સ્વીકારાતી નથી.

(૩) ધોરણ-૧૦થી ઉપરના વર્ગના દરેક વિદ્યાર્થીએ ફોર્મની સાથે ગુણ પત્રકની અધિકૃત નકલ જોડવી ફરજિયાત છે. **જે વિદ્યાર્થીઓના ગુણપત્રક પછીથી આવવાના હોય તેમણે તેની નોંધ ફોર્મમાં જરૂરથી લખવી.**

(૪) ફોર્મ તા. ૩૧-૭-૨૦૧૯ સુધી જ સ્વીકારવામાં આવશે.

(૫) શૈક્ષણિક ક્ષેત્રે કોઈપણ વિશિષ્ટતા મેળવનાર વિદ્યાર્થીઓના ફોર્મ સાથે આવી વિશિષ્ટતાના અધિકૃત પુરાવા (વર્તમાન પત્રમાંના ઉલ્લેખો વગેરે)ની અધિકૃત નકલો સાથે અલગ કાગળ પર ઉલ્લેખ કરવો.

(૬) નીચેની વિગતો અનુસાર ચાલુ વર્ષે ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓ પુરસ્કારને પાત્ર છે.

(ક) ધોરણ-૧૦ અને તેથી ઉપરના વર્ગના દરેક વિદ્યાર્થીએ ફોર્મની સાથે ગુણપત્રકની અધિકૃત નકલ જોડવી ફરજિયાત છે.

(ખ) (i) ધો. ૧૦થી પૂર્વસ્નાતક **(Under graduate)** સુધીના તેમજ સર્ટિફિકેટ, ડિપ્લોમા કે તેમના સમકક્ષ વર્ગની પરીક્ષામાં **૬૦.૦ ટકા ગુણ** કે તેથી વધુ ગુણ મેળવી ઉત્તીર્ણ થનાર દરેક વિદ્યાર્થી પુરસ્કારને પાત્ર છે. ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીના GUJCET નું પરિણામ જરૂરથી બીડવું.


(ii) સ્નાતક **(Graduate)** વર્ગની પરીક્ષામાં **૫૦.૦ ટકા** કે તેથી વધુ ગુણ મેળવી ઉત્તીર્ણ થનાર દરેક વિદ્યાર્થી પુરસ્કારને પાત્ર છે.


(iii) અનુસ્નાતક **(Post Graduate)** વર્ગની પરીક્ષામાં ઉત્તીર્ણ થનાર **દરેક વિદ્યાર્થી** પુરસ્કાર પાત્ર છે. આવા વિદ્યાર્થીઓનાં ગુણપત્રકની અધિકૃત નકલો ફોર્મ સાથે બીડવી જરૂરી છે.

(૭) **પોતાનું ફોર્મ સમાજને મળી ગયું છે કે કેમ તે નિશ્ચિત કરવા ઈચ્છનારે પોતાના સરનામાવાળું પોસ્ટકાર્ડ (પૂરતી સ્ટેમ્પવાળું) સાથે બીડવું, જેના પર ફોર્મ મળી ગયાની પહોંચ અત્રેથી મોકલી આપવામાં આવશે. સંસ્થાની ઓફિસે રૂબરૂ ફોર્મ આપી જનારે પોતાના ફોર્મનો નોંધણી ક્રમાંક મેળવી લેવો.**

***પંકજ મેઘજી ગોગરી,*** *કન્વીનર - પુરસ્કાર સમિતિ*

# કારકિર્દીની ખોજ, પ્રવાસની મોજ, વેકેશન વેસ્ટ નહિ, બેસ્ટ કરો રોજ !




## રમતગમતનું માર્ગદર્શન આપતાં પુસ્તકો

| | | |
|---|---|---|
| સાંઘિક રમતો | ડૉ. જી. ટી. સરવૈયા | 260 |
| ઍથ્લેટિક્સ-ખેલકૂદ | ડૉ. જી. ટી. સરવૈયા | 200 |
| ખલુ રમત સાધનમ્ | યોગેન્દ્ર પટેલ | 200 |
| રમત-વિકાસનું બીજ | યોગેન્દ્ર પટેલ | 240 |
| ચેસ શીખીએ રમતાં રમતાં | મયૂર પટેલ | 140 |
| ચેસની રસપ્રદ વાતો | મયૂર પટેલ | 100 |
| ગાતાં ગાતાં શતરંજ શીખો | સુભાષ ઠાકર | 40 |
| ચાલો, ક્રિકેટની કોમેન્ટ્રી માણીએ ! | ભરત ના. ભટ્ટ | 35 |
| રાષ્ટ્રીય સેવાયોજના (N.S.S.) સિદ્ધાંત અને વ્યવહાર | ધવલ પટેલ | 100 |
| ગુજરાતમાં સ્કાઉટગાઇડ કાર્યક્રમ | ધવલ પટેલ | 100 |
| ભારતરત્ન સચીન તેંડુલકર (જીવનચરિત્ર) | જગદીશ શાહ | 300 |
| ભારતના ટેસ્ટક્રિકેટ સિતારાઓ | જગદીશ બિનીવાલે | 150 |
| ગુજરાતનાં ખેલ-રત્નો [વિવિધ રમતોના યશસ્વી ખેલાડીઓ] | જગદીશ બિનીવાલે | 200 |
| આપણી પ્રચલિત બાળરમતો | જી.ટી. સરવૈયા, કે.આર. ગોહિલ | 170 |




## સંગીત અને ચિત્રકલા વિષયક પુસ્તકો

| | | |
|---|---|---|
| સંગીતશાસ્ત્ર | હસુ યાજ્ઞિક | 250 |
| શાસ્ત્રીય રાગદર્શન | હસુ યાજ્ઞિક | 350 |
| સંગીત વિશે | હસુ યાજ્ઞિક | 180 |
| કેશિયો ઓર્ગનવાદન | હસુ યાજ્ઞિક | 130 |
| અભિનવ ગિટારવાદન | હસુ યાજ્ઞિક | 150 |
| તાલવાદ્ય | હસુ યાજ્ઞિક | 120 |
| વાયોલિનવાદન | હસુ યાજ્ઞિક | 225 |
| બંસરીવાદન | હસુ યાજ્ઞિક | 280 |
| હાર્મોનિયમ વાદન | હસુ યાજ્ઞિક | 260 |
| ગુજરાતનાં સંગીતકારરત્નો | હસુ યાજ્ઞિક | 100 |
| સિતારવાદન | શશિકાંત ગુંદાણી | 200 |

## કારકિર્દી માટે ઉપયોગી અને માર્ગદર્શક પુસ્તકો

| | | |
|---|---|---|
| અસરકારક અભ્યાસ કેમ થાય ? | રજનીકાન્ત પટેલ | 90 |
| અસરકારક વક્તા કેમ થવાય ? | રજનીકાન્ત પટેલ | 135 |
| કારકિર્દી અને વ્યક્તિત્વ આંખો અને પાંખો | ગિરીશ બ્રહ્મભટ્ટ | 110 |
| ધો. 10 પછીના રસ્તા | ગિરીશ બ્રહ્મભટ્ટ | 100 |
| ધો. 10 પછીની ડિપ્લોમા કારકિર્દીનું પથદર્શન | પ્રણય ગિરીશ બ્રહ્મભટ્ટ | 60 |
| 78 Solved Papers GPSC & SPIPA | Hiren Dave | 350 |
| સામાન્યજ્ઞાન | હીરેન્દ્ર દવે | 375 |
| જનરલ નોલેજ | બંસીધર શુક્લ | 300 |
| ગુજરાતી વ્યાકરણ | જિજ્ઞેશ ઠક્કર | 145 |
| સંપૂર્ણ ગુજરાતી વ્યાકરણ | ડૉ. ગંગારામ મકવાણા | 320 |
| જ્ઞાનસંહિતા (પુરસ્કૃત) | બંસીધર શુક્લ | 800 |
| નોલેજ-ગાર્ડન | હેમેન ભટ્ટ | 150 |

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

**ગૂર્જર સાહિત્યભવન**

રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ - 380 001

ફોન : 079-22144663.

e-mail : goorjar@yahoo.com

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**

102, લૅન્ડમાર્ક બિલ્ડિંગ, ટાઇટેનિયમ સિટીસેન્ટર પાસે, સીમા હૉલની સામે,
100 ફૂટ રોડ, પ્રહ્લાદનગર, અમદાવાદ-15 ફોન : 26934340, મો. 9825268759

ઈમેલ : gurjarprakashan@gmail.com


વર્ષ ૧૯૫૮થી આખા ભારતમાં
લોજીસ્ટીક સોલ્યુશન આપતી કંપની
Jammu Kashmir
Himachal Pradesh
Jalandhar
Ludhiana
Chandigarh
Punjab
Dehradun
Uttara khand
Delhi
Meerut
Ghaziabad
Noida
Bikaner
Gurgaon
Faridabad
Aligarh
Jaipur
Rajasthan
Jodhpur
Ajmer
Udaipur
Kota
Uttar Pradesh
Lucknow
Kanpur
Allahabad
Varanasi
Patna
Bihar
Siliguri
Guwahati
Assam
Ahmedabad
Gandhidham
Gujarat
Rajkot
Jamnagar
Bhavnagar
Vadodara
Ankleshwar
Surat
Vapi
Ujjain
Indore
Bhopal
Jabalpur
Madhya Pradesh
Jharkhand
Durgapur
Ranchi
West Bengal
Kolkata
Chhattisgarh
Raipur
Rourkela
Cuttack
Odisha
Nashik
Maharashtra
Amravati
Nagpur
Vasai
Bhiwandi
Aurangabad
Mumbai
Pune
Telangana
Warangal
Hyderabad
Visakhapatnam
Kakinada
Rajahmundry
Vijayawada
Sangli
Kolhapur
Solapur
Belgaum
Hubli
Goa
Karnataka
Mangalore
Andhra Pradesh
Guntur
Nellore
Tirupati
Bangalore
Mysore
Chennai
Pondicherry
Salem
Erode
Coimbatore
Tiruppur
Kerala
Madurai
Thrissur
Kochi
Tamil Nadu
Kollam
V-TRANS
800+ MODERN VEHICLES
22 STATES+ 4 UTs
650+ BRANCHES
અમારી વિશેષતાઓ – સિંગલ વિન્ડો પ્લેટફોર્મ
VT/VX ની ૬૫૦+ શાખાઓ
ISO 9001:2015 પ્રમાણિત કંપની
Robust Systems & Processes પર કાર્યરત
Trace & Track Facility સાથે સંપુર્ણ કોમ્પ્યુટરાઈઝ્ડ નેટવર્ક
બુકીંગ થી ડિલીવરી સુધી સામાનને Complete Insurance Cover
૧૦ કિલોથી ફુલ ટ્રક લોડ સુધીના પાર્સલ સ્વીકારીએ છીએ
૧૦૦૦૦૦+ સંતુષ્ટ ગ્રાહકો
Hard Freight Surface Transportation માં ૬ દાયકાનો અનુભવ
રોડ, એર અને રેઈલ દ્વારા Door to Door Express Cargo
વિસ્તૃત થઈ શકતી Sypply Chain & Inventory Management
V-TRANS
Driving Excellence
Our other Divisions
V-Xpress
Safe and Reliable - For Your Peace of Mind
V-Logis
Warehousing & Inventory Management
Unit 6, Corporate Park, VN Purav Marg, Chembur, Mumbai, Maharashtra - 400071
Toll Free: 1800 220 180 / Website: vtransgroup.com / Email: info@vtransgroup.com
Download: V-Trans APP from Google/IOS

## દરેક દર્દીને "ની રીપ્લેસમેન્ટ" ની જરૂર નથી

# માઈક્રોપ્લાસ્ટી



### આધુનિક અભિગમ

- ઓછી પીડા - ઓછો હોસ્પિટલ સ્ટે - ઓછો રક્તસ્રાવ - ઓછી ફીઝીયોથેરાપી - ઓછો ખર્ચ
- વધુ કુદરતી અનુભવ - વધુ સલામત - વધુ સંતોષ - વધુ ફ્લેક્સીબીલીટી - વધુ સ્ટેબીલીટી



## ડૉ. હેમાંગ બી. અંબાણી

**M.B.M.S**

**જોઈન્ટ રીપ્લેસમેન્ટ સર્જન**

નિષ્ણાંત, માઈક્રોપ્લાસ્ટી, પ્રાઈમરી એન્ડ રીવીઝન
ની રીપ્લેસમેન્ટ સર્જરી
ફેલો એટલાન્ટા એન્ડ ઈન્ડીયાનાપોલીસ યુ.એસ.એ.,
વુઝબર્ગ જર્મની, બ્રેશીયા ઈટાલી

**ડૉ. અમીર સંઘવી**
જોઈન્ટ રીપ્લેસમેન્ટ
ફેલો ઓસ્ટ્રેલીયા, યુ.એસ.એ. યુ.કે.

**ડૉ. ચિરાગ પટેલ**
જોઈન્ટ રીપ્લેસમેન્ટ
ફેલો ઓસ્ટ્રેલીયા સીડની

**ડૉ. અતીત શર્મા**
જોઈન્ટ રીપ્લેસમેન્ટ
ફેલો બેલ્જીયમ, સીંગપુર, જર્મની. યુ.એસ.એ

Shivam
Orthopaedic Hospital
& Joint Replacement Centre

Shree
Orthocare
Strength in Togetherness

KD Hospital
કુસુમ ધીરજલાલ હોસ્પિટલ

E-mail : h_amani@hotmail.com
Website : www.hemangambani.com I www.shivamhospitalinfo.co I www.shreeorthocare.com

**એપોઈન્ટમેન્ટ : ૦૭૯-૨૬૩૦૧૯૮૬, ૨૬૩૦૮૯૭૬, ૦૯૪૨૮૫૯૫૩૦૨, ૯૮૨૪૦૩૩૩૬૦**

"Mangal Mandir" - Regd. under Postal Registration No. GAMC-315/2018-2020 Valid upto 31st December, 2020
issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 5th of Every Month.
R.N.I. No. of RNP is 33266/1978 ● Published on 1st of Every Month

